JAIN OFFICE-BHAVNAGAR Regd. No. G. BV. 20

વીર સં. ૨૫૧૦ પોષ. સુદ ૧૧
શનિવાર તા. ૧૧ જાન્યુઆરી ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૨૦)
આજીવન સભ્ય રૂા. ૩૦૧)
જાહેરખબરના પેજના રૂા. ૩૦૦)
: મુદ્રણસ્થાન :
સરયૂ પ્રિન્ટરી, મેઘનગઢ

# જૈન

વર્ષ : ૮૧ ● અંક : ૧

સ્વ૦ તંત્રી :
શેઠ ગુલાબચંદ દેવચંદ
પ્રકાશક : સંપાદક : મુદ્રક
વિનોદ ગુલાબચંદ શેઠ
: કાર્યાલય :
'જૈન' પત્રની ઓફિસ
વડવા, ભાવનગર-૩૬૪ ૦૦૧

## આજ્ઞાપાલન

લેખક : શ્રી મફતલાલ સંઘવી-ડીસા.

ત્રિભુવન ક્ષેમંકર શ્રી જિનશાસનમાં સર્વોપરિ સ્થાન શ્રી જિનાજ્ઞાનું છે.

એક રાષ્ટ્રમાં જે સ્થાન રાષ્ટ્રપતિની યા રાજાની આજ્ઞાનું છે, તે જ સ્થાને સકળ વિશ્વમાં વિશ્વેશ્વર વીતરાગ શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાનું છે. આ આજ્ઞાનું ત્રિવિધે ભાવપૂર્વક પાલન કર્યા સિવાય કોઈ જીવનો નિસ્તાર થતો નથી, કોઈ જીવ ભવસાગરનો પાર પામતો નથી.

આ આજ્ઞાનું સ્વરૂપ એક જ શબ્દમાં જો કહેવું હોય, તો તે 'સામ્ય' છે, સામ્ય બુદ્ધિ યા સમત્વ ભાવની પ્રાપ્તિ છે. વિશ્વની વ્યવસ્થા સામ્ય ભાવના આધારે છે. વિશ્વમાં દેખાતી અવ્યવસ્થા સામ્ય ભાવના અભાવનું [illegible] છે.

આનંત્ય યા સામ્ય ભાવ વિશ્વવત્સલ છે. એટલે વિશ્વવાત્સલ્ય એ શ્રી જિનાજ્ઞાનો સાર છે. વિશ્વ વાત્સલ્ય એટલે વિશ્વમાં રહેલા જીવો પ્રત્યે વાત્સલ્ય પ્રેમ-સ્નેહ. જેમ જેમ જડ પ્રત્યેનો પ્રેમરાગ ક્ષીણ થતો જાય છે તેમ તેમ જીવ તરફ સાચો પ્રેમ-શુદ્ધ સ્નેહ પ્રગટે છે.

જીવ દ્રવ્ય એ એક એવું મહા મહિમાશાળી અચિન્ત્ય શક્તિસંપન્ન દ્રવ્ય છે કે, તેનો કરેલો આદર, તેને આપેલું માન, તેને આપેલો પ્રેમ-નિયમા અનંત ગુણો થઈને ફળે છે.

એટલે કહેવાયું છે કે જેના હૃદયમાં શ્રી જિન-ભક્તિ હોય, તેના હૃદયમાં જીવમૈત્રી હોય જ. અને જેના હૃદયમાં જીવમૈત્રી હોય તે સ્વાર્થી ન હોય, પણ પરહિતપરાયણ જ હોય.

સ્વ નિમિત્તે પરને પહોંચતા ઘસારાનું જેને ધ્યાન નથી તેનું ધ્યાન ધર્મમાં નથી. ધર્મસ્વરૂપ આત્મોપમ્ય ભાવમાં નથી, આત્મ સ્વભાવમાં નથી, અંત નહિ પામવાના સ્વભાવવાળા જ્ઞાન-દર્શન-ચારિત્રમાં નથી અને સકળ સત્ત્વ હિતકર શ્રી જિનાજ્ઞામાં નથી.

સૂર્યમાં અંધકાર નથી હોતો, તેમ શ્રી જિનાજ્ઞામાં પુદ્ગલનો રાગ નથી હોતો. તેમાં ઝળહળે છે 'સવિ જીવ કરું શાસન રસી' ભાવનાનો ભાસ્કર.

લોહીની સગાઈ કરતાં વધુ નિકટનું સગપણ આ ભાવના સાથે બાંધીને જ આપણે શ્રી જિનાજ્ઞાના સગા બની શકીશું. ફ્લેટ, ફીઆટ, ફ્રીઝ, ફર્નીચર, ફોન વગેરે બાહ્ય સામગ્રી સાથે પાકા નખ અને આંગળી વચ્ચે છે તેવો કાચો સંબંધ રાખી શકીશું તો જ શ્રી જિનાજ્ઞાના વિષયભૂત જીવો સાથે પાકો સંબંધ બાંધી શકીશું.

કોઈ આપણને પૂછે, 'તમે સંબંધી કોના ?' તો આપણે બેધડક એમ કહી શકીએ ખરા કે, અમે શ્રી જિનાજ્ઞાના સંબંધી છીએ, શ્રી જિનરાજે પ્રકાશેલા ધર્મના સંબંધી છીએ, એ ધર્મ જેના સ્વભાવભૂત છે તે બધા જીવોના સંબંધી છીએ ?

જેવો પોતે પોતાનો સંબંધી છે, પોતાની જાતનો સગો છે, તેવો જીવ-જાતનો સગો પોતે છે એ તત્ત્વ શ્રી જિનાજ્ઞાની આરાધનાથી મનમાં પ્રતિષ્ઠિત થાય છે, થવું જોઈએ. જો ન થતું હોય તો સ્વીકારવું પડે કે શ્રી જિનરાજની આજ્ઞાની આરાધના સમયે આપણું પ્રણિધાન બીજે હતું, અર્થાત્ આપણું ધ્યાન શ્રી જિનરાજની આજ્ઞાના અર્થરૂપ આત્મકલ્પભાવમાં નહોતું.

મહા મોહના ધુણાવ્યા ધુણતા હોઈએ, અહંના નચાવ્યા નાચતા હોઈએ ત્યાં સુધી શ્રી જિનાજ્ઞાના સાચા આરાધક ન બની શકીએ. ચોથા આરામાં પણ જો આજ્ઞા સર્વોપરિ હતી, તો આ પાંચમા આરાના લપસણા કાળ (અવસર્પિણી કાળ)માં તો તેને આંગળી આપીને જ ચાલવું પડે તે સ્વાભાવિક છે. અને જો તેમ ન વર્તીએ તો જરૂર લપસી પડીએ, એ હકિકત બનતી જાય છે.

આંતરવ્યથા પૂર્વક આ હકિકતનું કથા કહીને બહુમાન ન જ કરાય, પણ એટલું જ નિવેદન પર્યાપ્ત ગણાય કે, પંડના પરિઘનો ત્યાગ કરીને આપણે આજ્ઞા- કેન્દ્રને જીવનકેન્દ્ર બનાવીએ. શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાના પાલન વડે જ પાળવા જેવા આચાર અને તેના ગુણોનું સર્વાંશે પાલન થય છે અને તેના પ્રભાવે સ્વ-પરનું ઉત્કૃષ્ટ હિત થાય છે, તે સત્યમાં આપણી સમગ્રતાને એકાગ્ર ળી દઈએ.

પરમ સામર્થ્યવંત આત્માના પરમ સામર્થ્યને પુરેપુરું પ્રગટ કરવાની જે શક્તિ ત્રિભુવનપતિ શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞામાં છે તે સત્યમાં સંપુર્ણ નિષ્ઠા એ જ સમકિત છે, કહો કે સમકિતનો પ્રાણ છે; અને રત્નત્રયીનું તેજ પણ તેમાંથી પ્રગટે છે.

અંદરના બગાડને સુધાર્યા સિવાય બહારના બગાડને સુધારવાના સર્વ પ્રયત્નો વ્યર્થ નીવડે છે. અંદરનો સુધારો આત્મા સાથે જોડનારી આજ્ઞાને હૃદયમાં ધારણ કરવાથી થાય છે, તે હકીકત બધા જાણે છે.

---

## ધાર્મિક સહ વ્યાવહારિક શિક્ષણ ઉત્કર્ષ યોજના


શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ-મુંબઈ અંતર્ગત 'શ્રી નેમિ-પ્રેમ-લબ્ધિ-સાગર-સુરેન્દ્ર- બુદ્ધિ - ધર્મ - વલ્લભ-સિદ્ધિ ધાર્મિક સહ વ્યાવહારિક શિક્ષણ ઉત્કર્ષ યોજના' તળાજા હાલ મુંબઈ નિવાસી ધર્મનિષ્ઠ શ્રી ખાંતીલાલ લાલચંદ શાહની પ્રેરણા અને તેમના અનુદાનથી ગત વર્ષે ચૈત્ર સુદ ૧૩થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત વ્યાવહારિક ધોરણો અને એજ્યુકેશન બોર્ડની ધાર્મિક ધોરણોની પરીક્ષામાં ૬૦% કે વધુ ગુણાંક મેળવનાર પરીક્ષાર્થીને ધોરણના ક્રમાંક મુજબ રૂા. ૭ થી ૨૦૦ સુધીનાં પારિતોષિકો અપવા ઉપરાંત ભારતની કોઈપણ ગામ/નગરની નવી પાઠશાળાઓ એજ્યુકેશન બોર્ડની પરીક્ષાઓમાં ભાગ લઈ ૧૦ કે ૨૦ની સંખ્યામાં ઉત્તીર્ણ થાય તે તે પાઠશાળાને અધિક સહયોગ આપવા અર્થે રૂા. ૫૦ કે ૧૦૦ પ્રતિ માસ આપવામાં આવશે.

આ યોજનાને અધિક રીતે સધ્ધર બનાવવા રૂ. ૧૦૦૧ આપી પ્રતિ વર્ષ માટે અને રૂા. ૧૦૧ આપી એક વર્ષ માટે ૧ વિદ્યાર્થીના પારિતોષિક સહાયક બનવા તેમજ ભારતભરના મુખ્ય શહેરો અને તીર્થસ્થાનોમાં મુકવામાં આવેલ/આવનાર દાનપેટીનાં ઉદાર હાથે દાન કરવા સંસ્થા તરફથી, એક નિવેદન દ્વારા, વિનંતી કરવામાં આવી છે.

દાનપેટીની યોજના અંતર્ગત તાજેતરમાં પાલિતાણા ખાતે પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મની નિશ્રામાં એક આગમમંદિર પાસે અને બીજી બાબુના દહેરાસર પાસે-એમ બે દાનપેટીઓ તળાજાના સંઘપતિશ્રી દ્વારકાદાસ રતિલાલના વરદ હસ્તે ખુલ્લી મુકવામાં આવી છે. પાલિતાણા ખાતે આ દાનપેટીઓની વ્યવસ્થાનું સેવા કાર્ય અધ્યાપક શ્રી જયંતીલાલ એમ. શાહે સંભાળેલ છે.

## પાલીતાણા-ગણિપદ પ્રદાન

પુ. આ૦ શ્રી વિજયચંદ્રોદયસુરિજી મ૦, પૂ. આ૦ શ્રી વિજયનીતિપ્રભસુરિજી મ૦, પુ. આ૦ શ્રી વિજય-અશોકચંદ્રસુરિજી મ૦, પૂ. આ૦ શ્રી વિજયજયચંદ્રસુરિજી મ૦ આદિની નિશ્રામાં અગે સાંડેરાવ જિનેન્દ્ર ભવનમાં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથજીના દેરાસરમાં શ્રી આદીશ્વર ભ૦ તથા શ્રી મહાવીરસ્વામી ભ૦ ના નૂતન જિનબિમ્બોની અંજનશલાકા-પ્રતિષ્ઠા કા. વદ ૫ના અને પુ. મુનિશ્રી હ્રીંકારચંદ્રવિજયજી મ૦, પૂ. મુનિશ્રી સિદ્ધસેનવિજયજી મ૦, પૂ. મુનિશ્રી ધર્મધ્વજવિજયજી મ૦, પૂ. મુનિશ્રી પુષ્પચંદ્રવિજયજી તથા પુ મુનિશ્રી સોમચંદ્રવિજયજી મ૦ ને શ્રી ભગવતીસુત્રની અનુજ્ઞારૂપ ગણિપદ પ્રદાન તેમ જ આસો વદ ૧૦થી આયોજિત ઉપધાન તપના આરાધકોને માળારોપણ અને મુમુક્ષુ ભરતકુમાર મહાશંકરભાઈને દીક્ષા પ્રદાન કા વદ ૧૦ના રોજ ચતુર્વિધ શ્રીસંઘની વિશાળ ઉપસ્થિતિમાં અને હર્ષોલ્લાસ ભર્યા વાતાવરણ વચ્ચે થયેલ છે. આ પાવન પ્રસંગો નિમિત્ત ૪૫ છોડના ઉજમણા સાથે શ્રી ભક્તામર પૂજન, અષ્ટોત્તરી બૃહદ્‌સ્નાત્ર સહિત અષ્ટાહ્નિક મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવેલ. તદુપરાંત સાધર્મિક વાત્સલ્ય, સાધર્મિભક્તિ, અભયદાન, અનુકંપાદાન વગેરે પણ સુંદર રીતે થયેલ




## ભાયખલા-મુંબઈ

પૂ. આ. શ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં શેઠ મોતીશા ટ્રસ્ટના જિનપ્રાસાદે શ્રી ચંપાલાલજી કરમચંદજી (મુંડારાવાળા) તરફથી પોતાના સળંગ ૫૦૦ આયંબિલતપની પૂર્ણાહુતિ નિમિત્તે તથા તેમના માતુશ્રી એટીબાઈના આત્મકલ્યાણાર્થે સિદ્ધચક્ર મહાપૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ માગ. વદ ૮ થી વદ ૧૨ સુધી ભવ્ય રીતે ઉજવાયામાં આવ્યો. વદ ૧૨ના સાધર્મિકવાત્સલ્ય રાખવામાં આવેલ.

## કલ્પિત ઇતિહાસ સે સાવધાન

સ્થાનકવાસી આચાર્યશ્રી હસ્તીમલજી મહારાજે લખેલ પુસ્તક 'જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ' ભાગ ૧ અને ૨માં મૂર્તિપૂજા વિષયે અસંગત બાબત રજૂ થઈ છે. તેના જવાબરૂપે પૂ. મુનિશ્રી ભુવનસુંદરવિજયજી મહારાજે 'કલ્પિત ઇતિહાસ સે સાવધાન' નામે પુસ્તક લખેલ છે. આ પુસ્તક રૂ. ૧૦માં પ્રકાશક શ્રી કપૂરચંદ જૈન, ભાયલાપુરા, હોસ્પીટલ પાછળ, મુ. હિન્ડોન સીટી (જિ. સવાઈ માધોપર-રાજસ્થાન) એ સરનામેથી મળી શકશે.

## કચ્છ-ભુજમાં અનેરી ધર્મપ્રભાવના

પૂજ્ય શાશનસમ્રાટશ્રીના પ્રશિષ્ય પૂ. આ. શ્રી વિજયજયાનંદસુરિજી મ૦ના શિષ્યરત્ન પ્રવચનકાર પૂ. મુનિશ્રી મહાયશવિજયજી મ૦ તથા તેમના શિષ્ય બાલ-મુનિશ્રી જયભદ્રવિજયજી અને મુનિશ્રી સોમસુંદરવિજયજી મ૦ની શુભ નિશ્રામાં અત્રે ચાતુર્માસ અને પર્યુષણા પર્વ દરમ્યાન અનેકવિધ સામુદાયિક તપારાધના, ૫૧ ઉપવાસ, માસક્ષમણ આદિ મહાન તપશ્ચર્યાઓ, દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્યાદિની સારી એવી ઉપજ, રથયાત્રાનો બે કીમી લાંબો ભવ્ય વરઘોડો, વિવિધ તપશ્ચર્યાઓ નિમિત્તે અગિયાર દિવસનો ભવ્યાતિભવ્ય મહોત્સવ તેમજ કલ્યાણમંદિર, ભક્તામર, અજિતશાંતિ, સંતિકરં, જંબૂદ્વિપ, નંદાવર્ત, સિદ્ધચક્ર અને શાંતિસ્નાત્રાદિ મહાપૂજનો તથા તેના આકર્ષક માંડલાઓની રચના, વિવિધ પ્રસંગોની રંગોળીઓ ઇત્યાદિ ધર્માનુષ્ઠાનો ઉપરાંત ૪૦૦ વર્ષે પ્રથમવાર ઉપધાનતપની આરાધના ભૂરિ ભૂરિ અનુમોદના અને ધર્મપ્રભાવના પૂર્વક સાનંદ સંપન્ન થયેલ.

## મુંબઈ–મુલુન્ડનગરે ભવ્યતાથી ઉજવાયેલ

# ગણિપદ પ્રદાન મહોત્સવ

સૌરાષ્ટ્રકેશરી, શાસનપ્રભાવક પૂ. આચાર્યશ્રી વિજયભુવનરત્નસૂરિજી મ૦ સા૦, પૂ. મુનિવર્યશ્રી યશોવિજયજી મ૦ તથા મુનિરાજશ્રી રાજયશવિજયજી મ૦ ના અત્રે મુલુન્ડનગરે વિ.સં. ૨૦૩૯ના ચાતુર્માસ પ્રવેશથી જ તેમજ પૂજ્ય આચાર્યશ્રીના પ્રભાવક અને પ્રેરક ઉપદેશથી ચાતુર્માસ દરમ્યાન અનેકાનેક ધર્માનુષ્ઠાનો સાનંદ ઉજવાતા રહ્યા. છેલ્લે કાર્તિક પુર્ણિમાના દિવસે ચાતુર્માસ પરિવર્તન જવાહર ટોકીઝવાળા શ્રીમાન એસ. પી. જૈનના ગૃહાંગણે ધામધૂમપુર્વક કરવામાં આવેલ.

આ ચાતુર્માસ દરમ્યાન પુજ્ય આચાર્યશ્રીએ પૂ. મુનિવર્યશ્રી યશોવિજયજી મ૦ને પંચમાંગ શ્રી ભગવતીસૂત્રના યોગોદ્વહનમાં પ્રવેશ કરાવ્યો હતો. પૂજ્ય ગુરુભગવંતની નિશ્રામાં મુનિવર્યશ્રી ૨૧ વર્ષથી ઉત્તમ સંયમજીવન આરાધી રહ્યા છે અને ગુરુસેવામાં સદા તત્પર રહે છે.

પૂ. મુનિવર્યશ્રીના યોગોદ્વહનને અનુલક્ષી તેમના ગણિપદ પ્રદાનની ઉજવણી પૂ. આચાર્યશ્રીની અનુમતિ મેળવી શ્રી મુલુન્દ જૈન સંઘે ભવ્ય રીતે કરવાનો નિર્ણય કર્યો. આ પ્રસંગે સિદ્ધચક્રપુજન તથા શાંતિસ્નાત્ર સહિત અષ્ટાહ્નિકા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું.

કાર્તિક વદ ૧૦ ને મંગળવાર તા. ૨૯–૧૧–૮૩ ના શુભ દિને પુજ્ય આચાર્યશ્રીના વરદ હસ્તે ચતુર્વિધ શ્રીસંઘની વિશાળ ઉપસ્થિતિમાં જિનશાસનના જયનાદ વચ્ચે પૂ. મુનિવર્યશ્રી યશોવિજયજી મ૦ને ગણિપદ પ્રદાન કરવામાં આવ્યું.

નૂતન ગણિવર્યશ્રીને વર્ધમાન વિદ્યાનો પટ વહોરાવવાની ઉછામણી બોલાતાં શ્રી મુક્તિ–કમલ–કેસર ચન્દ્રસૂરિ જૈન વિદ્યાપીઠ (અમદાવાદ)ના ટ્રસ્ટીગણે રૂા. ૨૫૫૫૧નો ચઢાવો બોલીને પટ વહોરાવ્યો હતો. નૂતન ગણિવર્યશ્રીને કામળી વહોરાવવા માટે બૃહદ મુંબઈ તેમ જ ગુજરાત આદિથી મોટી સંખ્યામાં ભાવિકો ઉમટયા હતા. આ પ્રસંગે પૂ. આ૦ શ્રી વિજયદેવસૂરિજી, પૂ. આ૦ શ્રી વિજયજયાનંદસૂરિજી, પૂ. આ૦ શ્રી વિજયભુવનશેખરસૂરિજી, પૂ. આ૦ શ્રી વિજયરત્નપ્રભસૂરિજી, પૂ. પં. શ્રી હેમપ્રભવિજયજી આદિ શ્રમણભગવંતોના શુભાશિર્વાદ પાઠવત અને મહુવા, કટક, બેરમો આદિ સંઘેના શુભેચ્છા દર્શાવતા અનેક સંદેશ ઓ આવ્યા હતા.

આ સુઅવસરે ખંભાત નિવાસી શ્રી અરવિંદકુમાર કેશવલાલ દલપતભાઈ તરફથી હાથીદાંત અને ચંદનની સુંદર કલાકૃતિઓનું ભવ્ય પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. પ્રદર્શન જોવા હજારોના જનમેદની ઉમટી હતી.

પદવી પ્રસંગે બહારગામથી ૪૦૦ મહેમાનો પધાર્યા હતા. તેમની ભક્તિનો લાભ શ્રીમાન પોપટલાલભાઈએ લીધો હતો. ગણિપદ પ્રદાન બાદ લાડુની પ્રભાવના સમરતબેન કુંવરજી હઠીચંદ સિહોરવાળા તરફથી કરવામાં આવી હતી. શ્રી સિદ્ધચક્રપુજન સાંગાણવાળા વોરા હઠીચંદ ખીમચંદના પરિવાર તરફથી અને શાંતિસ્નાત્ર પુ. મુનિશ્રીના સંસારી કુટુંબીજનો જેસરવાળા શેઠ પરિવાર તરફથી ધામધૂમપૂર્વક ભણાવવામાં આવ્યું હતું.

પુ. આચાર્યશ્રીના શુભ નિશ્રામાં અત્રે મુલુન્ડ નગરે ચાતુર્માસ દરમ્યાન અનેકાનેક ધર્માનુષ્ઠાનો અને ગણિપદ પ્રદાન મહોત્સવની અભુતપુર્વ અને ચિરસ્મરણીય ઉજવણી થવા પામી હતી.

## શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો સંઘ

પુજ્ય આચાર્યશ્રી વિજયભુવનરત્નસૂરિજી મ૦ની પાવન નિશ્રામાં આ યાદગાર ઉજવણી બાદ મુંબઈ–મુલુન્દથી શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો સંઘ નીકળનાર હોય તેની પુર્વ તૈયારીઓ જોશભેર ચાલી રહી છે. પોષ સુદ ૧૩ સોમવાર તા. ૧–૧–૮૪ના શુભ દિને આ છ'રી પાળતો સંઘ પ્રયાણ કરનાર છે. ફાગણ વદ ૨ના શ્રી શત્રુંજય મહાતીર્થ-પાલિતાણા નગરે પ્રવેશ કરશે.

# વિજયવલ્લભસૂરિજી મ૦ના વિચારોનો વિસ્તરતો પ્રભાવ

લેખક :- પૂજ્ય ગણિવર્યશ્રી જનકવિજયજી મ૦

અનેક અનામી વિચારક ચિંતનકારોને હવે એમ લાગવા લાગ્યું છે કે આજથી લગભગ ૫૦ વર્ષ પૂર્વે પંજાબકેસરી યુગવીર જૈનાચાર્યશ્રી વિજયવલ્લભસુરીશ્વરજી મહારાજે જૈન સંઘ અને સમાજના ઉત્કર્ષ માટે જે દીર્ઘદૃષ્ટિથી વિચારો મુકયા હતા, તેને જો બધાએ ભેગા મળીને અપનાવી લીધા હોત તો આજે શ્રીસંઘ પ્રત્યેક ક્ષેત્રમાં અગ્રગણ્ય હોત.

આ મહાપુરુષે એકલી ક્રિયા ઉપર જોર ન આપતા જ્ઞાનપૂર્વકની ક્રિયાની વાત મુકી.

એમણે અનેક શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરાવીને વ્યવહારિક જ્ઞાન અને ધાર્મિક જ્ઞાનનો સુમેળ સાધ્યો હતો.

તેઓશ્રી વ્યવહારિક જ્ઞાનને પ્રત્યેક માનવ માટે અનિવાર્ય સમજતા હતા, તેથી જ વ્યવહારિક જ્ઞાનના માધ્યમે ધાર્મિક શિક્ષણ અને સુસંસ્કારો આપવાનું ભગીરથ કાર્ય કરીને જૈનસમાજને સમૃદ્ધ કરતા ગયા.

જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના માધ્યમે સાધર્મિક ભાઈઓને સ્વાવલંબી બનાવવા માટે લાખો રૂપિયાનું ફંડ ભેગું કરાવ્યું. સ્વપ્નોની બોલીઓને સાધારણમાં લઇ જવામાં કોઈ પણ દોષ નથી એમ કહીને સંઘનું યથાર્થ માર્ગદર્શન કર્યું હતું.

સાધ્વીઓને પુરૂષોની વર્ષદામાં પણ વ્યાખ્યાન વાંચવાની આજ્ઞા આપીને સાધ્વી સંસ્થાની શક્તિને સંઘનિર્માણના કામમાં લગાડી.

સર્વ પ્રથમ લાઉડસ્પીકરમાં બોલીને હજારોની જનતા સુધી મ૦ મહાવીરની વાણીનું અમૃતપાન કરાવ્યું હતું.

વર્તમાનમાં હવે આચાર્યો અને મુનિરાજો ધાર્મિક શિક્ષણની સાથે વ્યવહારિક શિક્ષણ આપવા આયોજનો કરી રહ્યા છે.

સાધર્મિક ભાઈઓના ઉત્કર્ષ માટે પણ પ્રેરણા કરી રહ્યા છે.

સાધારણ ખાતાને સધ્ધર કરવા માટે વિવિધ પ્રકારે વિચારણા ચાલુ થઈ છે.

જેઓ પહેલાં લાઉડસ્પીકરમાં નહોતા બોલતા તેઓ પણ હવે બોલતાં થઈ ગયા છે. જેમ કે સ્થાનકવાસી સંપ્રદાયના આચાર્યો, તેરાપંથી સંપ્રદાયના આચાર્યો, ખતરગચ્છના તથા તપાગચ્છના અમુક આચાર્યો અને મુનિરાજો લાઉડસ્પીકરનો ઉપયોગ કરી રહ્યા છે દિવસે દિવસે લાઉડસ્પીકરમાં બોલવાવાળાઓની સંખ્યા વધી રહી છે.

સ્ત્રીઓની સાથે પુરૂષોની વર્ષદામાં પણ વ્યાખ્યાન કરવાવાળી સાધ્વીઓની સંખ્યા ધીમે ધીમે વધતી જાય છે.

આ ઘટનાઓજ સિદ્ધ કરી રહી છે કે પંજાબકેશરી યુગવીર સમ્રાટ આ. શ્રી વિજયવલ્લભસુરીશ્વરજી મ.ના વિચારોનો પ્રભાવ વિસ્તારને પામી રહ્યો છે.

દીર્ઘદૃષ્ટા યુગપુરૂષના વિચારો સંઘ અને સમાજના માટે એકાન્તહિતકર હોવાના કારણે વિરોધીવર્ગને પણ અંતમાં અપનાવ્યા વગર ન જ ચાલે એ સત્ય છે.

## બાડમેરમાં પ્રતિષ્ઠા મહોત્સવની થયેલ ભવ્ય ઉજવણી

અત્રે શ્રી શાંતિનાથ જિનાલય તથા શ્રી ચંદ્રપ્રભુ જિનાલયે પ્રભુ પ્રતિમાઓની તથા નવનિર્મિત દાદાવાડીમાં ગુરુમુર્તિઓની પ્રતિષ્ઠા પૂ. આ૦ શ્રીજિનઉદયસાગરસુરિજી મ૦ પૂ૦ આ૦ શ્રી જિનકાંતિ સાગરસુરિજી મ૦ આદિની નિશ્રામાં કા. વદ ૫ શુક્રવારના ઘણા હર્ષોલ્લાસથી કરવામાં આવી. આ નિમિત્તે શ્રી જૈન શ્વે. ખરતરગચ્છ સંઘ તરફથી શાંતિસ્નાત્રાદિ સહ અષ્ટાહ્નિકા મહોત્સવ ધામધુમથી ઉજવવામાં આવેલ.

## બસ અકસ્માતમાં નિધન

પ્રસિદ્ધ તીર્થ રાણકપુરજીના મુખ્ય પુજારી શ્રી કપુરચંદજી વનેચંદજીનું, ૬૨ વર્ષની વયે તા. ૨-૧૨-૮૩ના રાણકપુર પાસે બસ અકસ્માતમાં દુઃખદ અવસાન થયુ છે સ્વર્ગસ્થ પુજારીજી સરલસ્વભાવી, મિલનસાર અને પ્રભુભક્તિપરાયણ હતા.

## જેસલમેર તીર્થમાં
## વિવિધ ધર્માનુષ્ઠાનોની ભવ્ય ઉજવણી

પ્રાચીન અને જગપ્રસિદ્ધ એવા જેસલમેર પંચતીર્થની યાત્રાર્થે છેલ્લા કેટલાક વર્ષથી યાત્રાળુઓની સંખ્યા ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી રહી છે. યાત્રાના ખાસ ખાસ પ્રસંગે તો અહીં યાત્રીકોની મોટી જનમેદની જામે છે.

આ વર્ષે કાર્તિક પુર્ણિમાના યાત્રાદિને લગભગ ૨૦૦૦ યાત્રીકો આવ્યા હતા. તેમાં શાહ મગરાજજી હસાજી–સંયોજક આકોલી સંઘ તથા શાહ હજારીમલજી શિવલાલજી–સંયોજક પિંડવાડા સંઘ લગભગ ૧૩ બસો સાથે આવેલ. સૌ કોઈએ લોદ્રવપુર અને જેસલમેર દુર્ગ સ્થિત દેરાસરોમાં પુજા-દર્શનાદિનો ભક્તિભાવથી લાભ લીધો હતો.

શ્રી જેસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વે. ટ્રસ્ટ કમિટી દ્વારા આવેલા બંને સંઘોનું બેન્ડવાજાપુર્વક વરઘોડો કાઢી ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. બંને સંઘે તીર્થના જુદા જુદા ખાતામાં સારી એવી રકમ નોંધાવી લાભ લીધો. પિંડવાડાના સંઘપતિઓની તીર્થમાળ દુર્ગ સ્થિત મોટા દહેરાસરમાં ઘણા ઉલ્લાસ વચ્ચે થઇ.

આ દિવસે આવેલા યાત્રિકોમાં કેટલાક ભાગ્યશાળીઓને લોદ્રવપુરમાં અધિષ્ઠદાયક દેવ–નાગ–દેવતાના દર્શનનોલાભ મળ્યો હતો.

અહિંની પેઢી–ટ્રસ્ટ દ્વારા માગ. સુદ ૧૨ના લોદ્રવપુર તીર્થમાં પાટ મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવેલ. આ દિવસે શ્રી હિમ્મતરાયજી જવાહરમલજી–કોટવાળા તરફથી જલયાત્રાનો વરઘોડો, પંચકલ્યાણુની પુજા અને આંગી–ભાવનાનો કાર્યક્રમ ધામધુમ અને ભક્તિભાવથી યોજાયેલ.

માગ. વદ ૧૦ના શ્રી પાર્શ્વનાથ જન્મકલ્યાણક મહોત્સવ પુજા, આંગી ભાવનાદિપુર્વક ઠાઠથી ઉજવાયો. તખતગઢવાળા સંઘવી કેશરીમલજી કાંતિલાલજી તરફથી પુજાદિનો લાભ લેવામાં આવેલ.

**સુચના:-** શ્રી જેસલમેર–લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વે. ટ્રસ્ટ તરફથી એક સુચના જાહેર કરવામાં આવી છે કે, શ્રી ભંવરલાલજી [ સ્વપુત્રશ્રી રામલાલજી સેઠિયા–બીકાનેર નિવાસી ] અહિં કેટલાક સમયથી સ્ટોરકીપરના સ્થાને સર્વીસ કરતા હતા. તે ૧૪ સપ્ટેમ્બર ૧૯૮૩થી છુટા થતાં ટ્રસ્ટ સાથે હવે તેમનો કોઈ સંબંધ નથી રહ્યો. આથી સુચના આપવામાં આવે છે કે કોઈ મહાનુભાવ તેને ટ્રસ્ટના નામે રકમ આદિ ન આપે જો કોઈ આપશે તો તેની જવાબદારી ટ્રસ્ટની રહેશે નહી.

## દોડ બાલાપુર (કર્નાટક)

પુ. પં. શ્રી અશોકવિજયજી મ૦, પુ પં. શ્રી અભવ્યવિજયજી મ૦ આદિ ઠા. ૬ની નિશ્રામાં અત્રે ચાતુર્માસ અને પર્યુષણા પર્વ દરમ્યાન અનેકવિધ આરાધના અને તપશ્ચર્યાઓ સારી સંખ્યામાં થઈ તેની અનુમોદનાર્થે ભા વદ ૧૨થી અટ્ઠાઈ મહોત્સવ ઉજવાતાં શાંતિસ્નાત્ર, જલયાત્રાનો વરઘોડો, અઢાર અભિષેક, સાત દિવસ સાધર્મિકવાત્સલ્ય આદિ કાર્યક્રમો સાનંદ સમ્પન્ન બનેલ. આસો માસની ઓળી, દીપોત્સવી અને નૂતન વર્ષ, જ્ઞાન પંચમી આદિની આરાધનાઓ પણ સુંદર રીતે થઈ.

## ઘાટકોપર–સાંઘાણી એસ્ટેટ

અત્રે પુ૦ પં. શ્રી સુર્યોદય વિજયજી મ૦ ની શુભ નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન સળંગ બબ્બે અટ્ઠમ. સામુદાયિક અનેકવિધ તપારાધના, પર્યુષણા પર્વ પ્રસંગે અઠ્ઠમથી માસક્ષમણુ સુધીના ૨૭૫ની સંખ્યામાં તપસ્યાઓ, પારણાં, રૂા. ૫૦ રોકડા, એલ્યુમીના જગ તથા કામળીની પ્રભાવના સમસ્ત શ્રીસંઘનું સાધર્મિક વાત્સલ્ય, ચેમ્બુર તીર્થની ચૈત્યપરિપાટી, યુગદિવાકર પુ૦ આ૦ શ્રી વિજયધર્મસુરીશ્વરજી મ૦ના ૮૦માં જન્મ દિને–પર્યુષણા પર્વના પ્રથમ દિવસે ગુણાનુવાદ, પુજા, સાધર્મિકભક્તિ, અનુકંપાદાન તથા ૧૮૦ જીવોને અભયદાન, 'ધર્મ વિહાર'ની બંધાતી ઇમારત માટે રૂા ૩ લાખનું ફંડ, સાધારણ ખાતામાં રૂા. દેઢેક લાખનું અને પાઠશાળા માટે રૂા. વીસેક હજારનું ફંડ, સંઘમાં થયેલ વિવિધ આરાધના–તપશ્ચર્યાદિ નિમિત્તે અનેક મહાપુજનો સહિત અગિયાર દિવસનો ભવ્ય મહોત્સવ, રથયાત્રાનો ભવ્ય વરઘોડો ઈત્યાદિ કાર્યો શ્રીસંઘના ૨૮ વર્ષના ઈતિહાસમા રેકર્ડરૂપ થયા હતા.

સાધ્વીશ્રી કુસુમશ્રીજી ( ખેડાવાળા ), શ્રી દેવશ્રીજી આદિ ઠા. ૮ના ઉપસ્થિતિથી બહેનોમાં પણ સુંદર ધર્મારાધના થવા પામી હતી.

# વડોદરા—માંજલપુર રોડ સ્થિત શ્રી ચિંતામણી પાર્શ્વનાથના નૂતન જિનાલયે અંજનશલાકા—પ્રતિષ્ઠા તથા આચાર્યપદ પ્રદાન, ભાગવતી દીક્ષાદિનો મહામહોત્સવ

આજથી સાત વર્ષ પહેલાં (સ્વ૦) પુ. આ. શ્રી વિજયસમુદ્રસુરીશ્વરજી મહારાજ અત્રે પધારી પ્રેરણા આપતાં અને ત્યારબાદ મુંબઈથી પાલિતાણાના પદયાત્રા સંઘ દરમ્યાન પૂ. આ. શ્રી વિજયયશોદેવસુરીજી મહારાજે અત્રે પધારી દેરાસરની જમીનની પસંદગી કરી વાસક્ષેપ કરતાં શ્રી લાલબાગ જૈન સંઘની શિખરબંધી જિનપ્રસાદ નિર્માણની ભાવનાને બળ અને વેગ મળેલ. પુ. પંજાબ-કેશરી આ. શ્રી વિજયવલ્લભસુરીશ્વરજી મ.ના સમુદાયવર્તી અને શ્રી ઘંટાકર્ણ વીરના પરમ ઉપાસક પુ. મુનિરાજશ્રી ચંદ્રોદયવિજયજી મ.ની સતત પ્રેરણા અને માર્ગદર્શનથી આ નૂતન જિનપ્રાસાદનું નિર્માણકાર્ય ઉત્તરોત્તર આગળ વધી સફળ બનતાં, શ્રી લાલબાગ જૈન સંઘે આગામી પોષ મહિનામાં પુજય આ. શ્રી વિજયઈન્દ્રદિન્નસુરિજી શુભ નિશ્રામાં અંજનશલાકાપુર્વક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનો નિર્ણય કર્યો છે.

આ બન્ને પાવન પ્રસંગની સાથે સર્વધર્મ-સમન્વયી પુ. ગણિવર્યશ્રી જનકવિજયજી મહારાજને આચાર્યપદ પ્રદાનનો અને જંબુસર નિવાસી મુમુક્ષુ પિનાકીનભાઈ, શિવપુરી [ મ.પ્ર ]ના કપિલકુમાર ખજાન્ચીલાલ તથા છાણીના હાલ વડોદરા નિવાસી રાગિણીબહેન ભુપેન્દ્રકુમારને ભાગવતી દીક્ષા આપવાનો પ્રસંગ પણ સાંકળી લેવામાં આવતાં શ્રીસંઘમાં ઉત્સાહ અને ઉલ્લાસનુ અદ્ભુત વાતાવરણ જામ્યું છે. આ મહોત્સવને સફળ અને સુંદર બનાવવા સંઘના પ્રમુખશ્રી ચંદુલાલ પ્રભુદાસ શાહ અને મંત્રીશ્રી બીપીનચંદ્ર અંબાલાલ શેઠની રાહબરી નીચે સંઘના ૧૩ મહાનુભાવોની 'પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ રચવામાં આવી છે.

પુજય આચાર્યશ્રી વિજયઈન્દ્રદિન્નસુરિજી મહારાજ વિશાળ શ્રમણ સમુદાય સાથે અત્રે પધારતાં આ મહોત્સવની પુર્વ તૈયારી અતિ ઉત્સાહ સાથે આગળ વધી રહી છે.

પોષ સુદિ ૧૩ને સોમવાર, તા. ૧૬/૧/૮૪થી મહામહોત્સવનો મંગલ પ્રારંભ થનાર છે. મહોત્સવના બીજા દિવસે સિદ્ધચક્રપુજન, વિશસ્થાનકપુજન ભણાશે. મહોત્સવ દરમ્યાન પાંચ કલ્યાણકોની ભવ્ય ઉજવણી થશે. પોષ સુદિ ૫ને રવિવારના પુ. ગણિવર્યશ્રી જનકવિજયજી મહારાજને આચાર્યપદ પ્રદાન અને ત્રણ મુમુક્ષુઓને દીક્ષા પ્રદાન થશે.

પોષ વદિ ૬ સોમવારના પ્રભુજીને ૧૦૮ અભિષેક વિધાન અને ત્યારબાદ ૧૧ વાગ્યાના શુભ મુહૂર્તે મુળ-નાયકશ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન આદિ ૨૫ જિનપ્રતિમાજીઓની પ્રાણ પ્રતિષ્ઠા તેમજ શ્રી પદ્મ દેવીની પ્રતિષ્ઠા થશે. આ જ દિવસે બૃહદ્ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર અને સાધર્મિકવાત્સલ્ય પણ થશે. મહોત્સવના આઠે દિવસ વિવિધ પુજા-પુજનો, ભાવનાદિ ઘણા ઠાઠ અને ભક્તિભાવથી યોજાશે.

## શ્રી આત્મવલ્લભ જૈન મહિલા મંડળની વાર્ષિક ચૂંટણી

દિલ્લી—રૂપનગર ખાતે તા. ૩૦ સપ્ટે.ના ઉપરોક્ત મંડળની યોજાએલ વાર્ષિક સાધારણ સભામાં ગત વર્ષની કાર્યવાહી અને હિસાબ રજૂ થયા. ઉપરાંત શ્રીમતિ અનુરાધા જૈનની અધ્યક્ષતામા વાર્ષિક ચૂંટણી કરવામાં આવી હતી. તેમાં શ્રીમતિ લડોરાની જૈન-પ્રધાન, શ્રીમતિ સુધાબેન-ઉપપ્રધાન, શ્રીમતિ અનુરાધા જૈન-મંત્રી શ્રીમતિ રમેશકાંતા જૈન અને શ્રીમતિ આરાધના જૈન-સહમંત્રી તથા શ્રીમતિ પ્રેમકાંતા જૈન અને (મહિલા સમાજ) શ્રીમતિ વિમલા જૈન-કોષાધ્યક્ષ પદે ચૂંટાઈ આવ્યા હતા. અન્ય ૧૭ સદસ્યોના પણ ચૂંટણી કર-વામાં આવી હતી.

## શ્રી સુધર્મ ભક્તિ પાઠશાળા–અમદાવાદ

શાહપુર–મંગળ પારેખના ખાંચે શ્રી ભક્તિસૂરિ જ્ઞાનમંદિરના મકાનમાં શ્રી સુધર્મ ભક્તિ જૈન ધાર્મિક પાઠશાળા ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૧ વર્ષથી પુ. સાધુ–સાધ્વીજીઓને જૈન ધાર્મિક તત્વજ્ઞાન તથા સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓનો અભ્યાસ કરાવવાના હેતુથી પંડિતો રાખી પાઠશાળા ચલાવવામાં આવે છે. દર વર્ષે ૩૦થી૪૦ સાધ્વીઓ પાઠશાળાનો લાભ લે છે.

પુ. આ. શ્રી વિજયવિનયચંદ્રસુરિજી મ તથા પુ. આ. શ્રી વિજયરૂચકચંદ્રસુરિજી મ.ની પ્રેરણાથી સંસ્થાનું ભંડોળ સારું એવું થયેલ છે. ટ્રસ્ટ દ્વારા ધર્માભ્યાસ કરાવવા ઉપરાંત ધાર્મિક અભ્યાસના પુસ્તકો ખરીદવામાં, સહાય આપી છપાવવામાં તેમજ છપાવી પ્રસિદ્ધ કરવામાં આવે છે. ટ્રસ્ટનો હિસાબ દર વર્ષે ઓડીટ કરાવી ટ્રસ્ટી મંડળની સભામાં મંજુર કરવામાં આવે છે. સંસ્થાના પ્રમુખશ્રી મંગળદાસ મોહનલાલ શાહ આદિ ટ્રસ્ટી મંડળની દેખરેખ અને મહેનતની ઉત્તરોત્તર પ્રગતિ સાધી રહી છે. સંસ્થાના ઉદેશો વધુ ને વધુ વિકસત/વિસ્તરતા રહે તે માટે સકલ સંઘને ઉદારતાથી સહયોગ આપવા ટ્રસ્ટી મંડળ તરફથી નિવેદન કરવામાં આવેલ છે.

## તળાજાથી શત્રુંજય તીર્થનો નીકળેલ છ'રી પાળતો સંઘ

પુ. આ. શ્રી વિજયરૂચકચંદ્રસુરિજી મહારાજ તળાજામાં અનેકાનેક તપારાધના, માસક્ષમણ આદિની રેકર્ડરૂપ તપશ્ચર્યા, ઉપધાનતપની આરાધના, ૨૦૦ આરાધકોની માળારોપણ અને તે નિમિત્તે એકાદશાહ્નિકા મહોત્સવની યાદગાર ઉજવણી વગેરે સાથે અઈતિહાસિક ચાતુર્માસ પુર્ણ કરી શ્રી દ્વારકાદાસ–રતિલાલ દ્વારા આયોજિત તળાજાથી શ્રી શત્રુંજય તીર્થના છ'રી પાળતા સંઘને લઈ પાલિતાણા પધારતા ભવ્ય સામૈયું, સૌધર્મ નિવાસમાં સંઘપતિજી અને સંઘના વ્યવસ્થાપકો–કાર્યકરોનું બહુમાન તીર્થમાળા આદિ ઘણા ઉચ્છરંગપુર્વક સમ્પન્ન થયેલ.


## જૈસલમેર પંચતીર્થીના યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લોદ્રપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦ થી વધુ જિનપ્રતિમાઓ બિરાજમાન છે.

### જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ

(૧) ભવ્ય. કલાત્મક અને પ્રાચીન જિનાલયો, પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુ શ્રી જિનદત્તસુરિજી મ૦ની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લોદ્રવપુરનાં ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

**આવાસ પ્રબંધ :** યાત્રીઓ અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભૂમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

**યાતાયાતના સાધન :** જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી દિવસમાં એક વાર બસ અને રાત્રે ને સવારે બેવાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે. સકલ સંઘને નિવેદન છે કે આ પંચતીર્થીની યાત્રા કરી પુણ્યના ભાગી બનો.

વિનીત : શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ
ફોન નં ૩) જૈસલમેર (રાજસ્થાન)
ગ્રામ : 'જૈન ટ્રસ્ટ')

## શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ--પૂના
## જૈન દર્શનની લેવાએલ છ પરીક્ષાઓનું
# જાહેર થયેલ પરિણામ

જ્ઞાનની ઉત્તરોત્તર વૃદ્ધિ માટે પરીક્ષા એક આલંબન છે તેમાંય અર્થ સહિતનું સૂત્રનું જ્ઞાન/શિક્ષણ યુવાનોને ધર્મમાં સ્થિર કરે છે. આવા વ્યાપક ઉદ્દેશથી શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પુના દ્વારા ઘણા વર્ષોથી જૈન દર્શનની પરીક્ષાઓ લેવામાં આવે છે. દર વર્ષ મુજબ ગત વર્ષે ઓગસ્ટ મહિનામાં પણ આ સંસ્થા દ્વારા જૈન દર્શનની જુદી જુદી છ પરીક્ષાઓ લેવામાં આવેલ. તાજેતરમાં તેનુ પરિણામ જાહેર થયેલ છે. પરિણામ ૯૦ ટકા આવેલ છે.

આ પરીક્ષાઓ ગુજરાતી, હિન્દી તેમજ મરાઠી ભાષામાં ભારતભરમાં ૯૧ સ્થળોએ/કેન્દ્રોમાં લેવામાં આવી હતી. તેમાં જૈન-અજૈન મળી ૩૪૦૦ આબાલવૃદ્ધ ભાઈ-બહેનો જોડાયા હતાં. આ છ પરીક્ષામાં સર્વ પ્રથમ આવનાર પરીક્ષાર્થીઓના નામ નીચે મુજબ છેઃ

| પરીક્ષા | પ્રથમ આવનારનું નામ-ગામ | ગુણાંક |
|---|---|---|
| પ્રબોધિની | સોનલ નટવરલાલ-કપડવંજ | ૪૯/૭૦ |
| પ્રાથમિક | મંજુલાબેન ગુલાબચંદ-મ્હેસુર | ૯૩/૧૦૦ |
| પ્રારંભિક | કાળુભાઈ વિનુભાઈ-પૂના | ૧૩૬/૧૫૦ |
| પ્રવેશ | ડૉ સ્મરાબેન સી. શાહ-ગાંધીનગર | ૨૦૧/૩૫૦ |
| પરિચય | ઉ૦ કુમારી બાબુલાલજી-બેંગલોર | ૨૭૩/૩૫૦ |
| પ્રદીપ | મીનાબેન સેવંતિલાલ-થરાદ | ૩૦૦/૪૫૦ |

પ્રથમ આવનાર પરીક્ષાર્થીઓને વિશેષ પુરસ્કાર આપવા ઉપરાંત સંસ્થાના નિયમાનુસાર (૧) મુનિશ્રી જિતેન્દ્રવિજયજી જૈન સાહિત્ય વિકાસ ફંડ (ટ્રસ્ટ), (૨) શ્રી સંગીતાબેન ચંદ્રકાંત શાહ અને (૩) વિદ્યાપીઠ કાયમી અનામી ફંડના સહયોગથી ૩૪૮ પરીક્ષાર્થીઓને તથા અધ્યાપકોને શિષ્યવૃત્તિ અને પુરસ્કાર રૂપે કુલ રૂા. ૬૦૦૦થી પણ વધુ રકમ આપવામાં આવનાર છે.

## અંતરીક્ષ તીર્થ—શિરપુર

શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ સંસ્થાન અને તીર્થરક્ષક કમિટીના ઉપક્રમે દર વર્ષ મુજબ આ વર્ષે પણ શ્રી પાર્શ્વનાથ જન્મકલ્યાણક મહોત્સવ (પોષદશમી પર્વ) ની ઉજવણી માગ. વદ ૯, ૧૦ અને ૧૧ના વિવિધ પૂજા, આંગી, ભાવના, વરઘોડો, સાધર્મિકવાત્સલ્ય આદિ સહ કરવામાં આવી ઉપરાંત પૂ. પં. શ્રી વારિષેણવિજયજી મ.ની નિશ્રામાં શ્રી ચંપાલાલજી ખિવરાજજી ખિમાડા [હાલ ઔરંગાબાદ] નિવાસ તરફથી પાર્શ્વપદ્માવતી પૂજન, ચિંતામણી પૂજન અને શ્રી વિઘ્નહર પાર્શ્વનાથ મંદિરમાં અઢાર અભિષેક કરવામાં આવેલ. પ્રવચનપ્રભાવક પૂ. મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મ.ની શુભ નિશ્રામાં તીર્થરક્ષાના કાર્યને સારો એવો વેગ મળી રહ્યો છે.

## શાહપુર-કલ્યાણનગર

અમદાવાદ, પાંચપોળ જૈન ઉપાશ્રય, કલ્યાણનગરમાં પૂ. મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી [થરાવાળા] મ. આદિ ઠા. ૨ની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન તેમજ પર્યુષણા પર્વમાં અનેકવિધ આરાધના, તપશ્ચર્યા અને ધર્મકાર્યો સારી સંખ્યામાં ખૂબ સુંદર અને સાનંદ થયા હતા. આસો માસની ઓળીના આયંબિલ અને પારણાંનો લાભ શ્રી ચંપકલાલ ચીમનલાલ પ્રોફેસર તરફથી લેવામાં આવેલ. પૂજ્યશ્રીની નિશ્રામાં 'ચંદ્રજ્યોત દૃષ્ટાંત સંગ્રહ ભાગ ત્રીજો' નું તથા 'ચંદ્રજ્યોત સ્તવન માધુરી' પુસ્તકનું ભવ્ય સમારોહ પૂર્વક પ્રકાશન થયું હતું. દિવાળીપર્વ પ્રસંગે ગંહુલીસ્પર્ધા યોજાઈ હતી. ચાતુર્માસ પરિવર્તનનો લાભ પ્રો. ચંપકભાઈએ લીધો હતો. ત્યારબાદ છ'રી પાળતા સંઘમાં સેરીસા તીર્થની યાત્રા કરેલ. ત્યાં પૂ. આ. શ્રી વિજયરામસૂરીશ્વરજી મ [ડહેલાવાળા] તથા પૂજ્ય મુનિરાજશ્રીની નિશ્રામાં સાધ્વી શ્રી લલીતાશ્રીજીની ૧૦૦મી ઓળીના પારણા નિમિત્તે ૧૧ છોડનાં ઉદ્યાપન તથા સિદ્ધચક્ર મહાપૂજન સહિત અઠ્ઠાઈ મહોત્સવ કા. વદ ૧૧થી માગ. સુદ ૩ સુધી ધામધૂમથી ઉજવાએલ. મૌન એકાદશીની આરાધના બાદ પૂજ્ય મુનિરાજશ્રીએ અત્રેથી સુરત તરફ વિહાર કરેલ છે.

# પૂ. આચાર્યશ્રીનું સફળ બાયપાસ-હાર્ટ ઓપરેશન

જૈન મ્યુઝીયમનાં સર્વ પ્રથમ પ્રણેતા શાસનપ્રભાવક પુજ્યપાદ આચાર્યશ્રી વિજયવિશાલસેનસુરીશ્વરજી (શ્રી વિરાટ) મ. સા. નું મુંબઈ ખાતે કરવામાં આવેલ ઓપન હાર્ટ-પાંચ આર્ટરીનું ઓપરેશન શ્રી શાસનદેવતાઓ તથા પરમ શ્રધ્ધેય શ્રી શાસનસમ્રાટ સુરિવરની કૃપાથી નિર્વિઘ્ને અને સફળતાથી થયું છે.

હૃદયરોગ સારવારનાં નિપુણ ને નિષ્ણાત ડૉ. શ્રી એસ. ભટ્ટાચાર્યે તા. ૧૮મી ઓકટોબરના રોજ વિશ્વવિખ્યાત જસલોક હોસ્પીટલમાં પુજ્યપાદશ્રીનું ઘણી કુશળતાથી આ ઓપરેશન કર્યું હતુ.

છેલ્લા એકાદ વરસથી પુ. આચાર્યશ્રીને હૃદયરોગની તકલીફ થઈ હતી. અશુભ કર્મના આ ઉદયને તેઓશ્રી સમતાભાવે સહન કરી રહ્યા હતા. પણ વેદના વધતી જતી હતી અને સમયસર યોગ્ય સારવાર લેવામાં ન આવે તો તેના ગંભીર પરિણામ આવવાની સંભાવના હતી. નિષ્ણાત ડોકટરોની સલાહ હૃદય સાથે સંબંધ ધરાવતી ધોરી નસ-બાયપાસ હાર્ટ ઓપરેશન કરાવવાની હતી. પુજ્યશ્રીને આ રોગ, તેની ચિકિત્સા-સારવાર આદિની સમજણ તથા ડોકટર આદિની ઓળખાણ શ્રી ડાહ્યાભાઇ ટી. શાહ મારફત થયેલ.

ગચ્છાધિપતિ પુ. આચાર્યશ્રી વિજયમેરુપ્રભસુરીશ્વરજી મ. સા તેમજ વડિલ ગુરુબંધુ આચાર્યશ્રી વિજય દેવસુરીશ્વરજી મ. સા. ને પણ આ વ્યાધિની ગંભીરતાથી પ્રતીતિ થઇ અને તેઓશ્રીએ પુજ્યશ્રીને હોસ્પીટલમાં ઉચિત સારવાર લેવા માટેની અનુમતિ આપી અને મંગળ સ્વાસ્થ્યના આશીર્વાદ પણ પાઠવ્યા.

આમ પુજ્યશ્રીને ૧૧મી ઓકટોબરનાં રોજ મુંબઈની જસલોક હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા અને ડૉ. એસ. ભટ્ટાચાર્યના હાથે પુજ્યપાદશ્રીના હાર્ટનું (પાંચ આર્ટરીનું) બાયપાસ ઓપરેશન કરવામાં આવ્યું. પુજ્યશ્રીનાં હૃદયને લોહી પહોંચાડનારી નસો પાંચ જગ્યાએથી બંધ થઇ ગઈ હતી, તેને બદલે પગમાંથી મોટી નસ કાઢી હાર્ટમાંની નસો જોડી. જેથી લોહી સતત ને સરલતાથી ફરતું રહે. આ ગંભીર પ્રકારની ઓપન હાર્ટ શસ્ત્રક્રિયામાં ડૉ. એ. વી. મહેતા, ડૉ. કે. સી. લીમડી, ડૉ. ભરતભાઈ પી. શાહ, ડૉ. શિરીષભાઇ એલ. શાહ આદિ ડોકટરોએ અમૂલ્ય સેવા-ભક્તિ કરી હતી.

શ્રી મહાવીર હાર્ટ રીસર્ચ ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ડાહ્યાભાઈ ટી. શાહ, શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ, શ્રી કાંતિભાઇ જે. ગાંધી તથા વિશાલ જૈન કલા સંસ્થાનના ટ્રસ્ટી વિક્રમભાઈ સી શાહ, મહેશભાઇ એન. શેઠ, શ્રીમતી કલ્પનાબેન મહેશભાઈ શેઠ, સંજીવની ટ્રસ્ટના ટ્રસ્ટી મહેન્દ્રભાઈ, પ્રાર્થના સમાજ દેરાસરના ટ્રસ્ટીઓ તથા મહેન્દ્રભાઈ એમ. શાહ. નટવરલાલ ગીરધરલાલ મોદી વગેરે પણ રાત-દિવસ જોયા વિના પુજ્યશ્રીની સેવામાં તત્પર રહ્યા.

આ ઉપરાંત સર્વશ્રી દીપચંદભાઈ એસ ગાર્ડી, જે. આર. શાહ, મનસુખલાલ ડી વોરા, જયંતભાઈ એમ. શાહ, ધીરજલાલ એલ. વોરા, હિમાંશુભાઈ પી. કોઠારી, જવાહરલાલ એમ. શાહ, કાંતિલાલ શીવલાલ શાહ, રમણિકલાલ એમ. શાહ, જયસુખલાલ રાયચંદ શાહ, જિતેન્દ્રભાઇ એસ. સંઘવી, પ્રફુલભાઈ જયંતિલાલ શાહ આદિ ગણમાન્ય મહાનુભાવો તથા પ્રાર્થનાસમાજ જૈન સંઘ (શેઠ વાડીલાલ સારાભાઈ ટ્રસ્ટ), ચોપાટી જૈન સંઘ, ગોવાલીયા ટેન્ક જૈન સંઘ, કોટ જૈન સંઘ, આદીશ્વર વિસા પોરવાલ જૈન સંઘ-મુંબઈ-૩, દોલતનગર જૈન સંઘ, ગોડી પાર્શ્વનાથ જૈન સંઘ-પુના, ઇર્લાબ્રીજ-અંધેરી જૈન સંઘ, અગરતા જૈન સંઘ-દાદર, થાણા જૈન સંઘ આદિ સંઘના ટ્રસ્ટીઓ અને સંઘના ભાઈ-બ્હેનો અવાર-નવાર ઉપસ્થિત રહી સેવા-વૈયાવચ્ચ માટે તત્પર રહેતા. આ સિવાય બહારગામથી પુજ્યના સંસારીપણાના કુટુંબીજનો તેમજ ભીલવાડા, બેંગલોર, મદ્રાસ, કલકત્તા આદિ સંઘના મહાનુભાવો ઓપરેશન સમયે ઉપસ્થિત રહ્યા હતા.

ઓપરેશનના દિવસે અનેક સંઘોએ તથા અનેક વ્યક્તિઓએ મોટા પાયા પર જીવદયાનું આયોજન તથા ગરીબોને ભોજન આદિ તેમજ સાધર્મિકભક્તિ આદિના

અનેક કાર્યો કર્યા હતા. અને તપ-જપ અનુષ્ઠાનો પણ આયોજ્યા હતા.

આ તમામ કટોકટીનાં સમયમાં પુજ્યશ્રીએ અભૂતપુર્વ સમતા અને શાંતિ જાળવ્યા હતા. જ્ઞાનપંચમીના દિવસે પુજ્યશ્રીને હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી છે અને તેઓની વેદના વચ્ચે પણ શાંત અને પ્રસન્ન છે.

પુજ્ય આચાર્યશ્રી વિજયવિશાલસેનસુરીશ્વરજી મ. સા ના અશુભકર્મ ઉદયનું સર્વથા ઉપશમન થાય અને તેઓશ્રી પુનઃ સ્વહિત સાધતાં-શાસનપ્રભાવના કરવા સક્ષમ ને સમર્થ બને તેવી શાસનદેવોને મંગલ પ્રાર્થના કરીએ.

## સાયલાની સિધ્ધગિરિજીનો પદયાત્રા સંઘ

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા ગામે જન્મેલા અને દીક્ષા બાદ સર્વ પ્રથમ ચાતુર્માસ પધારેલા પુ મુનિશ્રી જગવલ્લભવિજયજી મ.ની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન અપુર્વ આરાધના અને ધર્મપ્રભાવના થવા પામી. પુ.શ્રીની પ્રેરણાથી શ્રી છગનલાલ જસરાજ પરિવાર દ્વારા આયોજિત સિદ્ધગિરિના છ'રી પાળતા સંઘનું કા. વદ ૧૧ ના સાયલાથી પ્રયાણ થયું પુ. મુનિશ્રી જગવલ્લભવિજયજી મ આદિ ઠા. ૫ અને સાધ્વી શ્રી ચંદ્રપુર્ણાશ્રીજી આદિ ઠા. ૪ ની નિશ્રામાં નીકળેલ આ યાત્રાસંઘમાં ૧૫૦ યાત્રિકો જોડાયા હતા.

આ યાત્રાસંઘમાં નડિયાદના શ્રી પ્રફૂલભાઈએ યાત્રા દરમ્યાન રોજ ઉપવાસ કરી માગ. સુદ ૯ ના ૧૪ ઉપવાસનુ અભિગ્રહ પુર્વક પારણું કર્યું હતું. વરસીતપ, આયંબિલ આદિના આરાધકો પણ આ યાત્રાસંઘમાં જોડાયા હતા. આ યાત્રાસંઘનું ચુડા, રાણપુર, બોટાદ, ગઢડા આદિ સ્થળોએ ભવ્ય સ્વાગત થયું હતું. ૪૦ ઉપરાંત સંઘપુજન થયા હતા. અનેક ગામોમાં સંઘપતિ તરફથી સાધર્મિકવાત્સલ્ય થયા હતા.

માગ. સુદ ૮ ના સિધ્ધગિરિ તીર્થ ઉપર પુ. પં. શ્રી જિનપ્રભાવિજયજી મ. ની નિશ્રામાં ઘણા ઉલ્લાસ પુર્વક તીર્થમાળ થઈ હતી.

## રામપુરા (ભંકોડા)માં અનેરી આરાધના

સાગર સમુદાયાધિપતિ પૂ. આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસુરિજી મહારાજ પોતાના શિષ્ય-પ્રશિષ્યો પુ૦ પં. શ્રી નંદિવર્ધનસાગરજી મ., પુ૦ પં. શ્રી નરદેવસાગરજી મ૦ આદિ સાથે અત્રે ચાતુર્માસ પધાર્યા ત્યારથી ચાતુર્માસપર્યન્ત શ્રીસંઘમાં અનેકવિધ આરાધનાઓ અને શાસનપ્રભાવક ધર્મકાર્યો સાનંદ સમ્પન્ન થયેલ છે. ચાતુર્માસ દરમ્યાન અટ્ઠમતપની સળંગ-બહુમાનપુર્વક આરાધના, દર રવિવારે વિવિધ તપ-જપ-પુર્વકની આરાધનાઓ, પર્યુષણ પર્વને અનુલક્ષી માસક્ષમણાદિની અનેક તપશ્ચર્યાઓ વિગેરે ઘણા ઉલ્લાસપુર્વક થઈ હતી.

અત્રે બિરાજમાન તપસ્વિની સાધ્વીશ્રી મહેન્દ્રશ્રીજી એકાંતર ૫૦૦ આયંબિલતપની આરાધના કરી રહેલ, જેની પુર્ણાહુતિ નિમિત્તે તથા શ્રીસંઘમાં થયેલ અનેકવિધ આરાધનાની અનુમોદનાર્થે અઢાર અભિષેક, સંઘજમણ અને શાંતિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવ આસો સુદ ૧૦ થી વદ ૨ સુધી ભવ્ય રીતે ઉજવવામાં આવેલ.

## યુગપ્રભાવક પદપ્રદાન

ખરતરગચ્છીય પૂ આ. શ્રી જિન-કાંતિસાગરસૂરિજી મ. આદિ બાડમેર (રાજસ્થાન) માં ચાતુર્માસ દરમ્યાન અભૂતપુર્વ ધર્મપ્રભાવના પ્રસરાવી તા. ૨૭-૧૧-૮૩ રવિવારના વિહાર કરતાં એક ભવ્ય વિદાય સમારોહ યોજવામાં આવેલ. આ પ્રસંગે બાડમેર નગરપાલિકાના અધ્યક્ષ અને શ્રી નાકોડાજી તીર્થ ટ્રસ્ટ કમિટીના અધ્યક્ષ શ્રી સુલતાનમલજી જૈને બાડમેરના સમસ્ત સંઘ વતી વિશાળ જનસમુદાયની ઉપસ્થિતિમાં પુ. આચાર્યશ્રીને 'યુગપ્રભાવક' પદથી અલંકૃત કરવાની ઘોષણા કરતાં સૌએ તેને હર્ષનાદથી વધાવી લીધેલ. ત્યારબાદ સંઘના પ્રમુખશ્રી તારાચંદજી ધાડીવાલે પુ. આચાર્યશ્રીને કામળી વહોરાવવા પુર્વક 'યુગપ્રભાવક' પદ અર્પણ કર્યું હતું. આ સમારોહનું સંચાલન સંઘના મહામંત્રી શ્રી નેનમલજી જૈને સુંદર રીતે કર્યું હતું. પુ. આચાર્યશ્રી આદિ અત્રેથી વિહાર કરી સિવાના થઈ નાકોડાજી તીર્થે પધાર્યા છે.

## હસ્તિનાપુરજીમાં વાર્ષિકોત્સવ

પ્રાચીન અને પ્રસિદ્ધ તીર્થ શ્રી હસ્તિનાપુરજીમાં કાર્તિક પૂર્ણિમા (વાર્ષિકોત્સવ) ની ઉજવણી તા. ૧૮, ૧૯ અને ૨૦ નવેમ્બરના ખૂબ ધામધૂમથી કરવામાં આવી. પ્રતિદિન શહનાઈ વાદન, ભક્તામર પાઠ, પ્રક્ષાલ, પુજા અને ભજનકીર્તન ઘણા ભક્તિભાવથી થયેલ. ચઢાવાની બોલીઓમાં પણ ઘણો ઉચ્છરંગ જામ્યો હતો.

તા. ૧૯ના પ્રભુજીનો રથયાત્રા ખૂબ ભવ્ય રીતે નીકળી. એક હાથી ઉપર શ્રી આદીશ્વર ભ. ના પારણાનું ચિત્રા બીજા હાથી ઉપર પુ. આ. શ્રી વિજયાનંદસૂરિજી મ. નું ફૂલોથી શોભાયમાન ચિત્ર, મેરઠનું પ્રસિદ્ધ બેન્ડ વગેરેથી રથયાત્રાનું ભારે આકર્ષણ જામ્યું હતું.

વયોવૃદ્ધ મુનિશ્રી નન્દનવિજયજી મ. તથા સાધ્વી શ્રી પ્રિયદર્શનાશ્રીજી, સાધ્વીશ્રી સુદર્શનાશ્રીજી આદિ સહ ચતુર્વિધ શ્રીસંઘની વિશાળ ઉપસ્થિતિ સાથે આ રથયાત્રા એટલી લાંબી હતી કે મંદિરજીથી નિશિયાજી સુધી પહોંચતા લગભગ દોઢ કલાક થયેલ.

આ દિવસે રાત્રે આરતી બાદ શ્રી હસ્તિનાપુરજી તીર્થ સમિતિની સાધારણ સભા લાલા શ્રી રામલાલજી જૈનની અધ્યક્ષતામાં મળતાં, તેમાં ગત વર્ષનો હિસાબ તથા રિપોર્ટ રજૂ કરવામા આવેલ. ત્યારબાદ શ્રી ખૈરાયતી લાલજી (દિલ્હી)ના પ્રમુખસ્થાને આગામી ૩ વર્ષ માટે તીર્થસમિતિના પદાધિકારીઓ અને સદસ્યોની ચૂંટણી સર્વ સમ્મતિથી સમ્પન્ન થઈ હતી.

કાર્તિક પુર્ણિમા, તા. ૨૦ નવેમ્બરના રોજ સવારે પધારેલા દરેક યાત્રિકોએ ૧૦૮ પ્રદક્ષિણા કરી. ત્યારબાદ ચતુર્વિધ સંઘે શ્રી કસ્તૂરી લાલજી (શાહદરા-દિલ્હી નિવાસી)ની સંરક્ષતામાં આદીશ્વર ભ ના ચરણસ્તુપ નિશિયાજીની યાત્રાર્થે વાજતે-ગાજતે પ્રસ્થાન કર્યું.

સવારે ૮-૩૦ વાગ્યે શ્રી જે એસ. ઝવેરી (ફર્મ: ક્રાઉન ટી. વી., દિલ્હી) ના વરદ હસ્તે ટીલા પર બંધાનારી નૂતન ધર્મશાળાનું ભૂમિપુજન અને શિલાન્યાસ વિધિપુર્વક સાનંદ થયેલ. આ દિવસે સાધર્મિકવાત્સલ્ય નરપતરાય ખૈરાયતીલાલ દિલ્હીનિવાસી તરફથી થયેલ.

રથયાત્રાના સુવ્યવસ્થિત કાર્યક્રમ માટે હરિશ્ચંદ્રજી જૈન (મેરઠ નિવાસી) તથા ભોજનશાળાના ઉચિત વ્યવસ્થા માટે મનસુખભાઈ મહેતા (દિલ્લી નિવાસી) અને અન્ય દરેક વ્યવસ્થા માટે ઓમપ્રકાશજી જૈન (જાની નિવાસી) ની સેવા સ્તુત્ય રહી હતી.

## હસ્તિનાપુર તીર્થ સમિતિની કારોબારીની થયેલ ચુંટણી

શ્રી હસ્તિનાપુર જૈન શ્વે. તીર્થ સમિતિની હસ્તિનાપુરજી તીર્થમાં તા. ૧૯-૧૨-૮૩ના જનરલ સભા મળતાં તેમાં આગામી ૩ વર્ષ માટે તીર્થ સમિતિના પદાધિકારીઓ અને સદસ્યોની ચુંટણી નીચે મુજબ થઈ છે.

- શ્રી રામલાલજી જૈન દિલ્લી પ્રમુખ
- „ ધનરાજજી જૈન દિલ્લી ઉપપ્રમુખ
- „ વિજયકુમારજી જૈન અંબાલાસીટી ઉપપ્રમુખ
- „ નિર્મલકુમારજી જૈન દિલ્લી મંત્રી
- „ હરિશચંદ્રજી જૈન મેરઠ સહમંત્રી
- „ ઓમપ્રકાશજી જૈન જાની મંત્રી-મેલા કમિટી
- „ ઈન્દ્રપ્રકાશ જૈન દિલ્લી કોષાધ્યક્ષ.

અને સર્વશ્રી રિખબદાસ પારસાન-કલકત્તા, વિનોદભાઈ એન. દલાલ, ધર્મચંદ જૈન, રાજકુમાર જૈન, મનસુખભાઈ મહેતા અને નવનીતભાઈ-દિલ્લી, વિમલચંદ જૈન તથા સુબોધકુમાર જૈન-મેરઠ, સત્યપાલ જૈન-અંબાલા, સુશીલકુમાર જૈન-ચંડીગઢ, ત્રિલોકચંદ જૈન-મુરાદાબાદ, સિકન્દરલાલ જૈન-લુધિયાના અને ગુણેન્દ્રકુમાર જૈન-બિનોલાની સદસ્ય તરીકે વરણી થઇ હતી. ઓડીટર તરીકે શ્રી જે. પી. જૈન-દિલ્લીની નિમણુક કરવામાં આવી હતી.

## મહેસાણામાં આત્મશ્રેયાર્થે મહોત્સવ

પૂ. પં. શ્રી મહાબલવિજયજી ગ. તથા પુ મુનિશ્રી પુન્યપાલવિજયજી મ. ની નિશ્રામાં સ્વ. શ્રી કેશવલાલ માણેકચંદ વોરા [ધોલેરાવાળા] ના આત્મશ્રેયાર્થે, તેમના કુટુંબીજનો તરફથી અઠ્ઠાઈ મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. પુજા-ભાવનાદિ માટે જાણીતા જૈન સંગીતકાર શ્રી મનુભાઈ પાટણવાળાએ મુંબઈથી પોતાની મંડળી સાથે પધારી ભક્તિરસમાં ભારે જમાવટ કરતાં, સૌકોઇ મંત્રમુગ્ધ બન્યા હતા.

# અમદાવાદ–નવરંગપુરામાં યાદગાર ચાતુર્માસ

પરમારાતત્રિપોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિજી. મ. પૂ. ગણિવર્યશ્રી જનકવિજયજી મ., તપસ્વી મુનિશ્રી વસંતવિજયજી મ., પ્રવચન પ્રભાવક મુનિશ્રી ધર્મધુરંધરવિજયજી મ. આદિની નિશ્રામાં અત્રે નવરંગપુરામાં ચાતુર્માસ દરમ્યાન અનેકાનેક આરાધના અને ધર્મકાર્યો યાદગાર રીતે સાનંદ સમ્પન્ન થયેલ છે.

પર્યુષણ મહાપર્વની યાદગાર ઉજવણી અને આરાધના બાદ શ્રીસંઘ દ્વારા સતત વિવિધ અનુષ્ઠાનો અને ઓચ્છવ ઉજવાતા રહ્યા હતા. શ્રી શારદબેન રસિકલાલ મોદી તરફથી આસો સુદ ૧૫ના પૂજા–પ્રભાવના અને વદ ૧ના નવપદજીની ઓળીના પારણાંનો લાભ લેવામાં આવેલ.

આસો વદ ૫ના પૂ. આચાર્યશ્રીને ૪૧મી વર્ધમાનતપની ઓળીનું પારણું હોય સવારે સકલ સંઘ સાથે વાજતે ગાજતે ઉપાશ્રયેથી આયંબિલશાળાએ પધારેલ. પૂજ્ય આચાર્યશ્રીના મંગલાચરણ બાદ મુનિશ્રી ધર્મધુરંધરવિજયજી મહારાજે તપની મહત્તા સમજાવવા ઉપરાંત જણાવ્યું કે, પૂજ્ય આચાર્ય ભગવંતને મેં ક્યારે પણ નવકારશીનું પચ્ચક્ખાણ કરતાં જોયા નથી. ઓછામાં ઓછું બિયાસણું તો કર્યું જ હોય. પૂજ્ય આચાર્યશ્રીએ પ્રવચન આપતાં તપના પારણાં નિમિત્તે સૌને નાની-મોટી તપશ્ચર્યાનો અભિગ્રહ લેવા પ્રેરણા આપી હતી અંતે શ્રી રસિકલાલ ભુખણદાસ તરફથી સંઘપૂજન કરવામાં આવેલ. પારણાં આદિનો લાભ પણ તેઓએ લીધો હતો.

આસો વદ ૯ રવિવારના પૂ. આચાર્યશ્રીના ૬૧મા જન્મદિન પ્રસંગે ગુણાનુવાદની સભા યોજાતાં સર્વશ્રી રોહિતભાઈ બી જોષી, કાંતિલાલભાઈ કોલસાવાળા, શાંતિભાઈ ઝવેરી, મિશ્રીમલજી વગેરે તેમજ પૂ. મુનિશ્રી ધર્મધુરંધરવિજયજી મહારાજે પૂ. આચાર્યશ્રીના ગુણાનુવાદ કરેલ. શેઠશ્રી કાંતિભાઈ કોલસાવાળાએ આ પ્રસંગે પૂજ્યશ્રીના ૬૧મા જન્મદિનને અનુલક્ષી બોડેલીમાં નવી બંધાયેલી ભોજનશાળાની ઇંચ યોજનામાં ૬૧ ઈંટ નોંધાવી હતી. પૂ. આચાર્યશ્રીએ જણાવ્યું કે, હું જે કંઈ પામ્યો તે પૂ. ગુરુદેવોની કૃપા અને ભક્તિનું જ પરિણામ છે.

આસો વદિ ૧૩, ૧૪ અને અમાસના ત્રણ દિવસ પૂ. આચાર્યશ્રીએ મૌનપણે ચોવિહારો અઠ્ઠમ અખંડ જાપપૂર્વક કરેલ. ત્રણે દિવસ વ્યાખ્યાનમાં પ્રવચનકાર મુનિશ્રી ધર્મધુરંધરવિજયજી મહારાજે શ્રી વીરપ્રભુની અંતિમ દેશના ૩૫ ઉત્તરાધ્યયન સંભળાવેલ. શ્રીસંઘે બોલીપૂર્વક જ્ઞાનની પૂજા કરીને પ્રવચનશ્રવણ કરેલ. બેસતાવર્ષના દિવસે પણ મુનિશ્રીએ નવસ્મરણ તથા ગૌતમસ્વામીનો રાસ મધુર કંઠે સંભળાવેલ. આ દિવસે પૂ. ગણિવર્યશ્રી જનકવિજયજી મ. મિલન પાર્ક પાસે બોર્ડિંગમાં, મુનિશ્રી નિત્યાનંદવિજયજી દાદાવાડીમાં અને મુનિશ્રી વીરેન્દ્રવિજયજી નરોડા વ્યાખ્યાન આપવા ગયા હતા.

કા. સુદ ૨ના પંજાબકેશરી વિજયવલ્લભસૂરિજી મ.ના ૧૧૪મા જન્મદિન નિમિત્તે પૂ. આચાર્યશ્રી પૂ. ગણિવર્યશ્રી પૂ. મુનિશ્રી ધર્મધુરંધર વિજયજી, મુનિશ્રી વીરેન્દ્રવિજયજી આદિએ ગુણાનુવાદ કરેલ. બહેનો તરફથી સંઘપૂજન કરવામાં આવેલ.

કા. સુદ ૫ના જ્ઞાનપંચમીની આરાધના નિમિત્તે ઉપાશ્રયમાં સુશોભિત મંડપની રચના કરી જ્ઞાનની આરાધના કરવામાં આવી. પૂ. આગમપ્રભાકરશ્રી પુણ્યવિજયજી મ. ની પુણ્યતિથિને અનુલક્ષી વ્યાખ્યાનમાં પૂ. આચાર્યશ્રી અને ગણિવર્યશ્રીએ આગમપ્રભાકરશ્રીના જીવન પર પ્રકાશ પાડેલ. સુદ ૬–૭ના પૂજા ભણાવવામાં આવેલ.

કા. સુદ ૮–૯–૧૦ના પૂ આ. શ્રી વિજયવલ્લભસૂરિજી મ.ના ૧૧૪મા જન્મદિન તથા પૂ. આ. શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિજી મ.ની ષષ્ટિપૂર્તિના ઉપલક્ષમાં ત્રણ દિવસનું અર્હદ્ મહાપૂજન ભણાવવામાં આવેલ. આ પૂજન અહીં પ્રથમવાર ભણાવતાં સંઘમાં અનેરો આનંદોલ્લાસ વ્યાપેલ. વળી સક્રાંતિ પર્વને અનુલક્ષી પંજાબ આદિથી આવેલા ગુરુભક્તોને પણ આ પૂજન જોવાનો આહ્લાદક અલભ્ય લાભ મળેલ.

કા. સુદ ૧૧, તા. ૧૬ નવેમ્બરના સંક્રાંતિ હોઈ ભાવિકો મોટી સંખ્યામાં પધારેલ. પુ૦ આચાર્યશ્રીના મંગલાચરણ બાદ બાલમુનિશ્રી દેવેન્દ્રવિજયજીએ નવકાર મંત્રની મધુરકંઠે ધૂન લેવરાવી સૌને ભક્તિમય બનાવ્યા. પિનાકીનભાઈ, કંચનલાલજી, સુરેખાબેન આદિના ગુરુભક્તિના ભજનો બાદ પંડિતશ્રી દલસુખભાઈ માલવણિયા, પંડિતશ્રી અમૃતલાલભાઇ અને પંડિતશ્રી લક્ષ્મણભાઈનું બહુમાન શ્રીસંઘના અગ્રણી શેઠશ્રી કાંતિભાઈ કોલસાવાળા અને શ્રી બાબુભાઇ આદિએ કર્યું. જાણીતા વિધિકારશ્રી જસભાઈ લાલભાઈનું પણ અભિનંદન પત્ર આપી બહુમાન કરવામાં આવ્યું. ત્યારબાદ સંક્રાંતિ પર્વને અનુલક્ષી પુ૦ આચાર્યશ્રી આદિ શ્રમણભગવંતોના અને શ્રીસંઘના આગેવાન ભાઇઓના પ્રાસંગિક પ્રવચનો થયા હતા.

કા. સુદ પુનમના ચાતુર્માસ પરિવર્તન શ્રી પ્રવિણભાઇને ત્યાં શ્રીસંઘ સાથે વાજતે ગાજતે થયું. મ્યુનીસીપલ સ્કુલમાં વ્યાખ્યાન યોજાતાં પૂ. આચાર્યશ્રી આદિએ સિદ્ધાચલ મહાતીર્થનો મહિમા આદિ વિષે તથા કલિકાલસર્વજ્ઞ આ૦ શ્રી હેમચંદ્રસુરિજી મ૦ સા૦ ના જન્મદિનને અનુલક્ષી પ્રવચન આપેલ. અંતે સકલ સંઘ સાથે પટના દર્શન કરવામાં આવેલ.

કા૦ વદ ૧ના કુ૦ ચંપાબહેન કમાભાઇ (ઉં. વર્ષ ૧૩) દીક્ષા અંગીકાર કરનાર હોય વરસીદાનનો ભવ્ય વરઘોડો ચઢયો. પુ. આચાર્યશ્રીની નિશ્રામાં દીક્ષાપ્રદાનની વિધિ ખૂબ સુંદર રીતે થઈ. દીક્ષાર્થી બહેનનો ઉચ્છરંગ અમાપ હતો. ઉપકરણ આદિની ઉછામણી સારી એવી થઈ હતી. આ પ્રસંગે અધ્યાપકશ્રી દિનેશભાઇનું શ્રીસંઘ તરફથી બહુમાન કરવામાં આવેલ. અંતે મહિલા મંડળ તરફથી સંઘપુજન કરવામાં આવ્યું હતું.

કા૦ વદ ૩ના પુ. આચાર્યશ્રી વિશાળ શ્રમણસમુદાય સાથે વિહાર કરી લુણસાવાડા પધારતાં, ત્યાંના શ્રીસંઘે ધામધુમથી સામૈયું કરેલ. પુ. આચાર્યશ્રી, ગણિવર્યશ્રી, પુ. મુનિશ્રી જગત્ચંદ્રવિજયજી, મુનિશ્રી ધર્મધુરંધર વિજયજી આદિના પ્રાસંગિક પ્રવચનો થયા. બે દિવસ લુણસાવાડા સ્થિરતા કરી. બાદ શાહપુર-મંગળ પારેખના ખાંચે પધારતાં ત્યાંના શ્રીસંઘે વાજતેગાજતે સામૈયું કર્યું. અહીં ત્રણ દિવસની સ્થિરતા દરમ્યાન શ્રીસંઘે વ્યાખ્યાન શ્રવણનો ઉલટભેર લાભ લીધો. ત્યારબાદ પુજ્યશ્રીઓ પાલડી સ્થિત મહાવીર વિદ્યાલય અને મણિનગર આદિ સસ્વાગત પધારેલ દરેક સ્થળે પ્રવચન આદિનો ભાવિકોએ સુંદર લાભ લીધેલ.

## બાદનવાડી (રાજસ્થાન)માં માળપરિધાન અને સંઘયાત્રા પ્રસ્થાન

કર્ણાટક કેસરી પુ. આ. શ્રી વિજયભદ્રંકરસુરિજી મ. આદિ ઠા. ૬ની નિશ્રામાં અત્રે ઉપાધાનતપનો માળારોપણ મહોત્સવ ૩૪ છોડના ઉદ્યાપન, ભક્તામર મહાપુજન, બે વરસીદાન સહિત અઠ્ઠાઈ ઓચ્છવ પુર્વક ઠાઠથી ઉજવાયેલ. માળની કુલ ઉપજ સાડા-ચાર લાખ રૂ.ની થઈ હતી ઉપધાનના દરેક આરાધકોને લગભગ એક હજાર રૂ.ની લ્હાણી થઈ હતી. વદ ૧૧ના માળારોપણ બાદ વદ ૧૩ના પુજયશ્રીની નિશ્રામાં નાકોડા તીર્થનો છ'રી પાળતો સંઘ શ્રીમતી પ્યારીબાઈ લાલચંદજી કરાંડનિવાસી તરફથી નીકળતાં યાત્રીકો સારી સંખ્યામાં જોડાયેલ. દરેક મુકામે સાંયા તથા ૨૫ સંઘપુજનો થયા. સુદ ૯ના તીર્થમાળ ઉચ્છરંગભેર સમ્પન્ન થઈ. આ પ્રસંગે ત્રણ છોડનું ઉજમણું રાખવામાં આવેલ.

## ખંભાતમાં યાદગાર ચાતુર્માસ

પુ. શાસનસમ્રાટશ્રીના સમુદાયના વિદ્વાન મુનિરાજશ્રી વાચસ્પતિવિજયજી મ.ની નિશ્રામાં અત્રે શેઠ અંબાલાલ પાનાચદ જૈન ધર્મશાળાના ઉપાશ્રયે સારુંય ચાતુર્માસ અને પર્યુષણા મહાપર્વ અનેરી આરાધના સાથે યાદગાર બન્યું. પર્યુષણના આઠેય દિવસ ૩-૩ પ્રભાવના થવા ઉપરાંત સંઘપુજનો, દેવદ્રવ્યાદિની ન ધારેલી એવી ઉપજ, સંઘજમણો તેમજ ભા. સુદ ૫ ના ભવ્ય રથયાત્રા અને વિવિધ તપશ્ચર્યાની અનુમોદનાર્થે પંચાહ્નિકા મહોત્સવ ઠાઠથી ઉજવાયો. ભા. સુદ ૭ ના સિદ્ધચક્ર મહાપુજન અને સંઘજમણ શાહ માણેકલાલ મણિલાલ તથા શ્રી પરશોત્તમદાસ મણિલાલ તરફથી થયેલ.

# અમદાવાદથી : વિહાર ઠેરઠેર અનેરી ધર્મ પ્રભાવના

પરમાર ક્ષત્રિયોદ્ધારક પુ. આ. શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિજી મ., સર્વધર્મ-સમન્વયી પૂ ગણિવર્યશ્રી જનકવિજયજી મ. આદિ વિશાળ શ્રમણગણ અમદાવાદ, નવરંગપુરામાં શાનદાર અને યાદગાર ચાતુર્માસ પુર્ણ કરી વિહાર કરતા, મણિનગર, જનતાનગર, વિવેકાનંદનગર, બારેજડી, મહેમદાવાદ થઈ માતર તીર્થની યાત્રા કરી નડિયાદ પધાર્યા હતા. દરેક સ્થળે પૂ. આચાર્યશ્રી અને ગણિવર્યશ્રી આદિના 'જીવનના આધ્યાત્મિક વિકાસ' સંબંધી મનનીય પ્રવચનો થયા હતા.

અમૃતસર [પંજાબ]થી નીકળેલ તીર્થયાત્રાની એક બસ મહેમદાવાદ દર્શનાર્થે આવતાં પૂ૦ આચાર્યશ્રી આદિએ 'તીર્થસ્થાનમાં શું કરવું જોઇએ' તે વિશે મનનીય પ્રવચન આપેલ. યાત્રિકોએ જુદા જુદા નિયમો સ્વીકાર્યા હતા.

નડિયાદમાં શ્રીસંઘે ભવ્ય સામૈયું કર્યું. બે દિવસની સ્થિરતા દરમ્યાન પૂ૦ આચાર્યશ્રી, પૂ૦ ગણિવર્યશ્રી, પૂ૦ મુનિશ્રી જગત્ચંદ્રવિજયજી, પૂ૦ મુનિશ્રી વીરેન્દ્રવિજયજી આદિના પ્રભાવક પ્રવચનો થયા.

નડિયાદથી પુજ્યશ્રી આદિ નરસંડા શ્રીસંઘની આગ્રહભરી વિનંતી થતાં નારસંડા પધાર્યા હતા. પૂ૦ આચાર્યશ્રીએ ૪૨ વર્ષ પુર્વે અહીં દીક્ષા ગ્રહણ કરી હોય, પૂજ્યશ્રીના આ આગમન પ્રસંગથી લોકોમાં ભારે આનંદોલ્લાસ જાગેલ. હાઈસ્કુલ આદિ સ્થળે જાહેર પ્રવચનો યોજાતાં લોકોમાં ધર્મજાગૃતિ ઘણી આવી ત્યાંથી આણંદ થઈ વલ્લભવિદ્યાનગર સ્થિત મહાવીર જૈન વિદ્યાલય પધારી પુજ્યોએ વિદ્યાર્થી જીવન પર તલસ્પર્શી પ્રવચનો આપ્યા. ત્યાંથી નાપાડ, સાંકળદા થઈ છાણી પધારતાં શ્રીસંઘે બેન્ડવાજા પુર્વક સામૈયું કર્યું. છાણીથી કારેલીબાગ પધારતાં, ત્યાં પણ શ્રીસંઘે ઉત્સાહથી સ્વાગત કર્યું. બન્ને સ્થળે પુ૦ આચાર્યશ્રી તથા પુ૦ ગણિવર્યશ્રી જનકવિજયજી મ૦ના પ્રેરક પ્રવચન થયા.

વડોદરા-માંજલપુરમાં શ્રી લાલબાગ જૈન સંઘ દ્વારા શ્રી ચિંતામણી પાર્શ્વનાથ નુતન જિનાલય નિર્માણ થઈ રહ્યું છે. આ નૂતન જિનાલયે પુજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં આગામી પોષ વદ ૬ના પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાનાર છે. શ્રી લાલબાગ જૈન સંઘની ભાવભરી વિનંતીથી માગ૦ સુદ ૧૦ના પુજ્ય આચાર્યશ્રી આદિ પધારતાં રાજમહેલ રોડથી બેન્ડવાજા સાથે ભવ્ય સામૈયું થયું. મહિલા મંડળના ગુરુભક્તિ ગીતો અને વિવિધ ગહુંલીઓ સાથે સામૈયું ફરતું ફરતું શ્રી ચિંતામણી પાર્શ્વનાથના નૂતન જિનાલયે પધાર્યું. સામુદાયિક ચૈત્યવંદન કરી ત્યાંથી પુજ્યશ્રીઓ શ્રીસંઘ સાથે શ્રી શાંતિભાઇના નિવાસસ્થાને પધાર્યા.

તા. ૧૬ ડીસેમ્બરના સંક્રાંતિ પર્વને અનુલક્ષી તેમ જ સૌમ્યમૂર્તિ પુ૦ આ૦ શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મ૦ સા૦ના જન્મદિનને અનુલક્ષી ભવ્ય ઉજવણી કરવામાં આવી.

સંક્રાંતિ સમારોહના ઉપલક્ષમાં પંજાબ, હરિયાણા, હિમાચલપ્રદેશ, યુ૦પી૦, દિલ્હી, મુંબઈ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત આદિથી સેંકડો ગુરુભક્તો પધાર્યા.

પુ. આચાર્યશ્રીના મંગલાચરણથી સમારોહનો પ્રારંભ થયેલ. ત્યારબાદ બીકાનેરવાળા શ્રી ચાંદમલજી સાદડીવાળા શ્રી વિમલભાઈ રાંકા તેમજ પુ૦ સાધ્વીજી મહારાજે આદિએ ગુરુભક્તિના ગીતો રજુ કર્યા.

પુ૦ ગણિવર્યશ્રી જનકવિજયજી મહારાજે આ પ્રસંગનું ગૌરવ દર્શાવતા કહ્યું કે, મૌનએકાદશી, જિનશાસનરત્ન પુ૦આ૦ શ્રી વિજયસમુદ્રસુરીશ્વરજી મ૦ સા૦નો જન્મદિન અને સંક્રાંતિ પર્વ એ ત્રણે પાવન પ્રસંગોનો આજ ત્રિવેણી સંગમ થયો છે.

ત્યારબાદ પુ૦ મુનિશ્રી જગત્ચંદ્રવિજયજી મ૦, પુ૦ મુનિશ્રી વીરેન્દ્રવિજયજી મ૦, અમદાવાદના શેઠશ્રી કાંતિલાલભાઇ ઠોલસાવળા, મુંબઇના દાનવીર શ્રી શૈલેષભાઈ કોઠારી, કાર્યકર શ્રી રસિકભાઈ કોરા વગેરેના પ્રાસંગિક પ્રવચનો થયા હતા.

અત્રે બંધાઈ રહેલા શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયના જેઓ પ્રેરક અને માર્ગદર્શક છે એવા પૂ૦ મુનિરાજશ્રી ચંદ્રોદયવિજયજી મહારાજે પ્રવચન આપતાં જણાવ્યું કે, વડોદરા એ એક એવું શહેર છે જયાં

યુગવીર પૂજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી જેવા મહાન સંતનો જન્મ થયો હતો. પુજ્યશ્રીએ પંજાબ, રાજસ્થાન, મહારાષ્ટ્ર આદિ રાજ્યોમાં અનેક સંસ્થાઓ સ્થાપી આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે. ત્યારબાદ સાધ્વીજી મૃદુલાશ્રીએ ગુણાનુવાદ કરતું પ્રવચન આપ્યું.

શ્રી શાંતિસ્વરૂપજીના સંક્રાંતિ ભજન બાદ પુજ્ય આચાર્યશ્રીએ મૌનએકાદશી પર્વનો મહિમા અને પુ૦ આ૦ શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મ૦ના દિવ્ય જીવનની ઝાંખી કરાવી હતી. પુ૦ મુનિશ્રી નવીનચંદ્રવિજયજી મહારાજે સંતિકરં આદિ સ્તોત્ર સંભળાવેલ. અંતે પુ૦ આચાર્યશ્રીએ સંક્રાંતિ નામ સંભળાવતા સૌ કોઈ ધન્ય બન્યા હતા.

આ પ્રસંગે મુંબઈથી ગોડીજી દહેરાસર, વાલકેશ્વર, ભાયખલા આદિના ટ્રસ્ટીઓએ પધારી પુ૦ આચાર્યશ્રીને આગામી ચાતુર્માસ માટે મુંબઈ પધારવા ભાવભરી વિનંતી કરી હતી. પુજ્યશ્રીએ સૌને આશ્વાસન આપ્યું હતું.

## અંધેરી-વેસ્ટ ( મુંબઇ )

પ્રશાંતમૂર્તિ પુ. આ૦ શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ૦ના શિષ્યરત્ન સરલ સ્વભાવી મુનિપ્રવરશ્રી સુબોધ વિજયજી મ૦ તથા મહા તપસ્વી મુનિરાજશ્રી ધુરંધર-વિજયજી મ૦ ની નિશ્રામાં અત્રે ચાતુર્માસ દરમ્યાન એકાસણાં, આયંબિલ, નીવી, છઠ, અઠ્ઠમ આદિની સામુહિક તપારાધના તથા પર્યુષણા મહાપર્વમાં ૪૫ ઉપવાસ, ૩૧ ઉપવાસ, સિદ્ધિતપ, અઠ્ઠાઈ વગેરેની તપશ્ચર્યાઓ મોટી સંખ્યામાં થઈ હતી. તપસ્વીઓના પારણાં, અનેક પ્રભાવના, વરઘોડો, સંઘજમણ તેમજ ચૈત્ય-પરિપાટી, પુજાદિ અનેક ધર્માનુષ્ઠાનો ઘણા ઉલ્લાસથી સુસમ્પન્ન બનેલ.

પર્યુષણા પર્વમાં થયેલ અનેકવિધ મહાન તપશ્ચર્યાની ઉજવણી નિમિત્તે સિદ્ધચક્ર મહાપુજન સહિત દશાહ્નિકા મહોત્સવ આસો સુદ ૭થી વદ ૧ સુધી ધામધૂમ પુર્વક ઉજવવામાં આવેલ.

તીર્થોદ્ધારક પુ. આ૦ શ્રી વિજયનીતિસુરિજી મ૦ ના સમુદાયના સાધ્વી શ્રી પ્રસીતાશ્રીજી આદિ ઠા. ૭ની નિશ્રામાં શ્રાવિકા બહેનોએ ઘણી સુંદર આરાધના આરાધી હતી.

## વડોદરામાં યોજાએલ વિવિધ ચિકિત્સા શિબિર

આમજનતાની સેવાર્થે વડોદરા જૈન સમાજ અને મહાવીર કલ્યાણ કેન્દ્ર (મુંબઇ)ના ઉપક્રમે તેમજ વિવિધ દાતાઓ, સંસ્થાઓ તથા ડોકટરોના સાથ-સહકારથી વિનામૂલ્યે નેત્રયજ્ઞ, વિકલાંગ તથા પ્લાસ્ટીક સર્જરી, જનરલ સર્જરી, હૃદયરોગ, નિદાન ચિકિત્સા, હોમિયોપેથિક ચિકિત્સા, આયુર્વેદિક ચિકિત્સા, રાહતદરે ચશ્મા વિતરણ અને દંતયજ્ઞ શિબિર વડોદરા ખાતે તા. ૧૭-૧-૮૩ થી ૧-૧-૮૪ સુધી યોજવામાં આવતાં હજારો દર્દીઓએ નિદાન, સારવાર અને દવાનો લાભ લીધો હતો.

આ મેડીકલ કેમ્પોનું ઉદ્‌ઘાટન કરતાં મેયર શ્રી જયંતિલાલ પટેલે જણાવ્યું હતું કે, આઠ પ્રકારના મેડીકલ કેમ્પનું જૈન સમાજે આયોજન કરી સ્તુત્ય કાર્ય કર્યું છે. શ્રી મ. વિ. ક. કેન્દ્રના પ્રમુખ શ્રી દિનેશભાઈ મસાલીઆએ સેવાધર્મનું મહત્વ સમજાવી વડોદરા ખાતે આ શિબિર યોજવાનો લાભ મળવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. વલ્લભ હોસ્પીટલના પ્રમુખ શ્રી કુમારભાઈ શાહે જણાવ્યું કે શ્રી મ. વિ. ક. કેન્દ્રની આ સેવા-પ્રવૃત્તિએ માનવતાના આવા કાર્યો કરવાની અમને નવી દૃષ્ટિ આપી છે.

શ્રી મ. વિ. ક. કેન્દ્રના પ્રેરક પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજે આ પ્રસંગે સમાજને સુખી અને સમ્પન્ન બનાવવા માનવસેવાના કાર્યમાં સૌને લાગી જવા પ્રેરણા કરી હતી. શ્રી હંસકુમાર વકીલે આ સમારંભના પ્રમુખ શ્રી રતિલાલ ચુનીલાલ તથા અતિથિ-વિશેષ શ્રી શાંતિલાલ બાબુલાલ શાહનો પરિચય આપવા સાથે સ્વાગત પ્રવચન કર્યું હતું.

## અમદાવાદ-વાસણા

અત્રે ગુપ્તાનગરના બસ સ્ટેન્ડ પાસે દેવાસ એપાર્ટમેન્ટસની સાકાર થઈ રહેલી યોજનાના અંતર્ગત પુ. મુનિરાજ શ્રી નંદિષેણવિજયજી મ૦ના સદુપદેશથી 'શ્રી વિજયપ્રિયંકરસુરિજ્ઞાનમંદિર ટ્રસ્ટ' ની સ્થાપના કરવામાં આવી છે. આ ટ્રસ્ટ દ્વારા અહીં શિખરબંધી ભવ્ય જિનાલય અને જ્ઞાનમંદિરનું નિર્માણ કરવામાં આવનાર છે.

## ઔરંગાબાદ (મહારાષ્ટ્ર)

સવ સો વર્ષના ઇતિહાસમાં અહીં મૂર્તિપૂજક શ્રમણભગવંતનું પ્રથમ ચતુર્માસ આ વર્ષે પુ. પં. શ્રી વારિષેણવિજયજી મ. આદિ ઠા. ૪ પધારતાં થવા પામ્યું. શ્રાદ્ધ પ્રતિક્રમણ અને ધન્યકુમાર ચરિત્ર પરના વ્યાખ્યાન શ્રવણથી તેમજ પૂજ્યશ્રીની પ્રભાવક નિશ્રા અને ઉપદેશથી શ્રીસંઘમાં અનેકવિધ સામુદાયિક આરાધના સારી એવી સંખ્યાપૂર્વક થવા પામી પર્યુષણા મહાપર્વમાં પણ માસક્ષમણ આદિ નાની-મોટી તપશ્ચર્યાઓ ઘણી જ થઈ અને તે નિમિત્તે ભવ્ય વરઘોડા, ૭ સંઘજમણ, ૨૫ સંઘપૂજનો અને વિવિધ અનુષ્ઠાનો-ઓચ્છવે પણ ઘણા ઉલટભેર થયેલ. પુ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.ની ૨૨મી પુણ્યતિથિ નિમિત્તે તેમજ પૂ. પંન્યાસજી મહારાજની ૭૫મી ઠામ ચોવિહાર ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે ત્રિવિધ મહાપુજનો સાથે મહોત્સવની ધામધુમપૂર્વક ઉજવણી કરવામાં આવેલ.

પુ. પંન્યાસજી મહારાજે વિશેષરૂપે મરાઠવાડ ક્ષેત્રમાં ઠેરઠેર વિહાર કરી ત્યાંના શ્રાવકોની ધર્મભાવના જાગૃત કરી તેઓને ધર્મમાર્ગે ભકિતવંત બનાવતાં, મરાઠવાડના સમસ્ત નગર/ ગામોએ પુજ્યશ્રીને 'મરાઠાવાડ ઉદ્ધારક' પદથી વિભુષિત કરવાનો આ મહોત્સવ પ્રસંગે નિર્ણય કરી અને તે માટે પુ. આચાર્યદેવશ્રી વિજયભદ્રંકરસૂરિજી મ.ની આજ્ઞા મેળવી ખૂબ કૃતકૃત્યભાવે પુજ્યશ્રીને 'મરાઠાવાડ ઉદ્ધારક'નું પદપ્રદાન કર્યું હતું.

પુ. પંન્યાસજીની નિશ્રામાં અસો માસની ઓળીની આરાધના પણ ખૂબ સુંદર રીતે થઇ, અને સો આરાધનામાં શિરમોર સમી ઉપધાનતપની આરાધના પણ કરાવવામાં આવતાં અનેક ભાઈ-બહેનોએ તેમાં જોડાઈ જીવનને ધન્ય અને પાવન બનાવ્યું.

અહી સત્તાસો વર્ષના દીર્ઘ સમયે જેમ શ્રમણભગવંતોનું ચાતુર્માસ થયું, તેમ શ્રીસંઘના ભાઈ-બહેનોનાં દીર્ઘકાળથી ધરબાયેલ અનેક ધર્મભાવનાઓનું પ્રગટીકરણ પણ એટલું વિરલ અને વિસ્મયકારી બનવા પામ્યું.

## શત્રુંજય ગિરિરાજ પર પ્રથમવાર યોજાતું શ્રી ભકતામર મહાપુજન

કવિકુલકિરીટ પુ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મના જન્મશતાબ્દી વર્ષના ઉપલક્ષમાં તીર્થપ્રભાવક પુ. આ. શ્રી વિજયવિક્રમસુરિજી મના આશીર્વાદથી અને સાહિત્ય-કલા-રત્ન પુ. આ. શ્રી વિજયયશોદેવસુરિજી મની નિશ્રામાં તથા પુજ્ય શ્રી જિનચંદ્રસુરિજી મ.ની અધ્યક્ષતામાં તા. ૫/૧/૮૪ રવિવારના પાલીતાણા શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર દાદાની ટુંકમાં પ્રથમવાર જ શ્રી ભકતામર મહાપુજન ભણાશે. આ મહાપુજનનું વિધિવિધાન સુપ્રસિદ્ધ વિધિકાર શ્રી રાવતમલજી જૈન 'મણિ' કરશે.

## ઇડર (સાબરકાંઠા)

પુ. આ. શ્રી વિજયલબ્ધિસુરીશ્વજી મ. ના સમુદાયવર્તિ અને પુ. આ. શ્રી વિજયભદ્રંકરસુરિજી મ.ના આજ્ઞાવર્તિની તેમજ ૧૫૦ ઉપર શિષ્યાપ્રશિષ્યાદિનો સારો પરિવાર ધરાવતાં મહાન તપસ્વિની પ્રવર્તિની સાધ્વીજી સુવ્રતાશ્રીજી મહારાજ ૫૮ વર્ષનો દીર્ઘ સંયમ પર્યાય પાળી ગત ભા. સુદ ૩ના સમાધિપુર્વક કાળધર્મ પામતાં, સુદ ૪-સંવત્સરી મહાપર્વના દિવસે તેમની ભવ્ય અંતિમયાત્રા નીકળી હતી. સ્વર્ગસ્થના આત્મશ્રેયાર્થે અત્રે અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવેલ.

*દિવંગત સાધ્વીજી મ. છેલ્લા ૧૧ વર્ષથી અસ્વસ્થ* તબિયતના કારણે અત્રે સ્થીરવાસ હતા. તેઓશ્રીની સંયમસાધના, ધર્માભ્યાસ અને તપશ્ચર્યા અનુમોદનીય હતી.

## ધાર્મિક શિક્ષણનો સંયુકત વાર્ષિક ધાર્મિક પરીક્ષાઓ

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ અને શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી-મુંબઈ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વાર્ષિક ધાર્મિક પરીક્ષા ધોરણ ૧ થી ૬ની સંયુક્ત અભ્યાસક્રમ મુજબ અને તેના ઉપરના ધોરણની તે તે સંસ્થાઓના અભ્યાસક્રમ મુજબ ભારતભરના શહેરોની પાઠશાળા અને શિક્ષણ સંસ્થાઓની રવિવાર તા. ૨૨ ૧/૮૪ના બપોરે ૧ થા ૪ના સમયે લેવાશે.

શ્રાદ્ધ પ્રતિક્રમણ સુત્ર-પ્રબોધટીકાની વિશિષ્ટ પરીક્ષાઓ પણ આ તારીખે જ લેવામાં આવશે.

## નાકોડાતીર્થમાં પોષ દશમીની આરાધના

તીર્થ કમિટી તથા હાડેચાનિવાસી પ્રભુલાલ, બંસીલાલ ભાઈઓની વિનંતીથી પુ. આ. શ્રી વિજયભદ્રંકરસુરિજી મ. ની નિશ્રામાં અત્રે પોષદશમીની આરાધના અઠ્ઠમની સારી એવી સંખ્યા થવા સાથે સુંદર થઈ. હાડેચા નિવાસી ભાઈઓ તરફથી ત્રણ દિવસ બે ટાઈમ નવકારશી, પુજાઓ આદિ થતાં અને વિજાપુરથી બેન્ડપાર્ટી આવતાં સારી ધર્મપ્રભાવના થઈ. વદ ૧૦ના ધ્વજા ચઢાવાતાં લગભગ ૪૦ હજાર રૂા. ની દેવદ્રવ્યની આવક થઈ. પુ. આચાર્યશ્રી તથા પ્રવચનકુશલ પુ. પં. શ્રી વીરસેનવિજયજી મ. ના રોચક પ્રવચનો થયા હતા. પુજ્યશ્રી અત્રેથી વદ ૧૨ ના વિહાર કરી જોધપુર તરફ પધાર્યા છે.

## ઈન્દોરથી હાસમપુરા તીર્થનો નીકળેલ છ'રી પાળતો સંઘ

ઈન્દોર–શાંતિનગરમાં ચાતુર્માસ બિરાજમાન પુ. મુનિશ્રી નયરત્નવિજયજી મ. તથા મુનિશ્રી જયરત્નવિજયજી મ. ની નિશ્રામાં શ્રી ઓંકારલાલજી ચોરડિયા તરફથી તેમના પુત્રવધુ અ. સૌ. રતનબાઈ ગુલાબચંદજીની માસક્ષમણની મહાન તપશ્ચર્યા નિમિત્તે ઈન્દોરથી હાસમપુર તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢવામાં આવેલ. માગ. સુદ રના ઈન્દોરથી સંઘયાત્રાનું પ્રયાણ અને માગ. સુદ ૬ના હાસમપુરા તીર્થે પ્રવેશ તથા ખૂબ ઠાઠમાઠ અને ભક્તિભાવથી તીર્થમાળ થયેલ.

પુજ્યોની નિશ્રામાં અત્રે શ્રી અલૌકિક પાર્શ્વનાથ તીર્થ ટ્રસ્ટના ઉપક્રમે પોષદશમી પર્વની ઉજવણી શાંતિસ્નાત્ર, સાધર્મિવચ્છલ વગેરે પુર્વક થઈ. અઠ્ઠમના આરાધકોની સંખ્યા ઠીક થઈ હતી.

## દાવણગિરિ (કર્નાટક)

અત્રે પર્યુષણા પર્વની આરાધના, પૌષધ આદિ સહિત કૈલાશનગર (સિરોહી–રાજ.) નિવાસી વિધિકારક શ્રી ભુરમલજી વીરચંદજી પરમાર તથા મુંબઈથી શ્રી નવીનભાઈ વગેરે ત્રણ વીરસૈનિકોએ આવી સુંદર રીતે કરાવી હતી. આ પ્રસંગે શ્રીસંઘમાં નવસારી (તપોવન) માટે તથા જૈસલમેર તીર્થ જીર્ણોદ્ધાર અને સાધારણ ખાતે સારી એવી ટીપ થઈ હતી.

## રજતજયંતી મહોત્સવ

શ્રી માંડલ નાગરિક સંઘ-અમદાવાદને તાજેતરમાં રજતજયંતી મહોત્સવ નરોડા ખાતે જૈન ધર્મશાળામાં સમારોહ યોજી ઉજવવામાં આવતાં, આ પ્રસંગે સંઘના પ્રમુખશ્રી ફકીરચંદભાઈ છોટાલાલ શાહની અધ્યક્ષતામાં ૨૦ તપસ્વીઓને પ્રભાવના આપી અને ૧૮ વિદ્યાર્થીઓને ઈનામો આપી સન્માનવામાં આવેલ. યુવક કાર્યકર શ્રી નરેન્દ્રભાઈ કામદારે એકપાત્રિય અભિનય રજુ કરી આધ્યાત્મિક જ્ઞાન અને સંસ્કારનો મહત્તા પ્રદર્શિત કરી હતી. આ પ્રસંગે સંઘની પ્રવૃત્તિ/પ્રગતિમાં શરૂથી સેવા અર્પનાર મંત્રી પ્રમુખશ્રી કકલદાસ કસ્તુરચંદ વોરા અને કોષાધ્યક્ષ શ્રી કાંતિલાલ નાથાલાલ શાહનું સન્માનપત્ર અર્પણ કરી બહુમાન કરવામાં આવેલ. પ્રમુખશ્રી ફકીરચંદભાઈ, મંત્રીશ્રી દેવેન્દ્રભાઈ ચંદુલાલ દોશી, શ્રી ધીરૂભાઈ છોટાલાલ શાહ, ઉપપ્રમુખશ્રી બાબુભાઈ હરગોવિંદદાસ વગેરેએ સંઘની ધાર્મિક, સામાજિક અને જનસેવાની પ્રવૃત્તિનો પરિચય કરાવ્યો હતો. આ દિવસે સવારે નરોડા દેરાસરે ઠાઠથી સ્નાત્રપુજા ભણાવવામાં આવેલ.

## બડનગર (મધ્યપ્રદેશ)માં ભવ્ય તપ મહોત્સવ

આગમોદ્ધારક પુ. આ. શ્રી સાગરાનંદસુરીશ્વરજી મ.ના સમુદાયવર્તી પુ. પં. શ્રી યશોભદ્રસાગરજી મ. પુ. મુનિશ્રી હેમચંદ્રસાગરજી મ. આદિની શુભ નિશ્રામાં અત્રેના સ્વ. શેઠશ્રી સાગરમલજી મોતીના ધર્મપત્ની મહા તપસ્વીની શ્રી ગુલાબબાઈની અનેકવિધ તપારાધના અને સંકલ્પિત ભાવના રૂપે ભવ્ય ઉદ્યાપન, સુવિશાળ રથયાત્રા, ત્રણ દિવસનું અર્હદ્ મહાપુજન અને સાધર્મિવચ્છલ સહિત ૨૪ જાન્યુ. થી ત્રણ દિવસનો મહોત્સવ દેવેન્દ્રકુમારજી ધર્મચંદજી મેહતા દ્વારા ખૂબ ધામધૂમથી ઉજવાનાર છે. સાગર સમુદાયના પુ. સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી, શ્રી અનંતગુણાશ્રીજી આદિ પણ આ પ્રસંગે પધારશે. જાણીતા વિધિકારકો તથા સંગીતકારો પણ આ પ્રસંગે પધારી મહોત્સવમાં પ્રભુભક્તિનો રંગ જમાવશે.

## પોસાલિયા (રાજ.)માં ઉપધાન

પૂ. મુનિશ્રી પુણ્યોદયવિજયજી મ૦ આદિ ઠાણા ૩ની નિશ્રામાં અત્રે ચાતુર્માસ અને પર્યુષણા પર્વ દરમ્યાન અનેકવિધ તપારાધના, માસક્ષમણ આદિ અનેક તપસ્યાઓ દેવદ્રવ્યાદિની ઉપજ, ઓચ્છવ-મહોત્સવો, છોડનું ઉદ્યાપન, સાધર્મિક વાત્સલ્ય, વરઘોડો, પ્રભાવના વગેરે ખૂબ સારી સંખ્યામાં ઉચ્છરંગ પૂર્વક થવા પામેલ. આ સર્વ આરાધનાના કલશ સ્વરૂપે માગ૦ સુદ ૫થી ઉપધાન તપનું પણ આયોજન થયું. પુજ્યશ્રીની નિશ્રામાં શા. માણેકચંદ હીરાજી દુમાવત, શા. પુનમચંદ કેનાજી સીરોહિયા, શા. રાજમલ હીરાજી સિરોહિયા અને શા. માશ્રીમલ દેવીચંદજી મુથા દ્વારા આયોજિત આ ઉપધાનતપમાં સારી સંખ્યામાં જોડાએલ આરાધકો ઘણા ઉલ્લાસથી આરાધના કરી રહ્યા છે.

## ઉદયપુરમાં ઉલ્લાસ ભરી આરાધના

પૂ. ગણિવર્યશ્રી અશોકસાગરજી મ૦ આદિ ઠાણા ૮નું અત્રે સં. ૨૦૩૯ની સાલનું ચાતુર્માસ આરાધનાના ઉલ્લાસ સાથે પૂર્ણ થયું છે પૂ. મુનિશ્રી મુક્તિચંદ્રસાગરજી મ૦ ના ૫૧ ઉપવાસ તથા મુનિશ્રી સમ્યગરત્નસાગરજી મ૦ ના શ્રેણીતપની ભવ્ય ઉજવણી શ્રીસંઘે કરી હતી.

કા. સુદ ૧૩ના શ્રી સહસ્રફણા પાર્શ્વનાથજી મૂળ મંદિર સહિત આઠે દેરીઓ ઉપર અઠ્ઠાઈ મહોત્સવપૂર્વક નૂતન ધ્વજાદંડની પ્રતિષ્ઠા ઠાઠથી થઈ હતી.

પુનમના ચાતુર્માસ પરિવર્તન શ્રી સંપતલાલજી ચેલાવતને ત્યાં સુંદર રીતે થયું.

મ૦ જી કલેકટર શ્રી હરનાથસિંહ મેડતાની વિનંતીથી સુરાણા તથા હાથીપોળ ધર્મશાળામાં પૂ. ગણિવર્યશ્રીના જાહેર પ્રવચનો થયા. વિવિધ વ્રતોચ્ચાર ઉચ્ચરવામાં આવતા ૭૦ ભાવિકોએ બાર વ્રત લીધાં, જેમાં ૧૮ ભાવિકાઓ ચતુર્થવ્રત અંગીકાર કર્યા.

મોતીમગરીમાં નૂતન જિનાલયે અઢાર અભિષેક થયેલ. આ પ્રસંગે ઇન્દુબાળા સુખડિયા પધારેલ. ચાતુર્માસ સમાપન અંગે ભાવવાહી વકતવ્ય કરેલ. આ પ્રસંગે ઉપાશ્રય માટે રૂા ૨૨ હજારની ટીપ થઈ.

પુજ્યશ્રીની નિશ્રામાં અત્રેથી ચિત્તોડગઢનો છ'રી પાળતો સંઘ નીકળતાં ગામેગામ સામૈયા તથા સ્થાનકવાસી ભાઈઓએ પણ પ્રવચન વગેરેમાં સારો લાભ લીધો. સંઘનો મુખ્ય લાભ પદ્માબહેન નાગોરીએ લીધો. માગ. સુદ ૧૫ના ચિત્તોડના કીલ્લા પર સારી એવી બોલીપુર્વક સંઘમાળ થઈ. આ પ્રસંગે રતલામના મુમુક્ષુ મધુબાળાનું તથા યાત્રા સંઘના મુખ્ય આયોજક, સંઘના મંત્રીશ્રી કાલુરામજી લકડવાસવાળા તથા શ્રી ચંદ્રપ્રકાશ મેહતાનું બહુમાન કરવામાં આવ્યું. સાધ્વીશ્રી સુદર્શનાશ્રીજી આદિની ઉપસ્થિતિથી બહેનોમાં સારો ઉલ્લાસ પ્રવર્તેલ.

કરેડાજી તીર્થ (ભોપાલ સાગર) માં પોષદશમીની આરાધના અઠ્ઠમપુર્વક સુંદર થઈ. તીર્થ કમિટી દ્વારા આયોજિત પોષદશમીના મેળામાં હજારો યાત્રિકોએ આવી પ્રભુભકિત અને આરાધનાનો લાભ લીધો.

ત્યારબાદ પૂજ્યશ્રી દયાળશાહ કીલ્લાની યાત્રા કરી પુનઃ ઉદયપુર પધારેલ. ત્યાં શ્રી કેશરીમલજી બાફણાને ત્યાં પ્રવચન આપી પોષ સુદ ૧૩ના નાઇ ગામે આયોજિત પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા છે. પુ. ગણિવર્યશ્રી ત્યાંથી અમદાવાદ-સાબરમતી પધારશે. અને ત્યાંથી મહા સુદ ૭ના શત્રુંજય મહાતીર્થના નિકળનાર છ'રી પાળતા સંઘને લઈને પાલીતાણા પધારશે.

## ગીરધરનગર-અમદાવાદથી શત્રુંજય તીર્થનો નીકળેલ પદયાત્રા સંઘ

પૂ. આ૦ શ્રી વિજયવિક્રમસૂરીશ્વરજી મ૦ ની શુભ નિશ્રામાં સુમેરપુર (રાજ.) ના શાહ છોગમલજી જવાનમલજી સાકરીયા પરિવાર મદ્રાસવાળા હાલ ગીરધરનગર તરફથી અમદાવાદ-ગીરધરનગરથી શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો સંઘ કા. સુદ ૫ના નીકળતાં લગભગ ૫૦૦ યાત્રિકો જોડાયા હતા. દરેક મુકામે ભવ્ય સ્વાગત થયું. સંઘપતિ દ્વારા દરેક સ્થળે ઉદારતાથી લાભ લેવામાં આવ્યો. માગ૦ સુદ ૧૩ના ભવ્ય સામૈયા પુર્વક પાલિતાણામાં પ્રવેશ થયો. આ દિવસે રાત્રે પન્નારૂપા યાત્રિક ગૃહમાં ગાંધીનગરના ડેપ્યુટી કમિશ્નર શ્રી સૂર્યકાન્તભાઈ મહેતાના પ્રમુખસ્થાને સંઘપતિજી પરિવારનું સમારોહ યોજી બહુમાન કરવામાં આવ્યું. સુદ ૧૪ના ગિરિરાજપર દાદાની ટૂંકમાં ઘણા ઉલ્લાસ વચ્ચે તીર્થમાળ પહેરવામાં આવી.

## દહાણુ (જિ. થાણા)

પાર્શ્વચંદ્રગચ્છના સાધ્વીશ્રી ૐકારશ્રીજી મહારાજ આદિ ઠા. ૪નું ચાતુર્માસ અત્રેના શ્રીસંઘ માટે યાદગાર બન્યું. વ્યાખ્યાનલ ણીનો મોટી સંખ્યાએ પ્રતિદિન લાભ લેવા ઉપરાંત શ્રીસંઘમાં વિવિધ સામુહિક તપારાધના, પર્યુષણા પ્રસંગે ૩ માસક્ષમણ, ૪૦ અઠ્ઠઈ અને અન્ય નાની–મોટી તપસ્વાઓ તથા અનેક મહાપુજનો, સાધર્મિક વાત્સલ્યો, સંઘપુજનો, તપસ્વીઓનું બહુમાન, વરઘોડા વગેરે ઘણા ઉચ્છરંગ પુર્વક સુસમ્પન્ન થયેલ.

દહાણુના ઈતિહાસમાં યાદગાર બનેલા આ ચાતુર્માસની ખુશાલીમાં અને જિનાલયની ૭૮મી સાલગીરી તથા પુ. સાધ્વીજી પદ્મરેખાશ્રીજી મ.ના ચાલતા વર્ષીતપ આદિ નિમિત્તે પાર્શ્વપદ્માવતી મહાપુજન સહ પંચાહ્નિકા મહોત્સવનું માગસર સુદ ૧થી શ્રીસંઘે આયોજન કરી યાદગાર ચાતુર્માસને વધુ સંસ્મરણીય બનાવ્યું હતું.

## અમદાવાદ–શાંતિનગરથી સિદ્ધગીરીનો નીકળેલ છ'રી પાળતો સંઘ

પુ. આ૦ 卐 કૈલાસ સાગરસુરીશ્વરજી મ. આદિની શુભ નિશ્રામાં સિહોરી (રાજ.) ના ગાંધી ધનરાજજી હંસરાજજી પરિવાર દ્વારા આયોજિત અમદાવાદ-શાંતિનગરથી શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો સંઘ ગામેગામ ભવ્ય સામૈયાપુર્વક ધર્મપ્રભાવના પ્રસરાવતો ૨૪ દિવસો પાલીતાણા આવી પહોંચેલ. આ યાત્રાસંઘમાં પુ. સાધુ–સાધ્વીજીએ ઠાણા–૫૦ તથા ૪૫૦ યાત્રિકો અને ૨૫૦ કાર્યકર્તાઓ જોડાયા હતા. માગ. સુદ ૧૨ના સૌધર્મ નિવાસમાં સંઘપતિજી પરિવારનું શાનદાર સમારોહ યોજી સન્માન કરવામાં આવેલ. સુદ ૧૩ના શ્રી સિદ્ધગિરિની યાત્રા અને તીર્થમાળ ખૂબ ઉલ્લાસ પુર્વક સમ્પન્ન થઇ.

પુ૦ આ૦ શ્રી કૈલાસસાગરસુરિજી મ. આદિ યાત્રા સંઘની યાદગાર પુર્ણાહુતિ બાદ પાલીતાણાથી વિહાર કરી પોષ સુદ ૨ના ભાવનગર પધાર્યા છે.

## મુંબઇથી સમેતશીખરજી તીર્થનો સર્વપ્રથમ નીકળેલ છ'રી પાળતો સંઘ

અચલગચ્છાધિપતિ પુ. આ. શ્રી ગુણસાગરસુરિજી મ૦ની પ્રેરણાથી, તેઓશ્રીની નિશ્રામાં સંઘપતિઓજી દ્વારા આયોજિત મુંબઈથી સમેતશિખરજી મહાતીર્થના છ'રી પળતા યાત્રસંઘનું પ્રયાણ માગસર સુદ ૧૧ ગુરુવારના લક્ષ્મવાડી સ્થિત શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન વાડીથી થતાં, હજારો ભાવિકોએ મુંબઈથી શિખજીના સર્વ પ્રથમ નીકળતા આ ઐતિહાસિક છ'રી પાળતા સંઘને ઉભાભરી વિદાય આપી હતી. આ યાત્રા સંઘમાં વિશાળ શ્રમણ સમુદાય અને સાધ્વીસમુદાય સાથે ૬૦૦ થી ૭૦૦ યાત્રીકો જોડાયા છે. યાત્રાસંઘ પ્રતિદિન પંદરેક કી. મી. પ્રયાણ કરતો પાંચેક મહિને સમેતશિખરજી તીર્થે પહોંચશે.

### પોરબંદરમાં તપોત્સવ

અત્રે સાધ્વીશ્રી ઉતમશ્રીજી મ૦ આદિ ઠાણા ૧૦ના ચાતુર્માસથી શ્વે. તપગચ્છ સંઘમાં અનેક આરાધના ઉમગભેર થઈ હતી. સાધ્વીશ્રી વિનયશશ્રીજીએ માસક્ષમણની ઉગ્ર તપશ્ચર્યા કરી હતી તેમના પારણાનો લાભ સ્વ. ગુલાબબેન ગોકલદાસના સુપુત્રોએ લીધો હતો. સાધ્વીજી મ૦ શ્રીની તપશ્ચર્યા નિમિત્તે ચારેય સંઘના ભાઈ–બહેનોએ સારી સંખ્યામાં આયંબિલ કરેલ. જેનો લાભ શેઠશ્રી હરસુખલાલ ધનદાસ વારીયાએ લીધેલ. શ્રીસંઘ દ્વારા તપશ્ચર્યા નિમિત્તે પાંચ દિવસનો મહોત્સવ ખૂબ ઠાઠથી ઉજવવામાં આવેલ.

### જૈન કેળવણી મંડળ–મુંબઇ ટ્રસ્ટીઓ–પદાધિકારીઓની થયેલ ચૂંટણી

તાજેતરમાં મંડલ સંસ્થાના મેનેજિંગ કાઉન્સીલે નીચે મુજબ ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓની સર્વાનુમતે ચૂંટણી કરી છે.

દુર્લભજીભાઇ કેશવજી ખેતાણી– પ્રમુખ અને ટ્રસ્ટી.
કાંતિલાલ કેશવલાલશેઠ–ઉપપ્રમુખ અને ટ્રસ્ટી.
મણિલાલ વીરચંદ શાહ–ટ્રસ્ટી
ગિજુભાઈ ઉ. મહેતા–મંત્રી અને ટ્રસ્ટી.
સી. ડી. મહેતા–મંત્રી.
બકુલેશ હરખચંદ ખંઢેરીયા–ખજાનચી.

# 'જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ ચોથા'નો ઘાટકોપરમાં યોજાએલ યાદગાર પ્રકાશન સમારોહ

વિદ્દદ્વર્યો સ્વ૦ પુ૦ મુનિરાજશ્રી દર્શનવિજયજી મ૦, પુ૦ મુનિશ્રી જ્ઞાનવિજયજી મ૦ અને પુ૦ મુનિશ્રી ન્યાયવિજયજી મ૦ (ત્રિપુટી મહારાજ) દ્વારા જૈન શાસનના ગૌરવવંત કડીબધ્ધ ઇતિહાસથી આલેખિત ગ્રન્થ "જૈન પરંપરાનો ઈતિહાસ" ભા. ૧, ૨ અને ૩ ૨૦ વર્ષ પૂર્વે તેઓશ્રીની હયાતીમાં પ્રગટ થયા બાદ તાજેતરમાં તેનો ચોથો ભાગ પુ૦ મુનિશ્રી ભદ્રસેનવિજયજી મ૦ની પ્રેરણાથી તૈયાર થતાં, તેઓશ્રીના માર્ગદર્શનથી આ માહિતીપ્રદ ગ્રન્થ "જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ ચોથા'ના પ્રકાશન સમારોહનું આયોજન શ્રીયુત કાંતિલાલભાઈ ડી. કોરા, શ્રી નગીનદાસ જે. શાહ 'વાવડીકર' અને શ્રી મહેન્દ્રભાઈ ગુલાબચંદ શેઠ દ્વારા મુંબઈ-ઘાટકોપર ખાતે શ્રી મુનિસુવ્રતસ્વામી દેરાસરના ઉપાશ્રયે ગત આસો વદ ૯ ને રવિવાર, તા. ૩૦-૧૦-૮૩ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે પુ૦ આચાર્યશ્રી વિજયલબ્ધિસુરીશ્વરજી મ૦ની નિશ્રામાં કરવામાં આવેલ.

આ પ્રસંગે જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના પ્રમુખશ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડીએ વર્તમાનમાં જૈનધર્મના દેશમાં તેમ જ વિદેશમાં થઈ રહેલી પ્રભાવના અને ઉન્નતીનો સવિસ્તાર ખ્યાલ આપી સૌના હર્ષોલ્લાસ વચ્ચે "જૈન પરંપરાનો ઇતિહાસ, ભાગ ચોથાનું પ્રકાશન કર્યું હતું.

આ ગ્રન્થના ઉદ્દઘાટન સાથે અન્ય બે પુસ્તકોના પ્રકાશનનું પણ આ પ્રસંગે આયોજન કરવામાં આવ્યું

તેમના એક, પાલિતાણાના શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળના સ્થાપક અને પાલિતાણાની જળહોનારત પ્રસંગે જાનના જોખમે સંકડો જીવોને બચાવનાર એવા કર્મવીર પૂ૦ મુનિપ્રવરશ્રી ચારિત્રવિજયજી મ૦ના જીવન પરિચયને આલેખતા (સુપ્રસિધ્ધ લેખકશ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ 'જયભિખ્ખુ' દ્વારા લખાયેલ) પુસ્તકનું પ્રકાશન સુશ્રાવકરત્ન શ્રી પન્નાલાલ ખીમજીભાઈ હેમરાજ છેડાના વરદ હસ્તે કરવામાં આવ્યું.

અને બીજા, ધાર્મિક અભ્યાસમાં ઉપયોગી અને ઊગતી પેઢીના બાળકોને રુચિકર સચિત્ર 'સામાયિક-ચૈત્યવંદન સૂત્ર' પુસ્તકનું પ્રકાશન જૈન શ્વે૦ કોન્ફરન્સ અને એજ્યુકેશન બોર્ડના માનદ્ મંત્રી અને સાહિત્યપ્રેમી શ્રી ચંદ્રકાન્તભાઈ અમૃતલાલ દોશીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

સમાજના જ્ઞાનવર્ધન માટે અજબનો પરિશ્રમ ઉઠાવનાર અને કપરા સમયે જીવના જોખમે વીરતા પ્રગટાવનાર સ્વ૦ પુ૦ મુનિરાજશ્રી ચારિત્રવિજયજી મ૦ના જન્મશતાબ્દી વર્ષની વિ. સં. ૨૦૩૯ના આસો વદિ ૧૪થી શરૂઆત થતી હોય, આ જન્મશતાબ્દી વર્ષની ઉજવણીનો પ્રારંભ આ સમારોહ પ્રસંગે જૈન શ્વે૦ કોન્ફરન્સના કોષાધ્યક્ષ સમાજરત્ન શ્રી વસનજીભાઈ લખમશીભાઈએ દીપક પ્રગટાવીને કર્યો હતો.

શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળના પ્રમુખશ્રી દલીચંદભાઈ પરસોતમદાસ શાહે આ પ્રસંગે પુજ્યશ્રી ચારિત્રવિજયજી મ૦ની છબીને સુખડનો હાર પહેરાવી અંજલિ અર્પી હતી.

જૈનેતર વિદ્વાન અને સુપ્રસિદ્ધ લેખકશ્રી અનવરભાઈ આગેવાને આજના સમારંભમાં ખાસ પધારીને મનનીય પ્રવચન આપતાં "જૈન પરંપરાનો ઈતિહાસ" ગ્રન્થના આ ચાર ભાગ ઐતિહાસિક મહાપુરુષો અને અને કલા-સ્થાપત્યનું દર્શન કરાવતા હોવાનું જણાવેલ.

પુ૦ મુનિરાજશ્રી ભદ્રસેનવિજયજી મહારાજે આ પ્રસંગે ભાવવિભોર બની પોતાના ટુંક પ્રવચનમાં જણાવ્યું કે, પુજ્યશ્રી ચારિત્રવિજયજી (કચ્છી) મ૦ના શિષ્યો જે 'ત્રિપુટી'ના નામથી ખૂબ જાણીતા હતા, તે પુ૦ મુનિરાજશ્રી દર્શનવિજયજી, પુ૦ મુનિશ્રી જ્ઞાનવિજયજી અને પુ૦ મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજે જૈન પરંપરાનો ઇતિહાસ લખવાનો ભગીરથ પુરુષાર્થ કર્યો હતો. ત્રણેય મુનિરાજો ઈતિહાસકાર અને વિપુલ સાહિત્ય સર્જક હતા. પુ૦ મુનિરાજશ્રી દર્શનવિજયજીએ વિ. સં. ૨૦૨૦માં

જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ત્રીજો પ્રગટ કરાવ્યો હતો. તે પછી ચોથા ભાગનું પ્રકાશનકાર્ય તેમના સ્વર્ગવાસથી ખોરંભે પડ્યું. આ ગ્રન્થ ખૂબ ઉપયોગી અને માહિતીપ્રદ હોય તેનું પ્રકાશન બહાર પાડવાની ઝંખના કેટલાય સમયથી મારા તેમજ અનેકના મનમાં રહ્યા કરતી હતી. અનેક પ્રયત્નો વચ્ચે આ ગ્રન્થનું લખાણ પ્રાપ્ત થતાં અને તે બહાર પાડવાના કાર્યમાં છેવટ સુધી સહભાગી બનવાનું મને પ્રાપ્ત થતાં, તેને હું મારું સદ્ભાગ્ય માનું છું. 'જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ચોથાના પ્રકાશનનું આ ભગીરથ કાર્ય 'જૈન' અને 'ધર્મલાભ' સામયિકવાળા શ્રી મહેન્દ્રભાઈ ગુલાબચંદ શેઠની સારી એવી મહેનતથી પાર પડતાં અને તે સાથે મારી મનોભાવના આજે પૂર્ણ થતાં હું ઘણો જ આનંદ અનુભવું છું. હવે આ ગ્રન્થનો પાંચમો ભાગ અનેક ઉપયોગી માહિતીના સંકલનપૂર્વક તૈયાર કરવામાં આવનાર છે. એ છપાવવા/પ્રગટ કરવા તમારા સૌનો સહયોગ જરૂરી હોય લાભ લેશો.

પૂ૦ આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજે પ્રેરક પ્રવચન આપતાં, આ ત્રણે પુસ્તકોનું પ્રકાશન જૈન સમાજમાં જ્ઞાનવર્ધન સાથે જાગૃતિ લાવે એવા મંગલ આશીર્વાદ આપ્યા હતા. અને સ્વ૦ મુ૦ શ્રી ચારિત્રવિજયજી મ૦ના જન્મશતાબ્દી વર્ષને અનુલક્ષી કરવા ધારેલ ઉજવણી અને રચનાત્મક કાર્ય માટે એક સમિતિની રચના કરવા પ્રેરણા કરી હતી.

સમારંભના કાર્યક્રમ દરમ્યાન ત્રણે પુસ્તકના ઉદ્ઘાટકોનો તેમજ સમારંભના મુખ્ય મહેમાનોનો પરિચય શ્રી જયંતભાઈ એમ. શાહ તથા શ્રી ચાંપશીભાઈ તુંબડીવાળાએ આપ્યો હતો. અને શ્રી દીપચંદભાઈ ગાર્ડીનું બહુમાન શ્રી કાંતિલાલભાઈ કોરાએ, શ્રી વસનજીભાઈ લખમશીભાઈનું બહુમાન વિનોદભાઈ ગુલાબચંદ શેઠે, શ્રી ચંદ્રકાન્તભાઈ અમૃતલાલ દોશીનું બહુમાન શ્રી રતિભાઈ ભીખાભાઈએ અને શ્રી પન્નાલાલભાઈ છેડાનું બહુમાન શ્રી નગીનદાસ વાવડીકરે ચંદનનો હાર તથા શ્રીફળ અર્પીને કર્યું હતું. આ ગ્રન્થનું પ્રકાશન પાર પાડવા માટે શ્રી મહેન્દ્રભાઈ ગુલાબચંદ શેઠનું શ્રી દીપચંદભાઈ ગાર્ડી તથા શ્રી ચંદ્રકાંતભાઈ દોશીએ અભિવાદનપૂર્વક સન્માન કર્યું હતું.

આ સમારંભ પ્રસંગે જૈન સમાજના જાણીતા કાર્યકરો શ્રી કાંતિલાલ જીવરાજ શાહ, શ્રી રતિલાલ ભીખાભાઈ, શ્રી સી. એન. સંઘવી, શ્રી જે. એમ. શાહ વગેરેએ તેમજ પૂ૦ મુનિશ્રી પુણ્યભદ્રવિજયજી મહારાજે પ્રાસંગિક ઉદ્બોધન કરેલ. આ સમારોહનું સંચાલન શ્રી ચીમનલાલ પાલિતાણાકર તથા શ્રી નગીનદાસ વાવડીકરે સુંદર રીતે કર્યું હતું.

# જીર્ણોદ્ધારમાં સહયોગ આપવા નમ્ર વિનંતિ

રાજસ્થાન (મેવાડ)માં ભીલવાડા જિલ્લાના 'રાજાજી કા કરેડા' ગામે આશરે ૭૦૦ વર્ષના પ્રાચીન વિશાળ શિખરબંધી જિનમંદિરનો આતતાઇઓએ વિનાશ કરતાં, તેમ પ્રતિષ્ઠિત શ્રી શાંતિનાથ ભ૦ની ૩૧×૩૯ ઈંચની ભવ્ય પ્રતિમાજી આજ અત્રેના ઉપાશ્રયમાં બિરાજમાન છે. તેની પ્રતિદિન સેવા-પૂજા થાય છે. લાંબા સમય બાદ પુ. આ. ભ. શ્રી કૈલાસસાગરસૂરિજી મ૦ સા૦ના પ્રશિષ્ય યુગદૃષ્ટા પુ. આ. ભ. શ્રી પદ્મસાગરસૂરિજી મ. સા.ની કૃપાદૃષ્ટિથી અને પુ૦ આ૦ ભ૦ શ્રી વિજયભુવનભાનુસૂરિજી મ૦ સા૦ના શિષ્ય મેવાડ દેશોદ્ધારક પુ૦ ગણિ શ્રી જિતેન્દ્રવિજયજી મ૦ સા૦ની પ્રેરણાથી આ મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલી રહ્યું છે.

આથી પ૦ પુ૦ આચાર્યભગવંતાદિ મુનિમહારાજો, સાધ્વીજીઓ તેમ જ ટ્રસ્ટો, સંસ્થાઓના માનનીય ટ્રસ્ટીવર્યો અને દાનવીર મહાનુભાવોને સાદર વિનંતી છે કે આ પવિત્ર કાર્યમાં તન-મન-ધનથી સહયોગ અપાવી-આપી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરો. રકમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી શ્રી શાંતિનાથ જૈન શ્વેતામ્બર મંદિર સેવા સમિતિ, પો. રાજાજી કા કરેડા-૩૧૧ ૮૦૪ (જિ. ભીલવાડા-રાજસ્થાન) એ નામે/સરનામે મોકલવા વિનંતી છે.

નિવેદક : વૈદ્ય કાલુલાલ જૈન-અધ્યક્ષ

# દહેગામમાં અનેકાનેક આરાધના-અનુષ્ઠાનો સાથે
# ચિરસ્મરણીય બનેલ ચાતુર્માસ

પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીના સમુદાયના પ્રખર વક્તા પૂજય આચાર્યશ્રી વિજયપ્રિયંકરસૂરીશ્વરજી મ૦ની આજ્ઞા અને આશીર્વાદપુર્વક દહેગામ (જિ. અમદાવાદ) શ્રી સંઘની આગ્રહભરી વિનંતી સ્વીકારી તપસ્વીરત્ન પૂ મુનિરાજશ્રી ભદ્રબાહુવિજયજી મ૦ તથા પ્રવચનપ્રભાવક પૂ. મુનિપ્રવરશ્રી નંદિષેણવિજયજી મ૦ દહેગામ નગરે ચાતુર્માસ પધારતાં સકલ શ્રીસંઘમાં અનેરો ધર્મોલ્લાસ પ્રવર્તી રહ્યો હતો.

### ભવ્ય નગર પ્રવેશ

પુજય ગુરુદેવો અમદાવાદથી વિહાર કરી નરોડા, રાયપુર, દહેગામ થઈ રખિયાલ ૯ દિવસની સ્થિરતા કરી જેઠ વદ પ્રથમ સાતમના દહેગામ શહેરની બહાર આવેલા શત્રુંજય પટના જિનાલયે પધાર્યા હતા. બીજે દિવસે સવારે શાહ દિલીપકુમાર કોદરલાલ વકીલના બંગલે પધારતાં, ત્યાં વ્યાખ્યાન, ગુરુપુજન, સંઘપૂજન વગેરે સુસમ્પન્ન થયેલ. ત્યારબાદ ૮-૪૫ વાગે ભવ્ય સામૈયા પૂર્વક નગર પ્રવેશ થયો હતો. આ સુઅવસરે નગરને ધ્વજા-પતાકા અને તોરણો શણગારવામાં આવેલ. રસ્તામાં ઠેર ઠેર ગહુંલીઓ થઈ હતી. પ્રવેશ પ્રસંગે અમદાવાદથી ખાસ પ્રકાશ બેન્ડ આવ્યું હતું. અમદાવાદથી પૂજ્યશ્રીના અનેક ગુરુભક્તોએ આ દિવસે હાજરી આપી હતી.

ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાનમાં શ્રાદ્ધવિધિ પ્રકરણ અને ભાવનાધિકારે ધન્યકુમાર ચરિત્ર વાંચવાનું નક્કી થતાં તે વહોરાવવાનો લાભ અનુક્રમે શાહ ચંદ્રકાંતભાઈ પુંજાલાલભાઈના પરિવારે અને શાહ ગુણવંતલાલ નથલાલના પરિવારે લીધો હતો. જ્ઞાનદ્રવ્યની ઉછામણી પ્રશસ્ય થઈ હતી. વ્યાખ્યાન બાદ પ્રભાવના થઈ હતી.

### દર રવિવારે સામુદાયિક તપશ્રેણી

પ્રવચનપ્રભાવક પુ. મુનિરાજશ્રી નંદિષેણવિજયજી મ૦ની સરળ, સચોટ અને તાત્ત્વિક વ્યાખ્યાનશૈલીથી શ્રીસંઘમાં અનેરી ધર્મભાવના જાગતાં દહેગામના ઇતિહાસમાં ચિરસ્મરણીય એવી તપશ્રેણી આરાધનાની હારમાળા યોજાઈ હતી.

શ્રીસંઘમાં સળંગ ચાર મહિના સુધી અઠ્ઠમતપની આરાધના ચાલી રહી હતી. આ દરેક તપસ્વીઓનું પુજાની થાળી, કેશરની વાટકી, કળશ, સવા રૂપિયો અને શ્રીફળ આપી બહુમાન કરવામાં આવેલ. સામુદાયિક તપશ્રેણીમાં આયંબિલ, દીપક એકાસણાં, ગૌતમસ્વામીના છઠ્ઠ, લુખી નીવી, પાર્શ્વનાથના અઠ્ઠમ, શત્રુંજયતીર્થની આરાધનાર્થે એકાસણાં અને અન્ય આરાધના-અનુષ્ઠાનો થતાં શ્રી સકલ સંઘે ઉલ્લાસપૂર્વક સારી સંખ્યામાં જોડાઈ લાભ લીધો હતો. દરેક આરાધના પ્રસંગે અનેક પ્રભાવનાઓ પણ થવા પામી હતી.

### સાધ્વીજી મ૦ની ઉપસ્થિતિ

પુજય શાસનસમ્રાટશ્રીના સમુદાયવર્તી સાધ્વીશ્રી સુવર્ણપ્રભાશ્રીજી આદિ ઠા.૫ અત્રે ચાતુર્માસ બિરાજમાન હોય શ્રાવિકાવર્ગમાં પણ સારી એવી ધર્મજાગૃતિ આવવા સાથે ઉલ્લાસપૂર્વક આરાધનાઓ થઈ હતી.

### પર્યુષણા પર્વની અપૂર્વ આરાધના

મહા મંગલકારી પર્યુષણા પર્વ પ્રસંગે આરાધના, તપશ્ચર્યા, ઉછામણી વગેરે સમયાનુસાર અપુર્વ અને સુંદર થઇ. પ્રતિદિન વ્યાખ્યાનમાં પ્રભાવના થતી. ભા. સુદ પાંચમના કુ. શિતલબેનની અઠ્ઠાઈ નિમિત્તે શ્રી કૌશિકકુમાર જીવણલાલની કું. તરફથી દરેક તપસ્વીઓના સામુહિક પારણાં બહુમાનપુર્વક કરાવવામાં આવેલ. દરેક તપસ્વીઓને જુદા જુદા મહાનુભાવો તરફથી ઉપકરણો, રોકડા રૂપિયા વગેરે મળી કુલ પચાસ પ્રભાવનાઓ થઈ.

ગામના દેરાસર તથા શત્રુંજય પટના દેરાસર માટે કેશર-સુખડ, પક્ષાલ અને અખંડ દીપકના નકરા દ્વારા વિશિષ્ટ આયોજન કરવામાં આવતાં દરેક મહિનાઓના

નામ નોંધાઈ જવા પામ્યા હતા. ઉપરાંત પર્યુષણ દરમ્યાન સુપનાદિ દેવદ્રવ્યની, સૂત્ર વહોરાવવાદિ જ્ઞાનદ્રવ્યની, જીવદયાખાતુ, પાઠશાળા, આયંબિલખાતું, સાધર્મિકભક્તિ તથા સાત ક્ષેત્રની ઉપજ–ટીપ ખૂબ સારા પ્રમાણમાં થઇ હતી.

ભાદરવા સુદ ૫ ના ભવ્યાતિભવ્ય પિસ્તાલીસ આગમનો વરઘોડો નીકળેલ. તેમાં બે રજવાડી ગજરાજ, ઈન્દ્રધ્વજા, રથ, ૬૫ ગાડી વગેરે વાહનો તથા અમદાવાદથી ખાસ પ્રકાશ બેન્ડ આવેલ. આ પ્રસંગે ગજરાજ અને રથમાં બેસવાનું તથા ૪૫ આગમ પુરૂષના ફોટા સાથે જીપમાં બેસવાનું ઘી દર વર્ષ કરતાં વધુ થયું હતું.

## પિસ્તાલીશ આગમની મહાપૂજા

ભા. સુદ ૧૧/૧૨ના પિસ્તાલીશ આગમની મહાપૂજા અમદાવાદના સંગીતકારોએ આવી ખૂબ ઠાઠથી ભણાવી. પુ૦ પ્રવચન પ્રભાવક મુનિશ્રીએ દરેક પુજાનું ને આગમનું મહત્ત્વ સમજાવતાં ઉલ્લાસમાં ખૂબ વધારો થયો. સૂત્રનું પુજન રોકડા નાણા તથા ચાંદીના ઘરેણાથી અનેકે કર્યું. બપોરે સંઘના પ્રમુખશ્રી પુંજાલાલ લલ્લુભાઈ તથા રતિલાલ ધરમચંદ શાહ અને મનુભાઈ કેશવલાલ શાહે ગુરુપુજન કર્યું. શાહ કૌશિકકુમાર વાડીલાલભાઈએ આ પ્રસંગે બને પુ૦ ગુરુદેવોનો પરિચય આપ્યો. સંઘના પ્રમુખશ્રીએ ગુરુદેવોની પ્રાપ્ત નિશ્રા અને આરાધનાથી ધન્યતા વ્યક્ત કરી.

## સાધર્મિકોનું સન્માન

ચાતુર્માસ પધારેલ પુ૦ પ્રવચન પ્રભાવક મુનિશ્રીના સંસારી માતુશ્રી શાંતાબેન રતિલાલ વોરા, સંસારી માસી જયાબેન રમણીકલાલ દોશી તથા સંસારી બહેનો કુ૦ ભાવનાબેન અને કુ૦ ઉષાબેન કે જેઓ ૨૦ દિવસથી પધારેલ, તેમનું સંઘે સુખડનો હાર, શ્રીફળ, કટાસણું આદિ આપી બહુમાન કર્યું હતું. ઉપરાંત સાધ્વીશ્રીના સંસારી માતુશ્રી જાસુદબેનનું તથા જૈન યુવક મંડળના પ્રમુખ શાહ રસિકલાલ ચીમનલાલનું પણ બહુમાન કરવામાં આવેલ.

## પુસ્તક પ્રકાશનની યોજના

પુ. પ્રવચન પ્રભાવક મુનિરાજે અહીં જે પ્રવચનો આપ્યા તે દરેક પ્રવચનોનું પ્રિયવચની નામની પુસ્તિકારૂપે પ્રકાશન કરવાનું અને તેમાં રૂા. ૧૧૧૧ આપનારના ફોટા મુકવાનું નક્કી થતાં ૧૨ ભાગ્યશાળીઓના નામ તુરત નોંધાઈ ગયા. બાકીના બીજા નામ પણ પછી નોંધાઇ જવા પામેલ.

## છ'રી પાળતા સંઘની જે બોલાઈ

પુ૦ મુનિપ્રવરશ્રીએ કેટલાક પ્રેરક વિચારો દર્શાવતા પાંચ દિવસનો સેરિસા તીર્થનો છ'રી પાળતો સંઘ ૨૨ ભાગ્યશાળીઓના સંયોજનથી નક્કી થતાં દહેગામના ઈતિહાસમાં આ સર્વપ્રથમ નીકળશે. આ છ'રી પાળતો સંઘ પૂજ્ય આ૦શ્રી વિજયપ્રિયંકરસુરિજી મં૦ સા૦ અને પુ૦ મુનિપ્રવરશ્રીની શુભ નિશ્રામાં પોષ વદિ ૧ ને ગુરુવાર તા. ૧૮–૧–૮૪ ના રોજ નીકળશે.

## બીજી તપશ્રેણીની આરાધના

પર્યુષણ પૂર્વેની જેમ પર્યુષણ પછી પણ એવી જ બીજી તપશ્રેણી યોજાઈ અરિહંતાદિ પાંચ પદના પાંચ એકાસણાં, ભવોભવ પુદ્‌ગલ વોસિરાવવાના એકાસણા, દિવાળી પર્વના છઠ્ઠ, અર્ધા ઘડિયાતપના એકાસણા, શત્રુંજય મહાતીર્થના છઠ્ઠ જ્ઞાનપાંચમ, મૌન અગ્યારશી વગેરેની આરાધના સેંકડો ભાઈ–બહેનો એ જોડાઈને ઘણા ઉલ્લાસ–ઉત્સાહપુર્વક કરી હતી. આસો સુદ ૨ના રખિયાલ શહેરની ચૈત્યપરિપાટી યોજાતાં તેમાં ૧૫૦ યાત્રિકો જોડાયા હતા.

આસો માસની શાશ્વતી ઓળીની આરાધનામાં ૭૦ ભાવુકો જોડાયા હતા. ઓળીનો લાભ શાહ શામળદાસ નાથાલાલના પરિવારે ઉલ્લાસભેર લીધો હતો. તેમના તરફથી તપસ્વીઓનું બહુમાન કરવાપુર્વક પારણાંનો પણ લાભ લેવામાં આવેલ.

આમ, પુજ્યશ્રીઓની શુભ નિશ્રામાં દહેગામ શ્રીસંઘમાં અનેકાનેક આરાધના, અનુષ્ઠાનો અને ધર્મકાર્યો યાદગાર રીતે સુસમ્પન્ન બનતાં શ્રીસંઘ માટે આ ચાતુર્માસ પાવન અને ગૌરવમય બન્યું છે

JAIN OFFICE–BHAVNAGAR Regd. No. G. BV. 20

વીર સં. ૨૫૧૦ ફાગણ સુદ ૧
શનિવાર તા. ૩ માર્ચ ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂ. ૨૦/-
આજીવન સભ્ય રૂ ૩૦૧/-
જાહેરખબર ના પેજના રૂ ૩૦૦/-
: મુદ્રણસ્થાન :
સમ્યૂ પ્રિન્ટરી ભાવનગર

# જૈન

વર્ષ : ૮૧ ● અંક : ૪

: સ્વ૦ તંત્રી :
શેઠ ગુલાબચંદ દેવચંદ
પ્રકાશક : સંપાદક : મુદ્રક
વિનોદ ગુલાબચંદ શેઠ
: કાર્યાલય :
'જૈન' પત્રની ઓફિસ
વડવા, ભાવનગર–૩૬૪ ૦૦૧

## પૃથગજનના મનની મૂંઝવણો અને વ્યથાઓ

લેખક : **શ્રી હીરજીભાઇ ડી. ધરોડ (મદુરા)**

(૧)

વેલૂર (આંધ્ર) આખું ગામ ક્રિશ્ચયન મિશનની પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. મુખ્ય C.M.C. -ક્રિશ્ચિયન મેડીકલ કોલેજ, હોસ્પિટલો અને એવા ઘણા સેન્ટરો છે. પોણોસો-સો વર્ષ પહેલાં અહીં રહેતા એક મિશનરીની વિદેશમાં રહેતી પુત્રી પોતાના માતાપિતાને મળવા ભારત-વેલૂર આવી ત્યારે સ્ત્રી–ડોકટરના અભાવે એક જ રાતમાં ત્રણ સ્ત્રીઓનાં મરણ જોઈને તેણીએ નિશ્ચય કર્યો કે ડોકટર થઈને ભારત-વેલૂર આવી સ્ત્રીઓની સારવાર માટેની સેવાપ્રવૃત્તિ કરવી. પોતે કરેલ આ નિશ્ચય મુજબ ડોકટરી ભણીને એ અહીં આવી અને એણે અહીં સેવાપ્રવૃત્તિનાં બીજ નાખ્યાં, જેનાં અત્યારે વિશાળ વૃક્ષો છે. અહીંના ડોકટરો અને નર્સોની સેવાભાવના જોઈને માથું નમી પડે છે.

આપણા ઘણા સાધુ-મહારાજો ક્રિશ્ચિયનોની પ્રવૃત્તિઓને, આંખો મીંચીને, વટાળ પ્રવૃત્તિ તરીકે ખપાવવામાં કાંઈ બાકી નથી રાખતા. પણ શિક્ષણ અને સારવારની પ્રવૃત્તિઓ કરવાનું શ્રાવકોને કેટલા સાધુ-મહારાજો પ્રબોધે છે? આપણા જ દેશમાં રહીને આપણે આવી પ્રવૃત્તિ-સેવા-પ્રવૃત્તિ કેટલી કરી છે? આપણી ગણીગાંઠી આવા સેવા-સંસ્થાઓ હશે, જ્યારે ભારતનો કોઈ ખૂણો બાકી નહીં હોય જ્યાં ક્રિશ્ચિયનોની સેવા-સંસ્થા નહિ હોય. અહીં જંગલ જેવા વિસ્તારમાં શહેરની મોટી પ્રેકટીસોનો મોહ છોડીને ડોકટરો સેવા આપે છે. આપણા જૈન ડોકટરો આવા કેટલા નીકળે? અહીંના મુખ્ય ડોકટર વર્ગીસ અને તેમનાં પત્ની ડો. અન્નમ્મા વર્ગીસ, ભારતના પ્રથમ પંક્તિના ડોકટરો છે. એક નર્સ, મોટા લશ્કરી અમલદારની પુત્રી છે. તેને પૂછતાં કહ્યું કે ઈસુના આદેશ મુજબ શકય તેટલી માનવ-સેવા કરવાની અમારી ભાવના હોય છે.

ક્રિશ્ચિયનોની વટાળ પ્રવૃત્તિને લાગેવળગે છે ત્યાં સુધી, વટલાવીને પણ તેમને માણસ બનાવ્યા છે. શિક્ષણ આપ્યું છે. જરૂર પડે ત્યાં ધન આપ્યું છે. એકંદરે સેવા કરી છે. તલવારના જોરથી નથી વટલાવ્યા. ભારતનાં કોમી તોફાનોમાં હિંદુ-હિંદુ વચ્ચે કે હિંદુ-મુસલમાન વચ્ચે હિંસક તોફાનો થયાં છે, પણ ક્રિશ્ચિયનો-ક્રિશ્ચિયનો વચ્ચે કે ક્રિશ્ચયનો હિંદુઓ વચ્ચે તોફાનો ભાગ્યે જ થયાં છે

શિક્ષણ-વ્યવસાયમાં પણ વધુમાં વધુ ક્રિશ્ચિયનો છે. જૈન વિદ્યાલયો માટે હિંદુ શિક્ષિકાઓ રાખવી એમ બધાની ઇચ્છા હોય છે. પણ વધુ ઉમેદવારો ક્રિશ્ચિયનો હોય છે. મુંબઈ-ગુજ-

**રાતમાં જૈનો-સંચાલિત સ્કૂલ-કોલેજોમાં જૈન શિક્ષક-શિક્ષિકાઓ કેટલાં મળે?**

કન્યાકુમારીમાં વિવેકાનન્દ-કેન્દ્રની સંસ્થા લાખો રૂપિયાના ખર્ચે સ્થપાઈ છે. તેનો મૂળ ઉદ્દેશ ક્રિશ્ચિયનોની વટાળ પ્રવૃત્તિ અટકાવવાનો છે. તે માટે આજીવન કાર્યકરો તૈયાર કરી જ્યાં જ્યાં ક્રિશ્ચિયન પ્રવૃતિઓ (બોર્ડર એરિયામા, પછાત પ્રદેશોમાં) ચાલે છે, ત્યાં ત્યાં તેમને મોકલી હિંદુ-સેવા-પ્રવૃત્તિઓ કરવી. તેમને જીવનની વ્યાજબી જરૂરિયાતો જિંદગીભર આ કેન્દ્ર પુરી પાડે એવી ગોઠવણ છે. આઠ-દસ વર્ષના ગાળામાં કેટલા આજીવન કાર્યકરો સેવા આપવા આગળ આવ્યા હશે? માત્ર વીસથી ત્રીસ આજીવન કાર્યકરો મળ્યા છે! આ છે આપણી (ભારતીયોની) ધર્મરક્ષાની અને સેવા કરવાની ભાવના! ક્રિશ્ચિયનોમાં હજારોના હિસાબે આજીવન કાર્યકરો-ફાધરો, બ્રધરો, સીસ્ટરો તૈયાર થાય છે અને સેવા માટે પોતાની જિંદગી આપવા તૈયાર થાય છે.

દોઢ-બે વર્ષ પહેલાં મધર થેરેસા બાબત બહુ જ અયોગ્ય અને નીચી કક્ષાનું લખાણ મુક્તિદૂતમાં આવ્યું હતું. તેના અનુસંધાનમાં મુક્તિદૂતને અને શ્રીચન્દ્રશેખરવિજયજી મહારાજને ઉપરની વિગતો લખી મોકલી હતી. શ્રીચન્દ્રશેખરવિજયજી મહારાજે પોસ્ટ કાર્ડમાં બે લીટીમાં એ મતલબનું લખી જણાવ્યુ કે "તમે લાગણી પ્રધાન છો એટલે મારે કાંઈ કહેવાનું નથી."

જૈન ધર્મની પ્રભાવના થાય, હિંદુ ધર્મની જેમ જૈન ધર્મને પણ ઈતર ધર્મના લોકો જાણતા-સમજતા થાય એવી ભાવના હંમેશા થયા કરતી હોય છે. પરંતુ કવચિત્ આપણા ધર્મોપદેશકોને સાંભળવાનો યોગ મળે કે કદાચિત્ તેમનાં વખાણો જોવા મળે ત્યારે નિરાશા થાય છે. મોટા ભાગનાં વ્યાખ્યાનો અને લખાણોની વસ્તુ અને ક્રિયાકાંડોથી જૈનેતરો તો બાજુએ રહ્યા પણ જૈનો-ખાસ કરીને યુવાનોને પણ એ સ્પર્શી શકતાં નથી; બલ્કે કેટલીક વાર અભાવ, શંકા અવિશ્વાસ પેદા કરે છે.

(૨)

મારા જેવાના મનમાં ઘોળાતાં ઘણા પ્રશ્નો પૈકી કેટલાક આવા છે:-

૧. ભગવાન મહાવીરે પ્રબોધેલ જૈન ધર્મ પછી શ્વેતામ્બર અને દિગમ્બરથી લઈને અનેક ગચ્છો, સંપ્રદાયો પડયા. તે તે સમયના ધર્માચાર્યોના અહમ્‌ને લીધે ગચ્છો અને સંપ્રદાયો થયા એમ કહેવુ/સમજવું, એમાં કાંઈ ખોટું છે? ને તો સંસાર વૃદ્ધિનું મૂળ અહમ્ અને એવા અહમ્‌થી યુક્ત એવા ધર્માચાર્યોનો ઉપદેશ શ્રાવકોને કેટલે અંશે અસર કરી શકે?

૨. આપણા ધર્માચાર્યો આપણાં શાસ્રો ઉપર શ્રદ્ધા રાખવાનું કહે છે. ભાત સીઝી ગયા છે તે જાણવા ભારતના બે-ચાર દાણા દબાવવા બસ છે; બધાએ દાણા દબાવવાની જરૂર નથી, એવી દલીલ કરીને શ્રદ્ધા રાખવાનું કહે છે. પણ અંધ શ્રદ્ધાની કિંમત નથી; સમજપૂર્વકની શ્રદ્ધા ઉદ્ભવવી જોઈએ, કેટલાય ઠેકાણે કેટલીય વિસંવાદિતા જોવા મળે ત્યારે એ ભાતમાં ચોખા કરતાં બીજા પદાર્થોની ભેળસેળ ઘણી છે એમ લાગે, અને શ્રદ્ધા ડગી જાય છે. (મૂળ શાસ્રો શું છે એની સામાન્ય શ્રાવકે ને જાણ નથી. આપણા હાલના ધર્માચાર્યો જે કહે છે તે શાસ્ર છે એમ તેઓ કહે છે અને તને માનવાનું કહે છે, તે માટેની આ વાત છે.)

૩. તપગચ્છના દાવા મુજબ શ્રીહીરસૂરીશ્વરજી અને ખરતરગચ્છના દાવા મુજબ શ્રી જિનચંદ્રસૂરીશ્વરજીની આજ્ઞાથી અકબરે છ મહિનાની અમારિ પ્રવર્તાવી. આમાં સત્ય શું? મદુરામાં પર્યુષણમાં વીરસૈનિકોનાં વ્યાખ્યાનોમાં દોઢથી બે દિવસ જેટલા વ્યાખ્યાનમાં અકબરના આ પ્રસંગને મહત્ત્વ અપાય છે, પણ આ પ્રસંગનો ઉલ્લેખ અકબરના જીવનચરિત્રમાં ક્યાંય છે ખરો? અને આ રીતે, વર્તમાન આચાર્યો, દેવનાર જેવાં મોટાં કતલખાનાં બંધ કેમ નથી કરાવતાં? "ભકતામર સ્તોત્ર પાઠી" એવાં વિશેષણોથી

ઓળખતા આચાર્યો પણ કેમ કશું નથી કરી શકતા - આ દિશામાં?

૪. પૂર્વજન્મ-સ્મૃતિના ઘણા કિસ્સાઓ આવે છે, જે માત્ર ભારત નહિ દુનિયાભરમાં બને છે. જે તે માટેની સંસ્થાઓની કડક ચકાસણીમાંથી પાસ થયેલા પણ છે, વાંચેલ બધા કિસ્સાઓમાં, પૂર્વજન્મની સ્મૃતિવાળી વ્યક્તિઓ પૂર્વજન્મમાં મનુષ્ય-અવતારમાં હતી. હવે આપણા વર્તમાન ધર્માચાર્યોના શાસ્ત્રાધારિત કથન મુજબ તો 'માંસાહારી નરકમાં જાય! એક રાત્રિભોજન કરનાર નરકમાં જાય!' આપણા ધર્માચાર્યોના આ કથન મુજબ તો, જૈનોના વર્તમાન જીવન જોતાં તેઓ પણ, કોઈક અપવાદ સિવાય, ફરીથી મનુષ્ય-જીવન મેળવે, એમ નથી લાગતુ. તો આમાં સત્ય શું? (બાળપણમાં વ્યાખ્યાનોમા સાંભળેલ કે શ્વાસ લેવાથી હિંસા થાય છે ને એ પાપથી નરકમાં જવાય છે! ત્યારે બાળ માનસને તેનો ઉપાય જડેલો કે આના કરતાં મરી જવું સારું કે જેથી કોઈ પાપ ન થાય!)

૫. મેં વાંચેલ-સાંભળેલ મોટા ભાગના જૈનાચાર્યોનાં લખાણો અને વ્યાખ્યાનોમાં "પાપ કરો તો અશુભ કર્મ બંધાય, પુણ્ય, કરો તો શુભ કર્મ બંધાય; અશુભ કર્મોથી નીચી ગતિ મળે, શુભ કર્મોથી ઊંચી ગતિ મળે" એ જોયું છે. કેટલાક ધર્માચાર્યો હિસાબો-લાભો પ્રબોધતા હોય છે: નવકારશી કરો તો આટલું પુણ્ય મળે. એકાસણાથી અમુક, અમુક દાનથી અમુક વગેરે. અશુભ કે શુભ કર્મોનું પરિણામ પણ છેવટે તો ભવચક્રની વૃદ્ધિ થઈ-એકનાં લોખંડની બેડી છે, બીજામાં સોનાની બેડી છે. મુક્તિનું પ્રબોધન ભાગ્યે જ હોય છે. દલીલમાં એવું કહેવાય કે આ બાળ ધર્મીઓ માટે છે. વર્ષોથી, કદાચ સૈકાઓથી આમ બાળધર્મીઓ માટે કહેતાં અવાયું છે હમેશા એકડો જ ઘૂંટાવ્યે રાખવો? કે પછી પોતે જ એ વર્ગમાં હોય છે?

૬. જૈન સાધુની મુખ્ય પ્રવૃત્તિ દૈનિક વ્યાખ્યાન અને લોક-સંપર્ક મુખ્યત્વે જણાય છે. જ્યાં જ્યાં વ્યાખ્યાનો સાંભળવા મળ્યાં છે ત્યાં ત્યાં ચોથા આરાના કે અચોક્કસ સમયના પ્રસંગો, પાત્રો સાથેનાં રૂપકો, વાર્તાઓ વગેરેનું પ્રાધાન્ય હોય છે, જેમાં મોટા ભાગની કથાવસ્તુ બુદ્ધિગમ્ય નથી હોતી.

સાધુ-મહારાજો વિહાર કરતા હોય છે. એ દરમ્યાન અનેક સારા-નરસા પ્રસંગો અનુભવતા હોય છે અને વિવિધ વ્યક્તિઓના સંપર્કમાં આવતા હોય છે. એમના વ્યાખ્યાનોમાં તેમના પોતાના જીવનમાં અનુભવેલ જીવંત પ્રસંગો કે વ્યક્તિઓની વાતો કેમ નથી આવતી? ભલે એમાં ચમત્કારો ન હોય, પણ વાસ્તવિકતા તો હશે? એ શ્રોતાઓને કેટલી અસર કરે!

વળી, તેઓ, વ્યાખ્યાનની પોતાની શૈલી માટે વધુ ફિકર કરતા હોય એમ નથી જણાતુ. વ્યાખ્યાતા થવા માટે આપણું કાંઈ સ્ટાન્ડર્ડ ખરું? કોડાઈ કેનાલમાં પાદરીઓ માટેના કોલેજ છે, જેમાં પોતાના ધર્મો ઉપરાંત બીજા ધર્મોનો અભ્યાસ કરાવવામાં આવે છે; વકતૃત્વ કળાની તાલીમ પણ આપવામાં આવે છે. ને તેમાં ઉત્તીર્ણ થયા પછી પ્રીચર તરીકેની કે બીજી જવાબદારીઓ આપવામાં આવે છે.

મોરારિ બાપુની કથા સાંભળવા માટે લાખો લોકો ભેગા થાય છે, ફાધર વાલેસના વાર્તાલાપમાં કે વ્યાખ્યાનમાળાઓમાં હોલમાં જગ્યા મળવી મુશ્કેલ છે. આપણા સાધુ-મહારાજોની જાણ બહાર આ બધું નથી. પણ પોતાનો વેપાર ચાલ્યા કરે છે એટલે કોઈને ફિકર નથી જણાતી.

૭. દેરાસરમાં દર્શન કરતી વખતે કે પૂજા ભાવના વખતે જે દુ:ખદ સ્થિતિ સર્જાય છે તે કહ્યા વિના રહી શકાતું નથી. અપવાદ સિવાયની મોટા ભાગની પ્રાર્થનાઓ ને સ્તવનો સિનેમાનાં ઢાળ ઉપર હોય છે. શબ્દો અને ભાવો છીછરા હોય છે. કેટલાંક સ્તવનોમાં ગમે ત્યાં એક બે ઠેકાણે ભગવાનનું નામ જોડી સીધેસીધાં સિનેમાનાં

ગીતો મારીમચડીને નાખેલાં હોય છે. જૈનો એટલે મોટા ભાગના વેપારીઓ. વેપારી અને સંગીતની કલાને ઘણું છેટું હોય છે. તોયે પ્રાર્થના–સ્તવનોમાં બધાં સંગીતકાર બની જાય છે! ન રાગનું ઠેકાણું, ન સૂરનું ઠેકાણું, ન તાલનું ઠેકાણું! માત્ર અવાજ અને અવાજ! આમાં ભક્તિરસ ક્યાંથી જાગે?

ચર્ચની પ્રાર્થનાઓ, ભજનમંડળીઓનાં ભજનો, મોરારિ બાપુનાં ભજનો–માત્ર મૂગા રહી શાંતચિત્તે સાંભળતાં મન ભગવાનમાં લીન થઈ જાય છે. પણ બહારના જગતમાં પડેલી સારી ચીજો અપનાવવાની કોને પડી છે?

'મુક્તિદૂત'માં એક વખત એક ભાઈએ લખેલ કે ચર્ચમાં વ્યક્તિ આવીને મૌન પ્રાર્થના કરી જાય. બાજુવાળાને ખબર પણ ન પડે એટલી શાંતિથી આવીને જાય. જ્યારે આપણાં દેરાસરોમાં દર્શન વખતે ઘોંઘાટ, જુદાં જુદાં સ્તવનોના જુદા જુદા રાગોના મિશ્ર અવાજ હોય છે. આના જવાબમાં શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજે લખેલુ કે "ચર્ચની 'સ્મશાન શાંતિ' કરતાં આપણા દેરાસરના ઘોંઘાટ માં 'પ્રાણ' છે." બીજાની સારી વસ્તુ જોવાની પણ આ કેટલી આભડછેટ!

૮. આજના શિક્ષણ ઉપર વાસ્તવિક અને અવાસ્તવિક મજાકો, ટીકાઓ કરવાની જૈન સાધુઓમાં ફેશન છે. શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજના વર્તમાન શિક્ષણ ઉપરના લખાણના એક એક વાક્યમાં "હાય, રે, ભયંકર, ઘોર" વગેરે વિશેષણો હોય છે. પરંતુ આ મજાકો અને ટીકાઓ કરનારાઓએ એ જ શિક્ષણ લીધુ છે, તેનું શું? આદર્શ શિક્ષણ કેવું હોવું જોઈએ એ કોઈ કહેતું નથી–કરી બતાવતું નથી.

શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજે 'તપોવન'ની એક યોજના શરૂ કરી છે. પૂરી વિગત નથી જાણતો. પણ પરિણામ આવ્યે ખબર પડે. આદર્શ શિક્ષણ પદ્ધતિ જોવી હોય, અમલમાં લાવવી હોય, તો તે જાણવાનું-જોવાનું સ્થળ પોંડિચેરી છે. પોંડિચેરીની શિક્ષણપદ્ધતિ એ જીવન જીવવાની કલા–પદ્ધતિ છે. પૂર્વ અને પશ્ચિમનો ત્યાં સમન્વય છે. વિજ્ઞાન અને અધ્યાત્મનો પણ સમન્વય છે. પગારદાર શિક્ષકો નથી. આશ્રમના અંતેવાસીઓ જ શિક્ષકો છે.

૯. ભક્તામર સ્તોત્રના અર્થ સાથેની એક પુસ્તિકા જોઈ. રાજા ભોજે જૈનેતર પંડિતના ચમત્કારથી પ્રભાવિત થઈ કટાક્ષ કર્યો કે જૈનોમાં એવી કોઈ ચમત્કારિક વ્યક્તિ નથી; શ્રાવકો એ આહ્વાનને સ્વીકારી શ્રીમાનતુંગાચાર્યને રજૂ કરે છે અને મુકાબલો થાય છે, અને ચમત્કાર થવાથી રાજા ભોજે ઘણાં જૈન મંદિરો બંધાવ્યાં એ વિગત એ પુસ્તકમાં હતી.

રાજા ભોજ ચમત્કારથી કોઈ ધર્મની તુલના કરે એ માન્યામાં ન આવે. જૈન સાધુ ભગવંતોના આચાર જ ચમત્કારોનો ચમત્કાર છે; એ રાજા ભોજ જોઈ ન શકે એ માન્યામાં ન આવે. વળી, સાચા સંત, ધર્મની પ્રભાવના માટે મુકાબલો કરે અને ચમત્કાર કરે એ અઘટિત નથી લાગતું? ભક્તામર સ્તોત્ર, નિર્મળ અને નમ્ર મનમાંથી સ્ફુરેલ શ્રી આદિનાથ ભગવાનની સ્તુતિ છે. મુકાબલો કરવા ચમત્કાર સર્જવાની ભાવના એમાં ક્યાંય નથી જણાતી.

ચમત્કારોથી અંજાઈને અનુયાયીઓ વધે કે રાજા મંદિરો બંધાવે તો તેનું મહત્ત્વ કેટલું? જ્યારે ચમત્કારો બંધ થાય ત્યારે એ અનુયાયીઓ જ્યાં ચમત્કારો થતાં હોય ત્યાં જતા રહેવાના. ચમત્કારો બીજે ક્યાંય થતાં હોય તો, આજે પણ, આપણા જૈનો ત્યાં દોડી જતાં નથી?

ભક્તામર સ્તોત્રના ચમત્કારોને દોહરાવી, તેનો મહિમા ગાઈ, તેનો મોઢે પાઠ કરી, તેની ઘણી હરિફાઈઓ યોજાય છે; પ્રોત્સાહન અપાય છે. પણ તેના માટેની ચિત્તશુદ્ધિના પ્રયત્નો આયોજકોએ કર્યા હોવાનું જાણવા મળ્યુ નથી.

ને ભક્તામર સ્તોત્રની ગાથાઓની સંખ્યામાં પણ મતભેદ! નવકારમંત્ર, જે અનાદિકાળનો

કહેવાય છે તેમાંય મતભેદ!

૧૦. મારી આઠેક વર્ષની ઉંમર વખતે કચ્છ-પત્રીમાં ચોમાસું હતું તેમાં શ્રી છોટાલાલજી સ્વામી તથા શ્રી કેસરીચંદજી સ્વામી પણ હતા. તેમની પાસે ધાર્મિક શિક્ષણ લીધાનું, ધોતિયું પહેરીને પૌષધ કર્યાનું યાદ છે. હમણાં, આઠ-નવ વર્ષ પહેલાં પાલીતાણા જતાં માર્ગમાં અમદાવાદ બે દિવસ રોકાણો. ત્યાં શ્રી છોટાલાલ સ્વામીનું ચોમાસું છે એમ જાણવા મળ્યું. બાળપણમાં રોપાયેલ ભક્તિમાત્રથી તેમનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. રીક્ષામાં બેસી ઘણાં સ્થળોએ તપાસ કરીને ઘૂમીને તેમનું ચાતુર્માસ સ્થળ મળ્યું. દર્શન કરી બેઠા, પહેલાં પૃચ્છા શું ધંધો કરું છું! કેટલું કમાઉ છું, એની કરી. અમુક સ્થળોના ફંડના રકમ ભરવાનું કહ્યું. મેં મારા ભાગીદારને પૂછીને મદ્રાસથી મોકલી આપવાનું કહ્યું. છેવટે ત્યાંની ભોજનશાળામાં રકમ આપી. રસીદ માંગતાં મદ્રાસ મોકલી આપવામાં આવશે એમ કહ્યું. (મદ્રાસથી રિમાઇન્ડરો મોકલ્યા પછી સાદા કાગળમાં રસીદ આવેલી!) અમદાવાદથી પાલીતાણા જવાનો છું એમ કહ્યું ત્યારે તેમના એક શિષ્યે કહ્યું કે "ત્યારે તો તમે દહેરાવાસી થઈ જશો." ત્યારે શ્રી છોટાલાલજી સ્વામીએ તેમને હૈયાધારણ આપી કે "એમનાં મા, નાની મા વગેરે પાકાં સ્થાનકવાસી શ્રાવક હતાં, અને એ પણ પાકા સ્થાનકવાસી છે અને રહેવાના." પછી કેટલીક બાધાઓ લેવાનું કહ્યું. હું મૌન રહ્યો. દુઃખી અને વ્યથિત મને ઊતારે પાછા આવ્યા.

મેં પહેલા પ્રશ્નમાં પૂછ્યું છે કે "અહમ્ યુક્ત ધર્માચાર્યોનો ઉપદેશ શ્રાવકોને કેટલે અંશે અસર કરી શકે?"

મને તો લાગે છે કે અસર થવાનું તો બાજુએ રહ્યું, પણ જૈનપણું જ જતું રહે છે. વધારામાં બીજા ધર્મોનો ઉપહાસ, તિરસ્કાર અને જૈનધર્મ ખતરમાં છે-ની જેહાદે ધર્મો ધર્મો વચ્ચે કટુતા જ પ્રસરી છે.


## જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લોદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦ થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

**જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ—**

(૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચીન જિનાલયો, પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસૂરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રન્થો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસૂરિજી મની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લોદ્રવપુરનાં ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

**આવાસ પ્રબંધ :** યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભૂમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પૂરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

**યાતાયાતના સાધન :** જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાએલ છે. જોધપુરથી દિવસમાં એક વાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીના દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

**વિનીત : શ્રી જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ**

**ફોન નં ૩] જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ**

**ગ્રામ : 'જૈન ટ્રસ્ટ'] જૈસલમેર (રાજસ્થાન)**

# પાલીતાણા–સાંડેરાવ ભુવન

પૂ૦ આ૦શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ૦, પૂ. આ૦શ્રી વિજયઅશોકચંદ્રસૂરિજી મ૦, પૂ૦ આ૦શ્રી વિજયજયચંદ્રસૂરિજી મ૦, પૂ૦ પં. શ્રી અજિતચંદ્રવિજયજી મ૦ આદિ વિશાળ શ્રમણ સમુદાયની નિશ્રામાં અત્રે ગત ચાતુર્માસ દરમ્યાન અનેકાનેક આરાધના, અનુષ્ઠાનો, ઉપધાનતપ આદિ ધર્મકાર્યો અદ્ભુત શાસનપ્રભાવના પૂર્વક સુસમ્પન્ન બનેલ.

ત્યારબાદ પૂજ્યશ્રીઓની નિશ્રામાં સાંડેરાવ નિવાસી સંઘવી ભીકમચંદજી સપરિવાર તરફથી આયોજિત પાલીતાણાથી ગિરનારજી (જૂનાગઢ) તીર્થનો છ'રી પાળતો સંઘ કા. વદ ૧૪ના નીકળ્યો હતો. પદયાત્રા સંઘના દરેક મુકામોએ ભવ્ય સામૈયું તેમ જ પ્રભુભક્તિ અને શાસનપ્રભાવનાના અનેક કાર્યો ઘણા ઉલ્લાસ–ઉત્સાહ વચ્ચે થયા. ગામે ગામ સંઘપતિજી તેમજ યાત્રિકોએ પણ સારો લાભ લીધો.

માગ. સુદ ૧૪ના શ્રી ગિરનારજી તીર્થે તીર્થમાળાની ભવ્ય ઉજવણી થઈ. શ્રી ગિરનારજી તીર્થની યાત્રાએ પૂજ્ય આચાર્યશ્રી ૩૩ વર્ષે અને સાથેના સર્વ મુનિ મહારાજો પ્રથમવાર જ પધારતાં તેઓ સૌએ પણ અપૂર્વ આનંદોલ્લાસ અનુભવ્યો. ગિરનારજી તીર્થના છ'રી પાળતા સંઘની યાદગાર પૂર્ણાહુતિ બાદ પૂજ્યશ્રીઓ જૂનાગઢથી વંથળી, માંગરોળ, ચોરવાડ, વેરાવળ, પ્રભાસપાટણ, ઉના, અજારા, મહુવા, જેસર, કદમ્બગિરિ, ડેમ વગેરે તીર્થોની યાત્રા કરી પોષ સુદ પુનમના પુનઃ પાલીતાણા પધાર્યા હતા. વિહાર દરમ્યાન વચ્ચેના દરેક ગ્રામ/નગરોમાં ત્યાંના શ્રીસંઘોએ સામૈયા, પ્રવચનશ્રવણ, પૂજા, સાધર્મિકવાત્સલ્ય, સંઘપૂજન વગેરે કરી સુંદર લાભ લીધો હતો.

પૂજ્યોની નિશ્રા અને પ્રેરણાથી વેરાવળ શ્રીસંઘમાં સાધારણખાતામાં વર્ષોથી જે ખોટ ચાલી આવતી તે પુરી થઈ. રૂા. એક લાખ જેવું ફંડ થયું. પ્રભાસપાટણમાં માગ. વદ ૧૩ના શ્રી ધીરૂભાઈ તરફથી શાંતિસ્નાત્ર ભણાવાયું.

પાલીતાણામાં પુનઃ પ્રવેશ બાદ બીજા દિવસે પોષ વદ ૧ના નવાણું યાત્રા કરાવનાર મહાનુભાવોને અનેરા ઉલ્લાસ વચ્ચે માળ પહેરાવવામાં આવી.

અગે શ્રી સિદ્ધગિરિની તળેટીના ઉપરના ભાગે પૂજ્ય આચાર્યશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનથી 'શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન અને સમવસરણ મંદિર'નું વિશાળ અને ભવ્યાતિભવ્ય નિર્માણ થઈ રહ્યું છે. અહીં મહા સુદ ૧૪ ભુવનભાનુના પ્રભુજીને પ્રવેશ ખૂબ ધામધૂમપૂર્વક ભવ્ય રીતે કરવામાં આવ્યો. આ વિશાળ મંદિરનું નિર્માણકાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે. આ રીતે જો ૭–૮ મહિના કાર્ય ચાલશે તો આવતી સાલ માગશર મહિનામાં પ્રતિષ્ઠા થવા સંભવ છે. પૂજ્યોનું આગામી ચાતુર્માસ પણ શ્રી સાંડેરાવ જિનેન્દ્ર ભુવનમાં નક્કી થયું છે.

## પંડિતની જરૂર છે

પૂજ્ય સાધુ–સાધ્વીજી મ૦ સાહેબોને અભ્યાસ કરાવવા માટે કાવ્યો, ન્યાય અને વ્યાકરણાદિના ઉચ્ચ અભ્યાસી તથા સિદ્ધહેમ શબ્દાનુશાસનનાં અનુભવી ગુજરાતીમાં સમજાવી શકે તે। (બ્રાહ્મણ પંડિત) અગર સંસ્કૃત બે બુક, પ્રાકૃત, કર્મગ્રંથો તેમ જ કાવ્ય વગેરે ભણાવી શકે તેવા સારા અનુભવી જૈન શિક્ષકની જરૂર છે.

યોગ્યતા પ્રમાણે માસિક રૂા. ૧૦૦૦ થી ૨૦૦૦ સુધીનું વેતન આપવામાં આવશે. તો ઉંમર, અનુભવ અને અભ્યાસ આદિની વિગત સાથે જણાવવું.

ઉપરાંત મુનીમ, નામાદાર, કારકુન વગેરેની ઓફીસ સ્ટાફમાં જરૂર છે. યોગ્યતા પ્રમાણે વેતન અપાશે. વિગત સાથે અરજી કરવી.

સરનામું : સેક્રેટરીશ્રી,
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
સ્ટેશન રોડ, મહેસાણા–૩૮૪૦૦૧ (ઉ. ગુ.)

# સચિત્ર સસ્તવન ભક્તામર સ્તોત્ર ગ્રન્થનું પ્રકાશન

મંત્રશાસ્ત્રના પરમજ્ઞાતા પુ૦ આચાર્યશ્રી માનતુંગસૂરિજી મહારાજે રચેલા 'ભક્તામર સ્તોત્ર' ની એકેક ગાથા (શ્લોક) પર સમર્થ વિદ્વાન સ્વ૦ પુ૦ આચાર્યશ્રી વિજયધર્મધુરન્ધરસૂરિજી મહારાજે ગુજરાતીમાં રચેલા ૩૭ સ્તવનો અને તેઓશ્રીના શિષ્યરત્ન પુ૦ પંન્યાસશ્રી કુંદકુંદવિજયજી ગણિવરે રચેલા ૭ સ્તવનો; આ ૪૪ સ્તવનો; અને પુ૦ પંન્યાસશ્રી કુંદકુંદવિજયજી મ૦ની પ્રેરણાથી તેઓશ્રીની દેખરેખપુર્વક તથા જાણીતા પંડિત શ્રી મફતલાલભાઈ ગાંધીના પરિશ્રમપુર્વક તૈયાર કરાએલા દરેક ગાથાના ભાવને આલેખતા ૪૪ ચિત્રો અને આરાધનાની વિધિ સાથેના ૪૪ યંત્રોથી સંપાદિત એવા ઉપરોકત ગ્રન્થનું પ્રકાશન અમદાવાદ ખાતે શ્રી હઠીસીંગની વાડીના વિશાળ પટાંગણમાં, તા. ૪-૩-૮૪ ને રવિવારે શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈના વરદ હસ્તે કરવામાં આવનાર છે.

આ ગ્રન્થના પ્રકાશન નિમિત્તે તા ૩થી ત્રણ દિવસનો જિનેન્દ્રભક્તિ મહોત્સવ યોજવામાં આવ્યો છે. તા. ૪ના ગ્રંથના ઉદ્ઘાટન સમારોહ પ્રસંગે પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ૦ના વિશાળ તૈલચિત્રની અનાવરણ વિધિ ભંડારીયાવાળા હાલ મુલુન્ડનિવાસી શ્રી જિતેન્દ્રકુમાર રમણીકલાલના શુભ હસ્તે કરવામાં આવનાર છે. તદુપરાંત આ પ્રસંગે પાંચ છોડનું ઉજમણું પણ રાખવામાં આવ્યું છે.

### ઘાટકોપર–ગારોડીયાનગરમાં
### પુનીત પ્રવ્રજ્યા મહોત્સવ

ગારીયાધારના વતની હાલ ઘાટકોપર [મુંબઈ] નિવાસી શાહ શાંતિલાલ અમૃતલાલના સુપુત્રી ઉષાબહેન અને વોરા ગિરિશચંદ્ર ન્યાલચંદના સુપુત્રી હીનાબહેનની અત્રે પુનીત પ્રવ્રજ્યા મેવાડભૂષણ પુ૦ સૌભાગ્યમુનિજી મ૦ના વરદ હસ્તે મહા વદ ૩ના રોજ ચતુર્વિધ શ્રીસંઘની વિશાળ ઉપસ્થિતિમાં ખૂબ ઠાઠમાઠ અને ઉલ્લાસપુર્વક સુસમ્પન્ન થઈ છે. પુ૦ મુક્તિપ્રભાજી મહાસતિજીના અંતેવાસિની આ નૂતન દીક્ષાર્થીઓ થયા છે.

---

# જીર્ણોદ્ધારમાં સહયોગ આપવા નમ્ર વિનંતિ

રાજસ્થાન (મેવાડ) માં ભીલવાડા જિલ્લાના 'રાજાજી કા કરેડા' ગામે આવેલ ૭૦૦ વર્ષના પ્રાચીન વિશાળ શિખરબંધી જિનમંદિરનો આતતાઇઓએ વિનાશ કરતાં, તેમાં પ્રતિષ્ઠિત શ્રી શાંતિનાથ ભ૦ની ૩૧×૩૯ ઈંચની ભવ્ય પ્રતિમાજી આજ અત્રેના ઉપાશ્રયમાં બિરાજમાન છે. તેની પ્રતિદિન સેવા–પૂજા થાય છે લાંબા સમય બાદ પુ. આ. ભ. શ્રી કૈલાસસાગરસૂરિજી મ૦ સા૦ના પ્રશિષ્ય યુગદૃષ્ટા પુ. આ. ભ. શ્રી પદ્મસાગરસૂરિજી મ. સા.ની કૃપાદૃષ્ટિથી અને પુ૦ આ૦ ભ૦ શ્રી વિજયભુવનભાનુસૂરિજી મ૦ સા૦ના શિષ્ય મેવાડ દેશોદ્ધારક પુ૦ ગણિ શ્રી જિતેન્દ્રવિજયજી મ૦ સા૦ની પ્રેરણાથી આ મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલી રહ્યું છે.

આથી પ૦ પુ૦ આચાર્યભગવંતાદિ મુનિમહારાજો, સાધ્વીજીઓ તેમ જ ટ્રસ્ટો, સંસ્થાઓના માનનીય ટ્રસ્ટીવર્યો અને દાનવીર મહાનુભાવોને સાદર વિનંતી છે કે આ પવિત્ર કાર્યમાં તન–મન–ધનથી સહયોગ અપાવી–આપી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરો. રકમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી શ્રી શાંતિનાથ જૈન શ્વેતામ્બર મંદિર સેવા સમિતિ, પો. રાજાજી કા કરેડા–૩૧૧૮૦૪ (જિ. ભીલવાડા–રાજસ્થાન) એ નામે/સરનામે મોકલવા વિનંતી છે.

નિવેદક : વૈદ્ય કાલુલાલ જૈન–અધ્યક્ષ

---

## દાઠા તીર્થમાં આઠ દીક્ષાર્થીઓના વરસીદાનનો નીકળેલ ભવ્ય વરઘોડો

તાલધ્વજ (તળાજા) તીર્થની પંચતીર્થીમાં આવેલું અને કાચના કલાત્મક ચિત્રોથી જ્યાંનું દેરાસર ખૂબ પ્રસિદ્ધિને પામેલું છે એવા દાઠા તીર્થમાં મહા સુદ ૧૩ ને મંગળવારના રોજ શ્રી શાંતિનાથ ભ૦ની પ્રતિષ્ઠાની ૧૮૬મી સાલગીરી નિમિત્તે તેમ જ અહીંના વતની હાલ ભાવનગર નિવાસી સલેત ભોગીલાલ ચુનીલાલના સુપુત્રો મહેન્દ્રકુમાર અને રાજેન્દ્રકુમાર તેમજ તખતગઢ (રાજસ્થાન)ના મંજુલાબેન, લીલાબેન, સરોજબેન, લલિતાબેન, ડીસા નિવાસી વાસંતીબેન (જેઓ સૌ પુ૦ આ૦શ્રી વિજયભુવનભાનુસૂરિજી મ૦ના પ્રશિષ્ય પુ૦ મુનિશ્રી ગુણરત્નવિજયજી મ૦ની નિશ્રામાં તખતગઢ મુકામે ફાગણ સુદ ૭ના દીક્ષા ગ્રહણ કરનાર છે) અને મહુવા નિવાસી કુ. હર્ષાબેન દેશી (જેઓ પુ૦ આ૦શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં મહુવા મુકામે ચૈત્ર વદ ૬ના દીક્ષા ગ્રહણ કરનાર છે)—આ આઠે દીક્ષાર્થી ભાઈ–બહેનોના વરસીદાનના વરઘોડાના ઉપલક્ષમાં સલોત ચુનીલાલ દુર્લભદાસ તરફથી મહા સુદ ૧૦થી સુદ ૧૩ સુધીના ત્રણ દિવસનો મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

મહા સુદ ૧૩ના સવારે સાલગીરી પ્રસંગે દેશી ધરમશી કેશવજીભાઈ દાઠાવાળાએ, ધ્વજા ચઢાવવાનો ૩૫૬ મણ ઘીની બોલીથી આદેશ લઈ, ભાવિકોની વિશાળ મેદની અને અનેરા હર્ષોલ્લાસ વચ્ચે ધ્વજા ચઢાવી હતી. સવાર–સાંજ બન્ને ટાઇમનુ આ દિવસે સંઘજમણ રાખવામાં આવ્યું હતું.

આ જ દિવસે બપોરે આઠ દીક્ષાર્થીઓના વરસીદાનનો વરઘોડો મહુવાના બેન્ડ, બગી, જીપ અને ખુલ્લી મોટરમાં ભવ્યાતિભવ્ય રીતે નીકળતાં, તેને જોવા દાઠાના સમગ્ર આબાલવૃદ્ધો તેમ જ આજુબાજુના ગામોમાંથી કુલ ૫ હજારની જનમેદની ઉમટી હતી. તળાજા, ભાવનગર, મહુવા, મુંબઇ આદિથી પણ હજારેક જૈન ભાઈ–બહેનો પધાર્યા હતા, દાઠા તીર્થમાં આવો વરઘોડો પ્રથમવાર જ નીકળતા ગામ આખાનો ઉત્સાહ અને સાથ–સહકાર અદ્ભુત પ્રગટયો હતો. રાત્રે ૮–૩૦ વાગે આ દીક્ષાર્થી ભાઈ–બહેનોનો સન્માન સમારોહ તેમ જ દાઠા મહિલા મંડળની બહેનોને રાસ–ગરબા–નાટકનો કાર્યક્રમ ભુરી ભુરી અનુમોદનાપુર્વક યોજાયો. આ પ્રસંગે શ્રી રમણિકભાઈ, ભાવનગર–સામાયિક મંડળવાળા શ્રી ગજુભાઈ અને દીક્ષાર્થીઓએ 'મુમુક્ષુ' અને વૈરાગ્ય વિષે સુંદર વકતવ્ય કરેલ શ્રીસંઘ તરફથી દીક્ષાર્થીઓનું બહુમાન અને અભિનંદન પત્ર અર્પણ કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુંબઈના શ્રી પ્રકાશભાઈએ કર્યું હતું.

અહીં યાત્રાર્થે આવતા ભાવિકો માટે નવી ભોજનશાળા તથા અતિથિગૃહ બાંધવામાં આવતાં, શ્રીસંઘ તરફથી આ પ્રસંગે તેના ભોજનખંડનો આદેશ સલોત ચત્રભુજ ગુલાબચંદને અને બેઠકરૂમનો આદેશ ગાંધી નાગરદાસ મોતીચંદભાઈને આપવામાં આવેલ છે.

### વડોદરા–પ્રતાપનગર

પૂ૦ આ૦શ્રી વિજયભુવનશેખરસૂરિજી મ૦, પૂ૦ મુનિશ્રી મહિમાવિજયજી મ૦ આદિ અત્રે શ્રી શાસનસમ્રાટ સંઘના પ્રવિણ પૌષધાલયે ગત ચાતુર્માસ દરમ્યાન અનેરી શાસનપ્રભાવના પ્રવર્તાવી ત્યાંથી ડભોઈ થઈ પુનઃ અત્રે પધારતાં. મહા સુદ ૫ (વસંતપંચમી)ના પૂ૦ આચાર્યશ્રીના જન્મદિનની ઉજવણી શ્રીસંઘે ભકતામર સ્તોત્રપાઠ, પુજા, પ્રભાવના, આંગી, ભાવનાદિ સહ ઉલ્લાસપુર્વક કરી હતી. ડભોઈના સંગીતકાર અમૃતલાલભાઈ શ્રીમતી કોકીલબહેન તેમજ મહિલા મંડળની બહેનોએ પ્રભુભકિતમાં અનેરો રસ રેલાવ્યો હતો. તેઓ સૌનું શ્રીસંઘે તથા અન્ય ભાઈઓએ સ્ટીલના ગ્લાસ, રોકડ રકમ આદિ આપી બહુમાન કર્યું હતું.

પુ૦ આચાર્યશ્રીની પ્રેરણાથી અહીં જૈન પાઠશાળા શરૂ થઈ છે. અધ્યાપકના પગાર માટે તેમજ ઈનામી યોજના માટે શ્રીસંઘમાં સારું એવું ફંડ થયું છે. ચૈત્ર તથા આસો માસની ઓળી અને પારણાં કરાવવાનો પણ નિર્ણય થયો છે. અહીં નૂતન જિનાલય અને ઉપાશ્રય માટે જગ્યા લેવાઈ જતાં તેનું નિર્માણ કાર્ય ટુંક સમયથી શરૂ કરવામાં આવનાર છે.

# અમદાવાદમાં યોજાયેલ સુવર્ણચંદ્રક અર્પણ સમારોહ

જૈન ગ્રન્થોનું પ્રકાશક અને પ્રચાર-પ્રસારનું કાર્ય કરતી ભાવનગરની જાણીતી સંસ્થા શ્રી યશોવિજયજી જૈન ગ્રન્થમાળા દ્વારા જૈન સાહિત્ય ક્ષેત્રે વિશિષ્ટ સેવા અર્પનાર વિદ્વાનોનું 'શ્રી વિજયધર્મસૂરિ જૈનસાહિત્ય સુવર્ણચંદ્રક' અર્પણ કરી બહુમાન કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા જાણીતા વિદ્વદ્વર્યો પંડિત શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ (અમદાવાદ) અને ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ (મુંબઈ)ને એમની વિશિષ્ટ સાહિત્ય-સેવા બદલ સુવર્ણચંદ્રક આપવાનો નિર્ણય કરવામાં આવતાં, એ સુવર્ણચંદ્રકો અર્પણ કરવાનો એક સમારોહ અમદાવાદ ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદ ભવનમાં, તા. ૩/૩/૮૪ ને શનિવારના રોજ, શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ અને ઉદ્યોગપતિ શેઠશ્રી શ્રેણીકભાઈ કસ્તૂરભાઈના પ્રમુખપદે યોજવામાં આવેલ છે.



સુવર્ણચંદ્રકથી સન્માનિત
શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

## બાડમેર (રાજસ્થાન)

ખરતરગચ્છીય સંઘસ્થવિર પૂ૦ આ૦શ્રી જિન ઉદયસાગરસૂરિજી મ૦, પ્રસિદ્ધ વક્તા પૂ૦ મુનિરાજશ્રી મહોદયસાગરજી મ૦, તપસ્વી મુનિશ્રી પૂર્ણાનંદસાગરજી મ૦ આદિ તા. -૨-૮૪ના રોજ બાડમેર પધારતાં ભવ્ય શોભાયાત્રા સાથે ખૂબ ઠાઠ અને ભક્તિભાવથી નગરપ્રવેશ થયો હતો. પ્રવેશ બાદ આયોજિત સ્વાગત સમારોહમાં સ્વાગત સભાના સદસ્ય પંડિત દેવદત્તજી તિવારી, બાડમેર નગરપાલિકાના પ્રમુખ શ્રી સુલતાનમલજી જૈન, બાડમેર શ્રી ધનાં મંત્રીશ્રી નેનમલજી જૈન વગેરેએ પુજ્ય આચાર્યશ્રીના આગમનથી હર્ષ વ્યક્ત કરેલ. પૂ૦ આચાર્યશ્રી અને પ્રસિદ્ધ વક્તા મુનિરાજશ્રીએ આ પ્રસંગે પ્રેરક પ્રવચન આપતાં બાડમેર જનતાની ધર્મ-ભક્તિની સરાહના કરી ભગ૦ મહાવીરના માર્ગે ચાલવા અને માનવ ઉપયોગી કાર્યો વધુ કરવા પ્રેરણા આપી હતી.

રવિવાર, તા. ૫ના અત્રે મહાવીર ચોકમાં પૂ૦ આચાર્યશ્રીની સાનિધ્યમાં પૂ૦ મુનિશ્રી મહોદયસાગરજી મ૦નું 'અણમોલ માનવજીવન' વિશે મનનીય અને તલસ્પર્શી જાહેર પ્રવચન થયેલ. વિશાળ સંખ્યામાં માનવમેદની થઈ હતી.


**૧૦૦ ટકા શુદ્ધ કમલ છાપ કેસર સ્પેશ્યલ ક્વોલીટી**

જે સ્પેનથી પણ રંગ, સુગંધ અને ગુણોમાં ઊંચી ક્વોલીટીની ગેરંટી સાથે
૧, ૨, ૩, ૫, અને ૧૦ ગ્રામના સીલબંધ પેકીંગમાં મળે છે.

**રાજસ્થાન ટ્રેડર્સ** : ૨૯૧, સેમ્યુઅલ સ્ટ્રીટ, વડગાદી, મુંબઈ-૪૦૦ ૦૦૩
ફોન : ૩૨ ૭૧ ૧૩

બ્રાંચ : ૬૨૮, કટરા, ઈશ્વર ભવન ખારી બાવલી, દિલ્હી-૬ ફોન : ૨૫૧૯૭૫ : ૨૫૨૪૭૩

## પાલીતાણામાં ગણિપદ પ્રદાન અને શ્રી સમુદ્રવિહાર (ઢઢ્ઢાભવન)નું ઉદ્ઘાટન

પરમાર ક્ષત્રિયોદ્ધારક પૂ૦ આ૦શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિજી મ૦ની નિશ્રામાં પૂ૦ મુનિશ્રી રત્નાકરવિજયજી મ૦ને ગણિપદ પ્રદાન તેમ જ બીકાનેર નિવાસી શ્રી ધનરાજજી, શ્રી તિલોકચંદજી, શ્રી કપૂરચંદજી ઢઢ્ઢા પરિવાર દ્વારા તલાટી રોડ પર બાલાશ્રમની સામે નવનિર્મિત 'શ્રી સમુદ્રવિહાર જૈન ધર્મશાળા ઢઢ્ઢા ભવન'નું દ્વારોદ્ઘાટન ફાગણ સુદ ૨ રવિવારના રોજ કરવામાં આવનાર છે. આ શુભ પ્રસંગોને અનુલક્ષી શ્રી ઢઢ્ઢા પરિવાર તરફથી નવનિર્મિત ધર્મશાળામાં સિદ્ધચક્ર મહાપૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ મહા વદ ૧૩થી ફાગણ સુદ ૨ સુધી ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

## ફલોદીમાં દીક્ષા મહોત્સવ

પૂ૦ આ૦શ્રી જિનકાંતિસાગરસૂરિજી મ૦ની નિશ્રામાં શ્રી લક્ષ્મીલાલ ભંવરલાલ ગુલેચ્છા તરફથી, તેમના પરિવારની ત્રણ બહેનો–સરલકુમારી, મંજુકુમારી અને સંજુકુમારીની ફા. સુદ ૮ બુધવારના ભાગવતી દીક્ષા નિમિત્તે અત્રે જૈન ન્યાતી નોહરામાં અષ્ટાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.


શ્રદ્ધા - એ સફળતાની ચાવી છે–
આ રહસ્યને પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવી લ્યો.
કિંમત રૂા. ૨૫/-
**મંત્રસાર**
સંપાદક: નરોત્તમદાસ નગીનદાસ શાહ
જેમાં સમાયેલ છે– – અનેક મંત્રોનો અધિક સંગ્રહ–
નવકાર મંત્ર સંગ્રહ
રક્ષા મંત્રો
દ્રવ્ય પ્રાપ્તિના મંત્રો
કાર્યસિદ્ધિના મંત્રો
વ્યાપાર લાભ મંત્રો
વેરીનાશ અને વસ્તુ વિક્રય મંત્રો
પરદેશ લાભ મંત્રો
વશીકરણ મંત્રો
દક્ષિણાવર્ત શંખની વિધિ
વિદ્યા પ્રાપ્તિ મંત્રો
સરસ્વતિ મંત્રો
ભૂત-પ્રેત નિવારણ,
સર્પ ભય નિવારણ,
રોગ નિવારણ,
– તેમજ
અનેક પ્રકારના મંત્રો
સંગ્રહ
મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
મુંબઈ-૨


## સિરોહી (રાજ.)થી શંખેશ્વરજીનો છ'રી પાળતો સંઘ

સિરોહી (રાજસ્થાન)થી શંખેશ્વરજી મહાતીર્થનો છ'રી પાળતો સંઘ પૂ૦ આ૦શ્રી વિજયસુશીલસૂરિજી મ૦ની નિશ્રામાં શા. દલીચંદ પુનમચંદ ખાવેસરા [બાગરાવાળા] તરફથી ફાગણ સુદ બીજ ૩ મંગળવારના શુભ દિને નીકળનાર છે. પદયાત્રા સંઘના પ્રયાણ નિમિત્તે મહા વદ ૧૦થી પંચાહ્નિકા મહોત્સવ ઉજવાનાર છે. આ છ'રી પાળતો સંઘ સિરોહીથી બામણવાડજી, નાન્દીયા, લોટાણા, જીરાવલા, વરમાણ, ચારૂપ, પાટણ, ચાણસ્મા, કંબોઈ આદિ થઈ શંખેશ્વર પધારશે જ્યાં ફાગણ વદ ૧૩ શુક્રવારના તીર્થમાળ પહેરાવવામાં આવશે.

## કેસૂર (જિ૦ ધાર-મધ્યપ્રદેશ)માં પ્રતિષ્ઠા મહોત્સવ

પૂ૦ મુનિરાજશ્રી જિનચંદ્રસાગરજી મ૦, પૂ૦ મુનિશ્રી હેમચંદ્રસાગરજી મ૦ આદિની નિશ્રામાં અત્રે શ્રી પાર્શ્વનાથ આદિ જિનબિંબો, યક્ષ-યક્ષિણીની મૂર્તિઓ તથા ધ્વજ-દંડ, કલશની પ્રતિષ્ઠા ફાગણ સુદ ૩ સોમવારના કરવામાં આવનાર છે. આ પ્રસંગે આયોજિત પંચાહ્નિકા મહોત્સવ દરમ્યાન શાંતિસ્નાત્ર, રથયાત્રા, પ્રાતઃદિન સાધર્મિકવાત્સલ્ય તેમ જ વિવિધ પૂજાઓ, ભાવના, પ્રભુજીને અંગરચનાદિ ખૂબ ઠાઠથી ઉજવાશે.

## મહેસાણાથી નાકોડાજી તીર્થનો નીકળેલ યાત્રાસંઘ

શાહ ભંવરલાલ પૃથ્વીરાજ સંઘવી (ઉદેપુરવાળા) એ પૂ૦ મેવાડકેશરી આ૦ શ્રી વિજયહિમાચલસૂરિજી મ૦ની કૃપાદૃષ્ટિથી મહેસાણાથી નાકોડાજી તીર્થનો ૧૨ બસો દ્વારા યાત્રાસંઘ કાઢી પ્રભુભક્તિ, તીર્થભક્તિ અને સાધર્મિકભક્તિનો ઉદાર દિલે લાભ લીધો. તા. ૧૬/૨/૮૪ના મહેસાણામાં નવકારશીનું જમણ રાખી અને તા. ૧૭ના પ્રયાણ કરી આબુ દેલવાડા, બ્રાહ્મણવાડજી, જાલોર થઈ નાકોડાજી આગમન અને તા. ૧૯ના પૂ૦ પ્રવર્તક મુનિશ્રી લક્ષ્મીવિજયજી મ૦ની નિશ્રામાં તીર્થમાળ, પૂજા, આંગી વગેરેનો સુંદર લ્હાવો લીધો હતો.

## કોટ (મુંબઈ)ના શ્રી શાંતિનાથ દેરાસરની ૧૭૫મી વર્ષગાંઠ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ

મુંબઈ- સૌ પ્રથમ બંધાયેલા કોટના શ્રી શાંતિનાથ દેરાસરને આ વર્ષે મહા વદ ૫ના ૧૭૫ વર્ષ પૂર્ણ થતાં તે નિમિત્તે મહા સુદ ૧૨થી વદ ૫ સુધાનો અષ્ટાહ્નિકા મહોત્સવ પૂ૦ પં. શ્રી દોલતસાગરજી મ૦ આદિની નિશ્રામાં સિદ્ધચક્ર મહાપૂજન, શાંતિસ્નાત્ર, પ્રભુજીને અંગરચના, ભાવના, વિવિધ આકર્ષક રચનાઓ, રોશની તેમ જ સાધર્મિક ભક્તિ, અનુકંપાદાન, અભયદાન આદિ કાર્ય પૂર્વક ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો.

કોટના આ પ્રાચીન દેરાસરના મૂળનાયક શ્રી શાંતિનાથ ભ૦ના પ્રતિમાજી અગાઉ અમદાવાદના કોઈ દેરાસરમાં હતી જે ત્યાંથી ગાડામાં સુરત અને સુરતથી મુંબઈ વહાણમાં લાવવામાં આવી હતી આજથી ૧૭૫ વર્ષ પહેલા વિ. સં. ૧૮૬૫ના મહા વદ પાંચમને રોજ શેઠશ્રી મોતીશા અમીચંદના ભાઈ શેઠશ્રી નેમચંદભાઈએ આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરીને શ્રીસંઘને આ દેરાસર અર્પણ કરેલ હતું.

આધુનિક મુંબઈનો પાયો ૨૦૦ વર્ષ પહેલાં કોટ વિસ્તારમાં જ નંખાયો હોવાથી સ્હેજે અનુમાન થઈ શકે કે સૌ પ્રથમ દેરાસર અહીં બંધાયું હોય.

મુંબઈનો પાયો કોટમાં નંખાયા બાદ વેપારધંધાર્થે વેપારીઓ કોટની 'બહાર' એટલે કે 'બારકોટ' જે અત્યારે કાલબાદેવી, ઝવેરીબજાર, પાયધુની, માંડવી વગેરે તમે જાણીતે વિસ્તાર છે ત્યાં જવા લાગ્યા. કોટના દેરાસરની પ્રતિષ્ઠા બાદ બે વર્ષે અહીં પાયધુની પાસેનું ગોડીજી પાર્શ્વનાથનું જિનાલય બંધાયું ત્યાર પછી ભાયખલાનું શ્રી મોતીશા શેઠનું દેરાસર, માંડવીનું શ્રી અનંતનાથજીનું દેરાસર વગેરે બંધાયા.

## ભાલુસણામાં પ્રતિષ્ઠા અને પ્રવ્રજ્યા

તારંગા પાસે આવેલા ભાલુસણા ગામે જીર્ણોદ્ધાર થયેલ શ્રી આદિનાથ જિનપ્રાસાદમાં શ્રી આદિનાથ આદિ ભગવંતોની અને નવનિર્મિત શ્રી પાર્શ્વનાથ જિનપ્રાસાદમાં શ્રી પાર્શ્વનાથ ભગવંતના પ્રતિષ્ઠા તેમ જ અગેના વતની મુમુક્ષુ શ્રી જયંતીલાલ આદિતેર મની ભગવતી દીક્ષા પૂ૦ મુનિશ્રી જયકુંજરવિજયજી મ૦ની નિશ્રામાં ફાગણ સુદ ૭ શનિવારના રોજ યોજાનાર છે. આ પ્રસંગે ૧૨ દિવસના શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અગેના ઉપાશ્રયનો પણ જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હોય મહા વદ ૧૦ના રોજ તેનું ઉદ્ઘાટન થયું છે.

## મુંબઈ-ભાયખલામાં ઉપધાનતપ માળારોપણ મહોત્સવ

પૂ૦ આ૦ શ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં પૂ૦ મુનિશ્રી પ્રભાકરવિજયજી મ૦ની પ્રેરણાથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન ટ્રસ્ટ તથા શ્રી ઉપધાનતપ સમિતિના ઉપક્રમે પોષ સુદ ૪થી અત્રે શ્રી આદીશ્વરજી જૈન મંદિરના પટાંગણમાં શરૂ થયેલ ઉપધાનતપની આરાધના અનેરા ઉલ્લાસ વચ્ચે પૂર્ણ થવા આવતાં તેના માળારોપણ પ્રસંગે ૧૫ છોડના ઉદ્યાપન સાથે શ્રી પાર્શ્વપદ્માવતી પૂજન તથા શ્રી શાંતિસ્નાત્ર યુક્ત ૧૧ દિવસનો જિનેન્દ્રભક્તિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો છે. માળાનો વરઘોડો મહા વદ ૯ના અને માળારોપણ વિધિ મહા વદ ૧૦ના યોજાઈ હતી.


ઉજમણાના કલાત્મક

છોડ માટે સુપ્રસિદ્ધ પેઢી

અમો પ્રાચીન તથા અર્વાચીન ડીઝાઈનોમાં કુશળ કારીગરોના હાથે ઊંચામાં ઊંચો જરી-લેસ વાપરી કલાત્મક છોડો અમારી જાતી દેખરેખ નીચે બનાવીએ છીએ.

એક વખત પધારી ખાત્રી કરવા વિનંતી.

મ. રેશમા ટેક્ષટાઈલ

૮/૧૬૨૭, ગોપીપુરા, મેઇન રોડ,
કુંથુનાથ દેરાસર સામે, સુરત-૩૯૫૦૦૧
ફોન : ૨૩૫૫૭ : ૩૨૪૬૧ : ૩૨૪૭૨

* તા. ક. : છોડો હાજર સ્ટોકમાં પણ મળશે *

### ગઢડા મહાજન પાંજરાપોળને રૂપિયા ૫૧,૧૧૧નું દાન

શ્રી ગઢડા મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટના માનદ્ મંત્રીશ્રી જયંતીલાલ નાનચંદ ડેલીવાળાની વિનંતીથી, મુંબઈથી, શ્રી અનિરૂદ્ધભાઈ હીરચંદ દોશી (દેપલાવાળા) કુટુંબ સાથે ગઢડા પાંજરાપોળની મુલાકાતે તાજેતરમાં પધારતાં; ત્યાંની વ્યવસ્થા—જાનવરો માટે પાકા સ્લેબવાળા પશુઘરો, ચોકખા પાણીની અવેડીઓ, પાકી ગમાણો, અશકત જાનવરોને ચાવવામાં સરળ બને તે માટે ઘાસનો ભુકો બનાવવાનું સીફ્ટ કટર, ગરમીથી રક્ષણ આપતા વિશાળ પાડાગાથ-શિતલ કેન્દ્ર, ડોક્ટરી વ્યવસ્થા, એક બીજાને ચેપ ન લાગે તે માટે પશુઓને અલગ અલગ રાખવાની વ્યવસ્થા વગેરે જોઈ ખૂબ પ્રભાવિત બનેલ, અને જીવદયાપ્રેમી શ્રી રાયચંદ નાનચંદ દોશી [દેપલાવાળા]ની પ્રેરણાથી રૂ. ૫૧,૧૧૧ની માતબર રકમનું દાન પણ કર્યું હતું.

### ઘાટકોપર—નવરોજી લેન

અત્રે શ્રી મુનિસુવ્રતસ્વામી જિનપ્રાસાદના પટાંગણમાં તૈયાર થયેલ નૂતન ઉપાશ્રયના ગ્રાઉન્ડફ્લોરના વિશાળ હોલનો આદેશ શ્રીસંઘ તરફથી મહુવા નિવાસી દોશી રતિલાલ દીપચંદને આપવામાં આવતાં, તેમના સ્વ. સુપુત્ર વિજયકુમારની પુણ્યસ્મૃતિ નિમિત્તે પ્રસ્તુત હોલનું 'શ્રી વિજય ભક્તિ ખંડ' નામાભિધાન કરવા સાથે તેનો ઉદ્ઘાટન સમારોહ તા. ૨૯-૧-૮૪ના રોજ સાનંદ સમ્પન્ન થયેલ છે. આ પ્રસંગે શ્રી દોશી પરિવાર તરફથી પૂ૦ પં. શ્રી સૂર્યોદયવિજયજી મ૦ની નિશ્રામાં શાંતિસ્નાત્ર સહ ત્રણ દિવસનો મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

### વડોદરા-ફતેપુરાના શ્રી શં પાર્શ્વનાથ જિનાલયે પ્રભુપ્રવેશ

વડોદરા, ફતેપુરા મેઈન રોડ પર આવેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયના જીર્ણોદ્ધારનું કાર્ય સુંદર અને સરસ રીતે આગળ વધી રહ્યું છે આ જિનાલયને ગભારો તૈયાર થઈ જતાં તેમાં પ્રભુજીનો પ્રવેશ મહા સુદ ૧૪ ને બુધવારના કરાવવાનો નિર્ણય લેવાતાં તેના આગલા દિવસે મંગળવારે મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સહિત બધા જ પ્રભુજીની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. અને બુધવારના સવારે એ બધા જ પ્રભુજીનો પ્રવેશ જિનાલયના ગભારામાં ખૂબ ધામધૂમ અને ભક્તિભાવથી કરવામાં આવ્યો છે. આ શુભ પ્રસંગે પૂ૦ આ૦શ્રી વિજયસૂર્યોદયસૂરિજી મ૦, પૂ૦ પં૦શ્રી પ્રમોદચંદ્રવિજયજી મ૦, પૂ૦ મુનિશ્રી અરવિંદવિજયજી મ૦ આદિ શ્રમણગણ અને વિશાળ સાધ્વીગણ પધારતાં ઉલ્લાસમાં ખૂબ વૃદ્ધિ થઈ હતી. આ પ્રસંગે સાધર્મિકવાત્સલ્ય, પ્રભાવના વગેરેનો પણ સુંદર આયોજનપૂર્વક લાભ લેવામાં આવેલ

## 'જૈન'નો આગામી વિશેષાંક: નમ્ર વિનંતિ

ભગવાન મહાવીરસ્વામીના જન્મકલ્યાણકના પાવન પ્રસંગને અનુલક્ષી 'જૈન' પત્ર દ્વારા આગામી ચૈત્ર સુદિ તેરસના દિને શ્રી મહાવીર પરમાત્માના જીવન અને કવનને આલેખતા વિશિષ્ટ લેખો-વાર્તાઓથી સમૃદ્ધ એવો 'ભ૦ મહાવીર જન્મકલ્યાણક વિશેષાંક' પ્રગટ કરવામાં આવનાર છે.

● આ વિશેષાંકમાં પ્રગટ કરવા માટે પૂજ્ય વિદ્વદ્વર્યોને પોતાની મૌલિક કૃતિઓ મોકલવા હાર્દિક નિમંત્રણ છે.

● જૈન તીર્થો, સંઘો અને સાહિત્ય, જીવદયા આદિ વિવિધ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓના ટ્રસ્ટીઓને આ વિશેષાંકમાં તેમની વર્તમાન પ્રવૃત્તિને પ્રબળ બનાવવા અને સહયોગ મેળવવા જાહેરાત આપી પ્રચાર-પ્રસારનો લાભ લેવા નમ્ર વિનંતિ છે.

● જૈન સમાજના ઉદારદિલ મહાનુભાવોને આ વિશેષાંકમાં એમની ફર્મ/પેઢી/કારખાનાની જાહેરખબર આપી સહયોગી બનવા નમ્ર વિનંતિ છે.

JAIN OFFICE–BHAVNAGAR  Regd. No. G. BV. 20

વીર સં. ૨૫૧૦ ફાગણ વદ ૧૪
શનિવાર તા. ૩૧ માર્ચ ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૨૦)
આજીવન સભ્ય રૂા. ૩૦૧)
જાહેરખબરના પેજના રૂા. ૩૦૦)
: મુદ્રણસ્થાન :
સરયૂ પ્રિન્ટરી, સોનગઢ

# જૈન

વર્ષ : ૮૧ ● અંક : ૫

: સ્વ૦ તંત્રી :
શેઠ ગુલાબચંદ દેવચંદ
પ્રકાશક : સંપાદક : મુદ્રક
વિનોદ ગુલાબચંદ શેઠ
: કાર્યાલય :
'જૈન' પત્રની ઓફિસ
વડવા, ભાવનગર–૩૬૪ ૦૦૧

જૈન સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરવા બદલ જાણીતા વિદ્વાનો

# પં. રતિલાલ દી. દેસાઈ અને ડો. રમણલાલ ચી. શાહને

## અર્પવામાં આવેલ શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક

જૈન સાહિત્યના સંશોધન–પ્રકાશન માટે જાણીતી સંસ્થા શ્રી યશોવિજયજી જૈન ગ્રન્થમાળા–ભાવનગર દ્વારા જૈન સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનારા સાહિત્યકારોને 'શ્રી વિજયધર્મસુરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક' અર્પણ કરવામાં આવે છે. આ અન્વયે જાણીતા વિદ્વાનો પં. રતિલાલ દીપચંદ દેસાઈ અને ડો. રમણલાલ ચીમનલાલ શાહને સુવર્ણચંદ્રક અર્પતો એક વિશિષ્ટ સમારોહ અમદાવાદ ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં, તા. ૩–૩–૮૪ ને શનિવારના રોજ, શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈની અધ્યક્ષતામાં અને અનેક વિદ્દજનોની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

સમારંભના આરંભમાં શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાની જ્ઞાન પ્રચાર–પ્રસારની વિવિધ પ્રવૃત્તિઓની વિગતો આપતા સંસ્થાના મંત્રીશ્રી ડો. કુમારપાળ દેસાઈએ કહ્યું : "નવયુગપ્રવર્તક આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની જ્ઞાન અને કેળવણીના સર્વાંગી વિકાસ માટે વિશ્રામ નહોતો. વિદ્યાલયો અને વિદ્યાર્થીઓને તૈયાર કરી સમાજ અને દેશને ચરણે મુકવાની એમને તમન્ના હતી. આ૦ શ્રી વિજયધર્મસૂરીશ્વરજીને મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ તરફ અનન્ય ભક્તિ હોવાથી પોતે સ્થાપેલી દરેક સંસ્થામાં પોતાનું નામ મુકવાને બદલે યશોવિજયજીનું નામ મુકતા. શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાએ જ્ઞાનજ્યોતને પ્રકાશમાં રાખવા બસ્સો જેટલાં પુસ્તકો આજ સુધીમાં પ્રગટ કર્યા છે. વળી સંસ્થાએ એના સ્થાપકના નામથી શ્રી વિજયધર્મસુરિ જૈનસાહિત્ય સુવર્ણચંદ્રકની યોજના કરી છે. તે અન્વયે પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી, શ્રી મોતીચંદભાઈ કાપડિયા, પંડિતવર્ય બેચરદાસ દોશી, મુનિશ્રી જિનવિજયજી, આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી, પં. લાલચંદભાઈ ગાંધી, શ્રી ભોગીલાલ સાંડેસરાને, તેઓના જૈન સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન બદલ, સુવર્ણચંદ્રક અર્પણ કરીને સંસ્થાએ પોતાનું ગૌરવ વધાર્યું છે. જૈન સાહિત્ય, સંશોધન અને પત્રકારત્વના ક્ષેત્રે મહત્વનું પ્રદાન કરનારા પં. રતિલાલ દી. દેસાઈ અને ડો. રમણલાલ ચી. શાહનું આજે સન્માન કરતાં સંસ્થા આનંદની લાગણી અનુભવે છે."

વક્તવ્યનો પ્રારંભ થયો પં. દલસુખભાઈ માલવણિયાથી. તેઓએ કહ્યું કે રતિભાઈ કામના આગ્રહી છે. એમણે આણંદજી કલ્યાણજી પેઢીનો ઇતિહાસ લખવા માટે ૨૫૦–૩૦૦ વર્ષ જુના પોટલાઓ ફેંદીને કોઈપણ ઈતિહાસકારને યશ અપાવે તેવી કામગીરી બજાવી છે. શ્રી રમણલાલ ચી. શાહ તો આજે ચીમન

લાલ ચકુભાઈને સ્થાને બિરાજે છે અને એમણે એમની શકિત અને પ્રવૃત્તિથી આ માટેની યોગ્યતા સિદ્ધ કરી છે. તાજેતરમાં એમનું અત્યંત રસપ્રદ પુસ્તક ‘પાસપોર્ટની પાંખે’ વાંચી ગયો. એમાં લેખનની કુશળતા તો છે જ, પરંતુ જ્યાં જ્યાં માનવતાનાં બીજ પડયાં છે તેને પ્રકટ કરવા પ્રયાસ કર્યો છે.

આ પછી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી યશવંત શુકલએ એમની આગવી ગદ્યછટા સાથે કહ્યું કે રતિભાઈ અને રમણભાઈ બંનેમાં એક ધર્મભાવ જોવા મળે છે. શ્રી રતિભાઈએ વાર્તાઓ, ચરિત્રો અને અને સંક્ષિપ્ત પરિચયો પણ લખ્યાં છે. સ્વ. ‘સુશીલ’નો વારસો મેળવીને ‘જૈન’ પત્રનું નિર્ભયપણે સંપાદન કર્યું છે. તેઓ તીખું બોલી શકે છે, તથા સ્પષ્ટકથન કરી શકે છે. સાચકલા જીવ અને અપરિગ્રહ મનોદશાને કારણે કંઈક મળવાનું હોય તેમાંથી પણ ઓછું લે છે. સીડસ મરચન્ટ એસોસીએશનમાં રહ્યા છતાં કદી સટ્ટો કર્યો નહિ. કાજળની કોટડીમાં રહેવું અને જરા પણ ડાઘ પડવા દેવો નહિ એ સાવધાની એમની અધ્યાત્મરતિ સૂચવે છે.

ડૉ. રમણલાલ ચી. શાહ વિશે યશવંતભાઈએ એક નવું જ નિરીક્ષણ આપ્યું. એમણે કહ્યું કે રમણભાઈમાં જીવનની મસ્તીવાળું અને ધર્માનુરક્ત બે પ્રકારનું વ્યકિતત્વ સમાયેલું છે. એમણે સમગ્ર વિશ્વનો પ્રવાસ ખેડયો છે. એકેય ખંડ બાકી રાખ્યો નથી. ‘પાસપોર્ટની પાંખે’ કેટલું બધું રોચક બન્યું! જૈન અને અહિંસક હોવા છતાં એમણે લશ્કરી તાલીમ લીધી છે. નાનપણમાં ચિત્રકાર થવાની એમની ઈચ્છા હતી, પણ રંગરેખાના ચિત્રો આલેખવાને બદલે શબ્દચિત્રો આલેખવાનો વ્યવસાય એમણે સ્વીકાર્યો અને ખંતથી નભાવ્યો. એમણે જૈન સાહિત્યમાં ઊંડું અવગાહન કર્યું છે. ચીમનભાઈના અનુગામી તરીકે આવ્યા અને સરસ કામ કરે છે. રમણભાઈના જીવનનો વ્યાપ પ્રશંસવા જેવો છે.

> જેમ માતા સવારથી રાત સુધી કામ કરે અને તેનું જો બીલ કરવામાં આવે તો ભગવાનને પણ દેવાળુ કાઢવું પડે. એ જ પ્રમાણે જો સંસ્કાર સેવકોની રૂપિયામાં મોજણી કરવામાં આવે તો કોઈપણ સમાજ એ વળતર ન આપી શકે.
>
> —કવિશ્રી ઉમાશંકર જોષી.

ડૉ. ધીરૂભાઈ ઠાકરે આ બંને વ્યકિતઓના જીવનના સમાન તત્ત્વો તારવીને આકર્ષક રીતે રજૂ કર્યા. એમણે કહ્યું કે ખંત, નિષ્ઠા, વિદ્યાપ્રીતિ અને સ્વપુરુષાર્થથી આગળ આવવાની ધગશ બંને મહાનુભાવોમાં જોવા મળે છે. રતિભાઈને છેલ્લા ચાર દાયકાથી ઓળખું છું અને એમના સૌજન્ય, નમ્રતા, સાદાઈ, સત્યનિષ્ઠા અને નિખાલસતા જેવા ગુણો મને સતત આકર્ષતા રહ્યા છે. જે કામ ઉપાડે તેમાં ખૂબ ઊંડા ઊતરે. એમની ચીવટ, ઝીણવટ અને બહુશ્રુતતા એ બધાંનો પરિચય સતત થતો રહ્યો છે. શ્રી રમણલાલ ચી શાહે નાટકોથી શરૂઆત કરી પ્રવાસ અને ચરિત્રો લખ્યા. પણ વિવેચન એમનું મુખ્ય કાર્યક્ષેત્ર છે. એમની વિશાળ દૃષ્ટિ જુદા જુદા ક્ષેત્રોમાં ફરી વળનારી છે. એમણે એમના વિવેચનસંગ્રહોના નામ પણ બૌદ્ધ પ્રાકૃત અને રશિયન ભાષામાંથી લઈને આપ્યા છે. રમણભાઈનું વ્યકિતત્વ બહુમુખી પ્રતિભાવાળા અધ્યાપકનું કહી શકાય.

આ પ્રસંગે કવિ શ્રી ઉમાશંકર જોશીએ કહ્યું કે આજનો પ્રસંગ એક મધુર પ્રસંગ છે. આ સંસ્કાર સેવકો પોતાની જાત ઘસીને પ્રજાની સંસ્કારસમૃદ્ધિમાં ઉમેરો કરતાં હોય છે. ધૂપસળીની પેઠે બળીને ચોમેર સુગંધ ફેલાવતાં હોય છે. એમનું વળતર તો કોઈ સમાજ આપી જ ન શકે. જેમ માતા સવારથી રાત સુધી કામ કરે અને તેનું જો બીલ કરવામાં આવે તો ભગવાનને પણ દેવાળુ કાઢવું પડે. એ જ પ્રમાણે જો સંસ્કારસેવકોની રૂપિયામાં મોજણી કરવામાં આવે તો કોઈપણ સમાજ એ વળતર ન આપી શકે. પં. સુખલાલજી, મુનિ જિનવિજયજી અને પં. બેચરદાસજીની ત્રિપુટીને દલસુખભાઈ અને રતિભાઈની મૂંગી હાજરીનો પણ પોરસ ચડે. સગા દીકરા પણ ન કરે તેવી હૂંફ આપતા મેં આ બંનેને જોયા છે.

શ્રી રમણલાલ ચી. શાહ વિશે ઉમાશંકરભાઈએ કહ્યું કે તેઓ અધ્યાપક, લેખક અને વિવેચક છે, પરંતુ

મને સૌથી વધુ સ્પર્શી ગયેલી બાબત તો એમની પારદર્શક સરળતા છે. ભૃગુરાય અંજારિયા વિશે ગુજરાતીમાં કોઈએ સારામાં સારો લેખ લખ્યો હોય તો તે રમણલાલભાઈએ લખ્યો છે. ચીમનભાઈએ 'પ્રબુદ્ધ જીવન'ને ધન્ય કર્યું. આજે રમણભાઈ એ કામ સરસ રીતે ચલાવે છે. આ બંનેને હું હૃદયથી પ્રણિપાત કરું છું, સાથોસાથ એક વિનંતી કરું છું કે ગુજરાતી ભાષા એ જૈન સમાજની દેણ છે. ગ્રીયર્સને કહ્યું છે કે હિંદુસ્તાનની કોઈ પણ ભાષામાં દસકે દસકે થતાં પરિવર્તનો કેવળ ગુજરાતી ભાષામાં જ અંકાયેલા મળે છે. જૈનસમાજના રૂડા પ્રતાપ કે એમણે આ બધા ગ્રંથો સાચવ્યા છે. આ સદી પૂરી થાય તે પહેલાં રમણભાઈ–રતિભાઈ જેવાઓએ તથા કુમારપાળ જેવા નવા સાથીઓએ આ બધા ભંડારોમાં પડેલા ગુજરાતી સાહિત્યના ગ્રંથોને વૈજ્ઞાનિક રીતે સંશોધિત–સંપાદિત કરીને તૈયાર કરવા જોઈએ. અને શ્રી શ્રેણિકભાઈ જેવાઓએ પ્રકાશન કાર્યમાં મદદ કરવી જોઈએ. આ સદીમાં જૈનસમાજનું આ એક મોટું કામ છે તે આપણે નહિ કરીએ તો આપણે માથે આળ આવશે.

સમારંભના પ્રમુખ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈએ બંને વિદ્વાનોને સુવર્ણચંદ્રક એનાયત કર્યા, અને કહ્યું કે આ સંસ્થાની આવા વિદ્વાનોના સન્માનની પ્રણાલિકાને હું અભિનંદન આપું છું. શ્રી રતિભાઈએ લખેલ. આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસનો પ્રગટ થયેલો પહેલો ભાગ જ એમની સંશોધક, સાધક અને કર્મનિષ્ઠ પ્રતિભાનો પરિચય આપવા માટે પુરતો છે. એમની સૂક્ષ્મ સંશોધનવૃત્તિ અને વિગતોની પુરી ચોકસાઈ આમાં દેખાય છે. આજના સમયમાં વિરલ એવી સાદાઈ, નિષ્ઠા અને સચ્ચાઈ એમના જીવનમાં છે. જ્યારે રમણલાલ ચી. શાહના ધર્મ, સમાજ અને સાહિત્ય સેવાનાં કાર્યોની વાત કરતાં શ્રી શ્રેણિકભાઈએ કહ્યું કે એમણે વિવેચન, ચરિત્ર, સંશોધન અને પ્રવાસકથા લખ્યાં છે, પણ સૌથી વધુ તો મધ્યકાલીન ગુજરાતી જૈન કવિઓની નવ જેટલી કૃતિઓનું એમણે કરેલું સંપાદન મુખ્ય ગણાય આજે જ્યારે મધ્યકાલીન સાહિત્યના સંશોધનનું વહેણ સૂકાતું જાય છે ત્યારે રમણભાઈનું કાર્ય પ્રેરક બનશે. તેઓની લંડન અને લેસ્ટરના જૈન સેન્ટરના ઓનરરી ડીરેક્ટર તરીકે નિમણૂક થઈ છે. આ રીતે વિદેશમાં જૈનદર્શનનો પ્રસાર કરવાની મહત્ત્વની કામગીરી તેઓ બજાવશે. આ બંને વિદ્વાનો દ્વારા જૈનશાસનની વધુ ને વધુ સેવા થતી રહે તેવી અભ્યર્થના.

સન્માનનો પ્રત્યુત્તર આપતાં શ્રી રતિભાઈ દેસાઈએ જણાવ્યું કે આપ સહુએ મારા વિશે ઘણું કહ્યું, પરંતુ હું પોતે જાણું છું કે મારામાં શું ગુણ છે અને શું અવગુણ છે? મારા માટે તો એમ જ છે કે મારે આપ સહુએ કહ્યું તેવો પ્રયત્ન કરવો જોઈએ. આજે જૈન સંસ્કૃતિમાં બહારથી ભલે મોટી ધામધૂમ દેખાતી હોય પણ તે બધું દૂધના ઊભરા જેવું છે. જૈન સંસ્કૃતિનો પાયો ગણાતી પ્રાકૃત ભાષાનો અભ્યાસ ઓછો થવા લાગ્યો છે. ઘણું જ અપ્રકાશિત સાહિત્ય આપણી પાસે પડ્યું છે. શ્રી શ્રેણિકભાઈ ઘણાં કામ કરે છે, પણ તેમાં એક કામનો ઉમેરો થાય તેમ હું ઈચ્છું છું. જે જે જૈન સંસ્થાઓ આર્થિક સંકટમાં હોય તેને મદદ કરે અને જૈન વિદ્યા અને સાહિત્યના કામમાં ખોબે ખોબે સહાય કરે.

શ્રી રમણલાલ ચી. શાહે સન્માનનો પ્રતિભાવ આપતાં કહ્યું કે પં. સુખલાલજી અને મુનિ પુણ્યવિજયજી જેવા આગળ મારું કાર્ય સાગરની આગળ બિંદુ સમાન છે. આથી આ ચંદ્રક સ્વીકારતાં આનંદ અને લઘુતા થાય છે. વધુમાં તેઓએ કહ્યું કે જૈન સમાજમાં વિદ્યાનું તેજ, વિદ્વત્તાનું તેજ અને ભક્તિનું તેજ વિશેષ પ્રગટ થાય તે માટે જૈન વિદ્યા અને જૈન સંશોધનનું કાર્ય થવું જોઈએ.

સમારંભના પ્રારંભમાં સંસ્થાના મંત્રીશ્રી સવાઈલાલભાઈ પારેખે સૌનું સ્વાગત કર્યું અને શ્રી મનુભાઈ શેઠે કાર્યક્રમનું સંચાલન કરી આભાર વ્યક્ત કર્યો હતો.

## શિખરજીમાં પંચાહ્નિકા મહોત્સવ

શ્રી સમેતશિખરજી તીર્થે–મધુબનમાં હોળીના પ્રસંગે શ્રી જૈન શ્વે. સંઘના ઉપક્રમે ફા. સુદ ૧૨થી પંચાહ્નિકા મહોત્સવનું ભવ્ય આયોજન જાણીતા ક્રિયાકારક શ્રી મનોજકુમાર હરણની સાંનિધ્યમાં કરવામાં આવ્યું હતું. મહોત્સવ દરમ્યાન વિવિધ પુજા-પુજનો ઘણા ઠાઠથી ભણાવાયેલ.

# જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લોદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦ થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

**જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ—**

(૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચીન જિનાલયો, પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસૂરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રન્થો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસૂરિજી મ૦ની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ (૫) લોદ્રવપુરનાં ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

**આવાસ પ્રબંધ :** યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભૂમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પૂરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

**યાતાયાતના સાધન :** જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાએલ છે. જોધપુરથી દિવસમાં એક વાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીના દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

**વિનીત : શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ**
**ફોન નં ૩ ] જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ**
**ગ્રામ : 'જૈન ટ્રસ્ટ' ] જૈસલમેર (રાજસ્થાન)**

# કોશીથલ [રાજસ્થાન]માં અનુપમ ધર્મારાધના

રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના કોશીથલ ગામે મેવાડ દેશોદ્ધારક પૂ૦ ગણિવર્યશ્રી જિતેન્દ્રવિજયજી મ૦ ઠાણા ૪ અને સાધ્વીશ્રી પુષ્પલતાશ્રીજી ઠાણા ૪નું વિવિધ ધર્મારાધના અને શાસનપ્રભાવના સાથે વિ.સં. ૨૦૩૯નું ચાતુર્માસ સાનંદ સમ્પન્ન બન્યા બાદ માગ. વદ ૧૨થી ઉપધાનતપનો પ્રારંભ થયો હતો. તેમાં મેવાડ તથા માલવાના અનેક ગ્રામ/નગરોના ભાવીકો જોડાએલ. ઉપધાનતપ માલારોપણ અને ઉદ્યાપનની ઉજવણી અદ્ભૂત થવા પામી. ઉદ્યાપનમાં આકર્ષક અને બહુમુલ્ય ઉપકરણો તથા જર્મન સિલ્વરના પાંચ સમવસરણ, દશ ભંડાર પેટી, ત્રણ પાલખી, ચઉદ સ્વપ્ન, પારણાના ત્રણ સેટ આદિ જોઈને દર્શકો જૈનધર્મ અને દાતાઓની ઉદારતાને પ્રશંસી રહ્યા.

આ ગામ એવી જગ્યાએ વસ્યુ છે કે ત્યાં જૈન ધર્મ–મંદિરમૂર્તિની માન્યતા અને પુજ્યતા સમજાવનાર વિદ્વાન સાધુઓનું આગમન દુર્લભ હોય છે. દેરાવાસી જૈનોના ઘર અહીં ગણ્યાગાઠયા જ છે. આવા કોશીથલ ગામમાં પુ૦ ગણિવર્યશ્રીનું ચાતુર્માસ તથા ઉપધાનતપ, ઉદ્યાપન આદિ શાસનપ્રભાવક ધાર્મિક અનુષ્ઠાનોની પરંપરા જોઈને લોકોએ વિસ્મય બની અપાર આનંદ અને ધન્યતા અનુભવી. જૈનેતરોમાં પણ ભારે અનુમોદના પ્રવર્તી.

ઉપધાનતપમાં સતત દોઢ મહિના સુધી આગમાનુસારી પ્રવચનો સાંભળી ઘણાએ કંદમૂળ, રાત્રિભોજન, ચા, પાન, સીગારેટ કે સીનેમા આદિનો ત્યાગ કરી અને જિનમંદિરે દર્શનપુજનનો સ્વીકાર કરી જીવનને પાવન અને ધન્ય બનાવ્યું.

ઉપધાનતપની પ્રથમ માલા શ્રીયુત ભંવરલાલજી કોઠારીના ધર્મપત્નીં શ્રીમતી ઉગમબાઈનને તેમના પરિવારે સારી એવી બોલી બોલીને પહેરાવી. જૈનેતર એવા રાજપુત યુવક લાદુસિંહ સોલંકી આ ઉપધાનતપમાં જોડાતાં, તેઓ સૌનું આકર્ષણ કેન્દ્ર બન્યા હતા.

# જેસલમેર તીર્થે જૈન ભોજનશાળાનું ભવ્ય ઉદ્‌ઘાટન

જગપ્રસિદ્ધ જેસલમેર તીર્થમાં લગભગ દશ લાખ રૂ.ના ખર્ચે જૈનભવનમાં બાંધવામાં આવેલ જૈન ભોજનશાળાનું ઉદ્‌ઘાટન શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈના શુભ હસ્તે તા. ૧૫-૩-૮૪ના રોજ સાનંદ સમ્પન્ન થયેલ છે.

આ સાથે જૈન ભવનના નવા કાર્યાલયનું ઉદ્‌ઘાટન શ્રી શંખેશ્વર ભોયણી જૈન કારખાના-પેઢીના પ્રમુખ અમદાવાદ નિવાસી શેઠશ્રી અરવિંદભાઈ પનાલાલભાઈના વરદ હસ્તે સુસમ્પન્ન બનેલ.

શ્રી જેસલમેર-લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વે. ટ્રસ્ટના મા. મંત્રીશ્રી નેમિચંદજી જૈને આ પ્રસંગે ઉદ્‌ઘાટન સમારોહના પ્રમુખ અને નૂતન જૈન ભોજનશાળાના નિર્માતા શેઠશ્રી સકરચંદભાઈ સરકાર અને તેમના પરિજનોની ઉદારતાનો પરિચય આપવા ઉપરાંત તીર્થના ભવ્ય અને ગૌરવરૂપ ઇતિહાસ, શિલ્પકલા, સાહિત્ય અને સંસ્કૃતિની માહિતી આપી હતી.

જેસલમેર જીર્ણોદ્ધાર સમિતિના સદસ્ય શ્રી લાલચંદજી જૈન અને શ્રી ઉમેદમલજી ખેડાએ તીર્થમાં ચાલી રહેલા જીર્ણોદ્ધારની વિગતો રજૂ કરી તે માટે ધનની આવશ્યકતા જણાવી સહયોગ આપવા વિનંતી કરી હતી.

શેઠશ્રી શ્રેણિકભાઈએ ઉદ્‌ઘાટન પ્રવચનમાં જણાવ્યું હતું કે જૈન સંસ્કૃતિ અને સાહિત્યને જાળવી રાખવામાં અહીંના ધર્મપ્રેમીઓએ જે સેવા બજાવી છે તે અભિનંદનીય છે. આ તીર્થમાં અનેક વિશેષતાઓ છે. તેમાં આ નવનિર્મિત ભોજનશાળા પણ વિશાળતાની દૃષ્ટિએ વિશેષતા ધરાવે એવી છે.

સમારોહના પ્રમુખશ્રી સકરચંદભાઈએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, આ તીર્થના પ્રાચીન વૈભવને કાયમ માટે ટકાવી રાખવા પ્રત્યેક જૈનો દાનાદિની પ્રવૃત્તિ આ તીર્થમાં ચાલુ રાખે. વધુમાં તેઓશ્રીએ આ તીર્થ માટે રૂ. એક લાખ આપવાની જાહેરાત કરી હતી.

જેસલમેર તીર્થ ટ્રસ્ટના અધ્યક્ષશ્રી બુદ્ધિસિંહજી બાફનાએ સૌનો આભાર માનતું પ્રવચન કર્યું હતું. આ સમારોહનું સંચાલન જાણીતા સાહિત્યકાર બાડમેરનિવાસી શ્રી ભૂરમલજી જૈને સુંદર રીતે કર્યું હતું.

## ઉપયોગી પ્રકાશનો

પ્રસિદ્ધ પ્રવચનકાર પુ૦ આ૦શ્રી પદ્માસાગરસુરિજી મ૦ના આશીર્વાદથી શરૂ થયેલ સંસ્થા 'શ્રી અરૂણોદય ફાઉન્ડેશન' દ્વારા દેશ-વિદેશમાં અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ લેતા જૈન બાળકો માટે અંગ્રેજી ભાષામાં પ્રતિક્રમણ સુત્રોનું પુસ્તક પ્રગટ કરવામાં આવનાર છે.

આ સંસ્થા દ્વારા યોગનિષ્ઠ પુ૦ આચાર્યશ્રી બુદ્ધિસાગરસુરિજી મહારાજ લિખિત 'કર્મયોગ' ગ્રન્થનું પણ પ્રકાશન કરવામાં આવનાર છે.

આ ફાઉન્ડેશન તરફથી 'અરૂણોદય' નામે દ્વિમાસિક પત્રનું ગુજરાતી-હિન્દીમાં સંયુક્ત પ્રકાશન ત્રણ વર્ષથી કરવામાં આવી રહ્યું છે. આ પત્રમાં પુજ્ય આચાર્ય મ૦શ્રીના પ્રવચનો તથા ધર્મસંસ્કાર અને સદાચાર પોષક સાહિત્ય પણ પ્રગટ કરવામાં આવે છે. સંસ્થાનું સરનામું : શ્રી અરૂણોદય ફાઉન્ડેશન, અમદાવાદ મેડીકલ સોસાયટી હોલની પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૯.

## 'નયરહસ્ય' ગ્રંથનું પ્રકાશન

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત 'નયરહસ્ય' ગ્રન્થનું પૂ૦ આ૦શ્રી વિજયભુવનભાનુસૂરિજી મ૦ની પ્રેરણાથી અંધેરી ગુજરાતી જૈન સંઘે પૂ૦ પં. શ્રી જયઘોષવિજયજી મ૦ની નિશ્રામાં પંડિતવર્ય શ્રી દુર્ગાનાથ ઝા દ્વારા વિવેચન કરાવી અને પૂ૦ મુનિશ્રી જયસુંદરવિજયજી પાસે સંશોધનાર્થે સંપાદન કરાવી પ્રસિદ્ધ કરતાં અત્રે શ્રી કરમચંદ જૈન પૌષધશાળામાં તા. ૨૧-૨-૮૪ ના રોજ પૂ૦ આ૦શ્રી વિજયરવિચંદ્રસૂરિજી મ૦ની સાંનિધ્યમાં આ ગ્રંથનું બહુમાન અને પૂજન કરવાપૂર્વક પ્રકાશન કરવામાં આવ્યું છે.

## ૫૦ લાખનું દાન

ગોહાટી (આસામ) ના શ્રી તોલારામજી બાફણાએ લગભગ પચાસ લાખની પોતાની અમીન ગામ સ્થિત જમીન અને મકાન આંખની હોસ્પિટલ અને અન્ય તબીબી સેવાઓ માટે સમાજને અર્પણ કરેલ છે. શ્રી બાફણાજી આચાર્યશ્રી તુલશીજીના પરમ ભક્ત હોય આ સર્વ પ્રવૃત્તિ આચાર્ય તુલશી સેવા સમિતિ સ્થાપી તે દ્વારા ક્રિયાન્વિત કરવામાં આવશે.

## પાલી(રાજસ્થાન)માં ચાતુર્માસ

પ્રશાંતમૂર્તિ પુ૦ આ૦શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ૦, પુ૦ આ૦શ્રી કલ્યાણસાગરસુરિજી મ૦, પ્રસિદ્ધ પ્રવચનકાર પુ૦ આ૦શ્રી પદ્મસાગરસુરિજી મ૦ આદિનું આગામી ચાતુર્માસ પાલીમાં નક્કી થયું છે.

પાદરૂ (જિ. બાડમેર) મુકામે ફા. સુદ ૭ના પુજ્ય ગુરુદેવોની સાંનિધ્યે મુમુક્ષુ સુરેન્દ્રકુમારની ભાગવતી દીક્ષા અને દીક્ષા મહોત્સવ અનેરી શાસન પ્રભાવના પુર્વક સુસમ્પન્ન થયેલ છે. ત્યારબાદ પુજ્યોની નિશ્રામાં નિમ્બાજ મુકામે અંજનશલાકા–પ્રતિષ્ટા મહોત્સવ ઉજવાનાર હોય, પુજ્યશ્રીઓ પાદરૂથી વિહાર કરી સિવાના, જોધપુર થઈ નિમ્બાજ પધારશે. રાણકપુરજી તીર્થે પણ પુજ્યોની શુભ નિશ્રામાં ચૈત્રી ઓળીની સામુહિક આરાધનાનું આયોજન કરવામાં આવ્યુ છે. આમ અનેક સ્થળોએ ભવ્ય અનુષ્ઠાનો અને આરાધના કરાવતાં પુજ્યશ્રીઓ પ્રાન્તે પાલી ચાતુર્માસાર્થે પધારશે.

## જોધપુર-દાદાવાડીમાં પ્રતિષ્ઠા

અત્રે સરદારપુરા સ્થિત જૈન દાદાવાડીમાં પૂ૦ આ૦ શ્રી જિનકાંતિસાગરસૂરિજી મ૦ની નિશ્રામાં તા. ૨૨–૨–૮૪ના રોજ પ્રભુ પ્રતિમાજી તેમજ દાદાગુરુ, ઘંટાકર્ણ મહાવીર અને ભૈરવજીની મુર્તિની પ્રતિષ્ઠા ધામધુમથી કરવામાં આવી. આ પ્રસંગે શ્રી જૈન શ્વે. ખરતરગચ્છ સંઘ–જોધપુરના ઉપક્રમે પંચાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવેલ.

## કોશેલાવ (રાજસ્થાન) માં માળારોપણની ભવ્ય ઉજવણી

તીર્થોદ્ધારક પૂ૦ આ૦શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મ૦ના પ્રશિષ્ય પ્રશાંતમૂર્તિ પૂ૦ આ૦શ્રી વિજયમહેન્દ્રસૂરિજી મ૦ના શિષ્ય તપસ્વી પુ૦ મુનિશ્રી અનંતભદ્રવિજયજી મ૦, કવિરત્ન પુ૦ મુનિશ્રી મણિપ્રભવિજયજી મ૦ આદિની નિશ્રામાં સંઘવી ડુંગરચંદજી મિયાચંદજી તરફથી આયોજિત ઉપધાન તપ અનેરી આરાધના સાથે પૂર્ણ થવા ઉપરાંત ફા. સુદ ૪ના માળારોપણની મંગલ ક્રિયા ખૂબ ઉચ્છરંગપૂર્વક યાદગાર રીતે સુસમ્પન્ન થઈ છે. આ પ્રસંગે ૨૧ છોડનું ઉદ્યાપન અને શાંતિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવ સુંદર રીતે ઉજવાએલ.

## થરા (બનાસકાંઠા)માં દીક્ષા

પુ૦ આ૦શ્રી વિજયમંગલપ્રભસુરિજી મ૦ના આજ્ઞાવર્તી પૂ૦ પં. શ્રી હેમપ્રભવિજયજી મ૦ના વરદ હસ્તે થરા (બનાસકાંઠા) મુકામે નૂતન મુનિશ્રી અર્હમ્પ્રભવિજયજી, નૂતન સાધ્વીશ્રી અર્પણરસાશ્રીજી અને સાધ્વીશ્રી આગમરસાશ્રીજીની વડી દીક્ષા તેમજ અગેના શાહ સેવંતીલાલ લહેરચંદના સુપુત્રી કુ. શીલ્પાબહેનની ભાગવતી પ્રવજયા ફા. સુદ ૨ના ચતુર્વિધ શ્રીસંઘની વિશાળ ઉપસ્થિતિમાં અને હર્ષોલ્લાસભર્યા વાતાવરણમાં થઈ છે.

## ભુસાવલમાં પ્રતિષ્ઠા મહોત્સવ

અહીં શ્રી સુગનચંદજી કસ્તુરચંદજી રાંકા સહ કુટુંબીજનો તરફથી પોતાના વિશાળ નિવાસસ્થાન મહાવીર ભવનમાં બીજા માળે સ્વતંત્ર ભવ્ય ગૃહમંદિરનું નવનિર્માણ કરવામાં આવતાં, તેમાં ભ૦ મહાવીરસ્વામી આદિ જિનબિમ્બોની પ્રતિષ્ઠા પુ૦ આ૦ શ્રી વિજયભુવનભાનુસુરિજી મ૦ની નિશ્રામાં મહા વદ ૪ના રોજ ભવ્ય રીતે કરવામાં આવી છે. આ પ્રસંગે અષ્ટાહ્નિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ ખુબ દબદબાપુર્વક ઉજવવામાં આવ્યો. જ્ઞાનપંચમી તપની પુર્ણાહુતિ નિમિત્તે પાંચ છોડનું ઉદ્યાપન પણ રાખવામાં આવ્યું હતું.

## શ્રી વિજયસિંહજી નાહરનું સન્માન

કલકત્તા ખાતે જૈન સમાજના આદરણીય આગેવાન અને પ. બંગાળના ભૂતપુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી વિજયસિંહજી નાહરનું શ્રીમાન ધર્મચંદ સરાવગીના પ્રમુખસ્થાને અને 'વિશ્વમિત્ર'ના સંપાદક શ્રી કૃષ્ણચંદ્ર અગ્રવાલના અતિથિવિશેષપદે અભિનંદન સમારોહ યોજી સન્માન કરવામાં આવતાં, આ પ્રસંગે ચાલીશેક સંસ્થાઓએ તેઓશ્રીનું ફુલહાર અર્પી બહુમાન કરેલ. વિવિધ ક્ષેત્રના આગેવાનો, વિદ્વાનો અને સ્નેહિઓએ આ પ્રસંગે અભિવાદન કરતાં, શ્રી નાહરજીના ધર્મસેવા, દેશસેવા, સમાજસેવા તેમજ માનવસેવાની ભુરી ભુરી અનુમોદના કરી હતી. શ્રી નાહરજીએ સન્માનના ઉત્તરમાં જણાવ્યું કે—હું તો દેશનો સેવક છુ અને રહીશ. રાજકારણમાં અગાઉ લોકો કંઈક કરી છુટવાની–દેવાની ભાવનાથી જતાં, જયારે આજકાલ લોકો લેવાની ભાવનાથી જાય છે, એ દુઃખદ બીના છે.

## અભિનંદન સમારોહ–કલકત્તા

સાહિત્યકાર, પત્રકાર, નાટ્યકાર અને શિલ્પી શ્રી ગણેશ લલવાનીનું બહુમાન કલકત્તા ખાતે ભારતીય ભાષા પરિષદ ભવનમાં પ્રો૦ કલ્યાણમલજી લોઢાના પ્રમુખસ્થાને અભિનંદન સમારોહ યોજી કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી લલવાનીજી દ્વારા–લખાએલ 'નીલાંજના' અને 'ચંદનમૂર્તિ' પુસ્તકોનું તેમજ શ્રી રાજકુમારી બેગાની દ્વારા સંપાદિત સ્મારિકાનું વિમોચન કરવામાં આવેલ. ઉપરાંત શ્રી લલવાનીજીને રૂા. ૨૫ હજારની થેલી અર્પણ કરવામાં આવેલ.

આ સમારોહ પ્રસંગે વિવિધ ક્ષેત્રના નામાંકિત આગેવાનો સર્વશ્રી વિજયસિંહ નાહર, પ્રા. કલ્યાણમલ લોઢા, રઘુનન્દન મોદી, જનાબ હબીબુલ્લા, ડૉ. પ્રભાકર માચવે, ડૉ. નેમિચંદ જૈન, ડૉ. સાગરમલ જૈન, ડૉ. નરેન્દ્ર ભાનાવત, ઈન્દ્ર દુગડ, કન્હૈયાલાલ સેઠિયા. મદનકુમાર મહેતા, શ્રી રાજકુમારી બેગાની, અભિનંદન સમારોહ સમિતિના અધ્યક્ષ કમલકુમાર જૈન, મંત્રી શ્રીમતિ કુસુમ જૈન વગેરેએ શ્રી લલવાનીજીની ક્રાંતિકારી અને કલ્યાણલક્ષી સાહિત્ય રચના અને અન્ય અનેક ક્ષેત્રે સંપાદિત કરેલ સિદ્ધિને બિરદાવી હતી.

બનારસ પાર્શ્વનાથ વિદ્યાશ્રમના નિર્દેશક ડૉ. સાગરમલજી જૈને આ પ્રસંગે જણાવેલ કે, આત્મચેતના, ચિંતન અને સંયમ એ ત્રણે વિશેષતા માનવીને મહામાનવ બનાવે છે, જે શ્રી ગણેશ લલવાનીમાં છે. જૈન ધર્મ અને સમાજની વર્તમાન વિષદ સ્થિતિ એમના પત્રો (લેખો)માં જે પ્રગટ થતા રહી છે, તેને સમજીને નિરાકરણ લાવીએ ત્યારે જ તેમનું સાચું સન્માન કર્યું કહેવાય. મને એ વાતનો ગર્વ છે કે શ્વેતામ્બર પરમ્પરામાં કેટલીક એવી પ્રબુદ્ધ વ્યકિત થઈ, જેમણે પરમ્પરાઓથી મુક્ત થઈ જૈનદર્શનને જીવનદર્શનના રૂપમાં પ્રતિષ્ઠિત કર્યું. તેઓમાં પંડિત સુખલાલજી પ્રથમ, પંડિત દલસુખભાઈ માલવણિયા દ્વિતીય અને ત્રીજા શ્રી ગણેશ લલવાની છે, એમ કહું તો જરાય વધુ પડતું નથી.

'તીર્થંકર' (ઈન્દોર) માસિકના સંપાદક ડૉ. નેમિચંદજી જૈને શ્રી લલવાનીની વિલક્ષણ પ્રતિભાને બિરદાવતા કહ્યું હતું કે, તેઓ જેમ સુકુમારના દુર્ગ છે એવી જ રીતે જવાલામુખીના પુંજ છે. તેઓ વિદ્રોહી છે. પરંતુ એવા વિદ્રોહી નહીં જે બધુ ધ્વંશ કરે છે. ધ્વંશની સાથે સાથે નિર્માણ પણ કરે છે.

શ્રી ગણેશ લલવાનીએ સૌના સ્નેહનો કૃતજ્ઞભાવે સ્વીકાર કરતાં રૂા. ૨૫ હજારની મળેલ રકમ જૈન ભવન અને સાહિત્યના પ્રકાશનમાં ખર્ચ કરવાની અભિલાષા વ્યક્ત કરી હતી.

## સામાનાથી યાત્રાપ્રવાસનું આયોજન

પંજાબના સામાના શહેરથી ગુજરાત અને રાજસ્થાનના મુખ્ય મુખ્ય તીર્થોની યાત્રાર્થે શ્રી સુરેન્દ્રકુમાર જૈન (માલિકઃ દેવદર્શન ધૂપ ઈન્ડસ્ટ્રીઝ) દ્વારા એક બસ કાઢવામાં આવતાં તેને ભાવભરી વિદાય આપવામાં આવી. ફળ, મિષ્ઠાન અને તિલક પૂર્વક યાત્રિકોનું સંઘપૂજન કરવામાં આવ્યું. શ્રી મહેન્દ્રકુમાર મસ્તે આ પ્રસંગે તીર્થનો મહિમા અને યાત્રાની મહત્તા પર પ્રકાશ પાડેલ. શ્રી આત્માનંદ જૈન સભા, સામાનાના પ્રધાન લાલા રતનચંદ જૈને સંઘપતિ શ્રી સુરેન્દ્રકુમાર અને શ્રી ચમનલાલ જૈનને ફુલહાર પહેરાવેલ. આ પ્રસંગે સંઘપતિજીએ પાલીતાણામાં બિરાજમાન પૂ૦ સાધુ–સાધ્વીજીઓની ભકિત અર્થે સારી એવી રકમ જાહેર કરી હતી.

## વરસીતપના પારણા કરવા
## દેલવાડા (આબુ) તીર્થે પધારો

શિલ્પકલાથી જગવિખ્યાત અને જૈન ઈતિહાસથી ગૌરવવંતા એવા દેલવાડા (માઉન્ટ આબુ)ના પાવન તીર્થે વિમલવસહી જિનાલયમાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાન બિરાજમાન છે. શ્રી આદિનાથ પ્રભુની સાંનિધ્યે વરસીતપનું પારણું કરવાનો ખૂબ મહિમા છે. તો વરસીતપના તપસ્વી ભાઈ–બહેનોને આગામી અક્ષયતૃતીયા (તા. ૪ મે)ના પાવન પ્રસંગે આ તીર્થે પધારી પારણું કરવા ભાવભર્યું નિમંત્રણ છે. અહીં દરેક પ્રકારની વ્યવસ્થા કરી આપવામાં આવશે. ઈચ્છુક તપસ્વીઓને નીચેના સરનામે નામ નોંધાવવા વિનંતી.

મુખ્ય મેનેજર ટી. આર. ગેમાવત
શેઠ કલ્યાણજી પરમાનન્દજી પેઢી
જૈન શ્વેતામ્બર મંદિર–દેલવાડા
પો. માઉન્ટ આબૂ (રાજસ્થાન)

## નાંદિયાથી નીકળેલા પદયાત્રા સંઘનો પાલીતાણામાં ભવ્ય પ્રવેશ

પૂ૦ આ૦શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી મ., પૂ આ. શ્રી વિજયપ્રદ્યોતનસૂરિજી મ૦ આદિની નિશ્રામાં શાહ મયાચંદજી મગનલાલ પરિવાર દ્વારા આયોજિત નાંદિયા તીર્થથી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો સંઘ ૧૫૦ સાધુ-સાધ્વીજીઓ અને ૬૦૦ યાત્રીકો સાથે તા. ૨૩ જાન્યુ.ના નીકળી દરેક મુકામે અપૂર્વ ધર્મ પ્રભાવના પ્રવર્તાવતો ૪૨ દિવસે-તા. ૫ માર્ચના પાલીતાણા પધારતાં શ્રી મોતીશા શેઠની પેઢી, શેઠ આણંદજી કલ્યાણજી પેઢી વગેરે દ્વારા ઉષમાભર્યું સ્વાગત કરવામાં આવ્યું. સંઘના આયોજક શાહ મયાચંદજી મગનલાલજી પરિવારનું પ્રવેશદિને સ્વાગત સમારોહ યોજી બહુમાન કરવામાં આવ્યું. સંઘપતિ અનરાજજી મયાચંદજીએ સૌના સહયોગ બદલ આભાર વ્યક્ત કરેલ. બીજા દિવસે ગિરિરાજ પર પૂજ્યોની નિશ્રામાં સંઘપતિઓને તીર્થમાળ પહેરાવવામાં આવી.

## પાલીતાણા-લુણાવા મંગલ ભુવન

પૂ૦ આ૦શ્રી વિજયમંગલપ્રભસૂરિજી મ૦, પૂ૦ આ૦શ્રી વિજયઅરિહંતસિદ્ધસૂરિજી મ૦ આદિની નિશ્રામાં અત્રે લુણાવા મંગલ ભુવન જૈન ધર્મશાળામાં ખિવાનદી (રાજસ્થાન)ના એક મહાનુભાવ તરફથી શ્રી શત્રુંજય ગિરિરાજની નવ્વાણું યાત્રા કરાવવામાં આવી રહી છે. પૂજ્યશ્રીઓની ચૈ. સુદ ૩ સુધી અહીં સ્થિરતા થવા સંભવ છે.

## દુ:ખદ અવસાન-મદ્રાસ

મદ્રાસના સ્થાનકવાસી જૈન સમાજના મુકુટમણિ, અ૦ ભા૦ સ્થા જૈન કોન્ફરન્સ (દિલ્હી)ના પ્રમુખ અને રાષ્ટ્ર દ્વારા 'પદ્મશ્રી'થી વિભુષિત એવા જાજવલ્યવાન શ્રી મોહનમલજી ચોરડિયા સાહેબનું મદ્રાસ ખાતે તા. ૫-૨-૮૪ના હાર્ટએટેક આવતા દુ:ખદ અવસાન થયું છે. તેઓશ્રી દાનવીર તેમજ ધર્મવીર હતા. ધાર્મિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, કેળવણીક્ષેત્રે, તબીબી રાહતક્ષેત્રે અને જનકલ્યાણની અનેકાનેક પ્રવૃત્તિઓના ક્ષેત્રે તેઓશ્રીએ અર્પેલ દાન તેમ જ સેવા વિરલ હતી.

## મરાઠાવાડામાં ધર્મજાગૃતિ

પૂ. પં. શ્રી વારિષેણવિજયજી મ. આદિ ઠા. ૪ની નિશ્રામાં મરાઠાવાડાના અનેક ગામ/નગરોમાં વિવિધ ધર્મકાર્યો દ્વારા સુંદર એવી ધર્મજાગૃતિ પ્રવર્તી છે.

જાલના મુકામે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન તથા દેવલગાંવરાજા અને લોણારમાં શાંતિપાઠ પૂજન તેમજ દરેક સ્થળે સંઘપૂજનો થયેલ. પૂજ્યશ્રીની નિશ્રામાં લોણારથી અંતરીક્ષજી તીર્થનો છ'રી પાળતો સંઘ શ્રી ઉત્તમચંદજી ચંપાલાલજી સંચેતી તરફથી ૧૫૦ યાત્રિકો સાથે નીકળતાં અનેરી ધર્મારાધના અને શાસનપ્રભાવના પૂર્વક સાત દિવસે અંતરીક્ષજી પહોંચેલ. સાધ્વીશ્રી સુમિત્રાશ્રીજી ઠાણા ૪ પણ સાથે પધાર્યા હતા. પૂજ્ય પંન્યાસશ્રીના દીક્ષાદિને જિનભક્તિ, તપાનુષ્ઠાનો, સંઘપૂજન આદિ થયેલ. અંતરીક્ષજી તીર્થે પાર્શ્વપ્રભુનો જન્મોત્સવ ત્રણ પૂજનો, અઠ્ઠમ, એકાસણા, વરઘોડાદિ સહ સાનંદ ઉજવાયો. નંદરબાર મુકામે પૂજ્યશ્રીની નિશ્રામાં સાધ્વીશ્રી વિરાગમાલાશ્રીજીની પ્રેરણાથી કુ. નયનાબેન, કુ. લીલાબેન, કુ, પુષ્પિંમાબેન અને કુ. પ્રમીલાબેન—આ ચાર બહેનોનો દીક્ષા મહોત્સવ તા. ૧૮થી તા. ૨૬ ફેબ્રુ. સુધી ઠાઠથી ઉજવાયો. આ પ્રસંગે વરઘોડો, ઉપકરણોના ચઢાવા, નવકારશી વગેરે નંદરબારના ઈતિહાસમાં રેકર્ડરૂપ થયેલ. તેમજ ગરીબો, દર્દીઓ આદિને મિષ્ઠાન, ફળફળાદિ આપવામાં આવેલ. પૂજ્યશ્રીની ૭૬મી ઓળીના પારણા પ્રસંગે છાણીથી પૂજ્યશ્રીના સંસારી માતા-પિતા આદિ મેટાડોર લઈને પધારેલ. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી ચૈત્રી ઓળીની આરાધનાર્થે ધુલીયા પધારશે.

## 'વીરગીત' પુસ્તક મંગાવો

ભ૦ મહાવીર જન્મોત્સવ પ્રસંગે ઉપયોગી, આધુનિક ગીતોથી સંગ્રહિત 'વીર ગીત' પુસ્તક નીચેના સરનામે રૂ૦ ૨ મોકલી મંગાવો. સરનામું : શ્રી મહાવીર જૈન સભા, મુ. માંડવલા, જિ૦ જાલોર (રાજસ્થાન).

## પાવાપુરીમાં ત્રણ દિવસની શિબિર

પૂ૦ મુનિશ્રી હેમરત્નવિજયજી મ૦ની નિશ્રામાં પાવાપુરી તીર્થે શ્રી સમવસરણ મંદિર શ્વે. જૈન ધર્મશાળામાં ફા૦ સુદ ૧૪થી ત્રણ દિવસની શિબિર સુંદર આયોજનપૂર્વક યોજવામાં આવી. આ શિબિરમાં પૂર્વ ભારતના યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## મુંબઈ-ઘાટકોપરમાં ઉપધાનતપ માળારોપણ મહોત્સવ

અત્રે સારનાથ નગર (સંઘાણી એસ્ટેટ) સ્થિત શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દેરાસર-ઉપાશ્રયે પૂ. પં. શ્રી સુર્યોદયવિજયજી મ આદિની નિશ્રામાં ગત ચાતુર્માસ દરમ્યાન, શ્રીસંઘની સ્થાપનાના ૩૦ વર્ષના ઇતિહાસમાં, નવા રેકોર્ડો સ્થાપતી અનેકાનેક આરાધના, અનુષ્ઠાનો તેમજ દરેક ક્ષેત્રો/ખાતામાં અને 'ધર્મ વિહાર' માટે લાખો રૂપિયાની ઉપજ થવા સાથે અપૂર્વ શાસન પ્રભાવના થવા પામી છે.

પૂજય પંન્યાસજી તથા ગણિશ્રી પૂર્ણાનંદવિજયજી મ. આદિ શ્રમણગણ અને સાધ્વીશ્રી કુસુમશ્રીજી (ખેડાવાળા), સાધ્વીશ્રી કુમુદશ્રીજી આદિ સાધ્વીગણની નિશ્રામાં ચાતુર્માસ બાદ પણ અહીં સર્વ પ્રથમ ઉપધાનતપની આરાધના પોષ સુદ ૬થી શરૂ થતાં, તેમાં ૧૦૫ માળ પહેરનાર મળી કુલ ૧૭૭ ભાઈ-બહેનો જોડાયા. આ આરાધના કરાવવા ૨ મુખ્યદાતા શાહ ચિનુભાઈ જેસંગલાલ પાટણવાળા પરિવારે ઉદાર સહકાર અર્પી તેમજ શ્રીસંઘના અન્ય અનેક ભાગ્યશાળીઓએ નીવી, આયંબિલ, અત્તરવારણા, પારણા, સાધર્મિક ભક્તિ આદિનો ઉલટભેર લાભ લીધો.

ઉપધાનતપની આરાધના અનેરા ઉલ્લાસ સાથે પુર્ણ થવા આવતાં, માળારોપણના પાવન પ્રસંગની ઉજવણી ૧૦ દિવસના મહોત્સવપુર્વક શાનદાર રીતે યોજવામાં આવી. મહોત્સવ દરમ્યાન સિદ્ધચક્ર મહાપુજન, શાંતિસ્નાત્ર, ૪૧ છોડનું ભવ્ય ઉદ્યાપન, મહા વદ ૯ના માળારોપણનો વરઘોડો અને સાધર્મિક વાત્સલ્ય, મહા વદ ૧૦ ના માળારોપણ અને નવકારશી વગેરેનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. મહા વદ ૧૨ના મહોત્સવના છેલ્લા દિવસે પાલીતાણાના મુંબઈ-મુલુન્ડ નિવાસી ગાંધી જયસુખલાલ પ્રભુદાસ તરફથી તેમના ધર્મપત્ની સુભદ્રાબહેનના ઉપધાનતપની આરાધના નિમિત્તે સત્તરભેદી પુજા ભણાવવામાં આવેલ.

## નાડલાઈ તીર્થે પ્રવર્તતી શાંતિ

રાજસ્થાનના પાલી જિલ્લામાં આવેલ પ્રસિદ્ધ અને પ્રચીન નાડલાઈ તીર્થે, પહાડ પર સ્થિત ૧૩મી શતાબ્દીના ઐતિહાસિક શ્રી આદિનાથ જિનાલયે, તાજેતરમાં કેટલાક અસામાજિક તત્ત્વોએ મંદિરના તાળા તોડી શ્રી આદિનાથજી, શ્રી ધર્મનાથજી અને શ્રી મહાવીર સ્વામીજીની પ્રતિમાઓ ઉખાડી નાખતા અને મંદિરમાં ગજાનન્દની મુર્તિ પાસે ચામુંડાની મુર્તિ રાખી દેતા, આ બનાવથી જૈન સમાજમાં રોષ અને દુઃખની તીવ્ર લાગણી ફરી વળી હતી. આ દુષ્કૃત્ય આગળ વધે તે પહેલાં પોલીસ પાર્ટી આવી પહોંચતા અટકી ગયેલ. આ બનાવના અનુસંધાનમાં પોલીસે ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી છે. પહાડની તળેટીમાંથી તાળા તોડવાના સાધનો અને કુવામાંથી તોડેલા તાળા મળી આવ્યા છે. તપાસ આગળ ચાલી રહી છે. ત્રણે પ્રતિમાજીઓ પુનઃ મૂળ જગ્યાએ બેસાડવામાં આવી છે.

આ દુષ્કૃત્ય પાછળ આ સ્થાન કબજે કરવાની કોઈ મેલી મુરાદ હોય એવી શકયતા છે. તેમ છતાં ગામમાં આ અંગે કોઈ જાતનો પ્રતિભાવ જોવામાં આવ્યો નથી શાંતિ પ્રવર્તી રહી છે.


**૧૦૦ ટકા શુદ્ધ કમલ છાપ કેસર સ્પેશ્યલ કવોલીટી**

જે સ્નથી પણ રંગ, સુગંધ અને ગુણોમાં ઊંચી કવોલીટીની ગેરેંટી સાથે
૧, ૨, ૩, ૫, અને ૧૦ ગ્રામના સીલબંધ પેકીંગમાં મળે છે.

**રાજસ્થાન ટ્રેડર્સ :** ૨૯૬, સેમ્યુઅલ સ્ટ્રીટ, વડગાદી, મુંબઈ-૪૦૦ ૦૦૩
ફોન : ૩૨ ૭૧ ૧૩

બ્રાંચ : ૬૨૦, કટરા, ઈશ્વર ભવન, ખારી બાવલી, દિલ્હી-૬ ફોન : ૨૫૧૯૭૫ : ૨૫૨૪૭૩

# ડભોઇ નગરે તપસ્વી મુનિરાજશ્રીનો સ્વર્ગવાસ

પૂ૦ આચાર્યશ્રી વિજયવર્ધમાનસુરિજી મ૦ના શિષ્યરત્ન તપસ્વી પૂ૦ મુનિરાજ શ્રી ભુવનકીર્તિવિજયજી મહારાજ ૭૪ વર્ષની ઉંમરે ૨૧ વર્ષનો સંયમપર્યાય પાળી અત્રે મહા વદ ૮ના રોજ સમાધિપુર્વક કાળધર્મ પામ્યા છે. તેમનું જીવન આદર્શ અને અનુમોદનીય હતુ.

### તપસ્વી મુનિશ્રીનો પરિચય

મૂળ દેલંદર (રાજ.)ના વતની પણ ધંધાર્થે અલીરાજપુર રહેતા ભૂરમલજી અને ગજીબેનના એ સુપુત્ર ફુલચંદજીનો જન્મ સં ૧૯૬૬માં થયો હતો. આગમપ્રજ્ઞ પૂ૦ આચાર્ય શ્રી વિજયજંબુસૂરીશ્વ જી મહારાજ સં. ૨૦૧૭માં અલીરાજપુર પધારતાં ફુલચંદજીને સંયમ લેવાની ભાવના જાગી. પિતા–પુત્ર વગેરેની હાજરીમાં સં. ૨૦૨૧માં શંખેશ્વર તીર્થે પૂ. આગમપ્રજ્ઞ આચાર્યશ્રીના વરદ્ હસ્તે દીક્ષા લઈ પૂ૦ પં૦ શ્રી વર્ધમાનવિજયજી (હાલ આચાર્ય) મ૦ના શિષ્ય મુનિશ્રી ભુવનકીર્તિવિજયજી થયા.

દીક્ષા લીધા બાદ સાધુક્રિયા ઉપરાંત રોજ નવો અભ્યાસ, સ્વાધ્યાય, વિનય–વૈયાવચ્ચ–ભક્તિ સાથે વિવિધ તપારાધના તેમજ વર્ધમાનતપની ઓળીઓ કરતા હતા. મોટી ઉંમર હોવા છતાં નિત્ય એકાસણા કરતા. તેમાં બીજ, પાંચમ, અગિયારસ વીસસ્થાનક ઉપવાસથી આરાધેલ. વર્ષની છયે અઠ્ઠાઈ કરેલ. વર્ધમાન તપની ૧૦૦ ઓળી જલદી પૂર્ણ કરવા એકવાર સતત ૭૦૦ આયંબીલ કરેલ. છેલ્લી ૯૮મી અને ૯૯મી ઓળી લગભગ નરમ તબીયતમાં પૂર્ણ કરી. ૧૦૦મી ઓળી પણ તબીયતમાં હોવા છતાં ચાલુ કરી, જે પૂ૦ આ૦ શ્રી વિજયવર્ધમાનસૂરિજી મ૦, પૂ૦ આ૦ વિજયરૈવતસૂરિજી મ૦, પૂ૦ મુનિશ્રી જયદેવવિજયજી મ૦ અને પૂ૦ મુનિશ્રી સિદ્ધાચલવિજયજી મ૦ના પ્રોત્સાહન અને પૂર્ણ સહયોગથી પુર્ણ કરી.

૧૦૦મી ઓળી દરમ્યાન તબીયત વિશેષ નરમ થયાના સમાચાર મળતા અમદાવાદથી પુ૦ આ૦ શ્રી વિજયજયંતશેખરસૂરિજી મ૦ આદિ અને પાલીતાણાથી


## જીર્ણોદ્ધારમાં સહયોગ આપવા નમ્ર વિનંતી

રાજસ્થાન (મેવાડ) માં ભીલવાડા જિલ્લાના 'રાજાજી કા કરેડા' ગામે આવેલ ૭૦૦ વર્ષના પ્રાચીન વિશાળ શિખરબંધી જિનમંદિરનો આતતાઇઓએ વિનાશ કરતાં, તેમાં પ્રતિષ્ઠિત શ્રી શાંતિનાથ ભ૦ની ૩૧x૩૯ ઇંચની ભવ્ય પ્રતિમાજી હાલ અત્રેના ઉપાશ્રયમાં બિરાજમાન છે. તેની પ્રતિદિન સેવા–પૂજા થાય છે. લાંબા સમય બાદ પુ. આ. ભ. શ્રી કૈલાસસાગરસૂરિજી મ૦ સા૦ના પ્રશિષ્ય યુગદૃષ્ટા પુ. આ. ભ. શ્રી પદ્મસાગરસૂરિજી મ. સા.ની કૃપાદૃષ્ટિથી અને પુ૦ આ૦ ભ૦ શ્રી વિજયભુવનભાનુસૂરિજી મ૦ સા૦ના શિષ્ય મેવાડ દેશોદ્ધારક પુ૦ ગણિ શ્રી જિતેન્દ્રવિજયજી મ૦ સા૦ની પ્રેરણાથી આ મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલી રહ્યુ છે

આથી પ૦ પુ૦ આચાર્યભગવંતાદિ મુનિમહારાજો, સાધ્વીજીઓ તેમ જ ટ્રસ્ટો, સંસ્થાઓના માનનીય ટ્રસ્ટીવર્યો અને દાનવીર મહાનુભાવોને સાદર વિનંતી છે કે આ પવિત્ર કાર્યમાં તન–મન–ધનથી સહયોગ અપાવી–આપી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરો. રકમ ચેક ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી શ્રી શાંતિનાથ જૈન શ્વેતામ્બર મંદિર સેવા સમિતિ, પો. રાજાજી કા કરેડા–૩૧૧૮૦૪ (જિ. ભીલવાડા–રાજસ્થાન) એ નામે/સરનામે મોકલવા વિનંતી છે.

નિવેદક : વૈદ્ય કાલુલાલ જૈન–અધ્યક્ષ

પૂ૦ પંન્યાસજી શ્રી નિત્યાનંદવિજયજી મ૦ આદિ ઝડપી વિહાર કરીને મહા સુદ ૯ અને વદ ૧૧ના ડભોઈ આવી ગયા હતા.

### ૧૦૦મા ઓળી નિમિત્તે મહોત્સવ

૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે સ્વ૦ આગમપ્રજ્ઞ પૂજ્ય આચાર્ય શ્રી વિજયજંબુસૂરીશ્વરજી મ૦ના પટ્ટધરરત્નો પૂજ્ય આચાર્ય શ્રી વિજયવર્ધમાનસૂરિજી મ૦, આ૦ શ્રી જિનરત્નસૂરિજી મ૦, પૂજ્ય પંન્યાસજી શ્રી નિત્યાનંદવિજયજી મ૦ આદિની નિશ્રામાં શ્રી ઋષભાદિ જ્યોતિલક પ્રાસાદમાં મહા સુદ ૮થી બાર દિવસનો શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ખૂબ ઠાઠથી ઉજવાયો. આર્યશ્રી જંબુસ્વામિ મુક્તાબાઈ આગમમંદિરમાં ૧૫ છોડનું કલાત્મક ઉદ્યાપન પણ યોજાયું.

મહોત્સવ દરમ્યાન મહા સુદ ૧૫ના શ્રી ચીનુભાઈ જેસીંગલાલ પાટણવાળા તરફથી ભક્તામરપૂજન, મહા વદ ૧ના પારણા દિને તપસ્વી મહારાજના સંસારી કુટુંબીજનો તરફથી શાંતિસ્નાત્ર અને વદ ૨ના સુરેશાબેન નટુભાઈ તરફથી સિદ્ધચક્રપૂજન ભણાવાયું.

મહા વદ ૧ના પારણાના દિવસે સવારે ભવ્ય વરઘોડો નીકળ્યો. તે શા. ઠાકોરલાલ કેશવલાલના ગૃહાંગણે પહોંચતાં, ત્યાં પ્રવચન તેમ જ ગુરુપૂજન, સંઘપૂજન થયેલ.

### વધુ નરમ બનતી તબીયત

પૂ૦ મુનિશ્રી ભુવનકીર્તિવિજયજી મ૦ને ૧૦૦ ઓળી પૂર્ણ થઈ ગયનો ખૂબ આનંદ હતો. શ્રીસંઘે પણ મહોત્સવ ભવ્ય રીતે ઉજવી અનન્ય અનુમોદના વ્યક્ત કરી. પારણા બાદ તબીયત વધુ ને વધુ નરમ બનતી જતી હતી. છેલ્લા બે દિવસ પેટમાં કાંઈ ટકતું નહિ, તેથી પોતે અનશન કરવાની ભાવના વ્યક્ત કરેલી. એટલે બે-બે કલાકનું સાગારિક પચ્ચકખાણ કરાવાતું. મહા વદ ૮ના બપોરે તબીયત ઘણી જ નરમ થઈ જતાં મહાવ્રતોનું પુનઃ ઉચ્ચારણ અને નિર્યામણાનું સંભળાવવાનું ચાલુ થયેલ. તે બધું ધ્યાનપૂર્વક સાંભળતા હતા. છેક સુધી સમાધિ ટકી રહી હતી. રાત્રે ૧૦-૪૫ વાગતાં જીવનદીપ બુઝાઈ ગયો.


ગામ કોરા ( વાયા : ધાણસા, જિલ્લો જાલોર, રાજસ્થાન ) નગરે

## અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ

### અંજનશલાકા માટે પ્રતિમાજી મોકલવા નમ્ર વિનંતી

ધર્મપુરી કોરા નગરમાં ભ૦ શાંતિનાથજી જિનમંદિરે ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ વિ. સં. ૨૦૪૦ના ચૈત્ર વદિ ૧૧, તા. ૨૬-૪-૮૪થી વૈશાખ સુદિ ૬, તા. ૭-૫-૮૪ સુધી ઉજવવામાં આવનાર છે. શુભનિશ્રા : આ શુભ અવસરે પરમપૂજ્ય સાહિત્યાચાર્ય ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયયતીન્દ્રસૂરીશ્વરજી મ૦ સા૦ના પ્રથમ પટ્ટધર પ્રશાંતમૂર્તિ જ્યોતિષાચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિચન્દ્રસૂરીશ્વરજી મ૦ સા૦ તથા તપસ્વી યોગબલિષ્ઠ મુનિરાજશ્રી કમલવિજયજી મ૦ સા૦ આદિ ઠાણા સાથે જાણીતા સમાજસેવી જૈનભિક્ષુ શ્રી રંગવિજયજી બિરાજશે. આ પાવન પ્રસંગે સકલ શ્રીસંઘને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

ઉપરાંત જે સંઘો કે ભાઈઓને પોતાના પ્રતિમાજીની અંજનશલાકા કરાવવી હોય તેઓ ચૈત્ર વદિ ૫, તા. ૨૦-૪-૮૪ સુધીમાં કોરા નગરે પોતાના પ્રતિમાજી જરૂર મોકલી આપે.

નિવેદક : શ્રી કોરા જૈન સંઘ ( જિ. જાલોર, રાજ. )

### ડૉ. હરિવલ્લભ ભાયાણીને મહત્વની કામગીરી સોંપાઈ

ગુજરાતી ભાષા તેમ જ પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના ઊંડા અભ્યાસી તથા દેશ-વિદેશમાં ખ્યાતિપ્રાપ્ત ડૉ. હરિવલ્લભ ભાયાણીને ગુજરાત સાહિત્ય એકેડમીએ ગુજરાતી ભાષાનું વ્યાકરણ તૈયાર કરવાની મહત્વની કામગીરી સોંપવામાં આવી છે.

### તખતગઢ (રાજસ્થાન)માં ઉજવાએલ ૧૨ યુવક-યુવતીઓનો દીક્ષામહોત્સવ

અહીં ફા. સુદ ૭ના પૂ૦ આ૦શ્રી વિજયભુવનભાનુસૂરિજી મ૦ના પ્રશિષ્ય પૂ૦ મુનિશ્રી ગુણરત્નવિજયજી મ૦ની નિશ્રામાં ભાવનગર-દાઠાના મહેન્દ્રકુમાર તથા રાજેશકુમાર અને તખતગઢના પાંચ બહેનો, મણોરા અને કાલંદ્રીના બબ્બે બહેનો, ડીસા-ખાફલાના એક બહેન મળી ૧૨ મુમુક્ષુઓની ભાગવતી દીક્ષા ખૂબ દબદબાપૂર્વક ઉજવાઈ. દીક્ષા નિમિત્તે વિવિધ પુજનો, પુજાદિ સહ અઠ્ઠાઈ મહોત્સવ અમાપ ઉચ્છરંગ અને ધામધુમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.


## ઉજમણાના કલાત્મક છોડા માટે સુપ્રસિદ્ધ પેઢી

અમો પ્રાચીન તથા અર્વાચીન ડીઝાઈનોમાં કુશળ કારીગરોના હાથે ઊંચામાં ઊંચો જરીમાલ વાપરી કલાત્મક છોડા અમારી જાતી દેખરેખ નીચે બનાવીએ છીએ.

**એક વખત પધારી ખાત્રી કરવા વિનંતી.**

## મે. રેશ્મા ટેક્ષટાઈલ

૮/૧૬૨૭, ગોપીપુરા, મેઈન રોડ,
કુંથુનાથ દેરાસર સામે, સુરત-૩૯૫૦૦૧
ફોન : ૨૩૫૫૭ : ૩૨૪૭૧ : ૩૨૪૭૨

* તા. ક. : છોડા હાજર સ્ટોકમાં પણ મળશે *


### શિવગંજ (રાજસ્થાન)માં 'સાધ્વીજી મ૦નો કાળધર્મ'

તીર્થોદ્ધારક પૂ૦ આ૦શ્રી વિજયનીતિસુરીશ્વરજી મ૦ના સમુદાયના સાધ્વીશ્રી નિર્મલાશ્રીજી મ૦ના શિષ્યા સા૦ શ્રી લક્ષ્મીગુણાશ્રીજી મહારાજ લગભગ ૧૫ વર્ષનો દીક્ષાપર્યાય પાળી, વયે વૃદ્ધ વયે અશાતાવેદનીય કર્મો શાંતિ અને સમતા પૂર્વક ખપાવતાં ખપાવત તા. ૧૪-૩-૮૪ના રોજ અહીં આતિયાબાઈના ઉપાશ્રયે સમાધિપુર્વક કાળધર્મ પામ્યા છે. પૂજ્યશ્રીના અંતિમદર્શને અને અંતિમયાત્રામાં જોડાવા સ્થાનિક તેમજ બહાર ગામોથી ભાવિકો મોટી સંખ્યામાં ઉમટયા હતા. સ્વર્ગસ્થ સાધ્વીજી મ૦ના સંસારી પુત્ર ભીકમચંદજી પણ સપરિવાર આવી પહોંચેલ. અને તેઓના હાથે અગ્નિસંસ્કાર થયેલ.

પેરવા (બાલી-રાજસ્થાન)માં શ્રી મનરૂપચંદજીના ધર્મપત્ની પોકરીબાઈની કુખે જન્મ લઈ તથા તે જ ગામના શ્રી કપુરચંદજી સાથે લગ્નથી જોડાઈ, શિવગંજમાં ગૃહસ્થજીવન પસાર કરી, પતિના દેહાવસાન બાદ તેઓએ સં. ૨૦૨૫માં દીક્ષા અને સં. ૨૦૨૭માં પુ૦ આ૦શ્રી વિજયમંગલપ્રભસૂરિજી મ૦ના વરદ હસ્તે વડી દીક્ષા લીધી હતી. સંયમજીવનની ઉત્તમ સાધના સાથે જ્ઞાન-ધ્યાન-તપારાધના કરતા રહી તેઓએ જીવનને ઉજ્જવળ અને ધન્ય બનાવ્યું હતું.

### નોવી (રાજસ્થાન)થી શત્રુંજય તીર્થનો સંઘ

શાહ ધરમચંદ તારાચંદ સપરિવાર તરફથી શ્રી શત્રુંજય મહાતીર્થ, કચ્છ-ભદ્રેશ્વર, ગિરનારજી, શંખેશ્વરજી, ભીલડીયાજી, જીરાવલાજી આદિ તીર્થોનો નોવીથી તા. ૧૯ના બસ દ્વારા યાત્રાસંઘ નીકળતાં તે પૂર્વે સિદ્ધચક્ર મહાપુજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ મહા સુદ ૯થી પુ૦ મુનિશ્રી પુણ્યોદયવિજયજી મ૦ની નિશ્રામાં ઉજવવામાં આવ્યો. તા. ૨૪ના પાલીતાણા યાત્રાસંઘનું આગમન અને તા. ૨૬ના પુ૦ આ૦ શ્રી વિજયમાનતુંગસુરિજી મ૦ની નિશ્રામાં ગિરિરાજ પર તીર્થમાળ વિધિ થઈ હતી.

# માંડલ નગરે પ્રતિષ્ઠા મહોત્સવની યાદગાર ઉજવણી

વીરમગામ પાસે આવેલા માંડલ નગરમાં હાલ ૧૫૦થી ૨૦૦ જૈનોના ઘર છે. પાંચ દેરાસર છે. તેમાં ચાર શિખરબંધી અને એક ઘરદેરાસર છે. આ ઘર દેરાસરનો શ્રીસંઘે જીર્ણોદ્ધાર કરાવી નૂતન જિનાલયનું નિર્માણ કરતાં, તેમાં શ્રી શાંતિનાથ આદિ ૧૮ જિનબિમ્બોની પુનઃ પ્રતિષ્ઠા ફા. સુદ ૭ના પુ૦ આચાર્યશ્રી વિજયકનકપ્રભસૂરિજી મહારાજ, પુ૦ પં. શ્રી જિનચંદ્રવિજયજી મ૦, પુ પં. શ્રી સુધાંશુવિજયજી મ૦, પુ૦ શ્રી સુયશચંદ્રજી (પાયચંદગચ્છ) મ૦ તથા સાધ્વીજી શ્રી લાવણ્યશ્રીજી (પાટડીવાળા), સા૦ સુર્યયશાશ્રીજી, સા૦ ગુણલતાશ્રીજી, સા૦ ચંપકલતાશ્રીજી, સા૦ સ્વયંપ્રજ્ઞાશ્રીજી (પાયચંદગચ્છ), સા૦ નિજાનંદશ્રીજી, સા૦ તત્ત્વપ્રજ્ઞાશ્રીજી (અચલગચ્છ) મ૦ આદિની નિશ્રામાં કરવામાં આવી છે. પ્રતિષ્ઠા નિમિત્તે અગિયાર દિવસનો જિનેન્દ્રભક્તિ મહોત્સવ ખૂબ ઠાઠથી ઉજવવામાં આવ્યો.

મહોત્સવ દરમ્યાન શ્રી સિદ્ધચક્રપુજન (બે વાર) વોરા શાંતિલાલ ડોશાભાઈ તથા દેસાઈ ભોગીલાલ પ્રભુદાસ તરફથી, શ્રી ભક્તામરપુજન વોરા વૃજલાલ જેસીંગભાઈના પરિવાર તરફથી, શ્રી ઋષિમંડલપુજન શ્રી ચંદુલાલ પોપટલાલ તરફથી અને અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર શાહ ભવાનભાઈ સોભાગ્યચંદના પરિવાર તરફથી ઉચ્છરંગભેર ભણાવવામાં આવેલ. જલયાત્રાનો વરઘોડો પણ ખૂબ જ દબદબાથી શાસનની શોભા વધે તે રીતે નીકળ્યો. ખાસ તે દિવસે બહારગામથી મોટી સંખ્યામાં મહેમાનો પધારેલ તથા આજુબાજુના ગામડાંઓથી માનવમહેરામણ ઉમટેલ. આમ જૈન–જૈનેતર ભાઈ–બહેનો વરઘોડામાં ઘણી મોટી સંખ્યામાં સામેલ થયેલા મહોત્સવના છેલ્લા આઠ દિવસ સવારે સ્વામીભક્તિ તેમજ બપોરે અને સાંજે જુદા જુદા મહાનુભાવો તરફથી સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ. વળી આ શુભ પ્રસંગે જૈનો ઉપરાંત જૈનેતરોના ઘરે–ઘરે પ્રસાદની પ્રભાવના શ્રી વાડીલાલ માનચંદ હ. જશુભાઈ તથા શ્રી નગીનદાસ કાળીદાસના પરિવાર તરફથી કરવામાં આવી હતી.

મહામંત્રી વસ્તુપાલ–તેજપાલની આ જન્મભૂમિ હોય તેઓની અને તેઓના ધર્મપત્ની લીલાવતીદેવી અને અનોપમાદેવીની મૂર્તિઓ પણ આ પ્રતિષ્ઠા પ્રસંગે પ્રતિષ્ઠિત કરવામાં આવી.

દિલ્હી, મુંબઈ, અમદાવાદ, આણંદ વગેરે શહેરમાં વસતા માંડલના વતની ભાઈ–બહેનો પણ આ પ્રસંગે પધારેલા. અને વિવિધ બોલીઓમાં ભાગ લેતાં ઉપજમાં ખુબ સારી એવી વૃદ્ધિ થઈ હતી.

આ પ્રસંગને યશસ્વી બનાવવા સંઘના પ્રમુખ શ્રી રમણલાલ બાલચંદભાઈ દોશીએ, નાદુરસ્ત તબીયત હોવા છતાંય સ્તુત્ય પરિશ્રમ ઉઠાવેલ. તેમ જ દેરાસરનું નિભાવ ફંડ કરવાની ભાવના વ્યક્ત કરતાં અને પુ૦ આચાર્યશ્રી તથા પુ૦ પં.શ્રી જિનચંદ્રવિજયજી મહારાજે વ્યાખ્યાનમાં ઉપદેશ આપતાં તે વાતને શ્રીસંઘે ઉમંગભેર ઝીલી લીધી. આમ આ પ્રસંગે કાયમી નિભાવ ફંડ પણ ખૂબ સારું થઈ ગયું.

માંડલના આંગણે ઘણા વર્ષો બાદ આવો શુભ અવસર યોજાતાં સંઘના પ્રત્યેક–આબાલવૃદ્ધ–ભાઈ–બહેનોએ તન–મન–ધનથી જોડાઈ મહોત્સવને યશસ્વી અને યાદગાર બનાવવા ઉપરાંત માંડલના ગૌરવશાળી ઈતિહાસને રોશન કરેલ છે.

---


## જોઇએ છે

(૧) ધાર્મિક પાઠશાળા માટે અનુભવી સારા શિક્ષક, (૨) દેરાસરની પેઢી માટે સારા મુનીમ, (૩) લાઈબ્રેરી ચલાવવા માટે યોગ્ય લાઈબ્રેરીયન, અને (૪) જિનમંદિર માટે પુજારી કે જે સ્નાત્રપૂજા અને રાત્રિભાવના માટે પેટી વગાડી શકે તેવા.

યોગ્યતા પ્રમાણે પગાર આપવામાં આવશે. નીચેના સરનામે ઉંમર, અનુભવ અને અભ્યાસ આદિની વિગતે અરજી કરવી

સરનામું : સેક્રટરીશ્રી,
શ્રી જૈન શ્વે. મૂ૦ તપગચ્છ સંઘ
ગુલાબ શાવ ગલી, ભાજીમંડી,
ઈતવારી, નાગપુર-૪૪૦૦૦૨

### ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિન તા. ૧૩-૪-૮૪ ને શુક્રવાર

ભ૦ મહાવીર જન્મકલ્યાણક (જયંતી) આ વર્ષે ચૈત્ર સુદ ૧૩નો ક્ષય આવતો હોય ચૈત્ર સુદ ૧૨ (૧૨+૧૩ ભેગા) ને શુક્રવાર તા ૧૩-૪-૮૪ના રોજ મનાવવામાં આવનાર છે. કેન્દ્ર સરકાર અને મહારાષ્ટ્ર રાજ્ય સરકારે અગાઉ તા. ૧૪ એપ્રિલની જાહેર કરેલ રજામાં સુધારો કરી તા. ૧૩ એપ્રિલ શુક્રવારે આ રજા જાહેર કરી છે. ગુજરાત રાજ્ય સરકારે પ્રથમથી જ તા. ૧૩ એપ્રીલની આ રજા જાહેર કરેલી છે. આમ ભગવાન મહાવીર જન્મકલ્યાણક પર્વની આરાધના, રથયાત્રાદિની ઉજવણી વગેરે તા. ૧૩ એપ્રીલ શુક્રવારના સર્વત્ર ઉજવાશે.

### તીથલ [વલસાડ] માં ચૈત્રી ઓળી

વલસાડ શહેરથી થોડે જ દૂર ઘૂઘવતાં સાગરકાંઠે અને લીલીછમ્મ હરિયાળી વચ્ચે આવેલા તીથલમાં મેધાવી અને મધુર પ્રવચનવાણીથી મંત્રમુગ્ધ બનાવતા એવા જાણીતા પુ૦ બંધુત્રિપુટી મુનિવરો શ્રી મુનિચંદ્રવિજયજી મ૦, શ્રી કીર્તિચંદ્રવિજયજી મ૦ અને શ્રી જિનચંદ્રવિજયજી મ૦ની નિશ્રામાં ચૈત્રી ઓળીની સામુહિક આરાધનાનું ગુરુદેવશ્રી ગુણચંદ્રવિજયજી સ્મારક ટ્રસ્ટ-તીથલ દ્વારા સરસ આયોજન કરવામાં આવ્યું છે.

### સાહિત્યક્ષેત્રે ગૌરવપ્રદ સિદ્ધિ બદલ અભિનંદન

ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી સાહિત્ય વિવેચન, ભાષા અને વ્યાકરણ વિભાગમાં જૈન સમાજના પ્રતિષ્ઠિત વિદ્વાન ડૉ. રમણલાલ ચી. શાહ (મુંબઈ)ને એમના પુસ્તક 'પડિલેહા' માટે તથા પત્રકારત્વ અભ્યાસ વિભાગમાં જૈન સમાજના જાણીતા અને માનીતા લેખક શ્રી કુમારપાળ દેસાઈ (અમદાવાદ) ને તેમના પુસ્તક 'અખબારી લેખન' માટે પારિતોષિક આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પત્રકારત્વ અભ્યાસ વિભાગ અંગેના પુસ્તકને મળતું પારિતોષિક આ પ્રથમ જ છે.

આ બંને વિદ્દ્ મહાનુભાવોની આ ગૌરવપ્રદ સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન.

---

શ્રી અમદાવાદ નગરે નવરંગપુરા સ્થિત દાદાસાહેબના પગલાં (દાદાવાડી) મધ્યે નૂતન શ્રી મુનિસુવ્રતસ્વામિ જિનાલયે જિનપ્રતિમાઓની અંજનશલાકા-પ્રતિષ્ઠાના

## મહોત્સવ પ્રસંગે શ્રી સકલ સંઘને પધારવા નિમંત્રણ

**શુભ નિશ્રા ;** શ્રી ખરતરગચ્છીય પ૦પૂ૦ સંઘસ્થવિર જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્ જિનઉદયસાગરસૂરીશ્વરજી મ૦સા૦, પ. પૂ૦ પ્રસિદ્ધવકતા મુનિરાજશ્રી મહોદયસાગરજી મ૦ સા૦ તથા પ. પૂ૦ સેવાભાવી મુનિશ્રી પૂર્ણાનંદસાગરજી મ૦ સા૦ તેમજ પ૦ પૂ૦ પ્રવર્તિનીજી સ્વ૦ શ્રી વિચક્ષણશ્રીજી મ૦ સા૦ ની સુશિષ્યા શ્રી મનોહરશ્રીજી મ૦ સા૦, શ્રી મુક્તિપ્રભાશ્રીજી મ૦ સા૦ આદિ ઠાણા.

અંજનશલાકા : વિ.સં.૨૦૪૦ વૈશાખ સુદ ૪ તા. ૫-૫-૧૯૮૪ શનિવાર

પ્રતિષ્ઠા : વિ.સં.૨૦૪૦ વૈશાખ સુદ ૫ તા ૬-૫-૧૯૮૪ રવિવાર

**નોટ :** જે ભાગ્યશાળીઓને જિનપ્રતિમાજી અને ગુરુ મૂર્તિની અંજનશલાકા કરાવવી હોય તેઓએ તા. ૨૫-૪-૧૯૮૪ સુધીમાં અહીં લઈ આવવી. અંજનશલાકા બાદ તે તરત લઈ જવાની રહેશે.

સ્થળ : સરનામું :
શ્રી અમદાવાદ ખરતરગચ્છ ટ્રસ્ટ
દાદાસાહેબના પગલાં, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૦૯

-: વિનીત :
શ્રી અમદાવાદ ખરતરગચ્છ જૈન સંઘ
અમદાવાદ

# શ્રી મહાવીર રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ-સુરત દ્વારા ગ્રામ્યવિસ્તારમાં વિસ્તારાતી તબીબી રાહતની પ્રવૃત્તિ

સુરત ખાતેના શ્રી મહાવીર રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી ગ્રામ્ય વિસ્તારના વિકાસ કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય સુધારણાની રાહત પ્રવૃત્તિ મોટાપાયે ચાલી રહી છે જ્યાં ડોક્ટરી સારવાર દુર્લભ હોય અને તે માટે શહેરમાં પહોંચવું પણ મુશ્કેલ હોય એવા પછાત અને શહેરથી ઘણા દૂર આવેલાં ગામડાંઓમાં, ત્યાંની ગરીબ જનતાને વિનામૂલ્યે તબીબી સારવાર પુરી પાડવાના ધ્યેયથી શ્રી મહાવીર હોસ્પિટલ (સુરત)ના પ્રણેતા સમાજરત્ન શ્રી જે. આર. શાહે ફરતા દવાખાનાની યોજના વિચારતાં, તેને કાર્યરત બનાવવા મે. પી. ડી. કોઠારી એન્ડ કંપનીએ કન્સલટીંગ ચેમ્બર અને દવા વિતરણ ધરાવતી મોબાઈલ ડિસ્પેન્સરી વાન આ ટ્રસ્ટને આપતાં, આ મોબાઈલ ડિસ્પેન્સરીનું ઉદ્ઘાટન તાજેતરમાં સત્કાર્યોના તમામ ક્ષેત્રે ઉદારતા અને સેવાની સુવાસ પ્રસરાવનાર શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના પ્રમુખ શ્રી દીપચંદભાઈ ગાર્ડીના વરદ હસ્તે, અનેક નામાંકીત અગ્રણીઓની ઉપસ્થિતિમાં, સાનંદ સમ્પન્ન થયેલ છે.

આ મોબાઇલ ડીસ્પેન્સરી વાનનું ઉદ્ઘાટન થતાં શ્રી મહાવીર રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા સુરત પાસેના સોનગઢ તાલુકાના ચાલીસ ગામોમાં વિનામૂલ્યે ડોક્ટરી સારવારનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ વિસ્તારના આદિવાસી લોકોમાં ચામડી અને રક્તપીત્તના રોગોનું મોટુ પ્રમાણ હોવાથી સામાન્ય રોગોના ઈલાજ સાથે ચામડીના રોગની પણ સારવાર ઉપલબ્ધ બનાવવામાં આવી છે. અહીંની આદિવાસી જનતાને આરોગ્યની જાળવણી અંગે જાગૃત બનાવવા આ ટ્રસ્ટે સ્વાસ્થ્ય શિક્ષણના પ્રચાર-પ્રસારનું કામ પણ હાથ ધરેલ છે. આવી આવશ્યક અને સુયોજીત તબીબી સેવા ગ્રામ્યવાસીઓને પ્રાપ્ત થતાં, તે ખૂબ ઉપકારક અને આશીર્વાદરૂપ બની ગઈ છે.

સંસ્થાના ચેરમેન શ્રી જે. આર. શાહ તથા મે. પી. ડી. કોઠારી એન્ડ કંપનીના ભાગીદાર અને સંસ્થાના ટ્રસ્ટી શ્રી અરવીંદભાઇ ટી. શાહ આ તબીબી રાહત પ્રવૃત્તિને વિસ્તૃત, ઝડપી અને સફળ બનાવવા સારી જહેમત લઈ રહ્યા છે.

---


## ભાવનગર બંદરે - વિદ્યાનગર સોસાયટીમાં

# ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ

અંજનશલાકા: વિ. સં. ૨૦૪૦ વૈશાખ સુદ ૨ ગુરુવાર તા. ૩-૫-૧૯૮૪
પ્રતિષ્ઠા: વિ. સં. ૨૦૪૦ વૈશાખ સુદ ૩ શુક્રવાર તા. ૪-૫-૧૯૮૪
શુભ નિશ્રા: શાસનપ્રભાવક પરમપૂજ્ય આચાર્યપ્રવર

## શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ

આ પ્રસંગે જે કોઈ સંઘો કે ભાગ્યશાળીઓને પોતાની પ્રતિમાજીઓને અંજનશલાકા કરાવવી હોય તેઓએ ચૈત્ર વદ ૫ શુક્રવાર તા. ૨૦-૪-૧૯૮૪ સુધીમાં નીચેના સરનામે નકરો ભરી પહોંચ લઈ મોકલી આપવી. વૈશાખ સુદ ૧૦ તા. ૧૦-૫-૧૯૮૪ સુધીમાં પોતાની પ્રતિમાજી અવશ્ય લઈ જવાની રહેશે.

લિ. શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. તપા. સંઘ
પત્રવ્યવહારનું સરનામું: શેઠ ડોસાભાઈ અભેચંદની પેઢી
મોટું દહેરાસર, ટાવર પાસે, ભાવનગર-૩૬૪ ૦૦૧ (ગુજરાત)

# 'જૈન' પત્ર અંગેની માહિતી

[રજીસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સના નિયમાનુસાર ફોર્મ નં. ૨ નિયમ નં. ૬ (૧)ની રૂએ પ્રસિદ્ધ ]

૧. પ્રકાશન સ્થળ : વડવા, પાદર દેવકી રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૧ (ગુજરાત).

૨. પ્રકાશન સમય : સાપ્તાહિક ( દર શનિવાર ).

૩. મુદ્રકનું નામ : વિનોદ ગુલાબચંદ શેઠ
રાષ્ટ્રીયતા : ભારતીય.
ઠે. વડવા, પાદર દેવકી રોડ, ભાવનગર.

૪. પ્રકાશકનું નામ : વિનોદ ગુલાબચંદ શેઠ
રાષ્ટ્રીયતા : ભારતીય.
ઠે. વડવા, પાદર દેવકી રોડ, ભાવનગર.

૫. સંપાદકનું નામ : વિનોદ ગુલાબચંદ શેઠ
રાષ્ટ્રીયતા : ભારતીય.
ઠે. વડવા, પાદર દેવકી રોડ, ભાવનગર.

૬. પત્રની માલિકી : વિનોદ ગુલાબચંદ શેઠ
રાષ્ટ્રીયતા : ભારતીય.
ઠે. વડવા, પાદર દેવકી રોડ, ભાવનગર.

હું વિનોદ ગુલાબચંદ શેઠ આથી જાહેર કરું છું કે ઉપરે આપવામાં આવેલ વિવરણ મારી અધિકતમ જાણકારી અને ખાતરી મુજબ સાચી છે.


પ્રકાશક :
તા. ૨૪-૩-૧૯૮૪ વિનોદ ગુલાબચંદ શેઠ

## કેરા [રાજસ્થાન] નગરે અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ

પૂ૦ આ૦ શ્રી વિજયલબ્ધિચંદ્રસૂરિજી મ૦, પૂ૦ મુનિશ્રી કમલવિજયજી મ૦ આદિની નિશ્રામાં અહીંના ત્રિસ્તુતિક જૈન સંઘે અંજનશલાકા તેમજ જીર્ણોદ્ધારીત જિનમંદિરે વૈ૦ સુદ ૫, તા. ૬-૫-૮૪ના પ્રતિષ્ઠા કરવા સાથે શ્રી જિનભકિત મહોત્સવનું ભવ્ય આયોજન કરેલ છે. આ મહોત્સવ પ્રસંગે જૈનભિક્ષુ શ્રી રંગવિજયજી પણ પધારનાર છે.

## ભાવનગરમાં ચૈત્રી ઓળીની સામુહિક ભવ્ય આરાધના

શાસનપ્રભાવક પૂ. આચાર્યશ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ. સા૦ની શુભ નિશ્રામાં ગત ચાર વર્ષથી અનુક્રમે શેત્રુંજી ડેમતીર્થ, કદમ્બગીરી તીર્થ ભાવનગર અને મહુવામાં શાશ્વતી ચૈત્રી ઓળીની સામુહિક આરાધના જુદા જુદા મહાનુભાવો દ્વારા ઉદારદિલે લાભ લેવા પૂર્વક અને શ્રી નવપદ ઉપાસક મંડળ દ્વારા સુંદર વ્યવસ્થા ગોઠવણ પૂર્વક યાદગાર રીતે થવા પામી હતી. એ જ રીતે આ વર્ષે પણ પુ૦ આચાર્યશ્રીની શુભ નિશ્રામાં શ્રી નવપદ ઉપાસક મંડળ પ્રેરિત તથા શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ૦ તપા૦ સંઘના ઉપક્રમે પાંચમી સમુદાયિક શાશ્વતી ચૈત્રી ઓળીની આરાધના ભાવનગર-દાદાસાહેબમાં શ્રી અનોપચંદ માનચંદ શાહ (જસપરાવાળા) સપરિવારના આયોજનપુર્વક વિશાળ પાયે થનાર છે.




## આગામી અંક વિશેષાંક

હવે પછીના અંક ભ૦ મહાવીર જન્મ કલ્યાણક પર્વને અનુલક્ષી 'ભ૦ મહાવીર જન્મ કલ્યાણક વિશેષાંક' પ્રગટ થશે.

JAIN OFFICE–BHAVNAGAR Regd. No. G. BV. 20

વીર સં. ૨૫૧૦ ચૈત્ર સુદ ૧૩
શુક્રવાર તા. ૧૩ એપ્રિલ ૧૯૮૪

વાર્ષિક લવાજમ રૂા. ૨૦]
આજીવન સભ્ય રૂા. ૩૦૧]
જાહેરખબરના પેજના રૂા. ૩૦૦]

: મુદ્રણસ્થાન :
સરયૂ પ્રિન્ટરી, સોનગઢ

# જૈન

વર્ષ : ૮૧ ● અંક : ૬

: સ્વ૦ તંત્રી :
શેઠ ગુલાબચંદ દેવચંદ

પ્રકાશક : સંપાદક : મુદ્રક
વિનોદ ગુલાબચંદ શેઠ

: કાર્યાલય :
'જૈન' પત્રની ઓફિસ
વડવા, ભાવનગર–૩૬૪ ૦૦૧

## વિચારનું તીર્થ— સાધક મહાવીર

—લેખક—
પૂજ્ય મુનિરાજશ્રી
પ્રેમપ્રભસાગરજી મહારાજ

સર્જન સર્જન રહે તેમાં જ તેની શોભા છે.

મેઘ વાદળ ભરી લે અને પછી વરસી જાય તેમાં જ તેની કીમત છે.

વિકાસનાં તંતુ મેળવીને યશવંત-જીવનનું વસ્ત્ર વણી લે તેમાં જ મનુષ્યની મહત્તા છે.

અનંત વિકાસના વસ્ત્રને વણી લેવા શ્રમણ ભગવાન શ્રી મહાવીર મહાભિનિષ્ક્રમણના માર્ગે નીકળ્યા ત્યારે એમની આંખમાં નિશ્ચયની જ્યોતિ ઝળકતી હતી: "હવે અજન્મા બનાને રહીશ. મૃત્યુ એવું મેળવીશ કે એની ગોદમાંથી પુનઃ જન્મ પ્રકટ ન થાય !"

એ ચાલી નીકળ્યા. હરકદમ વિરાટ સિદ્ધિના દિશામાં મંડાતું રહ્યું. ઉપસર્ગની ભઠ્ઠીમાં કર્મને બાળી નાંખ્યું. મનને નિર્ગ્રંથ બનાવી દીધું. આંતરિક સ્થૈર્ય વિના સાધના સફળ કોની થાય છે ? માર્ગ નિશ્ચિત હતો-મોક્ષનો. લક્ષ્ય સ્થિર હતું-સિદ્ધિનું. આપત્તિ એમને મન આનંદપ્રદ હતી. ગોશાલક નામનો મનુષ્ય કે શૂલપાણી નામનો દેવ, ગમે તે ઉપદ્રવ કરે, પગમાં સગડી જલાવે કે એ સાધકમુનિ સામે અટ્ટહાસ્ય કરે તોય મહાવીર વર્ધમાન મંદ મંદ આનંદહાસ્ય કરતા ઊભા રહે. ન ઉલ્લંઘન, ન ઉપહાસ, સર્વ પ્રત્યે સમભાવ. નિતાંત સમતા.

સમતાના આ તત્ત્વે મુમુક્ષુ વર્ધમાનને મુક્ત અર્થમાં મહાવીર બનાવી દીધા. એ મહાવીરત્વ 'છી સતત વિકસતું રહ્યું. સમગ્ર વિશ્વને સમજવાની-નિહાળવાની જ્ઞાનસંપદા-કેવળજ્ઞાન મેળવ્યા પછી એમના ઉપદેશના ધ્વનિ સમતાના વિશિષ્ટ અર્થને વિસ્તારવાનો અને સમજાવવાનો બની રહ્યો.

માનવચિત્ત અટપટું અને અગાધ છે. સરોવરના જલતરંગની જેમ, ચિત્તના સરોવરમાં પણ અનેક વર્તુળો પેદા થયા કરે છે: ક્રોધના, માનના, માયાના, લોભના ! ચિત્તને મેઘધનુષની રમણીય ઉપમા આપી શકાય-એ ક્ષણમાં જન્મે ક્ષણમાં વિલાય !

કોઈ મુસાફર રણમાંથી પસાર થતો હશે અને એણે આકાશમાં સાત રંગોની રંગોળી રચાતી જોઈ: એને થયું કે આ રંગમેળો પોતાની અત્યંત નજીક છે. એ દોડયો, ઝડપી લેવાનું મન થયું એને. પરંતુ ખૂબ દોડયા પછી પણ પેલો મેઘધનુષી રંગોનો મેળો એટલો જ દૂર હતો...જેટલો પહેલા હતો !

સાધક મહાવીર માનવચિત્તને ઊંડાણથી જોતાં માનવચિત્તમાં જે કલ્પનાઓ ઉદ્ભવે છે તે આવી મેઘધનુષી નથી હોતી ? પ્રત્યેક મનુષ્યને થાય છે કે સુખ તો આ રહ્યું ! એ ઝડપવા દોડે છે પણ જ્યારે ઊભો રહીને જૂએ છે ત્યારે એ સુખ એટલું જ આઘે હોય છે, જેટલું પહેલાં હતું !

ભગવાન
મહાવીર
જન્મકલ્યાણક
વિશેષાંક

॥શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ॥

# શ્રી શંખેશ્વર મહાતીર્થમાં લાભ લેવાની

# 卐 અમુલ્ય તક 卐

**શ્રી** શંખેશ્વર જૈન ભોજનશાળા ૬૦ વર્ષ પુરા કરી તેનો હિરક મહોત્સવ મુંબઇ તથા શંખેશ્વર ખાતે ઉજવી ૬૧મા વર્ષમાં પ્રવેશી છે.

ભારતભરમાંથી શ્રી શંખેશ્વર મહાતીર્થની યાત્રાએ દર વર્ષે લાખોની સંખ્યામાં યાત્રાળુઓ પધારે છે તેમની ભક્તિ કરવાનું પરમ સૌભાગ્ય શ્રી શંખેશ્વર જૈન ભોજનશાળાને મળે છે. તેમજ આ તીર્થમાં પધારતાં પૂજ્ય ગુરૂભગવંતોની વૈયાવચ્ચનો લાભ આ સંસ્થાને મળે છે, જે અમારું પુન્યનું ભાથું છે.

ભોજનશાળામાં આયંબીલખાતું બારે માસ ચાલું છે આ તીર્થનો મહિમા અપરંપાર છે. શ્રદ્ધાળુ યાત્રિક ભાઈ-બહેનો આ તીર્થમાં આવી અઠ્ઠમતપની આરાધના કરે છે. આવા મહાન તપસ્વીઓની પારણાં-અત્તરવારણાંની સગવડ ફ્રી આપવામાં આવે છે.

વરસીતપના બેસણાં ફ્રી કરાવવામાં આવે છે. એકાસણાં અને બેસણાં કરનાર તપસ્વીઓને ચા-દૂધની સગવડ આપવામાં આવે છે.

ભાવી દીક્ષાર્થી ભાઈ-બહેનોની ભક્તિ પણ કરવવામાં આવે છે. તેમજ દરેક પ્રકારની સગવડ આપવામાં આવે છે.

શ્રી શંખેશ્વર જૈન ભોજનશાળા સંચાલિત ૧૦૧ રૂમોની ત્રણ માળની ભવ્ય ધર્મશાળામાં રૂમ, બ્લોક તથા હોલ નોંધાવી દાતાઓને લાભ લેવા વિનંતી છે. ધર્મશાળામાં કુલ ૮૭ રૂમ, ૧૨ બ્લોક તથા ૨ હોલ તેમજ જમીનથી ૫૦ ફુટ ઊંચા ટાવરનું બાંધકામ થશે. જે પાંચ કીલોમીટર દૂરથી જોઈ શકાશે. જેનો નકરો નીચે મુજબ છે:—

| | વિગત | નકરો રૂા. | બાંધકામની સાઈઝ |
|---|---|---|---|
| (૧) | રૂમ | ૧૫૦૦૧ | ૪૪ ચોરસ વાર |
| (૨) | બ્લોક | ૩૧૦૦૧ | ૬૬ ચોરસ વાર |
| (૩) | હોલ | ૭૧૦૦૧ | — |

(૪) ટાવર ઉપર નામ લખાવવા રૂબરૂ મળો યા લખો.

**નોંધ :** ૧. ગ્રાઉન્ડ ફ્લોરનું બુકીંગ થઈ ગયું છે. પહેલા અને બીજા માળનું બુકીંગ ચાલુ છે.
૨. ઉપરોક્ત સંસ્થામાં દાન આપનાર દાતાઓને ૮૦ જી મુજબ કર માફ છે.

વધુ વિગત માટે  ૧૨૪ : હારીજ
૩૧ : શંખેશ્વર

શ્રી શંખેશ્વર જૈન ભોજનશાળા
તા. સમી, જિલ્લો : મહેસાણા,
મુ.પો. શંખેશ્વર-૩૮૪૨૪૬

પ્રમુખ
શ્રી શંખેશ્વર જૈન ભોજનશાળા
C/O ખુમચંદજી રતનચંદજી શાહ
૨૧૯, કીકા સ્ટ્રીટ, ગોડીજીના ચાલ
મુંબઈ-૪૦૦૦૦૨

ડ્રાફ્ટ માટે —યુનીયન બેન્ક ઓફ ઇન્ડિયા-શંખેશ્વર.
સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા/બેન્ક ઓફ બરોડા-હારીજ.

એને સતત લાગ્યા કરે છે કે સુખ ચિરમસીમા તો પોતાનાથી એક ડગલું જ દૂર છે! પરંતુ એ અસ્પર્શ રહે છે અને વચ્ચેના થોડાંક જ અંતરની અગનઝાળ એને બાળી નાંખે છે!

એ ચોટ છે. કારમી ચોટ. મનુષ્યચિત્તની એ ક્ષણની પીડા અસહ્ય બની જાય છે.

શ્રમણ મહાવીરે આની સામે એક વિચારનું તીર્થ મૂકી આપ્યું છે. એમણે કહ્યું કે આ મૃગજળ છે, માયાનું મૃગજળ! ભલા, દુનિયામાં કોઈએ ઝાંઝવાનાં જળ પીધાં જાણ્યાં છે? સુખ મેળવવાનો પ્રયત્ન શરૂ કર્યો અને દુઃખના મારણ માટે મથ્યો ત્યારે એ વિસરી ગયો કે આ બંને તો એની પાસે જ છે, અખૂટ અને અનંત!

માનવી એમાં સુખ માનતો રહ્યો, જેમાં મનની પૂર્તિ થતી હતી. જેમાં મન અપૂર્ણ રહ્યું તેને દુઃખ માન્યું. પરંતુ જ્યાં અપૂર્ણતા હતી ત્યાં જ માનવી પૂર્ણપણું માની લે તો દુઃખ ક્યાં છે?

અને, એ જ સુખ નથી?

આ સિદ્ધાંત છે મારે મન: અપૂર્ણ આપત્તિકારક છે. ભગવાન મહાવીર પૂર્ણ બનવાનું કહે છે. 'જ્ઞાનસાર'માં ઉપા. શ્રી યશોવિજયજી આત્માને પૂર્ણ બનાવવાની વાત કરે છે હા, તે પહેલાં સાવ ખાલી થવાનું એમણે કહ્યું છે. એ ખાલીપો, લાલસાના અભાવનો જોઈએ.

કેમકે, આ તમામ દુઃખદ અંજામ સમતા અને સંતુષ્ટિના અભાવનો છે. મનના આકાશમાં સમતાનું-સંતોષનું સુરેખ અંકન થઈ જાય તો તરંગને સામે કિનારે નિર્બંધ અવસ્થાના તીર્થમાં પ્રવેશી જવાય. સંગમદેવે કરેલાં ઘોર ઉપદ્રવ પછી થાકીને એ પાછો વળ્યો ત્યારે કરુણાવંત મહાવીરનાં નેત્રોમાં આંસુનું બૂંદ ઝબક્યું! રે! આ મને સ્પર્શ્યો પછી પણ કલ્યાણ ન પામ્યો! સમતાનો એ કેવો વિશિષ્ટ વિકાસ હશે! સતી ચંદનબાળાના હસ્તે પારણામાં અડદ મળ્યા ત્યારે એ નિર્મમપણે સ્વીકાર્યા: સંતોષની તીવ્ર માત્રા હતી એ.

ક્રોધ, માન, માયા અને લોભ એ અસહિષ્ણુતા અને અતૃપ્તિનાં ફરજંદ હોય છે. એનો તીવ્ર આવેશ પાગલ બનાવી મૂકે. માનવી આ ચાર કષાય/દુર્ગુણોનો ભોગ બને તો તેનો અંત શો હોઈ શકે તેની વાત ભગવાન મહાવીર આમ કરે છે:

"ક્રોધ પ્રતિનો નાશ કરાવે. માન વિનયનો, માયા મિત્રવૃંદનો અને લોભથી સર્વનાશ થાય."

(દશવૈકાલિક સૂત્ર)

આ બધામાં ઉત્થાનની ભૂમિકા રચવી હોય તો સમતાને જ ફળદ્રુપ બીજ બનાવવું પડે. ભગવાન મહાવીરે કહ્યું છે: સમત્તયંસી ન કરેઈ પાપ-સમતાશીલ પાપના માર્ગે નથી જતો. એ દુર્ગુણને આધીન નથી બનતો.

પણ, સમતા એટલે શું? સહનશીલતા? માત્ર આટલો અર્થ કરીએ તો તીર્થંકર મહાવીરને અન્યાય થઈ જાય. સમતા એટલે શાંતિ. સમતા એટલે આનંદ. સમતા એટલે સુખ. જે મળે તેનું સુખ, ન મળે તેનું પણ. જો આમ સમતા સિદ્ધ બને, અધિકારની વૃત્તિ અને આ મારૂં જ છે તેવી મનોદશાનો અંત આવે તો એ સમતા છે.

અને એ જ છે ધર્મ.

ભારતપ્રવાસી સેનાલ્ડ સેગન કહેતા કે—ભારતમાં ધર્મ ભૂલો પડયો છે. ભગવાન મહાવીરને મન, મનુષ્ય, આ પોતાના જાળાઓમાં ભૂલો પડયો હતો. અને એમાંથી બહાર નીકળવા એક પગથીયું બાંધી આપ્યું-એ ધર્મનું હતું.

ભગવાન મહાવીરના પ્રત્યેક વર્ષે આવતા જન્મ કલ્યાણકના અવસરે, એનો અનુયાયી કે ચાહક આટલું સિદ્ધ કરે તો એ સાચો ધર્મી. □


૧૦૦ ટકા શુદ્ધ કમલ છાપ કેસર સ્પેશ્યલ ક્વોલીટી

જે સ્પેનથી પણ રંગ, સુગંધ અને ગુણોમાં ઊંચી ક્વોલીટીની ગેરંટી સાથે

૧, ૨, ૩, ૫, અને ૧૦ ગ્રામના સીલબંધ પેકીંગમાં મળે છે.

રાજસ્થાન ટ્રેડર્સ : ૨૯૬, સેમ્યુઅલ સ્ટ્રીટ, વડગાદી, મુંબઈ-૪૦૦ ૦૦૩ ફોન : ૩૨ ૭૧ ૧૩

બ્રાંચ ૬૨૨, કટરા, ઈશ્વર ભવન, ખારી બાવલી, દિલ્લી-૬ ફોન : ૨૫૧૯૭૫ : ૨૫૨૪૭૩

# MAHAVIR AGENCIES
Prop : K. J. SHAH



Manufactur's of :

TYRE RETREAD-SHOP ACCESSORIES

●

B/20, Paras Darsan,
Jagdusha Nagar, Golibar Road
GHATKOPAR, BOMBAY-86

## વરસીતપના પારણા કરવા મહુડી (મધુપુરી) તીર્થે પધારો

પરમપૂજ્ય યોગનિષ્ઠ આચાર્ય મહારાજ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ના પ્રાણસમા આ તીર્થમાં વિ. સં. ૨૦૨૪માં અંજનશલાકા-પ્રતિષ્ઠા ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીએ કરાવેલી અને ૫૧ ઈંચના શ્રી આદીશ્વર ભ૦ની પ્રતિમાની સ્થાપના વખતે દર સાલ વરસીતપના પારણા આ તીર્થમાં કરાવવાનો નિર્ણય લેવાએલ. આ નિર્ણય મુજબ ચાલુ સાલે પણ વરસીતપના પારણાં અત્રે કરાવવામાં આવનાર છે. તે માટેની તમામ સગવડ આપવામાં આવશે. તો જે ભાઈ-બહેનોને વરસીતપના પારણા કરવાના હોય તેમણે તુરત જ નીચેના સ્થળે નામ નોંધાવવા વિનંતી છે.

મહુડી (મધુપુરી) જૈન શ્વે. કારખાના
મુ. પો. મહુડી (મધુપુરી) [ફોન : ૫૬]
તા. વિજાપુર (ઉ. ગુજરાત) જી. મહેસાણા

● આત્મસાધકોએ અચૂક વસાવવા યોગ્ય
● અધ્યાત્મરસ ભરપૂર સ્વાધ્યાય ગ્રન્થો

શ્રી મોતીચંદ કાપડીઆ ગ્રન્થમાળા

# શ્રી આનંદઘનજીનાં પદો (ભાગ ૧-૨)

☐ યોગીરાજ શ્રી આનંદઘનજીનો રોમાંચક જીવન પરિચય.
☐ મૂળ પદો, પાઠાંતર, શબ્દાર્થ, ભાવાર્થ તેમ જ
☐ પદો ઉપર વિસ્તૃત અને રસાળ વિવેચન.

વિવેચક : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ

ગ્રન્થની સાઈઝ : ૧૦×૭॥ ઈંચની-મોટી સાઈઝ

ભાગ ૧ : કિ. રૂ. ૨૫) (બંનેના પોસ્ટેજ ખર્ચ અલગ) ભાગ ૨ : કિ. રૂ. [illegible]૦)

: પ્રાપ્તિસ્થાન :

❀ શ્રી મહાવીર જૈન વિદ્યાલય; ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦૦૩૬
❀ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, પાલડી બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૩૮૦૦૦૬

# પ્રભુ મહાવીરની અપાર કરુણા

**લેખક : પૂજ્ય આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ**

દરેક તીર્થંકર પરમાત્માઓનો મોક્ષમાર્ગના ઉપદેશક તરીકે આપણા ઉપર અનંતો ઉપકાર હોવા છતાં ચરમ તીર્થપતિ પરમાત્મા મહાવીરદેવનો આપણા ઉપર વિશેષ ઉપકાર છે, કારણ કે આપણે અત્યારે તેઓના શાસનમાં આરાધના કરી રહ્યા છીએ. તેઓએ સ્થાપેલું એકાંત હિતકાર શાસન આ ભીમ ભવસાગરમાં આપણને વહાણરૂપે સાંપડયું છે. એ પરમાત્મા મહાવીર પ્રભુના ૨૭ ભવો પૈકી સત્યાવીશમો મહાવીર પ્રભુ તરીકેનો ભવ ઘણો જ મહત્ત્વપૂર્ણ છે; અને એ ભવમાં પણ તેઓએ દીક્ષા સ્વીકારી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું એ સાડા બાર વર્ષનો ગાળો જેને આપણે તેઓના સાધનાકાળ તરીકે ઓળખી શકીએ છીએ એ ઘણા જ પ્રેરણાદાયી પ્રસંગોથી ભરેલો છે. સાધક આત્માને આમાંથી સાધનાને ઉપયોગી અવનવી પ્રેરણા પ્રાપ્ત થાય તેમ છે.

પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વમાં આપણે ત્યાં પ્રતિવર્ષ વંચાતા શ્રી કલ્પસૂત્રના નવ વ્યાખ્યાનો પૈકી છઠ્ઠા વ્યાખ્યાનમાં ગણધરવાદના પહેલાં આ આંખોય અધિકાર વર્ણવવામાં આવ્યો છે. જે વાંચતા-સાંભળતાં આપણું હૈયું ધમકમી ઊઠે છે, શરીરના રુવાડાં ઊભા થઈ જાય છે, આંખો અશ્રુથી ભીની થઈ જાય છે અને મુખમાંથી ધન્ય ધન્ય'ના શબ્દો સરી પડે છે. પરીષહ અને ઉપસર્ગોની આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર થતા તેઓના આત્મારૂપી કુંદનમાંથી કર્મ—કચરો દૂર થતાં તે જાજ્વલ્યમાન જ્યોતિથી ઝળહળવા માંડે છે. એ ઉપસર્ગોના પ્રસંગોમાં પ્રભુનો અપ્રતિમ દેહનિરીહ ભાવ, ઉત્કૃષ્ટ સહિષ્ણુભાવ અને અપાર કરુણાભાવના આપણને દર્શન થાય છે.

એ પ્રસંગોમાં આપણા હૈયાને હચમચાવી મૂકે તેવો પ્રસંગ છે સંગમદેવે કરેલા ઉપસર્ગનો. તે પ્રસંગનું આબેહૂબ વર્ણન એક જ શ્લોકમાં આબાદ રીતે ગૂંથી લેવામાં આવ્યું છે.

રક્ષન્તુ સ્ખલિતોપસર્ગ ગલિતપ્રૌઢપ્રતિ જ્ઞાવિધો,
યાતે સ્વઃશ્રયમર્જિતાંહસિ સુરે નિઃશ્વસ્ય સંચારિતાઃ ;
આજાનુ સ્થિતિમધ્ય મગ્નવપુષ શ્રક્રાભિઘાત વ્યથા-
મૂર્ચ્છાન્તે કરુણાભરાઞ્ચિતપુરા વીરસ્ય વો દૃષ્ટયઃ .

સંયમ સ્વીકાર્યા પછી પ્રભુ મહાવીર સાધના-માર્ગમાં ઉત્તરોત્તર આગળ ને આગળ વધતા જાય છે. પ્રભુની સાધના અને ધ્યાનયોગમાં મેરુપર્વતના જેવી નિષ્પ્રકમ્પ સ્થિતિને નિહાળતા પત્થર હૃદય માનવનું હૈયું પણ પીગળી જાય પછી ભક્તહૃદયની તો વાત જ શી કરવી?

એક વાર ઇન્દ્ર મહારાજા સભામાં બેઠા છે. તે વખતે દેવોની આગળ એમણે વાત ચલાવી પ્રભુના અજબ—ગજબના ધૈર્યની. તે સાંભળી દેવોના મસ્તક ઝુકી પડયા. એ સભામાં બેઠેલો સંગમદેવ, જે ઇન્દ્ર મહારાજાનો સામાનિક દેવ થાય, એને ઈન્દ્રની એ વાત ન રુચિ એટલું જ નહિ પણ તેને એ વાહિયાત લાગી.

એને થયું કે શું પૃથ્વીલોકના એક માનવીમાં આટલું ધૈર્ય સંભવી શકે ખરું? પણ પોતાના સ્વામી-પણાના નશામાં ચકચૂર એવા ઈન્દ્ર મહારાજાને ક્યાં આવું વિચારવાની ફુરસદ છે. હું હમણાં જ ત્યાં જઉં છું અને એમને ચલાયમાન કરી ઈન્દ્ર મહારાજાના વચનને ઉન્મત્ત પ્રલાપના જેવા બનાવી દઉં છું.

ઈન્દ્રસભામાં આવી પ્રતિજ્ઞા કરીને એ તો આવ્યો જ્યાં પરમાત્મા મહાવીર ધ્યાનમાં લયલીન થયેલા હતા ત્યાં. એણે એક પછી એક રૌદ્ર—રૌદ્રતમ ઉપસર્ગો કરવા માંડયા. ક્રૂર અને હિંસક પશુ—પક્ષીઓના એવાં એવાં તો રૂપો એણે વિકુર્વ્યા કે જે દ્વારા પરમાત્મા મહાવીરને હેરાન કરવામાં એણે કાંઈ બાકી ન રાખ્યું. પ્રતિકૂળ ઉપસર્ગોમાં એ ન ફાવ્યો એટલે અનુકૂળ ઉપસર્ગો પણ એવા જ આકરા કર્યા. પ્રભુ તો તે બંને પ્રકારના ઉપસર્ગો વચ્ચેય અણનમ રહ્યા. હવે શું કરવું? પ્રભુ જો આમ ને આમ અચલિત જ રહેશે તો પોતે કરેલી પ્રતિજ્ઞાનું

શું ? એવું આગળ પાછળનો કોઈ વિચાર કર્યા વગર અંતિમ પ્રયાસરૂપે ભગવાન ઉપર ભયંકર કાલચક્ર મૂકયું. મોટા મોટા પર્વતોના જે ચૂરેચૂરા કરી નાંખે એવું કાલચક્ર મૂકયું ત્યારે ત્રિભુવન કંપી ઊઠયું. જોનારા બધા સ્તબ્ધ થઈ ગયા. એ કાલચક્રના આઘાતથી ભગવાન ઢીંચણ સુધી જમીનમાં ખૂંપી ગયા, પણ તેઓના ધ્યાનની સ્થિરતા તો એવી ને એવી જ રહી. એ જોઈ સંગમ હતાશ અને નાસીપાસ થયો, વિલખો પડયો.

ભગવાનને ચલાયમાન કરવા માટે પોતાની પાસેનું છેલ્લું શસ્ત્ર અજમાવી લીધા પછી તે નિઃશસ્ત્ર બની ગયો હતો. આવ્યો હતો જીતવા પણ જીતાઈ ગયો. વિજય ને બદલે પરાજય પામ્યો. કાલચક્રના પ્રહારથી પ્રભુને ક્ષણવાર મૂર્ચ્છા આવી ગઈ. પણ એમનું ધ્યાન તો અખંડિત જ રહ્યું. મૂર્ચ્છા વળતાં પ્રભુ સંગમને સ્વર્ગ ભણી જતા જોઈ રહ્યા, એ જ પ્રસંગનું સચોટ વર્ણન આ શ્લોકમાં છે

કવિ કહે છે — પ્રભુને ઉપસર્ગ કરવાથી પાપ ઉપાર્જન કરીને પોતાના સ્થાન–સ્વર્ગ તરફ જતા સંગમ ઉપર નાંખેલી કરુણાના ભારથી ઢળેલી તે દૃષ્ટિ તમારુ રક્ષણ કરનારી થાઓ.

પ્રભુના હૈયામાં ઉછળતો અપ્રતિમ કરુણાભાવ નેત્રો દ્વાર બહાર સરી પડયો.

જે સમયે પ્રભુએ કરુણાસભર નયને સંગમને નિહાળ્યો એ સમયે પ્રભુજી કેવી સ્થિતિમાં હતા તે જાણવું ઘણું મહત્ત્વનું છે. એ જાણીશું ત્યારે પ્રભુએ ભાવેલી તે કરુણાની કિંમત આપણને સમજાશે.

ઈન્દ્રસભામાં પ્રભુને ચલાયમાન કરવાની પ્રતિજ્ઞા કરી આવેલા સંગમે બધા જ ઉપાયો અજમાવ્યા બાદ છેલ્લે કાળચક્ર મૂકયું. એ એવા આશયે કે આ કાળચક્રથી તેઓ ચલાયમાન થયા વગર નહિ જ રહે. પણ, તેનાથી પ્રભુ ચલાયમાન તો ન જ થયા પણ તેની અસરથી પ્રભુ ઢીંચણ સુધી જમીનમાં ખૂંપી ગયા અને ક્ષણવાર તેમને મૂર્ચ્છા આવી ગઈ. જેવી મૂર્ચ્છા ઊતરી કે એમની સંગમ ઉપર નજર પડી. સંગમ હતાશ થઈ સ્વર્ગ તરફ જઈ રહ્યો હતો. પ્રભુને થાય છે કે બિચારો આ જીવ પામ્યા સિવાય મારી પાસેથી જાય છે. અત્યાર સુધીનાં જે જે પરિચયમાં આવ્યા—પછી તે રાગથી આવ્યા હોય કે દ્વેષથી, પણ તે પામ્યા સિવાય ગયા નથી. આ બિચારો એમને એમ જાય છે.

જેણે મુકેલા કાલચક્રથી પોતે ઢીંચણ સુધી જમીનમાં ખૂંપેલા છે એ વખતે પણ કાલચક્ર મૂકનાર સંગમ ઉપર ભાવેલી આ કરુણાભાવના પ્રભુની લોકોત્તર કરુણાભાવનાનો એનમન નમૂનો નહિ તો બીજું શું છે ?

કરુણામૂર્તિ પ્રભુ મહાવીરના અનુયાયીઓ તેઓના જીવનના આવા પ્રસંગોમાંથી બોધ તારવી પોતાના હૃદયમાં કરુણાભાવ પ્રગટાવી સ્વ–પર હિત સાધે એ જ મંગલ કામના.

—૦—

# શ્રી વીર જિણંદને વિનંતિ....

## લેખક : શ્રીયુત મફતલાલ સંઘવી, ડીસા (બનાસકાંઠા)

હે નાથ ! ત્રિજગપતિ શ્રી વીર જિનેશ્વરદેવ ! મનમાં આપશ્રી પધારો છો ત્યારે આખા વિશ્વનું મંગળ કરનારી આપશ્રીની ઉત્કૃષ્ટ ભાવદયાનો અમી-સ્પર્શ થાય છે અને મનરૂપી ચન્દ્રને વળગેલા રાહુ–કેતુરૂપી રાગ–દ્વેષ દૂર નાસી જાય છે

આથી બધા જીવો સાથેનું મારૂં સાચું જે સગપણ છે તે મારા મનમાં તાજું થાય છે અને કરમાઈ ગયેલા ફૂલ જેવા સગપણોને આ સગપણ આંબી જાય છે.

હે કરુણાસાગર ! અનંત કાળના પ્રવાહમાં ૨૫૧૦ વર્ષનો આમ તો ખાસ હિસાબ જ ન ગણાય. અને કદાચ ગણાય તો લાખ જોજનના મેરૂના એક કણ જેટલો પણ માંડ ગણાય. પણ, અમે આપશ્રીની આજ્ઞાથી, ભાવદયાથી, પરમ વાત્સલ્યથી અને કૃતજ્ઞતાથી એટલા છેટા પડી ગયા છીએ કે અમારા માટે તો આ સમય પચીસસો લાખ વર્ષથીય અધિકો થઈ પડયો છે

માટે હે નાથ ! અમે દયા પાળવામાં દૂબળા પડતા જઈએ છીએ. વાત્સલ્યની પ્રભાવના કરવામાં વહેંતીઆ બનતા જઈએ છીએ. ઉપકારીને નમવામાં લાઘવતા અનુભવતા થયા છીએ

હે વિશ્વેશ્વર! વિશ્વ સાથે કાંઈ લેવાદેવા ન હેય, કોઈ જાતનો સંબંધ ન હોય એવું ઉપેક્ષપૂર્ણ જીવન આજ અમે જીવીએ છીએ. તેની શરમ પણ અમને નથી આવતી તે અમારા જીવનની કરૂણતા છે.

હે કરુણાવતાર! આપે ચંડકૌશિકને તાર્યો એવું બોલતાં અમે ગૌરવ અનુભવીએ છીએ. પણ આપશ્રીની એ કરુણા સાથે કટ્ટી રાખ્યાને બેસી ગયા છીએ.

હે વિશ્વાધાર! ચંદનબાળાજીના આંસુનું મુલ્ય આપશ્રીએ આંક્યું એ જાણવા છતાં એવાં આંસુ માટે અમારી આંખો આજે તો બીલકુલ તૈયાર નથી. કારણ કે તેની ભીતરમાં ભયાનક વાસનાઓના ભડકા છે.

'મેરૂશિખર ન્હવરાવે ઓ સુરપતિ' બોલીને આપશ્રીની શાન્તરાગ પ્રચુર પ્રતિમાને પ્રક્ષાલ કરનારા અમારા મનમાં આજ સુધી એ સુરપતિ [શક્રેન્દ્ર]ની એ ખુમારી અમે ભાગ્યે જ અનુભવી છે.

હે વિશ્વવલ્લભ! અમે કદીયે શ્રેણિકની આંખે આપશ્રીને નિરખ્યા હોય એવું યાદ નથી.

હે સર્વજ્ઞ પરમાત્મા! આજે અહીં થતો દેખાતો ધર્મ ઘણોય થાય છે, પણ તેમાં આપશ્રી કે આપશ્રીના વિશ્વવાત્સલ્યનું મુદ્દલ દર્શન થતું નથી.

હે ધર્મદિવાકર! આપશ્રીએ પ્રકાશેલો ધર્મ તો ત્રિભુવન ક્ષેમંકર છે. અમૃત કરતાં અધિક ગુણકારી છે. સાડા ત્રણ કરોડ રૂંવાડામાં સમતાની પ્રતિષ્ઠા કરનારો છે દુઃખો, આપત્તિઓ, અંતરાયો, ઉપસર્ગો વગેરે વચ્ચે અડોલ, અણનમ રાખનારો છે. સર્વ પ્રકારની ઐહિક લાલસાઓથી છોડાવનારો છે. 'શિવમસ્તુ સર્વજગતઃ'ના શિખરે લઈ જનારો છે. જ્યારે આજે અમે આપશ્રીએ પ્રકાશેલા ધર્મના ઉપાસક હોવા છતાં અમારી હાલત કૂવાના દેડકા જેવી છે. સ્યાદ્વાદ રત્નાકરના જેવી નથી.

શહેરની સડકો પર 'વંદે વીરં'નો નાદ અમે ઘણીવાર કાઢયો. પણ કયારેય ભાવથી આપશ્રીને નમ્યા નથી. આપશ્રીને ભજ્યા નથી. માટે માદલા થઈને જીવીએ છીએ. આત્મવીર્યને પ્રગટ કરવા જેટલી શુદ્ધ ભક્તિ કરવાની શક્તિ ગૂમાવતા જઈએ છીએ.

અનંત ઉપકારી હે નાથ! "અવર ન ધંધો આદરૂં. નિશદિન તોરા ગુણ ગાઉં રે......' કહીને આપશ્રીને અહર્નિશ ભજનારા આપશ્રીના ભકત શ્રી યશોવિજયજી ગણિવરને અમે હસીએ છીએ અને સંસારના પૂજકોને પ્રશંસીએ છીએ. એવી કબુલાત આપ સમક્ષ કરનારા પણ ઘટતા જાય છે.

હે પરમ દયાવંત પરમાત્મા! કોઈ પણ જીવને નહિ દુભવવાની આપશ્રીની આજ્ઞા શાસ્ત્રોના પાને પાને ઝળહળે છે તે સાચું, પણ અમારા હૃદયમાં તો એક 'હું' જ અડ્ડો જમાવીને બેઠો છે. વિકૃત અહંની જ બોલબાલા છે. અને તેને જ અહમ્‌ની ભકિત સમજી લેવાની હદે ગબડયા છીએ.

પુણીયાજીના સામાયિકની પ્રશંસા કરનારા હે પરમાત્મા! આજે અમે જે સામાયિક કરીએ છીએ તેને મુખ્ય નિસ્બત ૪૮ મિનિટ સાથે હોય એવા પ્રકારનું અમારૂં વર્તન છે. માટે તો એક માખી પણ અમારા સામાયિકને ડહોળી શકે છે.

હે પરમ તારક! અમારા આવા મિથ્યા વલણ અને વર્તનનું કારણ એ છે કે અમે આપશ્રીને ભૂલી ગયા છીએ. અમારૂં મન આપશ્રીમાં નથી. અમારા મનમાં આપશ્રી નથી.

એટલે લખવું પડયું છે કે આપશ્રી હજી હમણાં ૨૫૧૦ વર્ષ પહેલાં થઇ ગયા તે વાત ગળે ઉતરતી નથી, એટલું જ નહીં, આવી સાચી હકીકત પણ અમારા બનાવટી જીવનને ખોટી લાગવા માંડી છે.

હે વિશ્વબંધુ! આપશ્રીના જન્મકલ્યાણક દિવસે આટલો સંકલ્પ કરવાની સંમતિ હું આપશ્રી પાસે યાચું છું:

"આજથી હું આત્માને અજવાળનારા જીવનને અપનાવીશ વિશ્વમાં કોઈ મારે પરાયું નથી, એ સત્યમાં આસ્થા કેળવીશ. 'શિવમસ્તુ સર્વજગતઃ'ની ભાવનાથી ઉતરતી કક્ષાની ભાવનાનું ભોજન નહિ કરું. સ્વનિમિત્તે પરને ઘસારો પહોંચાડનારી સ્વાર્થાંધતાને સલામ નહિ કરું"

હે જગતારક! ત્રિભુવનને સાતાપ્રદ આપશ્રીના જન્મકલ્યાણક દિવસની આરાધના કરવાની મારી આ રીત, આપશ્રીની આજ્ઞાને અનુરૂપ છે એવા વિશ્વાસ સાથે મારા શ્વાસમાં આપશ્રીના મહાવીરત્વને ઘુંટવાની મારી ભાવનાને આપશ્રીની અસીમ કૃપાનું બળ મળશે જ, તેમાં કોઈ સંદેહ નથી.

—•—

# શ્રી ઉવસગ્ગહરં તીર્થ નિર્માણનો અપૂર્વ અવસર

# તીર્થોદ્ધારના ઈતિહાસમાં આપનું નામ લખાવો

મધ્યપ્રદેશના દુર્ગ શહેરથી ૧૬ કી. મી. દૂર પશ્ચિમ દિશામાં શિવનાથ નદીના કિનારે નગપુરા ગામમાં સમ્પ્રતિ રાજાના સમયની ભગવાન પાર્શ્વનાથની અલૌકિક પ્રતિમા વિદ્યમાન છે. વિચ્છેદ પામેલા આ તીર્થને પૂ૦ ગુરૂવર્યોના આશીર્વાદથી શ્રી ઉવસગ્ગહરં તીર્થના રૂપમાં વિકસીત કરવામાં આવી રહ્યું છે.

બે લાખ વર્ગફૂટ જમીન પર તીર્થનો પુનરોદ્ધાર કરવામાં આવશે. જેમાં શ્રી લબ્ધિ પાર્શ્વ જિન-પ્રાસાદની સાથે શ્રી શત્રુંજય તેમજ શ્રી અષ્ટાપદ મહાતીર્થની પ્રતિકૃતિનું નિર્માણ થશે. મુખ્ય મંદિરના પ્રાંગણમાં શ્રી પાર્શ્વપ્રભુના ૧૦ ભવ, શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની પ્રભાવ દર્શાવતી પ્રિયંકર નૃપ કથા અને સિદ્ધચક્ર, ઋષિમંડલાદિ યંત્રોના ભીંતચિત્રોની આકર્ષક રચના ગેલેરીમાં પ્રસ્તુત કરાશે. તીર્થમાં ગુરુમંદિર, જ્ઞાનભંડાર, ઉપાશ્રય, ધર્મશાળા આદિના નિર્માણની યોજના છે. દુર્ગ શહેરની નજીક જ ભિલાયમાં ભારતનું ગૌરવશાળી વિશાળ પોલાદનું કારખાનું છે. ત્યાં આવનાર દેશ-વિદેશના હજારો લોકોને માટે આ તીર્થ જિનશાસન પ્રભાવનાનું કેન્દ્ર બની રહેશે.

જૈન ઇતિહાસમાં ભાગ્યશાળી દાનવીરોએ અનેક તીર્થોદ્ધાર કરાવી પુન્ય ઉપાર્જન કર્યું છે; અને તેઓ આજ પણ અમર છે. યુગો સુધી સ્મરણીય તીર્થોદ્ધારના ઈતિહાસમાં આપનું નામ લખાવવાનો સુવર્ણ અવસર આપના માટે આવ્યો છે. પુન્યાનુબંધી પુન્ય ઉપાર્જન કરવાના આ પાવન અવસરનો લાભ લેવા દરેક મહાનુભાવોને આમંત્રણ છે.

શ્રી ઉવસગ્ગહરં તીર્થનું ભૂમિપૂજન અને શિલારોપણ તુરતમાં થશે. ભૂમિપૂજન અને ખનનવિધિ માટે ભાગ્યશાળીઓએ યોગદાનની રકમના ઉલ્લેખ સાથે પત્ર લખવા વિનંતી છે. સૌથી વધુ રકમ જણાવનારને આદેશ આપવામાં આવશે મુખ્ય શિલારોપણનો આદેશ પણ સૌથી વધુ રકમ પ્રદાન કરનારને અપાશે બાકીના ૯ શિલારોપણનો નકરો એકના રૂા. ૧૧૧૧૧ લેખે રાખવામાં આવેલ છે. ઈચ્છુક આદેશ પ્રાપ્ત કરી શકે છે.

ઉક્ત લાભ લેનાર દરેક પુન્યશાળીઓના નામ આરસ પર આલેખવામાં આવશે.

**લાભ લેવાની અન્ય યોજનાઓ:** તીર્થ નિર્માતા સદસ્ય યોજનામાં રૂા. ૧૦૦૧. તીર્થ નિર્માણ સંરક્ષક યોજનામાં રૂા. ૬૦૦૧. આરસ યોજનામાં રૂા. ૨૫૧ અને ઈંટ યોજનામાં રૂા. ૧૦૧.

તીર્થમાં શ્રી શત્રુંજય અને અષ્ટાપદ મહાતીર્થની પ્રતિકૃતિની રચના, દેરીયો, મૂર્તિઓ, ભીંતચિત્રો વગેરેના નિર્માણનો તેમ જ ઉપાશ્રય, પ્રવેશદ્વાર, ધર્મશાળા, ભોજનશાળા આદિના નામકરણથી વિભિન્ન યોજનાઓ છે. તેની વિસ્તૃત જાણકારી પૂછાવવાથી મોકલી આપીશું. સહકારની રકમ 'ઉવસગ્ગહરં પાર્શ્વ પેઢી, દુર્ગ'ના નામે બેન્ક ડ્રાફ્ટથી મોકલવા કૃપા કરવી.

**પત્ર વ્યવહારનું સરનામું:**
શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ પેઢી
પોસ્ટ બોક્સ નં. ૪૫,
ગંજ પારા, પો. દુર્ગ (મ. પ્ર.)
ફોન: ૨૯૮૫.

વિનીત:—
લાલચંદ નાહર—અધ્યક્ષ
રાવતમલ જૈન 'મણિ'—સંચાલક
શાંતિલાલ ગોલછા—મહામંત્રી
મુલચંદ બોથરા—મંત્રી

# એક પ્રશ્નોત્તરી

પૂજ્ય મુનિરાજશ્રી શીલચંદ્રવિજયજી મ૦ના 'જૈન'માં પ્રગટ થતા લેખો વાંચીને પ્રભાવિત થયેલા શ્રી અનિલ શાહ, ભરત શાહ, સંજય શાહ, તરુણ સંઘવી વગેરે કેટલાક નવયુવાનોએ તેઓ સાથે વિસ્તૃત પ્રશ્નોત્તરી કરી હતી; તે પૈકી કેટલાક સાંપ્રત વિવિધ સમસ્યાઓ તથા સામાજિક પરિસ્થિતિને સ્પર્શતા પ્રશ્નો અને ઉત્તરો અત્રે પ્રગટ કરવામાં આવે છે.

— તંત્રી

પ્રશ્ન : આપણે ત્યાં દેરાસરોમાં શાન્તિસ્નાત્રાદિ પૂજનો થાય ત્યારે, અને જ્યાં ઘણા લોકો પૂજા કરનારા હોય ત્યાં રોજ-બ-રોજ, ફળ-નૈવેદ્ય મોટા પ્રમાણમાં આવતું હોય છે. એ બધું સામાન્ય રીતે પૂજારી વગેરે માણસો લઈ જતાં હોય છે. પણ હમણાં હમણાં એવો ઉપદેશ-પ્રચાર થવા માંડયો છે કે એ ફળ-નૈવેદ્યને વેચી દેવા અને તેની કિંમત ઉપજાવી તે રકમ દેવદ્રવ્ય ખાતે જમા કરાવવી. આ રીતે વ્યાજબી કે નહિ?

ઉત્તર : આ બહુ અટપટી બાબત છે, અને તે અંગે કોઈ એક ચોક્કસ નિર્ણય પર આવવું જરા મુશ્કેલીભર્યું છે. આમ છતાં એટલું કહી શકાય કે જે દેરાસરમાં પરાપૂર્વથી જે રિવાજ આ અંગે ચાલતો હોય, તેમાં ઉતાવળે કે વગર વિચાર્યે, કોઈના કહેવા માત્રથી જ, ફેરફાર કરવો ન જોઈએ.

વસ્તુતઃ ફળનિવેદ વેચવાનો ઉપદેશ આપવો એ સાધુઓનું કર્તવ્ય જ નથી. ફળનિવેદ વેચવાનો ઉપદેશ અને પ્રવૃત્તિ પરત્વે ઊંડો વિચાર કરતાં કેટલાક વિચારણીય મુદ્દાઓ ઉપસ્થિત થાય છે, તે આ પ્રમાણે છે :-

૧. એક સ્થળે શાંતિસ્નાત્રમાં મૂકાયેલ ફળ-નૈવેદ્ય વેચી દેવામાં આવે છે. તેની મૂળ કિંમત કરતાં ઓછી કિંમતે જ એ વેચાશે, એ હકીકત છે. હવે ધારો કે એ પદાર્થો કોઈ કંદોઈએ જ ખરીદ્યા, ને પછી કંદોઈએ એને પુનઃ વેચાણમાં મૂકયા છે. યોગાનુયોગ, એ પદાર્થો કોઈ જૈન ગૃહસ્થ જ અજાણપણે ખરીદી લાવે છે. હવે એ પદાર્થો એ ગૃહસ્થના ઘેર પણ વપરાશે, અને એને ત્યાં આવતા મુનિરાજોને પણ એ વહોરાવશે, એમ બનવું જરાય અસંભવિત નથી. તો એ પદાર્થો એનાથી વપરાય ખરા? મુનિરાજોને વહોરાવાય ખરા?

(વચમાં) પ્રશ્ન : પણ સાહેબ, એમાં શો દોષ? એ ભાઈ તો પૂરી કિંમત ચૂકવીને અને વળી અજાણપણે લાવ્યા છે; એ એ બધું વાપરે કે વહોરાવે એમાં દોષ શેનો? શી રીતે?

ઉત્તર : હું એ મુદ્દાઓ પર જ આવું છું. વાત એવી છે કે જેઓ પૂજાની સામગ્રીને વેચવાની હિમાયત કરે છે તેઓ દેવદ્રવ્યની બાબતમાં 'દ્રવ્યસપ્તતિકા' નામના પ્રકરણને અત્યંત, આગમગ્રંથ જેટલી કે કદાચ તેથીય વિશેષ મહત્તા આપે છે. એ ગ્રંથમાં એક કથા એવી આવે છે કે "એક શેઠ દેરાસર ગયા ત્યારે ત્યાં કોઈ દેવે પૂજાર્થે મૂકેલા અક્ષત (ચોખા) જોઈને, તેની સોડમ સુંઘીને, તેમનું મન લોભાયું. તેમણે તે અક્ષત લઈ લીધાં, ને તેની બદલીમાં તેના કરતાં અનેકગણા વધુ અક્ષત ત્યાં મૂકયાં: તે અક્ષત ઘેર લઈ જઈ, રાંધ્યાં, આરોગ્યાં અને મુનિરાજને પણ વહોરાવ્યાં. મુનિરાજ પર એ આહારની પ્રતિકૂળ અસર પડી, ને તેમના ગુરુદેવે તે

અંગે તપાસ કરાવી. વિગત જાણતાં જ, મુનિરાજને વમન વગેરે કરાવ્યું અને પ્રાયશ્ચિત આપ્યું. અને પેલા શેઠની તો પછી દુર્ગતિ થઇ!"

આ કથાનો સાર એટલો જ કે જો પેલા શેઠના મનમાં કોઈ અશુદ્ધ બુદ્ધિ ન હતી, અને દેરાસરનાં અક્ષતના વળતરમાં અનેકગણાં અક્ષત મૂકી દીધાં હતાં, તો પણ જો તેમની દુર્ગતિ થઈ; અને મુનિભગવંતે અજાણપણે જ એ અક્ષત આરોગેલાં, છતાં એમને મતિભ્રષ્ટતાનો દોષ નડયો અને પ્રાયશ્ચિતાદિ કરવું પડયું; તો પછી દેરાસરમાં મૂકાયેલ અને પછીથી કંદોઈ આદિને ત્યાં વેચાયેલ ફળ–નૈવેદ્યાદિ–પદાર્થોને અજાણપણે કોઈ ગૃહસ્થ લાવે ને તે પોતે તેનો ઉપયોગ કરે કે મુનિરાજોને વહોરાવે, તો તે બધાની શી હાલત થાય?

૨. વળી બીજો મુદ્દો એ પણ છે કે જો દેરાસરમાં મૂકાતા પદાર્થો વેચવામાં આવે, તો તેની કિંમત પૂરેપૂરી – જે કિંમતે ખરીદ્યા હોય તેટલી–તો ન જ મળે; બાર આના જ મળે. તે જોઇને કોઈ ભાવનાશીલ ટ્રસ્ટી કે શ્રાવકને થાય કે આના કરતાં હું જ આ વસ્તુઓની પૂરી, સવાઇ કે બમણી કિંમત આપીને મારે ત્યાં લઇ જાઉં, તો મારે જરૂર છે તે પૂરી થાય, સારી વસ્તુ મળે, ને દેવદ્રવ્યની આવકમાં ન્યૂનતા આવતી અટકે, તો તેમ કરવાનો નિષેધ કરવામાં કેવી દ્વિધાભરી સ્થિતિ સર્જાશે? અને ઉપર સૂચવેલી કથા તો સામે ઊભી જ છે.

૩. અરે, એથીય આગળ વધીને વિચારીએ તો એક દહાડો એવો પણ મુદ્દો ઊભો થશે કે આ રીતે ફળનૈવેદ્ય મૂકીને જો વેચી જ દેવાના હોય, ને તે જૈન શ્રાવક લઇ શકતો ન હોય, તો આ બધી ઝંઝટ કરતાં આપણે આ ફળ–નૈવેદ્યની કિંમત જેટલી કે તેથી સવાઈ રકમ જ ભંડારમાં નાખી દઇએ; ને શાંતિસ્નાત્રાદિ ભણાવી લઇએ. એથી દેરાસરને આવક પણ થશે–વધશે, ને ફળનિવેદ લાવવાથી માંડીને તમામ પ્રકારની ઝંઝટ પણ નહિ રહે. ને શાન્તિસ્નાત્રાદિમાં ફળ-નિવેદ વિના ન જ ચાલે તેમ હોય, તો સૂકા લવિંગ–એલચી–સોપારી વગેરેથી કામ લઈ શકાય; આવો વિચાર આવશે, તો આપણી પ્રવર્તમાન પૂજા–પદ્ધતિના મૂળમાં જ કુઠારાઘાત નહિ થાય? અને આજના તર્કવાદ/બુદ્ધિવાદના જમાનામાં આવા કોઈ અતિમે પહોંચી જતાં બહુ વાર ન જ લાગે, એ તો સમજી શકાય તેવું છે. અને આમ ને આમ જો ચાલ્યા કરે, તો એક દહાડો મૂર્તિ-પૂજાના દ્વેષી સંપ્રદાયોની વિચારધારા સાથે એકરૂપ થઇ જતાં વાર નહિ જ લાગે.

આમ, ઘણા બધા દૃષ્ટિકોણોથી વિચારીએ ત્યારે લાગે છે કે પૂજાની સામગ્રી વેચવાની હિમાયત અને પ્રવૃત્તિ જરાય ડહાપણ ભરેલી નથી અને તેને શાસ્ત્ર તરફથી પણ સંમતિ મળી શકે તેમ નથી. આપણે તો પ્રભુજીની પૂજાના અનેરા ભાવોલ્લાસથી પૂજાપો પ્રભુ સમક્ષ પધરાવવો એ જ આપણું કર્તવ્ય. પછી તે પૂજારી કે માણસો લઈ જાય તોય તેથી કાંઈ આપણી ભાવભકિતમાં ખાંચો પડે છે કે આપણે આમાં કોઈપણ રીતે દેવદ્રવ્યને હાનિ કરી હોવાનું માનવાની કોઈ જ જરૂર નથી. અલબત્ત, પૂજાપો લાવવામાં અને પ્રભુ સમક્ષ મૂકવામાં પણ વિવેક હોવો ખૂબ જરૂરી છે. અવિવેકી રીતભાતથી કયારેક નુકશાન થઈ શકે.

<u>પ્રશ્ન</u> : જો દેવદ્રવ્યના એક દાણાનુંય અજાણતા પણ ભક્ષણ થાય તો પેલા શેઠની જેમ ઘોર દુર્ગતિ જ થાય એ વાત માની લીધાં પછી એક નવો જ સવાલ ઊભો થાય છે. જો આપણી આ દશા થઈ શકતી હોય, તો હરહંમેશ દેવદ્રવ્યના પદાર્થોનું ભક્ષણ કરનાર પૂજારી વગેરે માણસોની શી દશા થવાની? એ લોકોની દુર્ગતિની તો કોઈ હદ જ નહિ ને? એ તો આ અંગે નાસમજ છે, કે આ ખવામાં પાપ નથી માનતા. પણ આપણા હિસાબે તો એ મહાપાપ છે! અને એ મહાપાપ એમને કરાવવામાં આપણે ઉત્તેજક નિમિત્ત બનીએ છીએ! અર્થાત્ આપણે શાહમૃગી

નીતિનો આશ્રય લેતાં જઇને જાણી જોઇને એ માણસોને દુર્ગતી તરફ ધકેલી દઇએ છીએ! ને પાછા 'સવિ જીવ કરું શાસન રસી'ની–ભાવદયાની વાતો બાંગ પોકારીને કરીએ છીએ! આ કેવો વિરોધ છે! આનો શો જવાબ? શો ઉકેલ?

ઉત્તર: 'દેવદ્રવ્ય'ની રક્ષાનો ઈજારો લઇને ફરનાર વર્ગ પૈકી કોઈ પણ વ્યક્તિ તમારા આ પ્રશ્નને 'વાહિયાત તર્કવાદ' ગણાવીને અને બેચાર મોંમાથાં વિનાની દલીલોની મદદ લઇને ઊડાડી દે, એમાં બેમત નથી. પણ વસ્તુતઃ આ પ્રશ્ન અને તેમાં સમાયેલો તર્ક એ વાહિયાત કે વિતંડા પ્રેરિત નથી, પણ ખૂબ સમજભર્યો છે એ નિશ્ચિત છે. પોતે જે કહે તે જ સાચું, બાકી બધું હંબગ, એવું સમજનારા ભલે આ બાબત પર બહુ ધ્યાન ન આપે, પણ આ પ્રશ્નમાં સૂચવાયેલો વિરોધાભાસ હકીકતમાં વિચારવા જેવો છે અને તેનો ઉકેલ શોધવા જેવો જ છે. હું આ પ્રશ્ન પરત્વે જે રીતે વિચારું છું તે કહું:

સૌ પહેલાં બે મુદ્દા આપણે ધ્યાનમાં લેવા જોઇએ — (૧) પહેલાંના કાળમાં આજની જેમ રોજ બ રોજ અને સર્વત્ર પૂજનો/સ્નાત્રો થતાં ન હતાં. એ ક્યારેક, ક્વચિત્ અને કોઈ વિશિષ્ટ કારણ/પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે જ થતાં હતાં. અને (૨) આજે આપણાં દેરાસરોમાં જે પ્રકારનો પૂજારીવર્ગ છે તે પ્રકારનો વર્ગ પહેલાં ન હતો. પહેલાં દેવપૂજા, દેરાસરને લગતાં ક્રિયાનુષ્ઠાનો તેમ જ શ્રાવકોના ગૃહસ્થજીવનને સ્પર્શતાં સંસ્કાર-વિધાનો વગેરે વગેરે કાર્યો કરનારા કેટલાક વિશિષ્ટ વર્ગો આપણે ત્યાં હતા, જેને આપણે 'ગોષ્ઠિક-ગોઠી' તરીકે અને 'ભોજક' તરીકે ઓળખતાં. રાજસ્થાન તરફ આ પ્રકારનો 'મહાત્મા' તરીકે ઓળખાતો વર્ગ છે. આપણે ત્યાં મોટી શાન્તિમાં 'શ્રીગોષ્ઠિકાનાં શાન્તિર્ભવતુ' એવો પાઠ છે તેમાંના 'ગોષ્ઠિક' એ જ આ ગોઠી. આજે પણ આ ગોષ્ઠિક શ્રાવકોએ ભરાવેલાં જિનબિંબો જોવા મળે છે. આ ગોષ્ઠિક, ભોજક, મહાત્મા વગેરે તમામ વર્ગો જન્મે બ્રાહ્મણ હશે એમ જણાય છે. પરંતુ તેમને તત્કાલીન જૈન સમાજે–જૈનાચાર્યોએ પ્રતિબોધીને જૈન ધર્મ પમાડયો હતો, અને તે વર્ગોને, જુદા જુદા સ્થળ–સમયે, ઉપર કહી તે પ્રકારની કામગીરી જૈન સંઘે સોંપી હતી. એટલે, એ વર્ગનું મુખ્ય કામ ઉપર કહ્યું તેવું રહેતું; તે વર્ગ રત્નત્રયીના પ્રતિકરૂપે ત્રણ તારવાળી જનોઈ ધારણ કરતો; જૈન ધર્મનું અણીશુદ્ધ આરાધન કરતો; અને તેને શિરે આજીવિકાને લગતી બીજી કોઈ જ ચિંતા ન રહેતી. તે વર્ગોનાં ભરણપોષણની તમામ જવાબદારી જૈન સંઘ નિભાવતો. આ કારણે દેરાસરમાં આવતાં પૂજાપા સાથે એ વર્ગને કશી જ નિસબત ન હતી.

પણ, સમયના વહેવા સાથે અને પેઢીઓ બદલાતી ગઈ તેમ તેમ, આ પરિસ્થિતિમાં ફરક પડવા માંડયો. જૈન સંઘ, કોઈ પણ કારણસર, પોતાની જવાબદારી પ્રત્યે બેદરકાર બનતો ગયો અને તેને લીધે એ વર્ગો પણ પોતાના જીવનનિર્વાહની ચિંતામાં પરોવાતા તેને સોંપાયેલી કાર્યવાહીમાં શિથિલતા પ્રવેશી ગઈ. કયાંક તે વર્ગોએ પરંપરાગત પ્રવૃત્તિ છોડી દીધી; કયાંક વળતર લેવા માંડયું તો કયાંય આજના પૂજારીઓની જેમ દેવનિર્માલ્ય પદાર્થો પણ લેવાનું શરૂ થયું.

જૈને એ દેશ-કાળની વિષમ પરિસ્થિતિને કારણે જેટલું ગુમાવ્યુ છે, તેથી ઘણું બધું વધારે — કદાચ એક આખો ઈતિહાસ — તેમણે પોતાની બેદરકારી અને સ્વાર્થલોલુપ વૃત્તિને કારણે ગુમાવ્યુ છે અને હજીયે ગુમાવી રહ્યા છે, એ હવે માત્ર ઐતિહાસિક જ નહિ, પરંતુ રોજેરોજ અનુભવાતી હકીકત છે.

ખેર, પણ ધર્માનુષ્ઠાનો માટેનું આ માધ્યમ — ગોઠી, ભોજક વગેરેનું – આપણા હાથમાંથી સરી પડયું અને એની જગ્યાએ 'પૂજારી' તરીકે ઓળખાતાં તત્ત્વે પ્રવેશ કર્યો. 'પૂજા કરે

તે પૂજારી' એવા સરળ અર્થને કારણે પછી કોઈ પણ પ્રકારનો મનુષ્ય પૂજા કરવાનું શીખીને પૂજારીની ફરજો બજાવી શકે; અને શ્રાવકોને પણ થયું કે ભલેને પૂજારી પગાર લે ને પૂજાપો (દેવનિર્માલ્ય) લઈ જાય, પણ આપણે માથે જવાબદારી તો નહિ! પૂજા ન કરે તોય પ્રભુજી તો અપૂજ રાખ્યા નહિ ગણાય! માટે પૂજારી તો જોઈએ જ, આ તકલાદી/તકવાદી મનોવૃત્તિનું પરિણામ એ આવ્યું કે આજે પૂજારીઓ પણ પોતાનું યુનિયન બનાવીને દેરાસરોને ઔદ્યોગિક કંપનીની જેમ તોફાન-હડતાલોના અખાડા બનાવી શકે એ હદે આપણે આવીને ઊભા છીએ! એમની હડતાળ પડે, ત્યારે-હડતાળ વખતે બંધ રહેતાં કારખાનાની જેમ- દેરાસરો બંધ રહે ને પ્રભુજી પણ અપૂજ રહે, એ સ્થિતિ આપણા માટે હવે બહુ દૂર નથી.

આ તો બધી આડવાતો થઈ. મૂળ વાત આપણી એ હતી કે પૂજારીવર્ગ જો દેવદ્રવ્ય-પદાર્થો લે-ખાય, તો તેમાં દોષ ખરો? કોને? આનો જવાબ મેળવવા માટે ઉપર કહી તેટલી પૂર્વભૂમિકા જરૂરી હતી.

આપણે વિચાર એ કરવાનો છે કે જ્યારે આજના જેવા પ્રકારનો પૂજારીવર્ગ ન હતો અને ગોઠી વગેરે વર્ગો બધું સંભાળતા હતા, ત્યારે પણ પૂજનાદિ ભણાય કે વિશિષ્ટ ક્રિયાનુષ્ઠાનો થાય તે વખતે અને રોજિંદી પૂજાના નિમિત્તે પણ, ફળનૈવેદ્ય વગેરેની સામગ્રી તો આવતી જ હોય, એમાં કોઈ શંકા નથી. અને એ સામગ્રી ગોઠી ભોજક વગેરે પોતે શ્રાવક કક્ષાના ધર્મપરાયણ જીવો હોવાથી ન જ લે એ પણ સમજી શકવું અઘરું નથી. તો પછી એ પદાર્થોનું ત્યારે શું કરાતું હશે?

આ સવાલ-જવાબ કોમન સેન્સના છે. તેમાં શાસ્ત્ર કે ઇતિહાસના કોઈ પાઠ ન મળે કદાચ તો મૂંઝાવા જેવું નથી. મારા હિસાબે તો આ બહુ સાદી વાત છે. એ પૂજાપો, દેવનિર્માલ્ય ખાનારા, તેને પ્રસાદ માનનારા, જૈન ન હોય તેવા વર્ગના મનુષ્યોને આપી દેવાનાં આવતો હોવો જોઈએ. જેમ આજે જૈનેતર પૂજારી વગેરે માણસો કે ભિક્ષુકોને આપવામાં આવે છે તેમ.

હવે રહ્યો એ સવાલ કે ભલે જૈનેતર હોય, ભિક્ષુક હોય, પણ તેને આ પદાર્થો ખાવામાં પાપ ન લાગે? અથવા આપણે એ ખાવામાં દુર્ગતિનો ભય સેવતાં હોઈએ, તો આ લોકોને આવા પદાર્થો આપીને આપણે એમને દુર્ગતિમાં મોકલવાનાં નિમિત્ત નથી બનતાં?

મારી બુદ્ધિ પહોંચે છે ત્યાં સુધી હું માનું છું કે આમ કરવામાં એટલે કે અન્યોને આ પૂજાપો આપવામાં/ખવરાવવામાં આપણને કોઈ જ દોષ નથી લાગતો. અને જે લોકો પોતાના ઈષ્ટદેવોની સમક્ષ ધરાતાં પૂજાપાને દેવનિર્માલ્ય અને પ્રસાદ ગણીને ધર્મબુદ્ધિએ ખાય છે તેવા લોકોને પ્રભુજી સમક્ષ મૂકાતી સામગ્રી લેવામાં ને ખાવામાં કોઈ પાપ - જેને આપણા હિસાબે દેવદ્રવ્યભક્ષણનું પાપ કહીએ છીએ તે- લાગે એવું પણ બેસતું નથી. અને એટલે જ આપણે એ લોકોને આ બધા પદાર્થો ખવરાવીને એમને દુર્ગતિ તરફ ધકેલી રહ્યા હોવાનું મંતવ્ય પણ અજુગતું છે અને વસ્તુતઃ આપણો એમને દુર્ગતિએ ધકેલવાનો કોઈ આશય નથી. એટલે આપણે તેમની દુર્ગતિમાં નિમિત્ત પણ બનતા નથી તેમ જ તેઓની દુર્ગતિ જ થાય એમ માની લેવું ને વિચારવું, એ પણ તદ્દન અયોગ્ય મનઘડત કલ્પના માત્ર છે.

જો આપણે ફળનૈવેદ્ય વેચી દઈએ, તો ઉપર અગાઉના પ્રશ્નોત્તરમાં કહ્યું તેવી દુર્દશા સર્જાય. જો પૂજારી વગેરેને ન આપીએ, તો પછી તેને ગમે ત્યાં નાખી દેવા સિવાય બીજો કોઈ ઉપાય ન રહે. ને નાખી દીધેલા -ઘડીભર પાણીમાં જ નાખીએ તો તે- પદાર્થોને કોઈપણ મનુષ્ય લઈને/કાઢીને વાપર્યા વિના ન રહે, અથવા તો કીડા-કીડી આદિની સૃષ્ટિ પણ થાય વગેરે અનેક

અનર્થો સર્જાયા વિના ન રહે. એટલે આ બેય અંતિમોની સરખામણીમાં મધ્યમ માર્ગ — જેમ આ દેવનિર્માલ્ય પદાર્થો લેવામાં પાપ ન લાગતું હોય તેવા વર્ગને એ બધું આપી દેવું, એ જ પરિપાટી સમુચિત જણાય છે.

અલબત્ત. આજે જ્યારે રોજ-બ-રોજ હજારો ને લાખોના ખર્ચે મોટા ઉત્સવો થતાં રહે છે અને તે નિમિત્તે ખૂબ ફળનૈવેદ્યાદિ પધરાવાતાં હોય છે તે બધું જોતાં, એમ જરૂર લાગે કે અત્યારે વિદ્યમાન સકળ શ્રીસંઘે ( અને કોઈ એક વ્યક્તિ કે વર્ગે નહિ જ) ભેગા મળીને આ સંદર્ભનાં વાસ્તવવાદી વિચાર કરવાની અને વલણ અપનાવવાની તાતી જરૂર છે.

પ્રશ્ન : કોઇ ટ્રસ્ટ કે સંસ્થા, ટ્રસ્ટની મિલકત દ્વારા, કોઇ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવી આપે અથવા નવું દેરાસર બંધાવી આપે, અને તે સાથે જ તે નવા કે જીર્ણોદ્ધાર પામેલા દેરાસરમાં ૧. પોતે તેનું કામ કરાવી આપ્યું હોવાનો શિલાલેખ લગાડવાની; ૨. તે દેરાસરની પ્રતિષ્ઠા પોતે કહે તે મહારાજ સાહેબના હાથે જ કરાવવાની; અને ૩. તે દેરાસરની પ્રતિષ્ઠાના પ્રસંગે દેવદ્રવ્યાદિની જે ઉપજ થાય તે પોતાના ટ્રસ્ટને મળે તેવી — આવી શરતો કરે, તો તે વ્યાજબી કે નહિ? એક રીતે જોઇએ તો એ ગામને બીજો કશો જ ભાર ઉપાડવાનો નથી; તેનું કામ બધું બારોબાર પતી જાય, અને બીજાં દેરાસરોમાં પણ તે રીતે તે ટ્રસ્ટ કે સંસ્થા સહાયક બની શકે – તેવી આ રીત છે, એ હિસાબે એ અયોગ્ય તો નથી લાગતી. છતાં દ્વિધા તો રહે જ. આપ શું કહે છો?

ઉત્તર : શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, જીર્ણોદ્ધાર કમિટિ ( અમદાવાદ ), શંખેશ્વર અને શેરીસા-ભોયણી વગેરે તીર્થોની પેઢીઓ, ગોડીજી જૈન દેરાસર-મુંબઈની પેઢી તેમ જ શેઠ મોતીશાએ સ્થાપેલાં દેરાસરોની પેઢીઓ — આ તમામ સંસ્થાઓએ અ જ સુધીમાં સેંકડો દેરાસરોના નવનિર્માણમાં અને જીર્ણોદ્ધારમાં મબલખ સહાય કરી છે અને આજે પણ એ પ્રવૃત્તિ અવિરત પણે ચાલુ જ છે. આમાંથી કોઈ જ ટ્રસ્ટોએ ઉપર કહી તેવી શરતો કરી હોવાનો દાખલો મળે નહિ. બહુ બહુ તો એટલું થાય કે 'આ દેરાસરના કામ/જીર્ણોદ્ધાર માટે અમુક સંસ્થાએ આટલી રકમ આપી છે,' -એવી તકતી લગાડવાનું નક્કી થાય. પણ એની પ્રતિષ્ઠા અમુક મહારાજના જ હાથે થાય એવું અને એની પ્રતિષ્ઠાના પ્રસંગે થયેલી ઉપજ આ ટ્રસ્ટો પૈકી કોઈએ પણ હડપ કરી જઈને પછી પોતાના નામે બીજે વાપરી હોવાનો એક પણ દાખલો મળે નહિ.

વસ્તુતઃ કોઇ પણ ટ્રસ્ટ/સંસ્થા જો અસહાય ગામોના કે સ્થાનોના વહીવટદારો/સંઘોને આવી શરતો દ્વારા લાચાર બનાવીને પૈસા લઈ જતી હોય, તો તે શ્રીસંઘનાં સ્વીકૃત શુદ્ધ અને સમુચિત પ્રણાલિકાનો છડેચોક ભંગ કરવા સમાન છે અને તે કોઈ પણ રીતે બરદાસ્ત કરી શકાય નહિ જ. દેવદ્રવ્યને સ્પર્શતાં શાસ્ત્રસંગત ધોરણોનો આથી વધુ મોટો દ્રોહ બીજો કયો હોય?

ખરેખર તો જો દેરાસરોના જીર્ણોદ્ધારની સાચી અને દૃષ્ટિરાગ/વ્યક્તિરાગ કે રાગ-દ્વેષ વગરની તમન્ના હોય, તો તે આવી અત્યંત સંકુચિત અને મત કદાગ્રહપ્રેરિત પ્રવૃત્તિ/રીત-રસમ અપનાવવાથી સફળ ન બને; તે માટે તો સૌથી પહેલાં દૃષ્ટિરાગ અને કદાગ્રહની સંકડામણમાંથી બહાર નીકળવું જ પડે. અને એ સાથે જ સમજી લેવું કે જે લોકો આવી સંકુચિત દૃષ્ટિનું કોચલું ન ભેદી શક્યા હોય તે લોકો જ તમે કહી તેવી શરતો કરી શકે. આવા લોકોએ દેરાસરોના નામે, પોતાના દૃષ્ટિકોણોનો, આગ્રહોનો અને એ રીતે પોતાના મનનો જીર્ણોદ્ધાર કરવાના કામને અગ્રિમતા આપવી જોઇએ.

(ક્રમશઃ)

With Best Compliments From

ELITE OPTICAL
INDUSTRIES

❀ Manufacturers & Exporters of ❀
QUALITY SPECTACLE FRAMES

P. B. No. 2638, 57, Mount Road,
GUINDY, MADRAS-600 032.

આપણી દરેક જૈન સંસ્થાઓમાં સાવરણી (ફુલઝાડુ) પોંજણી વગેરે
જથ્થાબંધ સપ્લાય કરીએ છીએ.

Gram : CHUNIGALA-Chinch Bunder ● ફોન : ૩૩૨૬૬૨ રહે. ૪૭૬૯૭
૩૩૧૩૨૮

ફુલઝાડુ (સાવરણી) ☐ સળી ઝાડુ (બુતારા) ☐ પગલુંછણા
પોંજણી ☐ બ્રશ ☐ ડસ્ટર (પોતા) વગેરે
વ્યાજબી ભાવે મેળવવા અવશ્ય પધારો.

# શા. લાલજી રવજીની કું.

૧૮૬, નરસી નાથા સ્ટ્રીટ (ભાતબજાર) પો. બો. નં. ૫૧૫૯, મુંબઈ-૪૦૦૦૦૯
બ્રાંચ : શા. લાલજી રવજીની કું., બળીયાકાકા રોડ, આણંદ, ફોન : ૪૩૩/૧૪૩૩, ઘર . ૧૭ ૬

શા. લાલજી રવજીની કું., કુકડા પ્રેસ, શેરી નં. ૩, સુરેન્દ્રનગર

સીસ્ટર કન્સર્ન : મધુ બ્રધર્સ, બળીયાકાકા રોડ, આણંદ, ફોન : ૩૧૮૦

## યુગપ્રભાકર પૂ૦ આ૦શ્રી વિજયકીર્તિચંદ્રસુરીશ્વરજી મ૦ના

# પુણ્ય પગલે વિવિધ પ્રભાવના

**દાદર જૈન જ્ઞાનમંદિર**

મુંબઈ મહાનગરના ઉપનગર દાદરમાં શ્રી લબ્ધિસૂરી જૈન જ્ઞાનમંદિરના ઉપાશ્રયે ગત ચાતુર્માસ દરમ્યન પાંચ સઘપૂજનો સાત-સાત મહાપૂજનો અને ૨-૩ મોટા ઉત્સવો ઉજવાયા હતા

**જ્ઞાનભંડારનો ઉદ્ધાર**

દાદરના જ્ઞાનમંદિરનો શાસ્ત્રભંડાર વિશાળ ને સમૃદ્ધ કહેવાય છે. તેને સુવ્યવસ્થિત કરવામાં પ્રવર્તક મુનિશ્રી હર્ષશભદ્રવિજયજી તથા મુનિશ્રી રાજચંદ્રવિજયજીએ અથાગ પરિશ્રમ લીધો હતો. પરિણામે વર્ષો સુધી ચિંતા નહિ આ વખતના ચાતુર્માસમાં આ એક મહાન શ્રુતભક્તિનું કાર્ય થયું હતું.

**શ્રી કુંદકુંદ હૅાલનું ઉદ્‌ઘાટન**

સ્વ. પૂ. આ૦ શ્રી વિજયકુંદકુંદસૂરિજી મ૦ની સ્મૃતિમાં અહીં નૂતન હૅાલને 'શ્રી કુંદકુંદ હૅાલ' નામ આપવામાં આવતાં, હાલારી સમાજે રૂા. ૧ લાખ ૧૧ હજારનું દાન કરી સમાજના માજી પ્રમુખશ્રી હીરજીભાઈના શુભ હસ્તે ઉદ્‌ઘાટન કરાવી સુંદર લ્હાવો લીધો હતો.

**શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ-પાલીતાણા**

## પ્રવેશ મેળવવા અંગે

સંસ્થાનું નવું સત્ર તા. ૧૧-૬-૮૪થી શરૂ થાય છે. સંસ્થામાં બહેનોને દાખલ થવા માટેનુ પ્રવેશપત્ર તા. ૧૫-૫-૮૪ સુધીમાં કાર્યાલયમાંથી રૂા. ૧ ને ૭૦ પૈસા મોકલી મંગાવી લેવું.

પ્રવેશફોર્મ ભરીને તા. ૨૦-૫-૮૪ સુધીમાં મોકલી આપવાનુ રહેશે.

સ્કોલરમાં દાખલ થવા ઈચ્છતી બહેનોએ સ્કોલરદાતાના ભલામણ પત્ર પ્રવેશ ફોર્મ સાથે જ મોકલી આપવાનો રહેશે.

-: પત્રવ્યવહારનું સરનામું :-

**શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ**

પાલીતાણા-૩૬૪ ૨૭૦ (સૌરાષ્ટ્ર)

**શ્રી લબ્ધિ શતાબ્દી કાયમી સાધર્મિક ફંડ**

કવિકુલકિરિટ સ્વ. પૂ૦ આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ૦ સા૦ની જન્મ શતાબ્દી નિમિત્તે હાલારી ભાઈઓ, દાદરના ભાવિકો તથા પરાની જનતા દ્વારા કાયમી સાધર્મિક ફંડની યોજના શરૂ થયેલ. જેમાં દોઢ લાખ રૂપિયા જેવી રકમ ભેગી થઈ હતી. તત્કાલ ત્રીસેક હજાર જેટલી રકમ સાધર્મિકસેવામાં ખર્ચવામાં આવેલ. બાકીની રકમનું વ્યાજ દર વર્ષે સાધર્મિક સેવામાં ખર્ચવામાં આવશે.

ધાર્મિક શિક્ષણને ઉત્તેજન, શિક્ષકોનું બહુમાન, જીવવિચાર તથા સજ્જાયની હરિફાઈ યોજી પારિતોષિક અપાયા હતા. આ બધા કાર્યોમાં તથા ચાતુર્માસ દરમ્યાન સાધર્મિકભક્તિમાં શેઠ ચંદ્રકાંતભાઈ સુળચંદ પાટણવાળાએ ઉદારતાથી લાભ લીધો હતો.

શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરિજી જૈન પાઠશાળા જે બહદ્ મુંબઈમાં ૧૮ સ્થળે ચાલે છે, તેના દરેક અભ્યાસીઓને નોટબુકોનું વિતરણ તેમજ અપંગોને સહાય, ૬૮ બાળકોને યુનિફોર્મની ભેટ વગેરે કાર્યો થવા ઉપરાંત પાઠશાળા અને ઉપાશ્રયના કાર્યો માટે ૩૫ થી ૪૦ હજારની ટીપ, દાનમંદિર-પેઢી તથા આયંબિલખાતાની રમ માટે રૂા. ૩૧-૩૧ હજારના દાનની પ્રાપ્તિ, નૂતન આયંબિલખાતામાં ફોટાની સ્કીમ તથા કાયમી તિથિઓમાં રૂા. દોઢથી બે લાખનો સુંદર સહકાર, પૂ૦ ગુરુદેવની સ્મૃતિ નિમિત્તે ચાંદીના સિક્કા બહાર પાડવા, દિવ્યવિભૂતિ આદિ ગ્રન્થોનું પ્રકાશન, ગીતાંજલિ-બોરીવલીમાં પૂ૦આ૦ શ્રી વિજયલબ્ધિસૂરિજી જૈન પૌષધશાળાનું નિર્માણ અને ઉદ્‌ઘાટન, કુર્લા તથા અન્ય સ્થળે પૂ૦ આ૦ શ્રી વિજયલક્ષ્મણસૂરિજી જૈન પાઠશાળાનું ઉદ્‌ઘાટન, ભાંડુપમાં શ્રી લબ્ધિ શતાબ્દી સ્મૃતિ જ્ઞાનભંડારનું શેઠ હીરાલાલ લક્ષ્મીચંદ મહેતાના હસ્તે ઉદ્‌ઘાટન, પાઠશાળાને કાયમી પારિતોષિક માટે શેઠ મફતલાલ ધરમચંદ જોગાણી તરફથી રૂા. ૧૧ હજારનું દાન, ગઢડા પાંજરાપોળ માટે દાદર જૈન જ્ઞાનમંદિરના

ઉપક્રમે રૂા. ૫૧ હજારનું દાન, રૂા. ૨૫૦૦ કાયમી ફંડમાં અને અન્ય પાંજરાપોળોમાં પણ ૭ થી ૯ હજારનું દાન ઈત્યાદિ અનેકાનેક કાર્યો શ્રી લબ્ધિ શતાબ્દી વર્ષ નિમિત્તે થવા પામ્યા.

પૂ૦આ૦શ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજી મ૦ની દીક્ષાના બાવનમા વર્ષમાં પ્રવેશ નિમિત્તે રૂા. ૫૧-૫૧ ના વૈયાવચ્ચ વગેરે માટે ૫૧ નામો શ્રીસંઘમાં નોંધાયા. સ્થાનિક મહિલા મંડળોએ ઠાઠથી પૂજા ભણાવી. જ્ઞાન-ભંડારમાં ત્રણ સદ્‌ગૃહસ્થો તરફથી કબાટો આપવામાં આવ્યા. અઢાર અભિષેક પ્રસંગે રૂા. ૨૦૦૦થી વધુ ઉપજ થઇ.

પૂ૦ સાધ્વીશ્રી જયપ્રભાશ્રીજી મ૦ આદિના સંસારી પરિવાર તરફથી ચૈત્યપરિપાટી તથા રથયાત્રાનો ભવ્ય વરઘોડો વગેરે અનેકાનેક શાસનપ્રભાવનાના કાર્યોથી ચાતુર્માસમાં અનેરો લાભ લેવા ઉપરાંત આ. પરિવર્તનનો પણ લાભ લેવામાં આવ્યો.

માગશર વદ ૧ના જ્ઞાનમંદિરના જિનાલયની સાલગિરીની ઉજવણી ધ્વજારોપણ, પૂજા, પ્રભાવના, સ્વામીવાત્સલ્ય, આંગી, રોશની દ્વારા ભવ્ય રીતે કરવામાં આવી.

**દાદરથી કાલ્હેર આગમન**

પૂ૦ આચાર્યશ્રી દાદરથી વિહાર કરી કુર્લા, ભાંડુપ, થાણા વગેરે થઈ કાલ્હેર પધારતાં નૂતન ઉપાશ્રયનું ખાતમુહૂર્ત પૂજ્યશ્રીની નિશ્રામાં શેઠ રસિકલાલ લાભ-ચંદભાઇએ કર્યું હતું.

**ભીવંડી અને કલ્યાણમાં ભવ્ય પ્રવેશ**

ભીવંડી-નવી ચાલમાં ભવ્ય પ્રવેશ અને ત્યારબાદ પોષ વદ ૧ના શિખરબંધી નૂતન જિનાલયમાં પ્રભુજીનો

---

# અપીલ

**શ્રી નેમનાથ ભગવાનની ચ્યવન અને જન્મકલ્યાણક ભુમિના જીર્ણોધ્ધારમાં આપની લક્ષ્મીનો સદુપયોગ કરશોજી.**

શ્રી ચતુર્વિધ સંઘને વિદિત છે જ કે ૨૨મા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના ચ્યવન અને જન્મ-કલ્યાણકથી પુનીત અને સુપ્રસિદ્ધ બનેલ શ્રી શૌરીપુર પ્રાચીન મહાન તીર્થ છે.

વર્તમાનમાં આ તીર્થનો જીર્ણોદ્ધાર કરવો તથા શિખર, સભામંડપ અને પ્રવેશદ્વાર આદિ બનાવવા જરૂરી જણાતા આ કાર્ય શરૂ કરી દેવામાં આવેલ છે. જીર્ણોદ્ધારના આ કાર્ય માટે લગભગ ૮ લાખ રૂા ના ખર્ચનો અંદાજ છે. આ કાર્યમાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીએ એક લાખ રૂા મંજુર કરેલ છે. તેમ શ્રી ભોયણી-શંખેશ્વર પેઢી અમદાવાદ તરફથી પણ ગર્ભગૃહના બાંધકામના કાર્ય માટે આરસ પત્થર મળેલ છે. હવે લગભગ ૩થી ૪ લાખ રૂા.ની જરૂર છે. આ ખર્ચને પહોંચી વળવા આપ સૌ દાનવીર અને ધર્મપ્રેમીઓને ઉદારદિલે સહયોગ આપવા નમ્ર વિનંતી છે.

અમને આ જીર્ણોદ્ધાર કાર્યમાં પુજ્ય આચાર્યશ્રી પદ્મસાગરસુરીશ્વરજી મહારાજ તથા પુજ્ય આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસુરીશ્વરજી મહારાજ તથા પુજ્ય સ્વ. આચાર્યશ્રી વિજયધર્મસુરીશ્વરજી મહારાજ અને તેઓના શિષ્યાદિ ગુરુભગવંતોની પ્રેરણાથી સારો એવો સહયોગ પ્રાપ્ત થઇ રહ્યો છે.

અમારી સર્વ પુજ્ય આચાર્યદેવાદિ મુનિમહારાજોને નમ્ર વિજ્ઞપ્તિ છે કે તેઓ પણ શ્રીસંઘો અને મહા-નુભાવોને ઉપદેશ અને પ્રેરણા આપી જીર્ણોદ્ધારના આ કાર્યને વધુ ને વધુ સહાયતા અપાવવાની કૃપા કરે. જેથી જીર્ણોદ્ધારનું કાર્ય જે અધુરું અને આવશ્યક છે તે પુરું કરાવી શકાય.

ઓછામાં ઓછા રૂા. ૧૧૦૧ આપનાર મહાનુભાવનું નામ બોર્ડ પર લખવામાં આવશે. શિખર, મંડપ, ગુમ્બજ, ફર્સ આદિનો પણ અલગ અલગ નામ લખવાની યોજના છે.

**વિનીત : જોરાવરસિંહ દુગડ-મંત્રી**

**સહાયતા મોકલવાનું સરનામું : શ્રી શૌરીપુર શ્વેતામ્બર તીર્થ કમિટી**
**જૈન ભવન, ૩/૨૯૪, રોશન મોહલ્લા, આગ્રા-૨૮૨૦૦૩ (યુ પી)**

ભવ્ય પ્રવેશ બે બેન્ડના સુરો વચ્ચે ધામધુમથી કરવામાં આવ્યો. તે પ્રસંગે સંઘનો ઉત્સાહ અનેરો હતો. આ નિમિત્તે ૨૦ હજારની ઉપજ થઇ. પુજા-પ્રભાવનાદિ કાર્યો થયા. પ્રતિષ્ઠાનો નિર્ણય પણ લેવામાં આવેલ.

કલ્યાણમાં પણ ભવ્ય સામૈયું થતાં કલ્યાણની સમગ્ર જનતાએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. અહીંના ગુજરાતી ઉપાશ્રય માટે પુજ્યશ્રીએ ઉપદેશ આપતાં ૧૦ હજારની ટીપ નોંધાઇ. રાજસ્થાન સંઘની વિનંતીથી શેઠ વરદીચંદના નૂતન મકાનમાં પુજ્યશ્રીનું ઠાઠથી સામૈયું, પગલાં અને પ્રવચન થયું. આ પ્રસંગે જંગી મેદની જમા થયેલ સંઘપુજન સાથે લાડુની પ્રભાવના પણ કરવામાં આવી.

## કુર્લામાં દીક્ષાનો વરઘોડો

કલ્યાણથી ક્રમશ: વિહાર કરી ભાંડુપ થઈ પુ૦ આચાર્યશ્રી આદિ કુર્લા પધાર્યા. અહીંના શ્રી કરશનભાઈના સુપુત્રી કુ. હીનાબહેન સુરેન્દ્રનગરમાં દીક્ષા લેનાર હોય અહીં ભારે ઠાઠથી વરસીદાનનો વરઘોડો ચઢાવવામાં આવેલ

## મઝગાંવમાં અટ્ઠાઈ મહોત્સવ

કુર્લાથી વિહાર કરી દાદર થઈ મઝગાંવ પધારતાં ભવ્ય પ્રવેશ થયો. અહીંના જિનમંદિરની પાંચમી સાલગીરી નિમિત્તે શાંતિસ્નાત્ર, અઢાર અભિષેક, નૂતન પટોના અભિષેક વગેરે સાથે ધામધુમપુર્વક અટ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવ્યો. ૧૫થી ૨૦ હજારની દેવદ્રવ્યાદિની ઉપજ તથા સ્વામીવાત્સલ્ય થયું. ત્યારબાદ વરલીમાં પુજ્યશ્રીની નિશ્રામાં ભ. આદિનાથ, શાંતિનાથ વગેરે પ્રભુનો પ્રવેશ ઉત્સાહ અને ઠાઠથી થયો. શ્રીસંઘે બે દિવસ વ્યાખ્યાન આદિનો સારો લાભ લીધો.

## સાયનમાં દીક્ષા મહોત્સવ

પુ૦ આચાર્યશ્રી આદિ વરલીથી દાદર થઈ સાયન ભવ્ય સ્વાગત સહ પધાર્યા. અહીં શ્રી અમૃતલાલ નાનચંદ ગાંધીની સુપુત્રી કુ. મીનાબહેન કે જેમણે બી. કોમ. સુધીનો વ્યવહારિક અભ્યાસ અને કર્મગ્રન્થ, સંસ્કૃત બે બુક સુધીનો ધાર્મિક અભ્યાસ કરેલ છે, તેઓની દીક્ષા પ્રસંગને અનુલક્ષી શ્રી નાનચંદ ગાંધી પરિવાર તરફથી સિદ્ધચક્રપુજન, શાંતિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવ


*With Best Compliments From :*

| | | | |
|---|---|---|---|
| Telephone | : | Cable : | HANS |
| | | Telex : | |
| Cochin | : 69451/2/3 | Cochin : | 651 |
| Mangalore | : 21530 | Madras : | 7673 |
| Madras | : 28133 | Mangalore : | 230 |
| Vascodygama | : 3590 | Goa : | 236 |

*Messers*

# DEVSHI BHANJI KHONA

Post Box No. 650, 2nd Main Road, COCHIN-682 003.

Steamer Agents for :

TAIYO GYOGYO KABUSHIKI KAISHA, TOKYO, JAPAN

Branches at :

MANGALORE, MADRAS & GOA.

ખૂબ ઠાઠથી ઉજવવામાં આવ્યો. પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં દરરોજ ભાવિકોની જંગીમેદની જામતી. ગાંધી પરિવાર તરફથી એક સંઘપૂજન અને રોજ પ્રભાવના થતી. પૂજા ભાવના તેમજ પુજનોમાં જુદા જુદા મંડળો અને સંગીતકારોએ પધારી ભક્તિરસની રમઝટ જમાવેલ.

પૂજ્યશ્રીની નિશ્રામાં દીક્ષાર્થી મીનાબહેનને અભિનંદન આપવાનો ભવ્ય સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પૂ૦ આ૦શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ૦ પણ પધારેલ. શ્રીસંઘ તરફથી તેમજ મંડળો, પાઠશાળા અને વ્યક્તિગત રીતે પણ ભેટો અપાયેલ.

વરસીદાનના વરઘોડાની શોભા અનેરી હતી દીક્ષા વિધિ લબ્ધિમંડપમાં સુસમ્પન્ન બની. નામકરણ કરતાં મીનાબહેનનું નામ સાધ્વીશ્રી મુક્તિયશાશ્રીજી રાખી સાધ્વીશ્રી જયલતાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યા. ગાંધી પરિવાર તરફથી આ દિવસે સાહમ્મિવચ્છલ રાખવામાં આવ્યું.

કાલહેરના ઉપાશ્રય માટે સૂરિજીની પ્રેરણાથી લગભગ ૧૨થી ૧૫ હજારની ટીપ થઈ. શ્રીસંઘે પૂજ્યશ્રીને વધુ સ્થિરતા કરવા આગ્રહભરી વિનંતી કરી હતી.

**વાંદ્રા** – શેઠશ્રી ડુંગરશી ચાંપશી માલાણી પરિવાર તરફથી વિનંતી થતાં પૂજ્યશ્રી ભક્તામરપૂજન પ્રસંગે એક દિવસ સસ્વાગત પધાર્યા હતા. પૂજન ખૂબ ધામધુમ અને ઉત્સાહથી ભણાવ્યું. પૂજનમાં સુવર્ણના અલંકારો સારા પ્રમાણમાં અર્પણ થયા. જીવદયાની ટીપ પણ સારી એવી થઈ. સેંકડો સાધર્મિકોની આ પ્રસંગે ભક્તિ કરવામાં આવી. પૂ૦ મુનિશ્રી મુક્તિચંદ્રવિજયજી ઠા. ૨ તથા સાધ્વીસમુદાય પણ આ પ્રસંગે પધારેલ.

આગામી ચાતુર્માસ માટે વિવિધ સ્થળોએથી વિનંતીઓ થઈ રહી છે.

**મલાડ-વેસ્ટમાં ચૈત્રી ઓળીની આરાધના**

મહોત્સવ પ્રસંગે વલી અને જિનમંદિરની વર્ષગાંઠ પ્રસંગે કાલીના માનીપાડા પધારી ત્યાંથી ચૈત્રી ઓળીની આરાધનાર્થે પૂજ્ય આચાર્યશ્રી મલાડ–વેસ્ટમાં પધાર્યા છે ભાવુકો સારી એવી સંખ્યામાં ઉલ્લાસભેર આરાધના આરાધી રહ્યા છે.

ચૈત્રી ઓળી બાદ સાંતાક્રુઝ-વીલેપાર્લામાં પ્રતિષ્ઠા મહોત્સવ અને કાંદીવલી–મહાવીરનગરમાં વિતરાગ મંડળના કાર્યક્રમો પૂજ્યશ્રીની નિશ્રામાં ઉજવાશે.

આ રીતે પૂ૦ સૂરિજી મહારાજના પાવન પગલે ઠેર ઠેર અનેરી ધર્મારાધના અને ધર્મપ્રભાવના થઈ રહી છે.


ઘરનો નવો ફોન નં. ૬૨ ૬૫ ૦૫
જૈન જગતના જાણીતા સંગીતકાર

**શ્રી મનુભાઇ એચ. પાટણવાલા**

૧૪૫-ડી, અરૂણા નિવાસ, અરવિંદ કોલોની
એસ. વી. રોડ, વિલેપારલે (વેસ્ટ) મુંબઇ-૪૦૦૦૫૬.
**શ્રી જિનેન્દ્રભક્તિ સંગીતના કાર્યક્રમ માટે અમારી પાર્ટીને અવશ્ય યાદ કરો.**



શ્રી સિદ્ધક્ષેત્ર જૈન

**ફ્રી ઔષધાલય**

(સંસ્થાનો પબ્લીક ટ્રસ્ટ નં. A ૨૨૭૨, અમદાવાદ છે)
આરીસા ભવન સામે, પાલીતાણા (સૌરાષ્ટ્ર)

સાધુ-સાધ્વીજી તેમજ યાત્રાળુની ભક્તિ ફ્રી થાય છે. બહારગામના તપસ્વીઓને માત્ર પોસ્ટનો ખર્ચ લઈ અણાહારી દવાઓ ફ્રી મોકલવામાં આવશે.

ઉપરોક્ત સંસ્થામાં સારવાર કરે છે :
શ્રી હર્ષવદનભાઈ પ્રભાશંકરભાઈ

**યોજના :** રૂા. ૧૦૦૧ આપનારનો ઓઈલ પેઈન્ટ ફોટો મુકાશે. રૂા. ૧૫૧માં અનામત તિથિ.

લી. નાનુભાઈ વાડીલાલ (અમદાવાદ)
સેક્રેટરીઓ : ક્રાન્તિલાલ સાકળચંદ (અમદાવાદ)
વીલાયતીલાલ જૈન (પાલીતાણા)

હેડ ઓફિસ–અમદાવાદ

ટ્રસ્ટીઓ : શ્રી હેમતલાલ લલુભાઈ
શ્રી શાંતિલાલ નેમચંદ
શ્રી હિરાલાલ કેવળદાસ
શ્રી સુમતિલાલ કાંતિલાલ

## સાવધાન

એક ૩૬–૩૭ વર્ષનો હષ્ટ-પુષ્ટ અને સાધુ જેવા કપડા પહેરીને ફરતો અમરચંદ દેવીચંદ નામનો ઠગ, કે પોતાને બોરસદ (ગુજરાત)નો વતની અને દીક્ષાર્થી હોવાનું જણાવે છે. સ્વભાવમાં ખૂબ વિનયી લાગે છે. પ્રતિક્રમણ અને સ્તવન સારા બોલે છે. આમ પોતાનો પ્રભાવ પાડી લાગ મળતા સામાન લઈને નાસી જાય છે. ગત ડીસેમ્બરમાં તેણે જંડિયાલા ગુરુ તથા પઠાણકોટ (પંજાબ)માં આવી ધોખાબાજી કરી હતી. ક્યારેક કોઈ મંદિરના નામની નકલી રસીદ બનાવીને ઉઘરાણી પણ કરે છે. તો દરેક શ્રીસંઘોને જાણ કરવામાં આવે છે કે આવા ઠગથી સાવધાન રહે.

## દીલ્હી–રૂપનગર

તા. ૧૩–૩–૮૪ના રૂપનગર ઉપાશ્રયે મહત્તરા સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી મ૦ આદિ ઠા.૫ની નિશ્રામાં સંક્રાંતિ મહોત્સવ ઘણા ઉલ્લાસ અને ઠાઠમાઠથી ઉજવવામાં આવ્યો.

સંક્રાંતિ સમારોહ પ્રસંગે સાધ્વીજી મહારાજે પ્રવચન આપતાં જણાવ્યું કે, ભૌતિક સુખો મેળવીને પણ આજ સંસારનો દરેક માનવી દુઃખી છે. કારણ કે તે પૈસાને જ સુખનો આધાર માની તેની પાછળ દોડી રહ્યો છે. પરંતુ સાચું સુખ ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે મનુષ્ય પોતાનું ધ્યાન સ્વઆત્માના વિકાસની તરફ લગાવે, આત્મનિરીક્ષણ કરે તથા માનવતાના ગુણ મેળવવા પ્રયત્ન કરે.

આ પ્રસંગે વલ્લભ સ્મારકના માનદ્ મંત્રીશ્રી રાજકુમારજી જૈને સ્મારકના નિર્માણ કાર્યની જાણકારી આપતા કહ્યું કે સ્મારકના હોસ્ટેલ બ્લોક, ભોજનશાળા તથા અનુસંધાન કેન્દ્રનું ઉદ્‌ઘાટન તા. ૧૦–૫–૮૪ના અને શ્રી પદ્માવતી દેવીની પ્રતિષ્ઠા તા. ૧૧–૫–૮૪ના કરવામાં આવનાર છે.

સમારોહ પ્રસંગે સંક્રાંતિ ભજન, ગુરુભક્તિના ગીતો વગેરે સુંદર રીતે રજૂ થયેલ.

## પુસ્તકો ભેટ મળશે

શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ, હસ્મોઈનગર પાસે, મહેસાણા–૩૮૪૦૦૨ તરફથી જ્ઞાનભંડારો, પુસ્તકાલયો, શાળાઓ અને પૂ૦ સાધુ–સાધ્વીજી મહારાજોને પૂ૦ પં. શ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિવરના પુસ્તકો—૧. જ્ઞાનસાર (અષ્ટક ૧૭ થી ૩૨), ૨. અયોધ્યાપતિ અને ૩. રામનિર્વાણ ભેટ આપવાના છે. જોઈતા પુસ્તકોના નામ સાથે પોસ્ટેજ (એક પુસ્તક ૧ રૂા. અને ત્રણ સાથેના ૨ રૂા.)ની ટીકીટો મોકલીને નામ તથા પુરા સરનામા સાથે ઉપરના સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતી છે. પોસ્ટેજ મળેથી ૧૦ દિવસમાં પુસ્તકો રવાના કરવામાં આવશે.

---

માર્ગની ઈચ્છા જેને ઉત્પન્ન થઈ છે, તેણે બધા વિકલ્પો મુકીને એક વિકલ્પ ફરી ફરી સ્મરણ કરવો અવશ્યનો છે :–

"અનંતકાળથી જીવનું પરિભ્રમણ થવા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી ? અને તે શું કરવાથી થાય ?"

આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે; અને એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના, તેને માટે ઝૂર્યા વિના માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી; પૂર્વે થયું નથી; અને ભવિષ્યકાળે થશે નહીં. અમે તો એમ જાણ્યું છે. માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે. ત્યાર પછી બાજીું જાણવું શું ? તે જણાય છે

શ્રીમદ્ રાજચંદ્ર (પત્ર : ૧૯૫)


**શેઠ ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન**

ફીલ્ડ કોઈલ, મેગ્નેટ કોઈલ વિ. બનાવનાર

૩૧૭, જયગોપાલ ઇન્ડ. એસ્ટેટ, ભવાનીશંકર ક્રોસ રોડ, દાદર [વેસ્ટ], મુંબઈ–૨૮ (ફોન : ૪૨૨૭૬૭૨)

આપને ત્યાં આવતા દરેક શુભ પ્રસંગ માટે અમારે ત્યાંથી

**તાજી કેળાની વેફર તથા પાલીના પાપડ મળશે.**

શાહ જેન્તીલાલ પરશોત્તમદાસ

'મોતી વીલા' રૂમ નં. ૪૦

કાળાનાળા, ભાવનગર–૩૬૪૦૦૨

## કાષ્ઠ-કલાથી બેનમૂન એવા એવલા ( મહારાષ્ટ્ર )ના જિનાલયનો

# શતાબ્દી મહોત્સવ

મહારાષ્ટ્રમાં એવલા એ પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત શહેર છે. અહીં શ્રી અવંતી પાર્શ્વનાથ ભગવાનનું વિશાળ અને ભવ્ય જૈન શ્વે. મંદિર આવેલું છે. આ જિનાલયનું બધું બાંધકામ લાકડામાં કલાત્મક રીતે થયું છે. આવું ભવ્ય અને અનુપમ કાષ્ટ-કલાથી યુક્ત જિનાલય સારાયે ભારતમાં અન્ય કોઈ સ્થળે જોવા મળતું નથી. આ જૈન મંદિર એવલાનું ગૌરવ લેખાય છે. આ દર્શનીય સ્થાન જોવા જૈનેતરોનું આવાગમન પ્રતિદિન રહેતું હોય છે.

આ જિનાલયને આ વર્ષે ૧૦૦ વર્ષ થતાં, તેનો શતાબ્દી મહોત્સવ ચતુર્વિધ શ્રી સંઘની ઉપસ્થિતિમાં ખૂબ ઠાઠમાઠ અને હર્ષોલ્લાસથી ઉજવવામાં આવ્યો. આ શુભ પ્રસંગે શ્રીસંઘે અષ્ટાહ્નિકા મહોત્સવ યોજી ભારતના ગામેગામના સંઘો ઉપર આમંત્રણ પત્રિકા મોકલી આપેલ. મહારાષ્ટ્રના જાણીતા વર્તમાનપત્ર 'લોકસત્તા'માં આ જિનાલયની સચિત્ર માહિતી આવતા આમજનતા પણ પ્રભાવિત બનેલ.

મહોત્સવ દરમ્યાન આઠે દિવસ વિવિધ પૂજાઓ તેમ જ અઢાર અભિષેક, સ્નાત્રપૂજાદિ ઉચ્છરંગથી સુસમ્પન્ન બનેલ. મુંબઈથી સંગીતકાર શ્રી ચીમનભાઈએ અહીં પ્રભુભક્તમાં રંગ જમાવેલ. રથયાત્રાનો વરઘોડો દબદબાપૂર્વક ચઢેલ. અહીં શ્રી સંઘમાં બધી સામગ્રી ઉપલબ્ધ હોય રથયાત્રા ઈન્દ્રધ્વજા, ચાંદીની પાલખી, ચાંદીનો રથ વગેરેથી શોભાયમાન બનેલ. સમસ્ત નગરવાસીઓએ આ મહોત્સવ ખૂબ ઉલ્લાસથી માણી પ્રસંગને યાદગાર અને યાદગાર બનાવ્યો હતો.

આ જિનાલય તેની બેનમૂન કાષ્ટ-કલાનું ગૌરવ ધરાવે છે; અને હવે તે સાથે સાથે, આ જિનાલયને સો વર્ષ પૂરા થતા હોય, શાસ્ત્ર મુજબ, તેને તીર્થગણનાનું ગૌરવ પણ પ્રાપ્ત થાય છે. આવા મહિમાવંત તીર્થદર્શનનો સૌ કોઈ લાભ લે એવી અભિલાષા.

## ત્રિસ્તુતિક સમુદાયના મુનિરાજ શ્રી લક્ષ્મણવિજયજી મ૦નો સ્વર્ગવાસ

સ્વ. પૂ૦ આચાર્યશ્રી વિજયયતીન્દ્રસૂરિજી મ૦ના શિષ્યરત્ન પૂ૦ મુનિપ્રવરશ્રી લક્ષ્મણવિજયજી 'શીતલ' ૩૦ વર્ષનો દીર્ઘ અને ઉત્તમ સંયમપર્યાય પાળી સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

ત્રિસ્તુતિક શ્રમણસંઘમાં તપ-ત્યાગ અને વિદ્વદ્-પ્રતિભાથી શોભતા ધ્રુવતારોમાં પૂ૦ મુનિશ્રી લક્ષ્મણવિજયજી મ૦નું આગવું સ્થાન હતું.

વિ. સં. ૧૯૬૨માં અલીરાજપુર (મ૦ પ્ર૦)માં જન્મેલા અને સંસારીપણે પિતા રતિચંદજી અને માતા ધનીબેનના એ સુપુત્ર અમુલખચંદજી મોહનખેડા તીર્થમાં વિ. સં. ૨૦૧૨માં પૂ૦ આ૦શ્રી વિજયયતીન્દ્રસૂરિજી મ૦ પાસે દીક્ષા અંગીકાર કરી મુનિશ્રી લક્ષ્મણવિજયજી નામે દીક્ષિત બન્યા હતા.

૩૦ વર્ષના દીક્ષાપર્યાયમાં માલવા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર તથા સમગ્ર દક્ષિણ ભારતમાં વિહાર કરી અનેક લોકોને ધર્મમાર્ગે જોડી શ્રદ્ધાવાન અને ક્રિયાવાન બનાવ્યા હતા. તેઓશ્રીની નિશ્રામાં પ્રતિષ્ઠાઓ સંઘયાત્રાઓ, વિવિધ આરાધના-અનુષ્ઠાનો-મહોત્સવો આદિ અનેકાનેક ધર્મકાર્યો ભવ્ય રીતે સમ્પન્ન બન્યા હતા.

નમ્રતા, નિખાલસતા, નિર્ભિકતા, ક્ષમાશીલતા, સૌહાર્દતા, સૌજન્યતા આદિ ગુણોથી તેમ જ તેઓશ્રીના નિર્મલ ચારિત્ર, સ્પષ્ટ અને બોધદાયક વાણી તથા મંગલકારી ભાવનાને કારણે તેઓશ્રીનું જીવન ઘણું પ્રેરક અને પ્રભાવક હતું. તેઓશ્રીની પ્રભાવક દૃષ્ટિ અને વાણીથી અનેકોએ પોતાના જીવન ધર્મમય અને ત્યાગમય પણ બનાવ્યા છે તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યો મુનિશ્રી વિદ્વત્ચંદ્રવિજયજી, મુનિશ્રી લેખેન્દ્રવિજયજી, મુનિશ્રી લોકેન્દ્રવિજયજી અને બાલમુનિશ્રી યોગેન્દ્રવિજયજી આદિ જ્ઞાન-ધ્યાનમાં આગળ વધી રહ્યા છે.

# રખે અવસર ચૂકીએ.....

**લેખક : શ્રીયુત કાંતિલાલ ડી. કોરા (મુંબઈ)**

વર્તમાન શ્રમણસમુદાયના ગચ્છાધિપતિ પરમપૂજ્ય પંન્યાસજી શ્રી મુક્તિવિજયજી (મુળચંદજી) મહારાજના શિષ્ય મહાશ્રમણ શ્રી ચારિત્રવિજયજી મહારાજના ગૌરવશાળી જીવનનું આલેખન વર્ષો પૂર્વે જાણીતા લોકપ્રિય લેખક શ્રી જયભિખ્ખુ (શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ)ની કલમથી થયું હતું. તેની બીજી આવૃત્તિ તાજેતરમાં પ્રગટ થઈ છે. જે દ્વારા પુજ્યશ્રીના ધર્મ, સમાજ અને સાહિત્ય સેવાના પ્રેરક જીવનપ્રસંગોનો પરિચય નવી પેઢીને પ્રથમવાર થાય છે. આ મહાપુરુષની જન્મશતાબ્દીના વર્ષનો પ્રારંભ આ વર્ષે – વિ. સં. ૨૦૪૦ના આરંભ સાથે થયો છે.

નવી પેઢીને વ્યવહારિક શિક્ષણ સાથે ધાર્મિક સંસ્કાર મળતાં પોતાનું અને પોતાના કુટુંબનું જીવન સુવાસિત બને તેવી ઉચ્ચ ભાવનાથી દાયકાઓ પહેલાં પાલીતાણામાં સ્થપાયેલ શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળના આદ્યપ્રેરક મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી હતા. કેવો ઉચ્ચ આદર્શ અને દીર્ઘદ્રિષ્ટ ભરી સમાજ પુનરોદ્ધારની ભાવના! વિ. સં. ૧૯૬૮માં પાલીતાણામાં ભયંકર જલપ્રલય થયે ત્યારે તેઓએ જીવનની જરાય પરવા કર્યા વિના ૪૦૦થી વધુ માનવીઓને અને ૬૦૦થી વધુ પશુઓને ડૂબી જતાં બચાવી જૈનધર્મના માનવત લક્ષી આદર્શનું પ્રત્યક્ષ દર્શન કરાવ્યું હતું. જીવના જોખમે આવી અપુર્વ હિંમત દાખવવી એ કંઈ નાનીસુની સિદ્ધિ ન ગણાય! તેઓના જીવનમાં નીડરતા, પરોપકારિતા અને સેવાપરાયણતા કેટલી ભરી પડી હશે તેનો આ પ્રસંગ સહેજે ખ્યાલ આપે છે.

જ્ઞાન–પ્રચાર/પ્રસાર માટે જીવનભર પરિશ્રમ લઈ 'ત્રિપૂટી' તરીકે જાણીતા થએલા તેઓશ્રીના શિષ્યો પુજ્યશ્રી દર્શનવિજયજી મ૦, પુ૦શ્રી જ્ઞાનવિજયજી મ૦ અને પુ૦શ્રી ન્યાયવિજયજી મ૦ને સથવારો અને પ્રેરણા આપી તેઓ દ્વારા સાહિત્ય–સંશોધનના ક્ષેત્રે અનેક ગ્રન્થો તૈયાર કરાવ્યા હતા વિશાળ જનસમુહ અને વિદ્વાનોને ઉપયોગી થાય તેવું આ અનોખું સાહિત્ય આજે અપ્રાપ્ય છે, જેના પુનઃ પ્રકાશનની આજે ખૂબ જરૂર છે. આ પ્રવૃત્તિનો પ્રારંભ જન્મશતાબ્દીના આ વર્ષમાં થાય તે યથાયોગ્ય છે દીર્ઘદ્રષ્ટા આ મુનિરાજનું જન્મસ્થાન પત્રી (કચ્છ), કર્મભૂમિ પાલીતાણા અને કાળધર્મ સ્થાન અંગીઆ (કચ્છ) હતું. આ બધા સ્થળોએ સમાજ ઉપયોગી કાર્યો દ્વારા કાયમી સ્મૃતિ જળવાય તેવી કાર્યવાહી થાય એ જરૂરી છે.

આ મહાપુરુષનું સમગ્ર જીવન પ્રેરક પ્રસંગોથી ભરપુર છે, જે માત્ર ઉત્સાહ પ્રેરક નહિ પરંતુ સમાજ ઉત્કર્ષ અને સેવાભાવનાની નક્કર કાર્યવાહી માટે ચતુરરૂપ બને તેવું છે. શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ (પાલીતાણા) તેઓશ્રીની ઉદાત્ત ભાવના અને કાર્યનું જ્વલંત અને જીવંત પ્રતિક છે. આ સંસ્થાનો દરેક વિદ્યાર્થી આદ્યપ્રેરકના જીવનકાર્યનો સંદેશવાહક છે. આ સંસ્થાના વિદ્યાર્થીઓએ જીવનમાં સ્થિર થવા ઉપરાંત સમાજસેવાના ક્ષેત્રે કાર્યરત બની શ્રી ચારિત્રવિજયજી મહારાજના આદર્શોને ઉન્નત બનાવેલ છે. આવા મહાપુરુષના આદર્શોને કેન્દ્રમાં રાખી જન્મશતાબ્દી વર્ષમાં સમાજ ઉપયોગી નક્કર કાર્યવાહી થાય તો જ એ પ્રવૃત્તિ અને કાર્ય સાચી અંજલિરૂપ બનવા સાથે નવી પેઢીના જીવન–ઘડતરમાં પ્રેરણારૂપ બને. ઋણ મુક્તિના પ્રસંગો વારંવાર આવતા નથી, એટલે રખે આપણે અવસર ચૂકીએ....

**બાલોતરા [રાજસ્થાન] માં**
**અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવ**

શ્રી ખરતરગચ્છ સંઘ–બાલોતરા દ્વારા એક વિશાળ દાદાવાડી ભવનનું નિર્માણ કરવામાં આવતાં તેમાં વૈ સુદ ૫ રવિવારના જિનપ્રતિમાઓ, ગુરુમૂર્તિઓ તેમજ દેવ–દેવીઓની મૂર્તિઓની અંજનશલાકા–પ્રતિષ્ઠા પૂ૦ આ૦શ્રી જિનકાંતિસાગરસૂરિજી મ૦ની શુભ નિશ્રામાં ભવ્ય મહોત્સવપુર્વક ઉજવવામાં આવનાર છે.

Do not stand on a high pedestal and take five paise in your hand and say—

" Hear May poor Man take this. "

But be grateful that the poor mains there so that by making a gift to him you are able to help yourself. It is not the receiver that is blessed, but it is the giver.

-SWAMI VIVECANANDA

●

ગરીબ વ્યક્તિને પાંચ પૈસા આપતી વખતે ગર્વ ન કરતાં એટલું વિચારજો કે, ગરીબ વ્યક્તિ છે તેથી જ તમે તેને ભેટ આપીને તમારી જાતને મદદ કરવા શક્તિમાન થઈ શકો છો. જે મેળવનાર માટે નહીં પણ આપનાર માટે આનંદ સમાન છે.

—સ્વામી વિવેકાનંદ

●

Space donated by :

THE
ATUL PRODUCTS LTD.

P. O. ATUL (396020)

Dist : VALSAD [Gujarat]

# વિજયવાડા સંઘમાં સુખદ સમાધાન

આંધ્ર પ્રદેશના જાણીતા શહેર વિજયવાડામાં છેલ્લા કેટલાક અરસાથી જૈન સંઘના બે વર્ગો વચ્ચે આપસી મતભેદના કારણે વૈમનસ્ય પ્રવર્તતું હતું. તાજેતરમાં જાણીતા પ્રવચનકાર અને સાહિત્યકાર પુ૦ પં. શ્રી ભદ્રગુપ્તવિજયજી મ૦ અત્રે પધારતાં અને ૨૦-૨૫ દિવસની સ્થિરતા દરમ્યાન તેઓશ્રીએ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ—આ ચાર ભાવનાઓ પર તલસ્પર્શી અને હૃદયસ્પર્શી પ્રવચનો આપતાં, શ્રીસંઘના બંને પક્ષોમાં સમાધાનની સ્વયં પ્રેરણા જાગી; અને બંને પક્ષોએ પુજ્યશ્રીને નિર્ણાયક ચુકાદો આપવા વિનંતી કરી. સમાધાનની પાયાની ભૂમિકારૂપે પ્રથમ કોર્ટની તમામ કાર્યવાહી-કેસો વગેરે પાછા ખેંચી લેવામાં આવ્યા. અને ત્યારબાદ પુજ્યશ્રીએ બંને વર્ગો સાથે વ્યક્તિગત વિચાર વિનીમય કરી તા. ૧૬-૩-૮૪ના દિવસે પોતાનો નિર્ણય આપ્યો, જેમાં સંઘના બધા જ વર્ગના ભાઈ-બહેનો પોતપોતાની શ્રદ્ધા અને માન્યતા મુજબ સરળતા અને પ્રસન્નતાપુર્વક ધર્મ આરાધના કરી શકે, ભવિષ્યમાં ક્યારેય સંઘર્ષના નિમિત્તો ઊભા ન થાય એવી દીર્ઘદર્શિતાભરી વ્યવસ્થા ગોઠવી આપી. આ નિર્ણય સારા સંઘે સહર્ષ સ્વીકારી લેતા વિજયવાડા સંઘમાં સુખદ સમાધાન થયું છે.

પુજ્યશ્રી અત્રેથી વિહાર કરી ઓળી આરાધનાર્થે નેલ્લુર પધાર્યા છે.

### ડુંગરપુર ( રાજસ્થાન )

પૂ૦ આ૦શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦, પૂ૦ આ૦શ્રી ચિદાનંદસાગરસૂરીશ્વરજી મ૦ આદિની નિશ્રામાં અને પૂ૦ તપસ્વી મુનિશ્રી નિત્યવર્ધનસાગરજી મ૦ની પ્રેરણાથી સેઠીયા કનૈયાલાલજી કંદોઈ તરફથી શાશ્વતી ચૈત્રી ઓળીની સામુહિક આરાધના તેમજ શ્રી વિશા-પોરવાડ જૈન શ્વે. સંઘ દ્વારા નિર્મિત નૂતન જિનાલયે શ્રી નેમિનાથ આદિ જિનબિંબોની અંજનશલાકા વૈ. સુદ ૧૦ના અને પ્રતિષ્ઠા વૈ. સુદ ૧૧ના મહોત્સવના ભવ્ય આયોજનપુર્વક ઉજવવામાં આવનાર છે.

### ભદ્રેશ્વર તીર્થ-કચ્છ

અત્રે આવેલ યુગપ્રધાનશ્રી પાર્શ્વચંદ્રસૂરિ મંદિરની આઠમી સાલગીરી પૂ૦ મુનિશ્રી પૂર્ણયશચંદ્રજી મ૦ ઠાણા ૨, સાધ્વીશ્રી ઉદ્યોતપ્રભાશ્રીજી ઠાણા ૫ અને સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી ' સુતેજ ' ઠાણા ૪ની નિશ્રામાં મહા સુદ ૭થી સુદ ૧૧ સુધીના પંચાહ્નિકા મહોત્સવપૂર્વક ખૂબ ઠાઠમાઠથી ઉજવવામાં આવી.

અ૦ભા૦ મન્નાગપુરીય બૃહત્તપાગચ્છ ( વર્તમાનમાં શ્રી પાર્શ્વચંદ્રગચ્છ ) ના સમસ્ત જૈન સંઘો તરફથી આયોજિત આ મહોત્સવ દરમ્યાન પાંચે દિવસ જુદી જુદી પૂજાઓ અને રાત્રે ભાવનામાં નૂતન વિજય મહિલા મંડળ-ધ્રાંગધ્રાની બહેનોએ ભક્તિની રમઝટ જમાવી હતી. મુંબઈ તથા ગુજરાત અને કચ્છના અનેક ગામોથી ભાવિક ભક્તો ઉમટયા હતા. પાંચે દિવસ સાધર્મિક ભક્તિ સારી એવી થઈ હતી. મહા સુદ ૧૧ના ઘણા ઉચ્છરંગસાથે ધજા ચઢાવવામાં આવી. માર્શલ કંપની-મુંબઈ તરફથી નવકારશીનું જમણ પણ રાખવામાં આવેલ. પ્રતિદિન પ્રભુજીની અને ગુરુદાદાની આરતીની તેમજ છેલ્લા દિવસે ધ્વજારોપણની બોલીઓ ઘણી સારી થઈ. મહા સુદ ૧૦ના ગચ્છની સાધારણ સભા યોજાતાં કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવામાં આવેલ.

સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી આદિ ઠા.૪ અત્રેથી વિહાર કરી દેશલપુર પધાર્યા છે. ફા. સુદ ૫ના અહીંના દેરાસરની વર્ષગાંઠ ઉલ્લાસથી ઉજવાઈ. નવાવાસ (દુર્ગાપુર)માં ચૈત્રી ઓળીની આરાધના સાધ્વીજી મ૦ની નિશ્રામાં થશે. ચાતુર્માસ પણ નવાવાસ (દુર્ગાપુર)માં નક્કી થયું છે.

### ગંજાડ (તા. દહાણુ)માં ઉપાશ્રયનું ઉદ્દઘાટન

મુંબઈ-અમદાવાદના ધોરી રસ્તે ચોરાટીનાકા અને દહાણું રોડની મધ્યમાં આવેલ ગંજાડ ગામમાં પુ૦ સાધુ-સાધ્વીઓના વિહારમાં વિસામા માટે ઉપાશ્રયની ખાસ આવશ્યકતા હતી. જે કારણે ઉપાશ્રયનું નિર્માણ કરવામાં આવતાં, તેનું ઉદ્દઘાટન પુ૦ ગણિશ્રી લલિતશેખરવિજયજી મ૦ આદિની સાંનિધ્યમાં શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈના હસ્તે કરવામાં આવ્યું છે. આ નૂતન ઉપાશ્રયનું નામ "લીલાવતીબેન ચમનલાલ ઝવેરી જૈન ઉપાશ્રય" રાખવામાં આવ્યું છે.

હે ધીર પુરુષ !
તું આશા અને
સ્વચ્છંદનો ત્યાગ કર.
તે બેનું શૂળ
સ્વીકારીને જ
તું રખડયા કરે છે.
સારી શાંતિના
સ્વરૂપનો અને મરણનો
વિચાર કરીને; તથા
શરીરને નાશવંત જાણીને
કુશળ પુરુષ
કેમ કરીને
પ્રમાદ કરે ?

—આચારાંગસૂત્ર


# છેડા જ્વેલરી માર્ટ

૪૦/૪૨ ધનજી સ્ટ્રીટ,
મુંબઈ—૪૦૦ ૦૦૩

૩૨૧૯૯૫—૩૩૮૫૩૦


# જેસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જેસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જેસલમેર પંચતીર્થીના અન્તર્ગત જેસલમેર દુર્ગ, અમરસાગર, લોદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦ થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

**જેસલમેરની વિખ્યાત વિશેષતાઓ—**

(૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચીન જિનાલયો, પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસૂરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રન્થો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસૂરિજી મની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લોદ્રવપુરનાં ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

**આવાસ પ્રબંધ :** યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભૂમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પૂરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

**યાતાયાતના સાધન :** જેસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાએલ છે. જોધપુરથી દિવસમાં એક વાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જેસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જેસલમેર આવે છે.

જેસલમેર પંચતીર્થીના દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

**વિનીત : શ્રી જેસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ**
**જેસલમેર (રાજસ્થાન)**
**ફોન નં. ૩]**
**ગ્રામ : 'જૈન ટ્રસ્ટ']**

### પાટણ જૈન મંડળની એક વધુ સિદ્ધિ

મુંબઈમાં શ્રી પાટણ જૈન મંડળનું એક મોટું નામ અને સ્થાન છે. તેનું કાર્યક્ષેત્ર ધર્મ, સમાજ, શિક્ષણ, તબીબ, બેન્ક અને માનવસેવા ક્ષેત્રે મુંબઈમાં તેમજ પાટણમાં ખૂબ જ વિસ્તરેલું છે. સમાજના રહેઠાણ પ્રશ્ને ઉપયોગી થવા મંડળે બોરીવલી (પુર્વ)માં રતનનગર ખાતે હાઉસિંગ પ્રોજેકટના ચાર મકાનોની હાથ ધરેલ યોજના અન્તર્ગત તાજેતરમાં બે મકાનો તૈયાર થતાં, તા. ૨૫ માર્ચના શ્રી કંચનલાલ વાડીલાલ શાહના પ્રમુખસ્થાને તેનો ઉદ્દઘાટન સમારંભ યોજી અને શ્રી પ્રતાપભાઈ ભોગીલાલ તથા શ્રી સેવંતિલાલ મફતલાલ શાહના શુભહસ્તે ઉદ્દઘાટન કરાવી એક વધુ સિદ્ધિ પ્રાપ્ત કરી આ છે. હાઉસિંગ કોમ્પલેક્ષમાં ધાર્મિક- સામાજિક સામુદાયિક કાર્યોની સુવિધા માટે 'શ્રી અમીચંદ પનાલાલ આદીશ્વરજી ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ હોલ'નું તેમજ મેડીકલ, લાઈબ્રેરી, સ્ત્રી અને બાળવિકાસ જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે 'શ્રીમતી જાસુદબહેન ફતેહચંદ લલ્લુભાઇ સાંસ્કૃતિક હોલ' નું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રોજેકટ અન્તર્ગત કુલ ૭૮ ફલેટસ બંધાનાર છે.

### ૭ ગાઉની યાત્રા

ફાગણ સુદ ૧૩ના શ્રી શત્રુંજય ગિરિરાજની ૭ ગાઉની યાત્રાએ આ વર્ષે ૪૦થી ૫૦ હજારની જનમેદની ઉમટી હતી. ૭ ગાઉની યાત્રા કરનારા દરેક યાત્રીકનું રૂ. ૨ થી સંઘપુજન કરવામાં આવેલ. આદપરમાં જુદા જુદા ગામોના સંઘો અને સંસ્થાઓ દ્વારા તેમ વ્યક્તિગત રીતે બંધાયેલા પાલોમાં યાત્રિકોની ભક્તિનો સુંદર લાભ લેવામાં આવેલ.

મહેસાણાથી શ્રીમદ્દ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીએ દર સાલ મુજબ આ વર્ષે પણ યાત્રિકોની ભક્તિ અર્થે આવી, આદપર – પાલમાં શ્રી ચતુર્વિધ સંઘની ભક્તિનો સુંદર લાભ લીધો હતો.

મહેસાણાની આ પાઠશાળા ધાર્મિક ઉચ્ચ અભ્યાસ માટે મોખરાનું સ્થાન ધરાવે છે. અનેક સ્થળોએથી વિદ્યાર્થીઓ અહીં આવી ધાર્મિક ઉચ્ચ અભ્યાસ મેળવે છે આ સંસ્થાનું નવું સત્ર જેઠ મહિનાથી શરૂ થાય છે. નવા દાખલ થવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ સંસ્થાનું નિયત પ્રવેશફોર્મ મંગાવી ભરી મોકલવું. આ પાઠશાળામાં પુજ્ય સાધુ–સાધ્વીજી મહારાજો પણ સારી સંખ્યામાં વ્યાકરણાદિનો અભ્યાસ કરી રહ્યા છે.

### હાથસણીમાં પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી શત્રુંજય ગિરિરાજની પાછળના ભાગે અને હસ્તગિરિ તીર્થની (પ્રાચીન) તલેટીમાં આવેલા હાથસણી ગામે શ્રીસંઘ દ્વારા નવનિર્મિત શિખરબંધી જિનાલયમાં નાંદીયા તીર્થ (રાજસ્થાન) થી પ્રાપ્ત થયેલા શ્રી આદિનાથજી વગેરે ત્રણ જિનબિંબોની પ્રતિષ્ઠા ફા. સુદ ૭ના રોજ સાનંદ સમ્પન્ન થઈ છે. પ્રતિષ્ઠા અને તે નિમિત્તે આયોજિત અષ્ટાહ્નિકા મહોત્સવ હસ્તગિરિ તીર્થોદ્ધારક પુ૦ આ૦શ્રી વિજયમાનતુંગસુરિજી મ૦ની નિશ્રામાં ખૂબ ધામધુમથી ઉજવાએલ. આ પ્રસંગે મુંબઈ આદિ બહારગામ વસતા અહીંના વતનીઓએ સારી એવી સંખ્યામાં પધારી અને અનેક લાભો લઈ પ્રતિષ્ઠા મહોત્સવને વધુ યાદગાર અને યશસ્વી બનાવ્યો હતો.

## સંસ્કાર–અધ્યયન સત્ર

### કન્યા શિબિરનું મહેસાણામાં આયોજન

કન્યાશિબિરના આદ્યપ્રણેતા વિદુષી સાધ્વીજી શ્રી નિર્મલાશ્રીજી મ૦ આદિ ઠાણાની શુભ નિશ્રામાં આ વર્ષે મહેસાણા નગરે સાર્વજનિક વિદ્યાલયમાં ૧૯મી કન્યા શિબિર યોજાનાર છે. આ કન્યા શિબિરમાં હાઇસ્કૂલના અને કોલેજના શિક્ષણપ્રાપ્ત વિદ્યાર્થિનીઓ ભાગ લઈ શકશે. આ શિબિરમાં જોડાવા ઈચ્છુક બહેનોએ નીચેના સરનામેથી અરજીફોર્મ મંગાવી તા. ૨૪–૪–૮૪ પહેલા ભરી મોકલવું.

આ શિબિર તા. ૧૩–૫–૮૪ થી તા. ૩–૬–૮૪ સુધી ચાલશે. સંમતિ પ્રાપ્ત બહેનોએ તા. ૧૨–૫–૮૪ના સાંજે પાંચ વાગ્યા સુધીમાં સાર્વજનિક વિદ્યાલય, મહેસાણા પહોંચી જવું.

પત્ર વ્યવહારનું સરનામું: સંચાલિકા કુ. પન્ના શાહ C/o. શાહ બાબુલાલ મણીલાલ શ્રોફ,રાજમહેલ રોડ, મુ. પો. મહેસાણા (ઉ. ગુજરાત).

## સૌ રાચો પરમાર્થમાં ...

કલ્યાણોની પરંપરા જગ વિષે વ્યાપી રહો આજથી,
દુષ્કર્મો ટળતાં રહો;
સત્કર્મોથી પવિત્ર હો અવની આ ને
પ્રાણીઓ સ્વસ્થ હો,
સૌ રાચો પરમાર્થમાં જગ-જનો,
એ પ્રાર્થના આજ હો.

## શાહ મગનલાલ લક્ષ્મીચંદ

**કોટન મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ**

ગ્રીન ચોક, ધ્રાંગધ્રા-૩૬૩ ૩૧૦ (ગુજરાત)

ફોન : ઓફિસ : ૩૨૬ અને ૫૨૦
ઘર : ૨૭૫ અને ૪૬૫

## ઉજમણાના કલાત્મક
## છોડા માટે સુપ્રસિદ્ધ પેઢી

અમો પ્રાચીન તથા અર્વાચીન ડીઝાઈનોમાં કુશળ કારીગરોના હાથે ઊંચામાં ઊંચો જરીમાલ વાપરી કલાત્મક છોડા અમારી જાતી દેખરેખ નીચે બનાવીએ છીએ.

**એક વખત પધારી ખાત્રી કરવા વિનંતી.**

## મે. રેશમા ટેક્ષટાઈલ

૮/૧૬૨૭, ગોપીપુરા, મેઇન રોડ,
કુંથુનાથ દેરાસર સામે, સુરત-૩૯૫૦૦૧

ફોન : ૨૩૫૫૭ : ૩૨૪૭૧ ૩૨૪૭૨

* તા. ક. : છોડા હાજર સ્ટોકમાં પણ મળશે *

**શ્રી વીરપ્રભુના જન્મકલ્યાણક પર્વને પામીને દાન આપવા-અપાવવા યોગ્ય સંસ્થા—**

## શ્રી શાન્તિચંદ્ર સેવા સમાજ—અમદાવાદ

૪૩૪, હાજા પટેલની પોળ, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ☎ : ૩૩૮૩૨૭

**મહાગુજરાતના પાટનગર ગણાતા જૈનપુરી રાજનગર (અમદાવાદ)ના આંગણે ૫૬ વર્ષથી ચાલતી જન સમાજની આ એક માત્ર સંસ્થા છે. આપની લક્ષ્મીનો સદ્વ્યય કરવા સંસ્થાના નીચે મુજબના સેવા કાર્યો:**

(૧) અમદાવાદના આંગણે પૂજય શ્રમણ સંસ્થા સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ ભક્તિ.

(૨) સાધર્મિક ભક્તિ-ફંડ સિદાતા કુટુંબોને મદદ માટે.

(૩) મુંગા જીવોને અભયદાન.

(૪) મેડીકલ ખાતે આપણા તીર્થધામોમાં દર્દીઓની સારવાર માટે દવાઓના ખર્ચને નિભાવવા.

(૫) સામાન્ય સ્થિતિના કુટુંબોને જીવન નિભાવવા મદદરૂપ થતા ઉદ્યમે લગાડવા. જેવા કે—

(૧) ટાઈપ મશીનો માસિક હપ્તેથી અપાવવા.

(૨) સિવણની તાલીમ લીધેલાને ઉદ્યમે લગાડવા માસિક હપ્તેથી સિવણના સંચા અપાવવા.

(૩) સાયકલો માસિક હપ્તેથી અપાવવી. પોતાના રહેઠાણથી દૂર નોકરી જનારને અગર પોતાના રહેઠાણથી દૂર કોલેજમાં અભ્યાસ કરવા જનારને દાતારોની મદદથી સાયકલો અપાવવી.

રૂા. ૪૫૦૦)નું દાન એક ટાઈપ મશીન.
રૂા. ૧૦૩૮)નું દાન એક સિવણનો સંચો.
રૂા. ૬૦૦)નું દાન એક સાયકલ.

સંસ્થાના હરકોઈ એક કાર્યમાં રૂા. ૫૦૦૧) નું દાન આપનાર દાતારનું તૈલચિત્ર સંસ્થાના કાર્યાલયમાં મુકવામાં આવે છે.

લિ. પ્રમુખ: **ઉત્તમલાલ નાથાલાલ મહેતા**
(ટોરેન્ટો લેબોરેટરીવાળા)

## મુંબઈ-કાંદીવલીમાં વિવિધ મહોત્સવો

અત્રે શ્રી મુનિસુવ્રતસ્વામિ જિનપ્રાસાદે, શતાવધાની પૂ૦ આ૦શ્રી વિજયજયાનંદસૂરિજી મ૦ની નિશ્રામાં શાસનરક્ષક દેવશ્રી ધરણેન્દ્રજી, શ્રી માણિભદ્રજી, શ્રી નાકોડાજી, શ્રી ઘંટાકર્ણ મહાવીર, શાસન અધિષ્ઠાયિકા દેવી શ્રી પદ્માવતીજી, શ્રી ચક્રેશ્વરીજી, શ્રી લક્ષ્મીજી વગેરે મૂર્તિઓની પ્રતિષ્ઠા તેમ જ શ્રી જયસુખલાલ રાયચંદ મહેતા પરિવાર અને શ્રી વિજયરાજજી રૂપરાજજી પગારિયા પરિવાર તરફથી આયોજિત ઉપધાનતપની માળારોપણ વિધિ શ્રી વલ્લભભાઈ પટેલ સ્વીમીંગ પુલના પટાંગણમાં મહા વદ ૩ ને રવિવારના રોજ ખૂબ ધામધૂમ અને હર્ષોલ્લાસથી સુસમ્પન્ન થઈ છે.

આ પ્રસંગે ૨૫ છોડના ઉદ્યાપન યુક્ત સિદ્ધચક્ર મહાપૂજન શાંતિસ્નાત્ર સહ નવ દિવસનો શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો.

## મુંબઈ-અંધેરી (વેસ્ટ)માં ઉદ્યાપનનો ભવ્ય મહોત્સવ

અત્રે શ્રી ચંદ્રપ્રભુજી જિનમંદિરે પૂ૦ આ૦શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ૦ના શિષ્ય સ્પષ્ટવક્તા પૂ૦ મુનિશ્રી રત્નાકરવિજયજી મ૦ તથા તપસ્વી પૂ૦ મુનિશ્રી ધુરંધરવિજયજી મ૦ની નિશ્રામાં કોઠારી તારાચંદજી અનરાજજી તરફથી, તેમના અને તેમના ધર્મપત્ની અ૦ સૌ. ભાગીબેન તારાચંદજી અને પુત્રવધુ આદિએ કરેલ વિવિધ તપારાધના નિમિત્તે સાત છોડનું અને બીજા ભાગ્યશાળીઓ તરફથી ચાર છોડનું મળી અગિયાર છોડનું ઉદ્યાપન તેમજ ઋષિમંડળ મહાપૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ મહા વદ ૧૩થી ફાગણ સુદ ૨ સુધી ખૂબ ઠાઠમાઠથી અને ભક્તિભાવથી ઉજવાયો.

## વાંકલી (રાજસ્થાન) મુકામે દીક્ષા મહોત્સવની ભવ્ય ઉજવણી

પૂ૦પં૦ શ્રી અભયસાગરજી મ૦ના શિષ્યરત્ન તપસ્વી પૂ૦ મુનિશ્રી સોમશેખરસાગરજી મ૦ આદિ ઠા૦ ૫ કોઠારી હિન્દુજી મનરૂપજી પરિવારના શ્રી ચંદ્રભાણજીની સુપુત્રી અરુણાબહેનની ભાગવતી દીક્ષા પ્રસંગે અત્રે પધારતા કોઠારી પરિવાર દ્વારા ખુબ ધામધૂમથી નગર પ્રવેશ અને દીક્ષા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મહા સુદ ૧૧ના વરસીદાનનો ભવ્ય વરઘોડો અને ત્યારબાદ પૂજ્યશ્રીના વરદ હસ્તે દીક્ષાપ્રદાન વિધિ, ચતુર્વિધ શ્રીસંઘની વિશાળ ઉપસ્થિતિમાં અને અપૂર્વ ઉચ્છરંગ વચ્ચે થઈ હતી. દીક્ષાર્થી અરૂણાબહેનને દીક્ષાપ્રદાન કરી સાગર સમુદાયના સાધ્વીશ્રી પીયુષપ્રજ્ઞાશ્રીજીના શિષ્યા બનાવી સાધ્વીશ્રી અમીઝરાશ્રીજી નામે જાહેર કરવામાં આવેલ.

## માઉન્ટ આબૂમાં આગમપાઠી સમ્મેલન

માઉન્ટ આબૂ ખાતે તા. ૮ થી ૧૦ એપ્રિલ સુધી સ્થાનકવાસી ફિરકાના જાણીતા વિદ્વાન અનુયોગ પ્રવર્તક પૂ૦શ્રી કન્હૈયાલાલજી મ. 'કમલ' આદિની નિશ્રામાં અને શ્રી વર્ધમાન મહાવીર કેન્દ્ર (ઠે. સબ્જી મંડી સામે, માઉન્ટ આબૂ, રાજસ્થાન) ના ઉપક્રમે સ્વાધ્યાયપ્રેમીઓને પ્રોત્સાહિત અને સન્માનિત કરવા આગમપાઠીઓનું એક સમ્મેલન યોજવામાં આવ્યું છે. પાંચ કે તેથી વધુ આગમો કંઠસ્થ હોય તેવા સ્વાધ્યાયી ભાઈ-બહેનો આ સમ્મેલનમાં ભાગ લઈ શકશે, જેની મૌખિક અને લેખિત પરીક્ષા લેવામાં આવશે. તેમાં પ્રથમ ત્રણ નંબરે આવનારને વિશિષ્ટ પુરસ્કાર અને ઉત્તીર્ણ થનાર સૌને પ્રોત્સાહક પુરસ્કાર અપાશે.


શ્રદ્ધા એ સફળતાની ચાવી છે–
આ રહસ્યને પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવી લો.
કિંમત રૂ. ૧૫/-
મંત્રસાર
ટપાલ ખર્ચ રૂા. ૩-૨૫ અલગ
સંપાદક: નરોત્તમદાસ નગીનદાસ શાહ
જેમાં સમાયેલ છે– – અનેક મંત્રોનો અજોડ સંગ્રહ–

| | | |
|---|---|---|
| નવકાર મંત્ર સંગ્રહ ફલદાયક વિધિ સહિત | શુભાશુભ જાણવાના મંત્રો | ઈષ્ટ પ્રાપ્તિના મંત્રો |
| ચાર રક્ષા મંત્રો | વિદ્યા પ્રાપ્તિ મંત્રો | મહાકાળી મહાલક્ષ્મી સરસ્વતિ ભૈરવ-માણિભદ્રજી નવગ્રહ શનિશ્ચર મંત્રો-સ્તુતિઓ વગેરે- -અનેક ઉપયોગી યંત્રો -વ્યાપાર વૃદ્ધિ -કષ્ટ નિવારક અનેક દેવદેવીઓના મંત્રો-યંત્રો સ્તોત્રો ની સંગ્રહ |
| દ્રવ્ય પ્રાપ્તિના મંત્રો | સરસ્વતિ મંત્રો | |
| સર્વ સિદ્ધિ અને કાર્યસિદ્ધિના મંત્રો | અગ્નિશાંત કરવાના મંત્રો | |
| વ્યાપાર લાભ મંત્રો | ભૂત-પ્રેત નિવારણ, સર્પ ભય નિવારણ, ચોર ભય નિવારણ, કેદ મુક્ત થવાના, આકાશ ગમન, રોગ નિવારણ, – તેમજ દરેક ઉપદ્રવ નાશક, અનેક પ્રકારના મંત્રો | |
| વેરીનાશ અને વસ્તુ વિક્રય મંત્રો | | |
| પરદેશ લાભ મંત્રો | | |
| વશીકરણ મંત્રો | | |
| એકાક્ષી નાળિયેરની વિધિ | | |
| દક્ષિણાવર્ત શંખની વિધિ | | |

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
૨૧૯/એ. કીકા સ્ટ્રીટ, ગોડીજી ચાલ, મુંબઈ-૨

## વીરવાણી

જ્યાં સુધી મનુષ્યોમાંથી સર્વ પ્રકારના દોષો દૂર થયા નથી ત્યાં સુધી તે મન, વાણી અને કાયાથી સંપૂર્ણ અહિંસા પાળી શકવાનો નથી. માટે મહાપ્રજ્ઞાવાળા બુદ્ધિશાળી મનુષ્યે જિતેન્દ્રિય થઇ, વિષયભોગોથી નિવૃત્ત થવું અને સંયમાદિમાં પરાક્રમી બની વિચરવું. તેણે અતિ માન, માયા, ક્રોધ અને લોભથી દૂર રહેવું.

— સૂત્રકૃતાંગ.

☆


અનેક શુભેચ્છાઓ સહ....

# મેસર્સ અરવિંદ પનાલાલ

હવેલી બિલ્ડીંગ, ફતાસાની પોળ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

☆

ગુજરાત રાજ્યના ઈન્ડેટીંગ એજન્ટસ :

" અતુલ પ્રોડકટસ લિમિટેડ "

ગ્રામ : ARJUN

ફોન : ૩૮૪૮૯૫

JAIN OFFICE–BHAVNAGAR Regd. No. G. BV. 20

વર્ષ : ૮૧ * અંક ૧૩
વીર સં. ૨૫૧૦ આસો વદિ ૩
શનિવાર તા. ૧૩ ઓકટોબર ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૨૦)
આજીવન સભ્ય ફી રૂા. ૩૦૧
—: મુદ્રણસ્થાન :—
શ્રી જૈન પ્રિન્ટરી–ભાવનગર

જૈન સાપ્તાહિક

: સ્વ૦ તંત્રી :
શેઠ ગુલાબચંદ દેવચંદ
પ્રકાશક : સંપાદક : મુદ્રક
વિનોદ ગુલાબચંદ શેઠ
: કાર્યાલય :
'જૈન' પત્રની ઓફિસ
વડવા, ભાવનગર-૩૬૪૦૦૧

# કેટલાંક, અનર્થ સર્જનારાં અસત્યો સામે લાલબત્તી

લેખક : પૂજ્ય મુનિરાજશ્રી શીલચંદ્રવિજયજી મહારાજ

સંસ્કૃતમાં એક લોકોક્તિ છે કે "सत्यानृते मिथुनीकृत्य जगद्व्यवहारः प्रवर्तते" અર્થાત, જગતનો લૌકિક વ્યવહાર સત્ય–અસત્યના મિશ્રણથી જ ચાલી શકે. નર્યા સત્યનો પ્રયોગ કરનારને લોકવ્યવહારમાં નિષ્ફળતા જ મળે અને પસ્તાવાનો જ વારો આવે, એમ વ્યવહારડાહ્યાઓ કહેતા પણ હોય છે.

લોકવ્યવહાર અને તેમાં સંકળાયેલા જીવોને માટે આ ઉક્તિનો અર્થ સંગત, ઉપકારક અને ગ્રાહ્ય હશે કદાચ; પણ લોકવ્યવહારથી પર થઈ ગયા હોવાનો દાવો ધરાવતી વ્યક્તિ પણ જ્યારે આવી ઉક્તિના અર્થને અનુસરતી જોવા મળે, અને અસત્યને પણ સત્યમાં ખપાવવાની કુચેષ્ટા કરે, ત્યારે વિવેકી અને સમજુ આત્માને ખેદ ઉપજ્યા વિના ન રહે.

આવી વ્યક્તિઓ અને તેમના દ્વારા પ્રચારવામાં આવેલાં કેટલાંક અસત્યો વિશે મને હમણાં જ માહિતી પ્રાપ્ત થઈ છે, અને તેથી તે અંગે કેટલીક સ્પષ્ટતા કરવી આવશ્યક જણાવાથી આ લખી રહ્યો છું.

સં ૨૦૩૪ના વર્ષમાં 'શા. કીર્તિલાલ બાબુલાલની કું., રતનપોળ, ગોલવાડ, અમદાવાદ' તરફથી, બે તિથિ પક્ષના આચાર્ય શ્રી વિજયસોમચંદ્રસૂરિજી દ્વારા લખાયેલી "સુખનો સિંધુ, કલિકાલ કલ્પતરૂ યાને શ્રાવક કર્તવ્ય દર્શન" નામે ચોપડી પ્રગટ થઈ છે. આ ચોપડીમાં નવાંગી ગુરુપૂજા અંગે અનેક વાતો લખી છે, જેનો પ્રતિવાદ જરૂરી છે અને કરી શકાય તેમ છે છતાં અત્રે એ વાતને બાજુ પર મૂકીને, એ પુસ્તકના ૨૫૩ મા પાના ઉપર લખવામાં આવેલા એક નરાતાળ જૂઠાણાં પ્રત્યે જ મારે ધ્યાન આપવું છે. એ જૂઠાણું શબ્દશઃ આ પ્રમાણે છે :—

"અમદાવાદમાં અને કદંબગીરી વગેરે અનેક સ્થળે આચાર્યશ્રી નેમીસૂરીશ્વરજી મ. સાહેબનું નવ અંગે પૂજન થયું છે." (પૃ. ૨૫૩)

પોતાની પૂજા કરાવવાની લાલસાવાળા અને દૃષ્ટિરાગને પરવશ બનીને સત્ય–સંયમને કોરાણે મૂકીને કોઈક વ્યક્તિની જ હા જી હા કરવામાં જ મશગૂલ રહેનારા આવા આત્માઓ, પોતાની માની લીધેલી (કે માનવી પડેલી) સાચી વાતને સિદ્ધાન્તનું સ્વરૂપ આપી દઈને, શાસનના ધોરી મહાપુરુષોના નામે કેવાં જૂઠાણાં પ્રયોજી શકે છે, તેનો આ ઉમદા નમૂનો છે.

પરમપૂજ્ય શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્યમહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ, ગઈ પેઢીના અને વીસમી સદીના અજોડ અને સમર્થ શાસનપ્રભાવક મહાપુરુષ હતા. તેઓશ્રીની શાસનપ્રભાવનાની તોલે આવે એવી કોઈ વ્યક્તિ હજી સુધી તો જોવા મળી નથી. આ મહાપુરુષ પરમગીતાર્થ હતા, ભવભીરુ હતા, શાસ્ત્ર અને પરંપરાને પરમ વફાદાર હતા અને સંયમભાવના પરમ ઉપાસક હતા. તેઓશ્રીના જીવનમાં અનેક પ્રસંગો આવ્યા છે કે જ્યારે તેઓશ્રીને રાજા-રાણાઓ તરફથી પાલખી વગેરેનું બહુમાન મળતું હોય, તીર્થોદ્ધાર માટે ગરાસિયા દરબારો તરફથી જમીન જાગીરો ભેટ મળતી હોય અને તેઓશ્રીની પૂજા પણ થતી હોય; પરંતુ એ તમામ પ્રસંગોએ તેઓશ્રીએ પરમ જાગૃતિ અને સંવિગ્નતાના વિરલ દર્શન કરાવ્યાં છે અને એ માન અકરામો, ભેટ સોગાદો તેમ જ પૂજાઓને સ્પષ્ટપણે નકારેલ છે; કદી પણ સ્વીકારેલ નથી જ, એવું ભારપૂર્વક કહેવામાં જરાય ખચકાટ થાય તેમ નથી. અંજનશલાકાના કે બીજા પ્રસંગે જ્યારે જ્યારે પણ તેઓશ્રી સમક્ષ નવાંગી પૂજાની વાત ઉપસ્થિત થઈ, ત્યારે ત્યારે તેઓશ્રીએ તેનો સ્પષ્ટ નિષેધ કર્યો છે; અને પોતે પોતાની પૂજા થવા દીધી નથી. જ્યારે તેઓને કહેવામાં આવતું કે "જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિ મહારાજે પણ પૂજા કરાવી છે–કરવા દીધી છે, તો આપ શા માટે ના કહો છો?" ત્યારે તેઓશ્રી સ્પષ્ટ કહેતા કે "હીરસૂરિ મહારાજના ચરણની રજ થવાની પણ મારામાં લાયકાત નથી; એ મહાપુરુષ ક્યાં ને હું ક્યાં? મારી પૂજા ન હોય."

આજના 'સૂંઠના ગાંગડે ગાંધી'ની જેમ બની બેઠેલા તપાગચ્છના અધિપતિઓ આ મહાપુરુષના આવા વર્તન અને વચનમાંથી કાંઈ ધડો લેશે ખરા? કે પછી આવા ભવભીરુ મહાપુરુષોના નામે આવા ગપગોળા ચલાવ્યે જઈને, ભોળી જનતાને છેતરવાનાં ને પોતાની પૂજા કરાવીને માનૈષણાને વકરાવવાનાં કામો ચાલુ જ રાખશે?

નવાંગી ગુરુપૂજન અને રજવાડાઓ તરફથી મળતાં માન અકરામો સ્વીકારવાની પ્રવૃત્તિ જ્યારે વકરી ત્યારે સંવિગ્નતાનો નાશ થયો અને શિથિલાચારી યતિઓની બોલબાલા થઈ, એ હજી નજીકનો જ ઇતિહાસ છે.

આ પરિસ્થિતિમાંથી શ્રીજૈન સંઘને અને શ્રીતપાગચ્છને બહાર લાવીને સંવિગ્ન-

તાનું પુનઃસ્થાપન કરવાનું શ્રેય પરમપૂજ્ય શ્રી બૂટેરાયજી મહારાજ તથા પરમપૂજ્ય શ્રી મૂળચંદજી ગણીજી મહારાજને ફાળે જાય છે, એ નિર્વિવાદ છે. આ પૂજ્ય પુરુષોએ સંવેગી સાધુની નવાંગી પૂજા સામે જીવનભર ઝુંબેશ ચલાવી છે અને જ્યાં પણ આ પ્રવૃત્તિ જોવા મળી ત્યાં તેમણે કડક શબ્દોમાં તેનો વિરોધ કર્યો છે. આવા મહાપુરુષોના વારસદાર હતા પૂજ્ય સૂરિસમ્રાટ શ્રી વિજયનેમિસૂરિ મહારાજ. પોતાના વડીલો દ્વારા વારસામાં મળેલી સંવિગ્નતા તેઓના રોમેરોમમાં ઠાંસીઠાંસીને ભરી હતી. અને આવા સંવિગ્નશિરોમણિ મહાપુરુષ નવાંગી ગુરુપૂજા પોતાની કરાવતા, એવું કોઈ કહે, ત્યારે સાચે જ, તલવારનો ઝાટકો વાગ્યો હોય એવો આંચકો વાગે છે. રે! આવા કેટલા મહાપુરુષોની આશાતના આ બિચારા પૂજાલોલુપી ને દૃષ્ટિરાગાંધ આત્માઓ કરશે, એવો પ્રશ્ન પણ એ સાથે જ મનમાં ઊગી નીકળે છે.

આ ઓછું પડ્યું હોય તેમ, ઉપર્યુક્ત પુસ્તકના એ જ (૨૫૩મા) પૃષ્ઠ પર પ. પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ તથા પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્યભગવંત શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ તેમ જ પરમપૂજ્ય પંજાબકેસરી આચાર્યદેવ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ—આ મહાપુરુષોએ પણ જુદાં જુદાં સ્થળોએ નવાંગી ગુરુપૂજન પોતાનું કરાવ્યું હોવાની વાતો આલેખવામાં આવી છે. પૂજ્ય સાગરજી મહારાજ તથા પૂજ્ય વલ્લભસૂરિ મહારાજ જેવા મહાપુરુષોએ પોતાની નવાંગી પૂજા કરાવી હોવાનું કોઈ મૂર્ખ પણ માની ન શકે, તે છતાં પોતાના કદાગ્રહના પોષણ માટે લોકો કેવાં કેવાં જૂઠાણાંનો આશ્રય લે છે, તે આ ઉપરથી સમજી શકાય છે આ બન્ને પૂજ્યોના સમુદાયના આચાર્યાદિ પૂજ્યો, આ જૂઠાં વિધાનોને સચોટ રદિયો આપશે એવી આશા તથા શ્રદ્ધા છે.

સમાજના શાણા અને સંઘહિતચિંતક સુશ્રાવકો આજે સ્પષ્ટ કહે છે કે નવાંગી ગુરુપૂજા એ સાધુસંસ્થા માટે મોટામાં મોટા લાંછનરૂપ છે અને ભવિષ્યમાં સાધુસંસ્થાનો નાશ કરનાર છે. માટે એને પાપ સમજીને એનાથી વેગળા રહેવામાં જ શ્રેય છે. શાસ્ત્રમાં તો ઘણીયે વાતો છે, એમાંથી બીજી કોઈ વાત ન જડી ને આ જ વાત હાથમાં આવી? આચારાંગસૂત્રમાં મુનિઓના આચારની એવી વાતો છે કે જેનો અંશ પણ આજે આપણા જીવનમાં જોવા મળતો નથી, એ નગ્ન સત્ય છે. તો એવા આચારો અલ્પાંશે પણ આપણા મુનિજીવનમાં પ્રગટે એવી કોઈ વાત કે પ્રવૃત્તિ કરવાનું બાજુ પર મૂકી દેવું, અને એ જ શાસ્ત્રનો હવાલો આપી—એ શાસ્ત્રના ચોક્કસ પાઠને ઓળવી—તેનો ઉપયોગ પોતાનું ગૌરવ વધારવા માટે કરવો અને એમ કરવામાં શિથિલાચારને પ્રોત્સાહન તથા છત્રછાયા આપવી, એ શાસન પ્રત્યે મહાભયંકર અપરાધ બની રહેશે, એ નિઃસંશય છે.

શાણા શ્રાવકોની આવી હિતકર વાતો પણ જો બહેરાં કાને અથડાતી હોય,

તો તેનો અર્થ એટલો જ કે આવાં જૂઠાણુાંનો આશરો લેનાર તથા શાસ્ત્રપાઠોનો આત્મગૌરવ ખાતર ઉપયોગ કરનાર આત્માઓની સંવિગ્નતા તથા ભવભીરુતામાં કાંઇક કચાશ રહી ગઈ છે. સમયનો તકાદો નહિ સમજનારાઓને નવી પેઢી બહુ જલદી કાલગ્રસ્ત (out of date) બનાવી દેશે એ આપણે સહુએ યાદ રાખવું જોઈએ.

( ૨ )

નનામી પત્રિકાઓનો દોર હજી બંધ થયો નથી. બંધ થવાનાં કોઈ ચિહ્નો જણાતાં પણ નથી. અમુક વર્ગને અને વ્યક્તિઓને આમાં જ ઘીકેળાં હોય એમ જણાય છે. પણ આ હજી ઓછું પડતું હોય તેમ હવે નનામા પત્રો આચાર્યાદિ મુનિરાજો ઉપર મોકલવાનો દોર શરૂ થયો છે. આ પત્રોમાં સામી વ્યક્તિનું (પત્ર મેળવનારનું) ચારિત્રખંડન કરવું તેમ જ તેના વડીલો વગેરે માટે યદ્વાતદ્વા–આક્ષેપમય ગલીચ લખાણ લખવું, અને એ રીતે સામી વ્યક્તિને હેરાન કરવી કે બીવરાવવી, આવો કોઈક ધ્વનિ હોય છે. તાજેતરમાં જ આવો એક પત્ર અમારા ઉપર આવ્યો છે. એ પત્ર ધ્યાનપૂર્વક વાંચતાં અને તેનો અભ્યાસ કરતાં જણાઈ આવ્યું કે જે વ્યક્તિએ ૨૫૦૦મી વીર નિર્વાણજયંતીના અવસરે, પંડિત શ્રી બેચરદાસ દોશી તથા પં. શ્રી દલસુખભાઈ માલવણિયા જેવા વિદ્વાનોને, ટેલિફોન દ્વારા, એકથી વધુ વખત, ખૂનની નનામી ધમકીઓ આપી હતી; શ્રી રિષભદાસ રાંકાની જાહેર સભા તોડવામાં પોતાના સરસેનાધિપતિની દોરવણી અનુસાર મુખ્ય ભાગ ભજવ્યો હતો અને શ્રી રાંકાની આંખોમાં મરચાં ભભરાવીને તેમનાં વસ્ત્રો ફાડી નાખ્યાં હતાં; તેમ જ હાલમાં છેલ્લા કેટલાક સમયથી નવાંગી અને અષ્ટપ્રકારી ગુરુપૂજામાં તેમ જ ચોમાસામાં ગિરિરાજ શત્રુંજયની યાત્રા કરવામાં માનનારા વર્ગમાં ચાલતા આંતરિક વિવાદમાં ડબલ એજન્ટનું કામ (ડબલ રોલમાં) બજાવે છે, તે અમદાવાદના એક મિત્રનું આ પરાક્રમ છે. નોંધપાત્ર બાબત તો એ છે કે આ પત્રમાં પાલીતાણાની એક જાણીતી અને અત્યારે મોંઘામાં મોઘું ભાડું ચૂકવીને રહેનારાઓથી ધમધમતી એક ધર્મશાળાનું સરનામું પણ લખેલું છે, જે ઉપરથી આવા મિત્રને આવું કામ કરવાનું પ્રેરક–સહાયક–માર્ગદર્શક બળ કયું ને કેવું હશે તેની કલ્પના સહેજે જ આવી જાય છે. આવા મિત્રોને આવાં કાર્યોમાં જ આનંદ આવતો હોય છે. તિથિ અંગેના વિખવાદનું એક સીધુ ફળ એ આવ્યું છે કે આ મિત્ર જેવા અનેક લોકોના મનમાં સાધુ અને સંયમ પ્રત્યેનો અનાદર અને દુર્ભાવ ખૂબ દૃઢ થઈ ગયો છે અને થતો રહે છે. અને હજી પણ 'તિથિ સાચી, સાધુતા ને સંયમ નહિ' એ પ્રકારની મનોદશા અવ્યક્તપણે અને સાચી સમજણના નામે પ્રસરતી–કેળવાતી જ રહે છે, જે આપણા સંઘની ઘણી જ શોચનીય કમનસીબી છે.

સામાન્ય રીતે આ બધું આવી કડક પદ્ધતિએ રજૂ કરવું ન ગમે. પરંતુ, આ પ્રકારનાં અસત્ય વર્તનો અને આક્ષેપો સહન થઈ ન જ શકે. અને એનો બીજી કોઈ

[ પેજ આઠ ઉપર ચાલુ ]

# તિથિચર્ચાનો ઉકેલ ન આવે ત્યાં સુધી ઘોર અભિગ્રહ?

[ અમોને સાંપડતી માહિતી અનુસાર તપાગચ્છીય જૈન સંઘને વર્ષોથી પજવતા તિથિચર્ચા તથા તેના જેવા અન્ય સળગતા પ્રશ્નોનો ત્વરિત અને સુખદ ઉકેલ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી, હાલ ગારિયાધાર ચાતુર્માસ બિરાજતા પ. પૂ. આચાર્યશ્રી હિમાંશુસૂરીશ્વરજી મહારાજે ૭૮ વર્ષની પાકટ વયે અને નાદુરસ્ત તબિયતે પણ છેલ્લાં ૧૫-૧૫ મહિનાથી, સકલ સંઘને જાણ કરવાપૂર્વક આયંબીલ-તપની ઘોર તપશ્ચર્યા આદરી છે. તેઓશ્રીને આ તપશ્ચર્યા દરમ્યાન લોહીની ઊલટીઓ, મરડાના ઝાડાઓ વગેરે અનેક વ્યાધિઓના ઉપદ્રવો થયા ને થઈ રહ્યા હોવા છતાં તેમજ અનેક સાધુભગવંતો, સંઘો વગેરેના આગ્રહ હોવા છતાં તેઓશ્રીએ પોતાનું ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી અભિગ્રહ નહિ છોડવાનો અફર નિર્ણય દર્શાવ્યો છે. અમોને એવું પણ જાણવા મળ્યું છે કે તેઓશ્રીની ભાવના સાકાર બને તેમ જ અભિગ્રહની સુખદ સમાપ્તિ વેલાસર થાય તે માટે શ્રીસંઘના ભાઈઓએ પાલીતાણામાં બિરાજમાન તેઓશ્રીના ગુરુ પ. પૂ. આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ પાસે જઈને વિનતિ કરવાનો પુરુષાર્થ કરી જોયો, પણ ત્યાંથી કોઈ નિર્ણયાત્મક જવાબ મળ્યો હોવાનું જાણવા મળેલ નથી. અને પૂજ્યશ્રીના આયંબીલતપ હજી અખંડ ચાલુ જ છે.

એઓશ્રીની સંઘના ઐકયની આ મનોભાવના અને આવી અપૂર્વ શાસનદાઝ જલદીમાં જલદી સફળ નીવડો તેવી શાસનદેવને પ્રાર્થના કરીએ. આ સંબંધમાં તેઓશ્રીએ પ્રગટ કરાવેલો એક પત્ર અમોને પણ પ્રાપ્ત થયો છે. જે શ્રીસંઘની જાણ માટે અમે અત્રે રજૂ કરીએ છીએ. તેઓશ્રીની શાસનદાઝનું સ્પષ્ટ ને અનુમોદનાપાત્ર પ્રતિબિંબ આ પત્રમાં જોવા મળે છે. **—સંપાદક** ]

---

આજકાલ લગભગ પંદર મહિનાથી જૈન શાસનમાં શ્રી સંઘ તથા સમુદાયના હિતને અનુલક્ષી અભિગ્રહ પૂર્વકના ચાલી રહેલ મારા આયંબેલમાં હમણાં લગભગ પર્યુષણાથી મારી અસ્વસ્થ તબીયતના કારણે અનેક આચાર્યભગવંતાદિ શ્રમણભગવંતોના તથા શુભેચ્છક શ્રાવકવર્ગના પણ જલ્દી પારણું કરવા માટેના તાર અને ટપાલ આવી રહેલ છે, તે બધાને વ્યક્તિગત જવાબ આપવાની શકયતા નહિ હોવાથી તેમના જવાબરૂપે આ લખાણ લખેલ છે.

મારો આ તપ કોઈ વ્યક્તિ કે સમુદાયને ઉતારી પાડવા કે નીયાણા તરીકે અગર તો લાંઘણ તરીકેનો આ તપ નથી તે વસ્તુ ગઈ સાલના મારા નિવેદન દ્વારા સંઘને જાણ કરાયેલ છે.

આજકાલ જૈન શાસનમાં અને સમુદાયમાં ચાલી રહેલ કેટલીક નધણીયાતી સ્થિતિને જોઈને અને જગતમાં સર્વ શ્રેષ્ઠ ગણાતા લોકોત્તર જૈન શાસનમાં હલકા માણસોને પણ ન શોભે તેવી પ્રવૃત્તિને જોઈને અને જૈન શાસનમાં રહેલી ભિન્ન ભિન્ન શક્તિઓને નીચે પાડવાની પ્રવૃત્તિઓ ચાલી રહેલી જોઈને મારા હૃદયને આઘાત થવાથી છેવટ પાછલી જીંદગીમાં આ રીતે પણ કંઈક શુભ પરિણામ આવવું હોય તો આવે અને ન પણ આવે તો મારા ઉપેક્ષા ભાવના પાપથી બચાય એટલા માટે આયંબેલ શરૂ કરેલ છે.

આજે લૌકિક શાસનના પણ સત્તાધીશો પોતે જ નક્કી કરીને સિંહાસને જેમને બેસાડ્યા છે તેમના નિર્ણયને આજના સત્તાધીશો શિર્ષાવંદ્ય કરે છે. અને આ પ્રણાલીકાને તોડવાની ભાવનાવાળી સત્તાઓ પણ હજુ સફળ થઈ નથી. છેવટે સુપ્રીમ કોર્ટના નિર્ણયને સૌ કોઈ સત્તાધીશો માન્ય કરે છે તો શું સર્વ શ્રેષ્ઠ લોકોત્તર શાસનમાં આવી કોઈ મર્યાદા જ નથી ? કે જેથી જૈન શાસનમાં અને સમુદાયમાં એક બીજા સામે કાદવ અને કીચડ ઉછાળીને જૈન શાસન અને સમુદાયને કલંકિત કર્યા કરે છે. જૈન શાસનમાં આ માટે સાચા નિરીક્ષક કે ચિકિત્સક કોઈ દેખાતા જ નથી કે જેથી આ સ્થિતિ ચાલ્યા કરે છે ?

આજે અભ્યંતર દૃષ્ટિએ વિચારીએ તો જૈન શાસનના મૂળમાં જ ભયંકર સડો પેઠેલો હોવા છતાં ક્ષણે ક્ષણે ક્ષીણતા વધતી જતી જ હોવા છતાં જેમ શરીર ઉપરના સોજાથી શરીર ફાલેલું ફુલેલું અને તંદુરસ્ત દેખાય છે તેમ બહારની તંદુરસ્તીને જોઈ અંદરના સડાને જોવાની દૃષ્ટિ જ પ્રાયઃ નાબુદ થઈ ગઈ હોય તેવી સ્થિતિ જોવાય છે અને જૈન શાસનમાં આજે ચોથો આરો વર્તી રહ્યાનું જોવાય છે, બોલાય છે. અને તેના આનંદના અનુભવ થઈ રહ્યા છે. આ પણ જિનશાસનમાં જીવી રહેલાઓની એક કમનસીબી જ ગણાય. છતાં પણ, આ બધું સમજવા છતાં પોતાની જાતને અશક્ત માનીને જેઓ ઉપેક્ષાભાવ સેવી રહ્યા છે, અને હૃદયમાં દુઃખી થઈ રહ્યા છે તે કંઈક વિચારતા બને અને શક્ય પ્રયત્નો કરે તે માટેનો આ પ્રયાસ છે. બાકી જેને સોજાથી ફાલી ફુલેલા શરીરને જોઈને જૈન શાસનની તંદુરસ્તી દેખાઈ રહી છે તેને તો આ એક હાસ્યાસ્પદ અને ઠેકડી ઉડાવવા જેવું પગલું જ જણાવવાનું છે. એટલે એમને માટે તો આ પગલું માત્ર કર્મબંધનું જ કારણ બનશે, એમાં શંકા નથી.

જૈન શાસનમાં પણ લૌકિક સત્તાઓના ઉપર જેમ નાની–મોટી અને સુપ્રીમ કોર્ટો હોય છે તેમ આચાર્યના કરતાં પણ સમુદાયના સ્થવિર ગીતાર્થોની સમિતિ મોટી માનેલી છે, અને આચાર્યનું નહિ માનનારને જે પ્રાયશ્ચિત આવે તેના કરતાં પણ વધારે પ્રાયશ્ચિત સમુદાયના સ્થવિર ગીતાર્થોની સમિતિનું નહિ માનનારને આવે છે. તેવી જ રીતે અનેક સમુદાયના આચાર્યોની આજ્ઞાને નહિ માનનારને જે પ્રાયશ્ચિત આવે તેના કરતાં તેની સમિતિનું નહિ માનનારને અધિક પ્રાયશ્ચિત આવે છે. અને સૌ સંઘના સંઘાચાર્યનું પણ નહિ માનનાર કરતાં સૌ સંઘના ગીતાર્થ સ્થવિરોની સમિતિનું નહિ માનનારને વધારે પ્રાયશ્ચિત આવે છે. આવા શાસ્ત્રોમાં સ્પષ્ટ પાઠો હોવા છતાં અને આજ વસ્તુને સ્પષ્ટ કરતાં પૂજ્યપાદ સ્વર્ગસ્થ આચાર્યદેવ સિદ્ધાંતમહોદધિ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા પોતાના અંતિમ આજ્ઞાપત્રમાં કુલ સ્થવીર–ગણ સ્થવીર–સંઘ સ્થવીરની આજ્ઞાને નહિ માનનારને જિનાજ્ઞા ભંગનું પ્રાયશ્ચિત આપે છે. માટે દરેકને આ આજ્ઞા સ્વીકારવા માટે આજ્ઞા કરી ગયા છે. એટલું જ નહિ જ્યારે તેમણે પોતાના પરિવારને સં. ૨૦૧૫માં પંન્યાસ પદવીઓ આપી ત્યારે લગભગ દરેક

પંન્યાસોને તેમની નોંધપોથીમાં નોંધ પણ કરાવી છે. આટલી બધી સ્પષ્ટ વસ્તુ હોવા છતાં શાસન અને સમુદાયમાં તેના પાલનના અભાવે શાસન અને સમુદાયમાં નિર્નાયકપણું દેખાઈ રહ્યું છે અને પરસ્પર છાપાઓમાં કે પત્રિકાઓમાં હલકી અને સજ્જન પુરુષોને ન છાજે તેવી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આ ઘણું જ શોચનીય છે. છતાં જૈન શાસનમાં આ વસ્તુને જોવાની લગભગ દૃષ્ટિ પરવારી ગયેલ છે. એટલે જ દુઃખતા હૃદયે આ પગલું લેવું પડેલ છે.

હુ સમજું છું કે જૈન શાસનમાં અને સમુદાયમાં સારા ગણાતા સજ્જન પુરુષો પણ માત્ર હૃદયમાં દુઃખ ધરીને મૌન સેવી રહ્યા છે. એટલે મારા આ પગલાની કોઈને કશી અસર ન થાય અને માત્ર હસવામાં અને ઠેકડી ઉડાડવામાં આનો ઉપયોગ થવાનો છે. પરંતુ છતી શક્તિએ જૈન શાસનની હિલનાને ટાળવા દરેકે પ્રયત્ન કરવા જોઈએ. નહીંતર તેના ઉપેક્ષાભાવના પાપથી ભયંકર ભવાંતર ભૂંડા થાય છે. એટલે તે માત્ર ઉપેક્ષાભાવથી બચવા અને કદાચ શાસન દેવતાઓ સૌને સદ્‌બુદ્ધિ આપે અને કંઈક શાસનના અગ્રગણ્યો વિચારતા બને, તો પાછલી જીંદગીમાં શાસનની યત્કિંચિત સેવાનો લાભ મળી જાય તે ભાવનાથી મારા આયંબેલ ચાલુ છે અને ચાલુ રહેવાના છે. જ્યાં સુધી મારી સમાધિ ટકશે ત્યાં સુધી અભિગ્રહને જરાપણ ખંડીત કરવાની મારી ભાવના નથી. એટલે કદાચ જીંદગી પણ તેમાં પુરી થાય તો તેની તૈયારી સમજીને જ અભિગ્રહ ધારણ કરેલ છે; ને તેનું પાલન પણ ચાલુ જ છે. છતાં, હમણાં લગભગ પર્યુષણાથી તબીયતમાં ફેરફાર થયો છે. લોહા પડવું, મરડો, તાવ, ખાંસી વગેરે નાની મોટી અનેક ફરિયાદો ઉભી થવાથી અનેક આચાર્ય ભગવંતો તથા શ્રમણ ભગવંતો તથા શ્રી સંઘના તાર–ટપાલ પારણું કરવા વિનંતી રૂપે આવતા હોવાથી દરેકને જુદા જુદા જવાબો આપવાના શકય નહિ હોવાથી આ પત્રિકાથી સમાચાર જણાવાર છે. તબીયત માટે ઉપચાર ચાલુ છે, લોહી પડવાનું કાબુમાં છે. તાવ, ખાસી, નબળાઈ વગેરે ચાલુ છે. પણ પ્રાયઃ ઠીક થઈ જશે. છતાં પણ ક્ષણભંગુર દેહનો ભરોસો નથી. કદાચ દેહનો અંત પણ આવી જાય તો પણ હાલ તો મારા ચિતને પૂર્ણ સમાધિ છે. એટલે ચિંતાનું કશું જ કારણ નથી. માટે કોઈએ કશી ચિંતા કરવી નહિ અને તાર–ટપાલ કે રૂબરૂ આવવાની કોઈએ જરૂર પણ નથી. અભિગ્રહને ખંડીત કરાવવાની કોઈએ દલીલો કરવાની જરૂર નથી. જેને અભિગ્રહ પુરો કરાવવાની તાકાત હોય તે પોતાને નિર્જરા સમજીને જે પ્રયત્નો કરવા હોય તે કરે, બાકી મારી દયા ખાતર કોઈએ કશા જ પ્રયત્ન કરવાની જરૂર નથી, આટલી મારી વિનંતી છે. અને મારા દેહની ચિંતા કરનારા તમામ તન–મન–ધનથી પોત પોતાની શક્તિ મુજબ ધર્મની આરાધનામાં રક્ત રહે તે જ ઇચ્છનીય છે. એથી મારી સમાધિમાં સહાયક થવાય અને લાભ મેળવી શકાય.

અંતમાં એક વસ્તુ સ્પષ્ટ કરી દઉં કે કદાચ હાલની સ્થિતિમાં જ કદાચ આયુષ્યનો

અંત આવી જાય તો આ મારા પગલાથી અગર બીજી કોઈ પણ રીતે મારથી મારા ઉપકારીઓનો અગર વડિલોનો અગર શ્રી ચતુર્વિધ સંઘમાં કોઈનો અવિનય, અશાતના વિગેરે થઈ હોય તો તેનો ત્રિવિધે ત્રિવિધે હું મિચ્છામી દુક્કડમ્ આપું છું, ક્ષમા પ્રાર્થના કરૂં છું અને જગતના સર્વ પ્રાણીઓને હું ખમાવું છું. સાથે સાથે સાધુજીવનને સ્વીકાર્યા પછી પણ મારાથી કાંઈ પણ જાતનું સાધુપણાને અનુચિત જીવન જીવાયું હોય તો તેનો પણ હું સિદ્ધભગવંતોની સાક્ષીએ શ્રી ચતુર્વિધ સંઘ સમક્ષ મિચ્છામિ દુકકડમ્ આપું છું. અને અંતિમ અભિલાષાને વ્યક્ત કરતા જણાવું છું કે શાસનદેવ શાસનના, સંઘના, સમુદાયોના અગ્રગણ્યોને સદ્બુદ્ધિ આપે અને શ્રી શાસ્ત્રાનુસારી પણ વિચ્છિન્ન પરંપરા જૈન શાસનમાં ફરીથી જીવંત બની સ્વર્ગસ્થ આચાર્ય દેવ પરમ પુજ્ય પ્રેમસૂરીશ્વરજી મ. પણ ફરમાવેલ પોતાના અંતિમ આજ્ઞાપત્રમાં જણાવેલી પોતાની અધુરી રહેલી કુલ સ્થવિર, ગણ સ્થવિર અને સંઘ સ્થવિરોના નિર્ણયને સૌએ માન્ય રાખવાના શાસ્ત્રાનુસારી આજ્ઞાનું સૌ પાલન કરતા બને અને જૈન શાસનમાં કહેવાતા નહિ પણ સાચા સમ્રાટોની પરંપરા ચાલુ થાય અને જૈનશાસનના યુગ-પ્રધાન પ્રગટી તિથિચર્ચા, સૂતક વિચાર, ચોમાસામાં ગિરિરાજની યાત્રા, પૂજા પદ્ધતિ, દેશના પદ્ધતિ, તપોવન, દેવદ્રવ્યનો ઉપયોગ વિગેરેના નામે થઈ રહેલી ભિન્ન ભિન્ન પ્રકારે જૈન શાસનની મલીનતાને અટકાવી જૈન શાસનમાં એકછત્રી સામ્રાજ્ય ફેલાય એવી એકની એક અભિલાષા.

દ. હિમાંશુસૂરિના વંદનાનુવંદના/સુખશાતા/ધર્મલાભ.

ઉપર મુજબનું લખાણ પૂજ્યશ્રીના પારણા માટે આવતા તાર અને ટપાલના જવાબ રૂપે પ્રગટ કરાવવા માટે અમને મળ્યું છે તે આપશ્રીને જણાવાય છે.

લિ. શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સઘ ગારીઆધાર

---

[ પેજ ચારનું અનુસંધાન ]

રીતે લડી-ઝઘડીને કે નનામી પત્રિકાબાજી કરીને તંત લેવો એ પણ સાવ અયોગ્ય અને અણગમતી બાબત છે. એટલે કંઈક કડક લાગે તેવી શૈલીએ આ બધી વાતો લખાઈ છે. વસ્તુતઃ કોઈ પણ સંવેદનશીલ ચિત્તતંત્ર ધરાવતો સુજ્ઞ મનુષ્ય પોતાના પૂજ્ય-માન્ય વડીલો માટે-સાધુ કે સજ્જન હોવાનો દાવો કરતા લોકો તરફથી થતાં અનુચિત અને અસત્ય લખાણોને બરદાસ્ત ન જ કરી શકે; એના હૃદયને આઘાત થાય જ, એ સમજવું બહુ અઘરૂં નથી.

અંતમાં એટલું જ ઉમેરીશ કે શ્રીસંઘ આવા અનુચિત અને અસત્ય લખાણો, વચનો, વાતો, આક્ષેપોથી ચેતતો રહે, અને "આ કે તે આચાર્ય કે સાધુના મોંએ કહેવાયા-લખાયા છે, માટે સાચા જ" એવો અંધવિશ્વાસ ન કરે; આપણી વિવેકશીલતા જાગૃત રહે એમાં જ આપણું શ્રેય છે.

# ગિરિરાજ ઉપરના શિલાલેખોનું તારવણ

લેખક : પુજ્ય પંન્યાસજી શ્રી અભયસાગરજી મહારાજના શિષ્યરત્ન
પુજ્ય ગણિવર્યશ્રી અશોકસાગરજી મહારાજ, સુરત

**ચોમાસામાં ગિરિરાજ શ્રી સિદ્ધાચલ મહાતીર્થની યાત્રા ન જ થાય....**

**ગિરિરાજ ઉપર ચોમાસામાં પ્રતિષ્ઠા થયાની વાતો હંબક છે....**

સકલ શ્રીસંઘને નમ્ર ભાવે જણાવવાનું કે આરંભ-સમારંભ અને સાવદ્ય પ્રવૃત્તિ તથા અનુબંધ હિંસાથી અટકવાની શ્રી તીર્થંકર દેવોની આજ્ઞા શિરસાવંદ્ય કરી આરાધક જીવન જીવતા દરેક આરાધક પુણ્યવાન આત્માઓને ચોમાસામાં જેમ બને તેમ પરદેશગમન, ગ્રામાંતરગમન કે ગામમાં પણ બહુ હરફર કરવાની મનાઇ છે.

તેથી પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજા ધર્મસ્થાને જવા સિવાય અને શ્રી કૃષ્ણ વાસુદેવ જેવા ત્રણ ખંડના માલિક પણ ચોમાસામાં મહેલ બહાર નીકળતા ન હતા.

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે વિવેકી આરાધક આત્માઓએ ચોમાસામાં અનુબંધ હિંસાનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

શાસ્ત્રમાં હિંસાના ભેદ ત્રણ કહ્યા છે :-

૧. સ્વરૂપ હિંસા— પ્રભુની આજ્ઞાનુસાર કરાતી ધર્મપ્રવૃત્તિઓમાં દેખાતી હિંસા.

૨. હેતુ હિંસા— ન છૂટકે શરીર, કુટુંબ આદિ માટે બચવાના પ્રયત્ન સાથે, જયણાના પાલન છતાં થતી હિંસા.

૩. અનુબંધ હિંસા— જેમાં પ્રભુની આજ્ઞા નહીં તેવી મનમરજીથી સ્વચ્છંદભાવે કરાતી ધર્મપ્રવૃત્તિઓમાં થતી હિંસા.

એટલે પ્રભુની આજ્ઞા હોય ત્યાં હિંસા પાપરૂપ બનતી નથી.

જ્યાં જયણા હોય અને આજ્ઞાની પ્રધાનતા હોય ત્યાં કર્મનો બંધ વિશિષ્ટ રીતે થતો નથી.

પણ જેમાં પ્રભુની આજ્ઞા ન હોય ત્યાં તો સ્પષ્ટ રીતે મોહનીયકર્મનો બંધ અને સામાચારી ભંગનો દોષ લાગે છે.

તેથી ચોમાસામાં ગિરિરાજની યાત્રા ન કરવાની ગીતાર્થોની જીતકલ્પરૂપ આજ્ઞા હોવાથી, ચોમાસામાં ગિરિરાજની યાત્રા કરવી તે અનુબંધ હિંસારૂપ થઈ જાય છે. તેથી વિવેકી આત્માઓએ સ્વચ્છંદભાવે જીતકલ્પની મર્યાદાને ઓળંઘવાનું દુસ્સાહસ કરી નવું મોહનીયકર્મ બાંધતાં અટકવું જરૂરી છે.

ખરેખર, ક્રિયાઓમાં ધર્મ નથી, પણ તીર્થંકર પરમાત્માની આજ્ઞાના પાલનમાં ધર્મ છે.

ક્રિયાઓ પરમાત્માની આજ્ઞાને બહુમાનપૂર્વક જીવનમાં ઉતારવાના પ્રતિકરૂપે છે.

ક્રિયાઓના અનુષ્ઠાન વગર હૈયાનું બહુમાન સફળ થઈ શકતું નથી.

તેથી તીર્થંકર પરમાત્માની આજ્ઞા જે શાસ્ત્રોમાં લખાઈ છે તેથી વધુ ગીતાર્થોના આચરણામાં વધુ જળવાયેલી છે.

માટે શાસ્ત્રપાઠોની માંગણી દ્વારા પંચમ આરામાં શાસનના ટકાવમાં મેરૂદંડસમા જીતકલ્પની અવગણના વિરાધકભાવને ઉપજાવે છે.

તેથી આજ્ઞાના બહુમાનને જીવનમાં ટકાવવા જીતકલ્પનું સન્માન કેળવવું જરૂરી છે.

કેટલાક વિદગ્ધમતિવાળા મુગ્ધલોકોને એમ ભરમાવતા હોય છે કે– "ગિરિરાજ ઉપર ચોમાસામાં પ્રતિષ્ઠા થયાના શિલાલેખો ઘણાં છે."

પણ હકીકતમાં આવી હંબક વાત રજૂ કરનારાએ યથાર્થ રીતે ગિરિરાજ ઉપરના શિલાલેખોનો અભ્યાસ મુદ્દલ કર્યો લાગતો નથી.

ચોમાસામાં યાત્રાનો પ્રશ્ન હાલમાં ચર્ચાની એરણ ઉપર આવવાથી ગિરિરાજની ર૦ર૪ માહિતી જેમાં સંગ્રહાયેલી છે તે "શત્રુંજય ગિરિરાજ દર્શન" ગ્રન્થમાં પૂજ્ય આચાર્યશ્રી કંચનસાગરસૂરિજી મહારાજે, ૬ થી ૭ મહિના ફરી ફરીને ખુણેખાચણેથી સૂક્ષ્મદર્શી કાચ, સિંદુર આદિ શિલાલેખ લેવાના બધા સાધનો અને ત્રણ સહાયકો સાથે, નાનાં-મોટાં એકેએક શિલાલેખ અક્ષરસઃ નોંધી. ૫૦૨ શિલાલેખોનો દેરીના ક્રમાંક અને સ્થળનિર્દેશ સાથે પરિશિષ્ટ એકમાં ૧ થી ૧૧૦ સુધી નોંધ્યા છે.

તેમાં ઉપલક દૃષ્ટિએ નીચે મુજબના શિલાલેખો ભ્રમ ઉપજાવે તેવા છે :

| નં. | શિલાલેખ નંબર | દેરી નંબર | |
|---|---|---|---|
| (૧) | ૩ | ૩ | કાર્તિક સુદ ૨ |
| (૨) | ૩૮ | મૂળ દેરાસર પાસે, બારણા ઉપર | શ્રાવણ સુદ ૨ |
| (૩) | ૪૨ | બાજરીયાનું દેરાસર | શ્રાવણ સુદ ૨ |
| (૪) | ૪૪ | ૩૬૮ | શ્રાવણ સુદ ૨ |
| (૫) | ૧૪૮ | ૩૩૦/૧ | કાર્તિક સુદ ૨ |
| (૬) | ૩૮૧ | નેમનાથની ચોરી | આસો વદ ૫ |
| (૭) | ૩૮૨ | ,, ,, | આસો સુદ ૧૩ |
| (૮) | ૩૯૫ | ,, ,, | શ્રાવણ વદ ૩ |
| (૯) | ૪૦૪ | ,, ,, | કાર્તિક વદ ૪ |
| (૧૦) | ૪૯૫ | પ્રેમચંદ મોદીની ટુંક | કાર્તિક વદ ૫ |

**પણ** આ શિલાલેખોમાં—

નં. ૧ નો શિલાલેખ કોઈ પ્રભુ પ્રતિમા કે પટ ઉપરનથી, પણ શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યાનો શિલાલેખ છે. દેરાસરના બાંધકામ અંગેની માહિતી આપતો આ શિલાલેખ ધણીને અનુકુળતા મુજબ ગમે ત્યારે આવીને મીસ્ત્રી દ્વારા લગાડયો હોય તેથી ચોમાસામાં ગિરિરાજની યાત્રા થઈ શકે તે અંગે પ્રમાણભૂત પુરાવો ન ગણાય.

નં. ૨ ના શિલાલેખમાં જીર્ણોદ્ધાર કરાવ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

નં. ૩ ના શિલાલેખમાં પણ દેરી બંધાવ્યાનો શિલાલેખ છે.

નં. ૪ ના શિલાલેખમાં પણ પ્રતિમા, મૂર્તિ કે દેરી એવો કોઈ ઉલ્લેખ નથી.

નં. ૫ ના શિલાલેખમાં પાલીતાણાનો ઉલ્લેખ નથી. તેમજ કોઈ પ્રભુ પ્રતિમા ઉપરનો આલેખ નથી. માત્ર ગુરુપાદુકા ઉપરનો આ લેખ છે. બીજે પ્રતિષ્ઠા કરાવી કાળાંતરે અહીં ક્યારેક આવી હોય એમ સંભવિત છે.

નં. ૬ નો શિલાલેખ સિદ્ધચક્રજી ઉપરનો છે. પાલીતાણાનું નામ નથી. બીજે પ્રતિષ્ઠીત થઇને અહીં આવવાનો સંભવ વધુ છે.

નં. ૭ ના શિલાલેખમાં સ્પષ્ટ નેર (રાજસ્થાન) નગરનો ઉલ્લેખ છે, એટલે ગિરિરાજ ઉપર પ્રતિષ્ઠા થયાની વાત સાથે મેળ નથી.

નં. ૮ નો શિલાલેખ સિદ્ધચક્રજીનો છે અને અસ્પષ્ટ છે. પાલીતાણાનું નામ નથી. એટલે ગિરિરાજ ઉપર પ્રતિષ્ઠા થયાના પુરાવારૂપે મુકી શકાય નહીં.

નં. ૯ નો શિલાલેખ ધાતુના પ્રતિમાજી ઉપર છે. તેમાં સ્પષ્ટ રીતે બલારી (દક્ષિણ ભારત) નો ઉલ્લેખ છે.

નં. ૧૦ ના શિલાલેખમાં શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિષ્ઠા નીમા વાણીયા દેરાસરમાં થયાનો ઉલ્લેખ છે પણ પ્રતિષ્ઠા કરાવનાર કોઈ આચાર્યનું નામ નથી. એટલે ગૃહસ્થ વિધિકારક પાસે પ્રતિષ્ઠા કરાવી હોય એમ લાગે છે. બાજી વાત, પ્રતિષ્ઠા કરાવનાર પોતે સ્વયં આણસૂરગચ્છના છે, તે 'શ્રી આણુંદ સૂર ગચ્છે.' એવા શિલાલેખના શબ્દોથી સ્પષ્ટ સમજાય છે.

આ સિવાય કેટલાંક શિલાલેખો અષાડ વદના મળે છે, પણ તે બધા રાજસ્થાન બાજુના હોઈ ગુજરાતી જેઠ વદના સમજવા.

એકંદરે ગિરિરાજ ઉપર એક પણ શિલાલેખ ચોમાસામાં પ્રતિષ્ઠા થયાનો નથી. એટલે ગિરિરાજની યાત્રામાં પ્રમાણરૂપે અપાતી ગિરિરાજ ઉપર ચોમાસામાં પ્રતિષ્ઠા થયાની વાત તદ્દન પાયા વગરની છે.

ખરેખર 'આણાએ ધમ્મો' તથા 'કેવલી પણ્ણતો ધમ્મો' એ શાસ્ત્રીય વાકયોના આધારે આજ્ઞામૂલક ધર્મના વ્યવહારમાં સ્વચ્છંદ મતિકલ્પનાના તર્કોનું ડહોળાણ કરવું વ્યાજબી નથી.

વળી, શાસ્ત્રમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, 'પાંચમા આરામાં શાસન જીતકલ્પથી ચાલે છે.' એટલે પાંચ વ્યવહારમાંથી ચાર વ્યવહાર વિચ્છેદ ગયા તેથી સર્વાધિક પ્રમાણતા જીતકલ્પને શાસનમાં વર્તમાનકાળે ગીતાર્થોએ માન્ય રાખી છે, તે વાતને ક્ષુદ્ર બુદ્ધિ વડે 'શાસ્ત્રમાં કયાં અક્ષર છે?' એવા વિચારના બળે શાસ્ત્રપાઠોની માગણીથી શાસનના મેરૂદંડ સમાન જીતકલ્પના અપ્રમાણિકતા જાહેર કરવી ઉચિત નથી.

# 'ચોમાસામાં ગિરિરાજની યાત્રા ન થાય'
# તે અંગે શ્રી શાસનપક્ષના
# ધોરી ગીતાર્થ આચાર્યદેવોનો

# સર્વસમ્મત નિર્ણયાત્મક ઠરાવ

'આપણા પરમપાવન તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રા શાસ્ત્ર અને પરંપરા મુજબ સેંકડો વર્ષોથી ચોમાસામાં થતી નથી. તો તે નિયમને મક્કમતાથી વળગી રહેવું. કોઈએ પણ ચાતુર્માસમાં શત્રુંજય તીર્થની યાત્રા ન કરવી જોઈએ એ મુજબ ઉપદેશ આપવો.'

દ. વિજયરામસૂરિ (ડહેલાવાળા), દેવેન્દ્રસાગરસૂરિ, મેરુપ્રભસૂરિ, મંગળપ્રભસૂરિ, કૈલાસસાગરસૂરિ, વિજયેન્દ્રદિન્નસૂરિ, ભાનુચંદ્રસૂરિ.

સમય : ફાગણ શુદ ૧, સં. ૨૦૩૯

સ્થળ : ડહેલાનો ઉપાશ્રય, અમદાવાદ.

JAIN OFFICE-BHAVNAGAR

Regd. No. G. BV. 20

વર્ષ : ૮૧ * અંક ૧૪
વીર સં. ૨૫૧૦ કારતક સુદ ૩
શનિવાર તા. : ૭ ઓકટોબર ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૨૦)
આજીવન સભ્ય ફી રૂા. ૩૦૧)
—: મુદ્રણસ્થાન :—
શ્રી જૈન પ્રિન્ટરી-ભાવનગર

# જૈન

સાપ્તાહિક

: સ્વ૦ તંત્રી :
શેઠ ગુલાબચંદ દેવચંદ
પ્રકાશક : સંપાદક : મુદ્રક
વિનોદ ગુલાબચંદ શેઠ
: કાર્યાલય :
'જૈન' પત્રની ઓફિસ
વડવા ભાવનગર-૩૬૪૦૦૧

# દીપોત્સવી] નૂતન વર્ષાભિનંદન [વિશેષાંક

નવીન વર્ષના મંગલમય પ્રારંભ પ્રસંગે અમે સૌ કોઇને અંતરથી અભિનંદન પાઠવીએ છીએ.

આગામી વર્ષ રાષ્ટ્ર, ધર્મ, સમાજ અને પ્રત્યેક વ્યક્તિને માટે સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સૌભાગ્યનો રસથાળ ઉપસ્થિત કરે એવી પરમેશ્વર પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

પ્રાર્થના અને કામના એ માનવજીવનની મહામોંઘી મૂડી છે. જીવનશુદ્ધિને માટે માનવીનો સૌથી મોટો આધાર એના અંતરમાંથી નીકળતો પ્રાર્થનાનો ધ્વનિ છે. પ્રાર્થના અનેક પ્રકારે થઈ શકે છે; પણ એ બધાય પ્રકારની પાછળ મૂળ પ્રાણ તો અંતરનિરીક્ષણ અને જીવનશોધનનો હોવો ઘટે. કહેવું હોય તો કહી શકાય કે પ્રાર્થના એટલે જીવનશુદ્ધિની તાલાવેલી. એ જેટલી ઉત્કટ તેટલું એનું પરિણામ વિશેષ સમજવું.

માનવીને સામાજિક પ્રાણી તરીકે ઓળખાવવામાં આવે છે. સાવ એકાકી બનીને જીવન ગાળવું એ માનવીને માટે અશકય વાત છે. અને જ્યારે સમાજજીવન અનિવાર્ય બની જાય છે ત્યારે એક બીજાના સંપર્ક કે સંઘર્ષમાં આવવું પણ અનિવાર્ય બની જાય છે.

સમાજજીવનનો હેતુ માનવી સુખપૂર્વક જીવે એ છે. એટલે જ્યાં જ્યાં બીજાઓના સંપર્કમાં આપણે આવવાનું થાય ત્યાં ભલી-બૂરી લાગણીઓ પણ ઉત્પન્ન થવાની. લાગણીઓના આ મંથનમાંથી સમાજકલ્યાણનું નવનીત પ્રાપ્ત કરવાનો મુખ્ય માર્ગ તે સહુ કોઇને માટે અંતરથી શુભ કામના સેવવાનો છે. આ રીતે વિચારતા મંગલકામના એ માનવજીવનની એક મહામૂલી સંપત્તિ બની રહે છે.

મંગલ કામનાની પાછળ એક ભારે મહત્ત્વનો ભાવ રહેલો છે. કોઈ પણ વ્યકિતને માટે કે સમાજને માટે આપણે આપણી શુભેચ્છાઓ પાઠવીએ એનો અર્થ એટલો તો ખરો જ કે એનું આપણે સીધેસીધું ભલું કરી શકીએ કે ન કરી શકીએ, પણ એના અહિતમાં આપણે કદી સામેલ ન થઈએ! આ નવીન વર્ષના મંગલ પ્રભાતે અમે સમસ્ત માનવસમાજ અને સમસ્ત પ્રાણીઓને માટે આવી મંગલકામના કરીએ છીએ અને અંતરથી પ્રાર્થીએ છીએ કે, આ વિશ્વમાં બધાય પ્રાણીઓ સુખી થાવ, બધાય પ્રાણીઓ નીરોગી થાવ, બધાય પ્રાણીઓનું કલ્યાણ થાવ અને કોઈ પણ પ્રાણી દુઃખ ન પામો!

જીવન અને તત્ત્વવિચારની દૃષ્ટિએ

# ભગવાન મહાવીર

*** પંડિતશ્રી સુખલાલજી ***

**સદ્‌ગુણોના** વિકાસની સાધનાને લીધે જ કોઈ પુરુષની મહાપુરુષમાં ગણના થાય છે. એવી વ્યક્તિ દેશ, જાતિ. ધર્મનું અંગ હોવા છતાં વસ્તુતઃ એનાથી પર હોય છે. સદ્‌ગુણોનો વિકાસ એક એવી ચીજ છે જેનું મૂલ્ય કોઈ દિવસ ઓછું થતું નથી, બલ્કે ઉત્તરોત્તર વધતું જ જાય છે. વિકાસની આ ઘટમાળમાં જે જે ભાગ લે છે એ બધા જુદા જુદા દેશ, જાતિ અને કુળના તથા જુદા જુદા સમયના હોવા છતાંયે, ખરી રીતે, માનવજાતિના ઉત્થાનની દૃષ્ટિએ એક જ કુટુંબના યા અભિન્ન જ મનાય છે. ભગવાન મહાવીર આવા કુટુંબની એક અનોખી વિભૂતિ છે. એમના જીવનનાં કેટલાંક પાસાંઓ આપણે જોઈશું તો જણાશે કે ઉત્તરોત્તર એમનું મૂલ્ય કેમ વધતું ગયું અને એનું પ્રકટીકરણ જુદી જુદી વ્યક્તિઓમાં પણ કેવી રીતે પ્રતિબિંબિત થતું દેખાય છે. જે સદ્‌ગુણ વ્યક્તિગત રીતે યા પરિમિત વ્યક્તિઓએ સાધ્ય કર્યો હોય એ જ સદ્‌ગુણ દેશ અને કાળની પરિસ્થિતિ બદલાતા સામાજિક રૂપમાં કે વિશાળ પાયા ઉપર કેવી રીતે વિસ્તરે છે એ પણ આપણને દેખાશે.

ભગવાન મહાવીરના જીવનનું મુખ્ય પાસું તે નિર્ભિકતા. જે સાચા અર્થમાં અહિંસાનો સાધક હોય એ કોઈ વિરોધથી ડરતો નથી. મહાવીર પોતાના સાધનાકાળ દરમ્યાન પરિચિત વર્તુલમાં ફરતા રહેતા હતા. એમને વિચાર આવ્યો કે, સાચી કસોટી તો અજાણ્યા પ્રદેશમાં જ થાય. આ વિચારથી તેમણે અનાર્ય પ્રદેશમાં જવાનું પસંદ કર્યું, જ્યાંના લોકોને ધર્મનો કોઈ ખ્યાલ નહોતો. એ અનાર્ય પ્રદેશ એટલે આજનું રાઢ અથવા મુર્શિદાબાદ–અજીમગઢ જિલ્લાનું પશ્ચિમ બંગાલ. એમને ત્યાં જવા માટે ઘણુએ રોકયાં. પણ એ ન ડગ્યા. એમનો નિર્ણય એવો હતો કે જો હું પોતે અહિંસક હોઉં તો મારે માટે કોઈ વિરોધી નથી અને મને કોઈનો ડર ન હોવો જોઈએ. શરૂઆતમાં એમને અનેક મુસીબતો નડી પણ તેઓ ચલિત ન થયા. ધીમે ધીમે આનું પરિણામ એ આવ્યું કે અનાર્ય લોકોમાં પણ આર્યત્વનો ઉદય થયો. આજે ૨૫૦૦ વર્ષ પછી એ જ નિર્ભિકતાનું દર્શન આપણને ગાંધીજીમાં થયું અને વિનોબાજીમાં થઈ રહ્યું છે. નોઆખલીનો હત્યાકાંડ ભીષણ રીતે ચાલી રહ્યો હતો. ભાગ્યે જ કોઈ હિંદુ ત્યાં જવાની હિંમત કરે; છતાં અનેક નેતાઓના વિરોધને ન ગણકારીને પણ ગાંધીજી અભય બનીને પૂર્વ બંગાલમાં ગયા અને દુનિયાને એમની અહિંસક-વૃત્તિનાં સાચાં દર્શન થયાં. દિલ્હીમાં વેરનો અગ્નિ જલી રહ્યો હતો ત્યારે ગાંધીજીએ જ મસ્જિદોમાં જઈને લોકોને આશ્વાસન આપ્યું આ અભયનું બીજા સ્વરૂપમાં વિનોબાજીમાં પ્રકટ થયું. તેલંગણમાં સામ્યવાદીઓનું ન રોકી શકાય તેવું હિંસા–તાંડવ ચાલી રહ્યું હતું. કોઈના પણ રક્ષણ વગર વિનોબાજી ત્યાં ગયા અને એમની અહિંસકવૃત્તિને લઈને સમસ્ત વાતાવરણ જ બદલાઈ ગયું.

જ્યારે કોઈ સાધક ઉર્ધ્વગામ ભૂમિકાના પંથે આગળ વધે છે ત્યારે એના અંતરમાં રૂપાયેલી અત્યંત ગૂઢ ગ્રંથિઓ પ્રકટ થઈને બાધારૂપ બને છે. જે આવી વૃત્તિઓ પર વિજય મેળવી શકે એ જ સાધનામા સફળ થઈ શકે. ભગવાન મહાવીરને જે અનુભવ થયો એ જ તથાગત બુદ્ધને થયો. બુદ્ધે કામને જીતવાની વાત સ્વમુખે કહી છે. કવિ કાલિદાસે 'કુમારસંભવ'માં મહાદેવદ્વારા થયેલા કામદહનની કવિતા બનાવી છે. આ બધા પ્રસંગોમાં દેવ યા અસુરના રૂપદ્વારા જ મોહના પ્રાબલ્યનું અને એની ઉપર મહાપુરુષોએ મેળવેલા વિજયનું વર્ણન છે આપણે અહીં સમજવાનું છે તે એ કે ધર્મપ્રવર્તન કરવા ઈચ્છનાર વ્યક્તિ કોઈ પણ યુગની કેમ ન હોય, પણ મોહને જીત્યા વિના એ કાંઈ કરી શકતી નથી.

ભગવાન મહાવીર 'દીર્ઘ તપસ્વી તરીકે જાણીતા

છે. માત્ર જૈનો જ નહિ, બીજા લોકો પણ એને કઠોર તપસ્વી તરીકે ઓળખે છે અને તેમની તપસ્યાને ઉત્કટ દેહદમનના રૂપમાં પહેચાને છે. બેશક, એમણે બીજા સાધકોની સરખામણીમાં ઉગ્ર દેહદમન કર્યું છે, પણ એ દેહદમનની બીજી તરફ લોકોનું ધ્યાન ઓછું ગયું છે અને આજે પણ ઓછું જાય છે. મહાવીરનું મુખ્ય ધ્યેય કદી દેહદમનનું નહોતું રહ્યું, એમણે એવા દેહદમનને નિરર્થક પણ બતાવ્યું છે. એમનું મુખ્ય ધ્યેય આંતરશુદ્ધિનું જ રહ્યું છે. એટલે એમણે આંતર્શુદ્ધિના બધા ઉપાયોને મુખ્ય યા અભ્યંતર તપ કહીને અપનાવ્યા છે. એમણે દેહદમનનું મહત્ત્વ એટલે અંશે સ્વીકાર્યું, જ્યાં સુધી એ આંતર્શુદ્ધિમાં ઉપકારક નીવડે.

ગાંધીજીના બાબતમાં પણ આપણને ખબર છે. ગાંધીજીની ઉપવાસ જેવી કઠોર પ્રક્રિયાઓને ઘણા લોકો માત્ર દેહદમન યા તામસી પ્રક્રિયા પણ કહેતા હતા; પણ જાણનારાઓને તો ખબર છે કે ગાંધીજીની તપસ્યાનો ઉદ્દેશ તો આત્મશુદ્ધિનો અને એ દ્વારા સામુહિક શુદ્ધિ કરવાનો રહેતો હતો. આ કારણે જ, બીજાઓના લાંબા દિવસોના ઉપવાસોની જ્યારે અસર નહોતી થતી ત્યારે ગાંધીજીનો એક ઉપવાસ પણ અસાધારણ અસર કરનારો નીવડતો.

મહાવીરના આંતરિક તપમાં મુખ્ય સ્થાન પ્રાયશ્ચિત્તનું છે. જ્યારે પોતાની નાની સરખી પણ ભૂલ દેખાય ત્યારે એની પૂરી સફાઈ કરવી અને ફરીથી એવી ભૂલ ન કરવાનો દૃઢ સંકલ્પ કરવો એ જ સાચું પ્રાયશ્ચિત્ત છે. વ્યક્તિગત અને સામાજિક સુસ્થિતિનો આધાર પ્રાયશ્ચિત્ત છે. ગાંધીજીએ આ પ્રાયશ્ચિત્ત તત્ત્વનો મોટા પાયા પર વિકાસ કર્યો. આર્થિક, સામાજિક અને રાજકીય એમ બધાં ક્ષેત્રોમા, જ્યાં કોઈ ઠેકાણે અન્યાય દૂર કરવાનો હોય ત્યાં પ્રાયશ્ચિત્ત કરવું એ એમને માટે પહેલું પગલું છે, એવું જીવનભરનાં પોતાનાં આચરણોથી ગાંધીજીએ દેખાડી આપ્યું. ગાંધીજીએ અસ્પૃશ્યતા-નિવારણની તમામ પ્રક્રિયાઓને હિંદુજાતિની શુદ્ધિનું પ્રાયશ્ચિત્ત જ કહેલું છે. આ પ્રાયશ્ચિત્ત-તત્ત્વને અપરિગ્રહવાદના સમર્થનમાં લાગુ પાડીને વિનોબાજી ભૂમિદાન, ગ્રામદાન વગેરે વાતો કહે છે આપણે જોઈ શકીએ છીએ કે સ્વસ્થતા પ્રાપ્ત કરવા માટે, અન્તતોગત્વા. કોઇ ને કોઈ પ્રકારના પ્રાયશ્ચિત્ત વગર માનવજાતિને માટે બીજો કોઈ ઉપાય જ નથી.

ભગવાન મહાવીરની એક વધુ વિશિષ્ટતા એમની ક્ષમાશીલતામાં છે. એક ઠેકાણે એવું વર્ણન છે કે એક વાર ભગવાને શીતલેશ્યાનો પ્રયોગ કર્યો. સામાન્ય લોકો માને છે કે ગોશાલકદ્વારા જેનો પ્રયોગ કરવામાં આવ્યો તે તેજોલેશ્યા કોઈ વિસ્ફોટક જ્વાળા હતી અને ભગવાનની શીતલેશ્યા એવી જ કોઈ શમન કરનારી, વિરોધી જલધારા હતી. પરંતુ એમ વાત નથી. આ તો રૂપક છે. ગોશાલકનો ઉગ્ર ક્રોધ અને કડવાં વચનો એ અગ્નિ કરતાં ઓછા ઉગ્ર નથી. ભગવાને શીતલેશ્યાનો પ્રયોગ કર્યો એનો અર્થ એટલો જ છે કે તેમણે ક્રોધ સામે ક્રોધ ન કર્યો પરંતુ **अक्कोहेण जिणे कोहं** ને જીવનમાં સિદ્ધ કરી બતાવ્યું.

એકવાર કોઈ વ્યક્તિએ ભગવાન બુદ્ધને ન કહેવાનાં વેણ કહ્યાં. બુદ્ધ તદ્દન મૌન રહ્યા. જ્યારે એમને પૂછવામાં આવ્યું કે, 'આપે એ વાતોનો પ્રત્યુત્તર કેમ ન આપ્યો?' ત્યારે બુદ્ધે સ્વસ્થચિત્તે એટલું જ કહ્યું કે મને જે વાતની ભેટ કરવામાં આવતી હતી એનો મેં સ્વીકાર જ ન કર્યો એટલે એ બધી વાતો એના માલિકની પાસે જ રહી. આ જ ક્ષમાશીલતાને આપણે ગાંધીજીના અનેક જીવનપ્રસંગોમાં જોઈ છે-સાંભળી છે.

ભગવાન મહાવીરની વિચાર અને આચારની બધી સાધનાઓનો સાર છે અનેકાન્ત-દૃષ્ટિ. એ સમયે પણ આજની જેમ મતમતાંતરનો સાઠમારી અને પરસ્પરની નિંદા જોરથી ચાલુ હતી. આવી ટક્કરો અને નિંદા વિચાર તથા આચારના ક્ષેત્રે ચાલુ હતી. ભગવાને વિચાર્યું કે એવો કોઈ ઉપાય છે જેથી આ ટક્કર અને નિંદા બંધ થાય? આ વિચારમાંથી અનેકાન્ત-દૃષ્ટિનો જન્મ અને વિકાસ થયો. એમણે કહ્યું કે: બધા ચિન્તકો અને વિચારકો એક જ રીતે કદિ વિચારી શકે નહિ કે એક જ રીતે પોતાની જાતને વ્યક્ત કરી શકે નહિ એટલે વિચાર અને વાણીનો ભેદ અનિવાર્ય છે. સહુનો આદર કરવો અને પોતાના વિચારમાં સ્થિર રહેવું એને માટે એક માત્ર ઉપાય એ જ છે કે અધિકાર અને લાયકાતના ભેદથી બધાના વિચારોનું એમની દૃષ્ટિએ મૂલ્યાંકન કરવું. આ વિચારમાંથી તત્ત્વજ્ઞાનના સમન્વયનો માર્ગ સ્થપાયો. પણ મહાવીરની દૃષ્ટિ કેવળ તત્ત્વજ્ઞાનના સમન્વય સુધી જ સીમિત નહોતી. એમણે આચારગત વિવિધ પ્રક્રિયાઓનો પણ અધિકાર અને યોગ્યતાના આધાર ઉપર સમન્વય કર્યો.

જો કે ભગવાન મહાવીરે અહિંસા અને અનેકાન્તનો ઉપયોગ ધર્મક્ષેત્રે કર્યો, પણ આ બે સિદ્ધાંતો એવા છે જે માનવજાતિના શાંતિમય જીવન માટે પ્રાણરૂપ છે. જેમ જેમ માનવગણ એકબીજાની નજીક વધુ ને વધુ આવતો ગયો, જેમ જેમ ભૌગોલિક સીમાઓ નાની બનતી ગઇ, તેમ તેમ માનવવર્ગમાં સંઘર્ષના પ્રસંગો પણ ઉગ્ર અને ઉગ્રતર બનતા ગયા. છતાં પણ આપણે જોઇએ છીએ કે માનવજાત જીવિત છે અને વધુ જીવવા ચાહે છે. જીવલેણ સંઘર્ષોમાંથી માનવજાતિનો બચાવ કરીને જો કોઈ તથ્યે એને જીવિત રાખી હોય અથવા કોઈ તથ્ય એને જીવિત રાખી શકે તેમ હોય તો એ છે 'અહિંસા અને અનેકાન્ત'. આ અહિંસાએ જ ઘોરતમ યુદ્ધની વચ્ચે ભગવાન વેદવ્યાસના મુખે 'જીવો અને જીવવા દો' એ સિદ્ધાંતની ગાથા ઉચ્ચારાવી.

આપણે આજ પણ જોઇએ છીએ કે જયારે માનવજાતિનો કોઇ હિતેચ્છુ પેદા થાય છે ત્યારે તે દેશ અને કાળને લક્ષમાં રાખીને અંતમાં વિચાર અને આચારના સંબંધની અને પ્રેમની જ વાત કહે છે. આજે તો એવી સ્થિતિ આવી ગઇ છે કે આર્થિક, સામાજિક, રાજકીય વગેરે બધાં ક્ષેત્રોમાં, વિવિધ વિચારસરણીઓના સમન્વય વગર, સંઘર્ષ મુક્તિ માટે બીજો કોઇ ઇલાજ નથી. મહાવીર નિર્વાણના આ પુનિત પ્રસંગે આપણે એ શ્રદ્ધાને સ્થિર કરીએ.

---


### મુંબઈ-વાલકેશ્વર મધ્યે શ્રી સુપાર્શ્વનાથ જિનાલયે

# અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન

**તારક નિશ્રા :** પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીના પટ્ટાલંકાર શાસ્ત્રવિશારદ, પીયૂષ-પાણી પૂજ્ય આચાર્ય શ્રીમદ્વિજય અમૃતસૂરીશ્વરજી મ૦ સા૦ના શિષ્યરત્ન શાસનપ્રભાવક આધ્યાત્મિક પ્રવચનકાર, શ્રી જૈન સંગ્રહાલયના પ્રેરક-સંસ્થાપક પૂજ્ય આચાર્ય શ્રીમદ્વિજય વિશાલસેન-સૂરીશ્વરજી (શ્રી વિરાટ) મ૦ સા૦, પૂજ્ય પંન્યાસ શ્રી રાજશેખરવિજયજી ગણિ આદિ.

**મહોત્સવ પ્રારંભ** : વિ. સં. ૨૦૪૧ કારતક સુદ ૧૩ તા. ૬-૧૧-૮૪

**અંજનશલાકા** : વિ. સં. ૨૦૪૧ કારતક વદ ૬ તા. ૧૪-૧૧-૮૪

**પ્રભુ પ્રતિષ્ઠા** : વિ. સં. ૨૦૪૧ કારતક વદ ૭ તા. ૧૫-૧૧-૮૪

આ શુભ પ્રસંગે જે મહાનુભાવોને પોતાના જિનબિમ્બોની અંજનશલાકા કરાવવાની હોય કે જિનપ્રતિમાજી ભરાવવા હોય તેઓએ વિ. સં. ૨૦૪૧ કારતક સુદ પાંચમ સુધીમાં નીચેના સ્થળે પોતાના જિનપ્રતિમાજી મોકલી આપવા વિનંતી છે. અંજન વિધિ થયા બાદ ચાર દિવસમાં પોતાના પ્રતિમાજી લઇ જવાના રહેશે.

**મહોત્સવ સ્થળ :**
શ્રી સુપાર્શ્વનાથ જિનાલય
૧૦૧, ઇન્દ્ર ભુવન, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬

નિમંત્રક :
**શ્રી ઝવેરચંદ પ્રતાપચંદ**
**જૈન ઉપાશ્રય સંઘ**

# કેટલાંક અનર્થ સર્જનારાં અસત્યો સામે લાલબત્તી (૨)

લેખક : પૂજ્ય મુનિરાજશ્રી શીલચંદ્રવિજયજી મહારાજ

(૩)

નવાંગી ગુરુપૂજનની, અહંકાર અને શુદ્રતાને પોષનારી સ્વચ્છંદાચાર સમાન પ્રવૃત્તિ વિશે વિચાર કરતાં અને તે અંગેનું સાહિત્ય તપાસતાં, એક ચોંકાવનારું અસત્ય જાણવા મળ્યું છે. આ અનુચિત પ્રવૃત્તિને જીવનનું પવિત્ર કાર્ય માનનારા–મનાવનારા વર્ગ તરફથી, આ પ્રવૃત્તિના સમર્થન માટે થઈને, એક ચોપડી છાપવામાં આવી છે. એનું નામ છે, "શાસ્ત્રદૃષ્ટિના દર્પણમાં ગુરુપૂજન." એના લેખક છે, મુનિરાજ શ્રી પૂર્ણચંદ્રવિજયજી. એના પ્રકાશક છે, "શ્રી મફતલાલ આશાલાલ શાહ, મુ. કોઠ (ગાંગડ): સંવત ૨૦૩૪".

આ પુસ્તકના ૨૩મા પાના ૫૨, પોતાની પ્રવૃત્તિના સમર્થન માટે, શ્રી આચારાંગ–સૂત્ર (સટીક)નો એક શાસ્ત્રપાઠ મૂકવામાં આવ્યો છે. એ શાસ્ત્રપાઠને મૂળ આચારાંગસૂત્રની પ્રતમાંના એ જ પાઠ સાથે સરખાવતાં, એક મહત્ત્વનો નોંધપાત્ર ફેરફાર કરેલો નજરે પડે છે. આચારાંગસૂત્રની ટીકાના પાઠમાંનો એક મહત્ત્વનો શબ્દ જ આ પુસ્તકમાં છાપેલા પાઠમાં મળતો નથી! આપણે એ પાઠ તપાસીએ:

આચારાંગસૂત્રની નિર્યુક્તિની ૩૩૩ મી ગાથા છાપ્યા પછી, તે પરની શ્રી શીલાંકાચાર્ય મહારાજની ટીકા, પ્રસ્તુત ચોપડીમાં આ પ્રમાણે છાપી છે:—

"टीका: तीर्थकृतां भगवतां प्रवचनस्य–द्वादशांगस्य–गणिपिटकस्य. तथा प्रावचनिनां–आचार्यादिनां, तथाऽतिशयिनामृद्धिमतां... વગેરે."

આનો અર્થ લખતાં ત્યાં જણાવ્યું છે કે: "ટીકાર્થ:—તીર્થંકર ભગવંતો, આચાર્ય-ભગવંતો, કેવલિ—મન:પર્યવજ્ઞાની....વગેરે."

આની સામે હવે આચારાંગસૂત્રની પ્રતમાં છપાયેલો પાઠ જોઈએ:—

तीर्थकृतां भगवतां प्रवचनस्य–द्वादशांगस्य गणिपिटकस्य, तथा प्रावचनिनां–आचार्यादीनां युगप्रधानानां तथाऽतिशयिनां० व."

અર્થાત્ "તીર્થંકર ભગવંતો તથા યુગપ્રધાન આચાર્યો વગેરે, તેમજ કેવલી-મન:-પર્યવજ્ઞાની૦ વગેરે."

આ પાઠમાં 'યુગપ્રધાનાનાં' શબ્દ સ્પષ્ટ જોઈ શકાય છે અને તેનો અર્થ એ થાય છે કે "યુગપ્રધાન હોય તેવા આચાર્યાદિની" (પૂજા થાય).

આવો નરી આંખે દેખાય છે તેવો પાઠ, 'ગુરુપૂજન'ની આ ચોપડીમાં લેવાનું માંડી વાળ્યું છે, તેને "શાસ્ત્રપાઠ ઓળવવાની પ્રવૃત્તિ" સિવાય શું ગણી શકાય? પોતાની અંગપૂજા કરાવવાના વ્યામોહમાં ઉત્સૂત્ર ભાષણથીયે એક ડગલું આગળ વધીને શાસ્ત્રના પાઠને જ ઓળવવાની પ્રવૃત્તિ, શાસ્ત્રોનાં જ ઓઠાં હેઠળ કરનારા આત્માઓની દયા ચિંતવવા સિવાય કોઈ જ ઉપાય સૂઝે તેમ નથી. પરંતુ, આ રીતે શાસ્ત્રપાઠ ઓળવીને ભોળા લોકોની આંખે અવળા પાટા બાંધનારાઓ પ્રત્યે શ્રીસંઘ અને ગચ્છે યોગ્ય પગલાં લેવાં જ જોઈએ, એવું મારું વિનમ્ર નિવેદન છે.

મને એકવાર એમ કહેવામાં આવેલું કે "આ ચોપડીમાં પાઠ મુદ્રણદોષને લીધે રહી

ગયો છે; જાણીજોઈને નથી રહ્યો....વ."

આ વાત જરૂર માની શકાય; પણ અહીં એ માનવાનું મન નથી થતું. એનાં બે કારણ છે: એક, જો મુદ્રણદોષને લીધે મૂળ પાઠમાંથી "યુગપ્રધાનાનાં" શબ્દ રહી ગયો હોત, તો તે પદનો અર્થ, તે જ પાઠની નીચે લખેલા 'ટીકાર્થ'માં જરૂર જોવા મળતો હોત. પણ તેમાં પણ એ શબ્દનો અર્થ જોવા મળતો નથી. ત્યાં તો "યુગપ્રધાન આચાર્યાદિ" હોવું જોઈએ, તેને બદલે "આચાર્ય ભગવંતો" એટલું જ લખ્યું છે! બીજી વાત, રાત દિવસ શાસ્ત્રનું જ રટણ ને શાસ્ત્રનો જ રદિયો આપ્યા કરનારા આ લોકોએ, પુસ્તકમાં મુદ્રણ દોષને લીધે રહી ગયેલા પાઠ પરત્વે, જાહેર સામયિકો દ્વારા કે પત્રિકા દ્વારા હજી સુધી કોઈ સૂચન જાહેર નથી કર્યું કે "આ પુસ્તકમાં આ સ્થાને મુદ્રણદોષને લીધે આવી ક્ષતિ રહેવા પામી છે; તો ત્યાં આટલો સુધારો સમજી લેવો." અને આમ કરે પણ ક્યાંથી? જો 'યુગપ્રધાન' શબ્દને જાહેરમાં મુકે, તો લોકો તરત જ પૂછે કે ભાઈ, તમે વળી ગચ્છનાય વડા થઈ શક્યા નથી, તો યુગપ્રધાન ક્યાંના? ને યુગપ્રધાન નથી તો પૂજા શેની? અને આનો જવાબ આપવો ભારે પડે જ. માટે જ આ પાઠ જાણીમૂઝીને ટાળવામાં–ઓળવવામાં આવ્યો છે, એ સમજી શકાય તેવું છે.

બીજી વાત એ છે કે, આચારાંગસૂત્રનો જે પાઠ આ ચોપડીમાં નોંધવામાં આવ્યો છે, તે પાઠમાં "સુગંધી દ્રવ્યોથી પૂજન કરવું" એવો પાઠ મળે છે. પણ આચાર્ય કે યુગ–પ્રધાનની સામે દર્પણ મૂકીને અષ્ટપ્રકારી પૂજા કરવાનું, એમના શરીરે સોનું, રૂપું, હીરા વગેરે મૂકીને પૂજા કરવાનું કે ચૈત્યવંદન કરવાનું નથી કહ્યું. નવાંગી પૂજા કરવી એમ પણ નથી કહ્યું.

અને આમ છતાં, આજે તો આ બધું જ, આ શાસ્ત્રોના નામે જ ચાલી રહ્યું છે! એથીયે આગળ વધીને હવે તો આચાર્યના ફોટાને અઢાર અભિષેક કરીને ઉપાશ્રયમાં પધરાવવાની નવી પદ્ધતિ શરૂ થઈ ચુકી છે, એની ઘણાને ખબર નહિ હોય. ભગવાન તીર્થંકર પરમાત્માની પ્રતિમાના જ ફક્ત અઢાર અભિષેક કરવાનું વિધાન છે. ગુરુમૂર્તિ-પ્રતિષ્ઠા હોય ત્યારે ગુરુમૂર્તિના પણ પાંચ જ (અઢાર નહિ) અભિષેક કરવાનાં હોય છે. પરંતુ આજે તો આચાર્યના ફોટા પણ જિનબિંબની કક્ષાએ પહોંચી ગયા! હા, જો આચાર્ય तित्थयरसमो સૂરીના ઓઠા હેઠળ સાક્ષાત્ તીર્થંકર ગણાતા હોય ને તે રીતે જ તેની અષ્ટપ્રકારી–નવાંગી પૂજા થતી હોય, તો પછી તેમના ફોટા તો જિનબિંબ સમાન જ ગણાય ને! રે! પંચમ કાળની જ આ બધી બલિહારી હશે?

૨૭ ભવના સ્તવનમાં "મૂળે કડવે કડવો વેલો" એવી પંક્તિ આવે છે, તેને યાદ અપાવે તેવી વિડંબના તો એ છે કે ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે પોતાના કોઈ ગ્રંથમાં, ભગવાન વીતરાગદેવના ધર્મપ્રવચનનો મહિમા વર્ણવતા કહ્યું છે કે—

"हा, अणाहा! कहं हुंता, जइ न
होंति जिणागमो।"

અર્થાત્ "જો અમને જિનાગમ ન મળ્યા હોત, તો અમે અનાથ બનીને (સંસારમાં) ક્યાંય ભટકતા હોત! (એ અકલ્પનીય છે.)"

આવા શાસ્ત્રપાઠની અંદર પણ નવાંગી પૂજાના પ્રેમી આ વર્ગના વ્યક્તિ·ાગી આત્મા-

ઓએ અત્યંત કદર્થના, બેહૂદો તેમ જ શાસ્ત્ર અને શાસનના મહાન પ્રભાવક પુરુષોની ઘોર આશાતના કરે તેવો ફેરફાર કર્યો છે! તે લોકોએ એક ઠેકાણે ('કલ્યાણ' માસિકમાં) લખ્યું છે કે : 'हा अणाहा कहं हुंता, जइ न होंति सूरिवरो" અર્થાત્; "જો આ સૂરિવર ન હોત, તોઅમે અનાથ બનીને ક્યાંયે ભટકતા હોત!"

રે! આનાથી વધુ બીજો કયો શાસ્ત્રદ્રોહ હોઈ શકે? કયાં હરિભદ્રસૂરિ ભગવંતની રચના ને કયાં તેમાં તોડફોડ કરીને તેનો આવો દુરુપયોગ? કયા ભગવાનનું આગમ ને કયા એક વ્યક્તિ?

વસ્તુતઃ દૃષ્ટિરાગ જ આવું બધું કરાવવામાં કારણરૂપ છે.

શાસ્ત્ર-શાસનના નામે આ જાણી જોઈને કરાતાં અનર્થો હૈયે દાઝે છે અને આવાં અસત્યોને પણ લોકમાનસમાં સત્ય તરીકે ઠસાવવાની કુચેષ્ટાથી પ્રભુશાસન પ્રત્યેના રાગથી ભરેલું હૈયું વ્યગ્ર બને છે, ને માટે જ, ઘણા આત્માઓને ખોટું લાગે તેવી વાતો પણ, કપાતે હૈયે, રજૂ કરવી પડે છે. સૌને સન્મતિ મળો, તેવી પ્રાર્થના.


## પૂજારી જોઇએ છે

આંગી તથા સંગીતના જાણકાર શિક્ષીત એવા પૂજારીની જરૂર છે. લાયકાત, અનુભવ હોવો જરૂરી છે. મળો યા લખો—

**શ્રી લાલબાગ જૈન સંઘ**

C/o. શેઠ બીપીનચંદ્ર અંબાલાલ
૨, શ્રીપલ્લી સોસાયટી, માંજલપુર રોડ,
વડોદરા-૩૯૦૦૧૧



## જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

**જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ—**

(૧) ભવ્ય કલાત્મક અને પ્રાચીન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસૂરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રન્થો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસૂરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરનાં ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

**આવાસ પ્રબંધ :** યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભૂમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પૂરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

**યાતાયાતના સાધન :** જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એક વાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે, આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીના દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

વિનીત : **શ્રી જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ**
ફોન નં. ૩ ]
ગ્રામ : 'જૈન ટ્રસ્ટ' ] જૈસલમેર (રાજસ્થાન)

# બિંદુમાં સિંધુ

* ભૌતિક જ્ઞાન વસ્તુઓનો સંગ્રહ કરાવે છે, જ્યારે આત્માનું જ્ઞાન સંગ્રહમાંથી મુક્ત કરાવે છે.
* સર્વ પદાર્થોનું સ્થાન જેમ આકાશ છે, તેમ સર્વ ગુણોનું સ્થાન સામાયિક છે.
* તારે તે તીર્થ, પવિત્ર બનાવે તે પર્વ.
* અહમ્‌નો નાશ થતાં અર્હત્‌નો પ્રકાશ મળે.


卐

અનેક શુભેચ્છાઓ સહ....

## 卐 મેસર્સ અરવિંદ પનાલાલ 卐

હવેલી બિલ્ડીંગ, કુતસાની પોળ,

અમદાવાદ–૩૮૦ ૦૦૧

卐

: ઈન્ડેટીંગ એજન્ટ :

"અતુલ પ્રોડકટસ લિમિટેડ"

અતુલ

ગ્રામ : ARJUN 卐 ફોન : ૩૮૪૮૯૫

# સૌજન્યમૂર્તિ પં. શ્રી દલસુખભાઈ માલવણિયાનું બહુમાન

*** ડૉ. ઈશ્વરલાલ દવે ***

ગુજરાતના લોકોને સંસ્કૃત આવડે ખરું? ગુજરાતમાં સંસ્કૃતનો કોઈ વિદ્વાન હોઈ શકે? સંસ્કૃતના જ્ઞાનનો ઈજારો મોટે ભાગે ઉત્તર ભારતનો, થોડોક બંગાળ મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતનો, પણ આ ઈજારદારો ગુજરાતનો કાંકરો કાઢી નાખે. 'ગુર્જરાણાં મુખં ભ્રષ્ટં શિવોપી શવાયતે ગતઃ' ગુર્જરોનું મુખ ભ્રષ્ટ છે તે બધા 'શિવ'ને 'શવ' (સવ) (શબ–મડદું) બનાવી દે છે. આવો આક્ષેપ જૂના વખતમાં થતો. ગુજરાતના બ્રાહ્મણો પણ સંસ્કૃતવિદ ઓછા ગણાતા. એટલે ઉત્તર ભારતના બ્રાહ્મણોથી એ હલકા મનાતા. સોલંકી રાજાઓ જ્યારે ઉત્તરના બ્રાહ્મણોમાંથી કેટલાકને ગુજરાતમાં આવવા સમજાવી શક્યા ત્યારે આ બ્રાહ્મણો માંડ ગુજરાતમાં આવ્યા. અહીં આવ્યા તે ઔદીચ્ય બ્રાહ્મણો કહેવાયા. આ બ્રાહ્મણો પહેલાં તો નહોતા આવતા, પણ સોલંકી રાજાઓ યુક્તિબાજ હતા. એમણે બ્રાહ્મણ ગુરુઓની પત્નીઓને સુવર્ણદાન આપ્યાં અને ગુજરાતમાં ભૂમિદાન આપવાનું કહ્યું. તેથી પત્નીઓના આગ્રહથી બ્રાહ્મણો ગુજરાતમાં આવ્યા. હેમચંદ્રસૂરિએ 'સિદ્ધહેમ' નામનું સંસ્કૃત વ્યાકરણ રચ્યું અને એ કલિકાલસર્વજ્ઞે એ યુગના સમગ્ર જ્ઞાનના નિષ્કર્ષ રૂપ ગ્રંથો સંસ્કૃતમાં લખ્યા ત્યારે કાશ્મીર અવંતીએ ગુજરાતની સંસ્કૃત વિષયક વિદ્વત્તાનો કંઈક સ્વીકાર કર્યો.

અર્વાચીન સમયમાં મણિલાલ નભુભાઈ સંસ્કૃત, વેદાન્ત અને યોગના એક પ્રખર તદ્‌વિદ ગણાતા. સ્વામી વિવેકાનંદ એમને મળવા ગુજરાતમાં આવ્યા હતા. જે ધર્મપરિષદમાં સ્વામી વિવેકાનંદ અમેરિકા ગયા ત્યાં જવાનું એમને નિમંત્રણ મળેલું, પણ સંયોગો (અનારોગ્ય અને દ્રવ્યદુર્લભતા હશે)ને કારણે જઈ શકેલા નહીં. 'લાઈટ ઑફ એશિયા', એ ભગવાન બુદ્ધ વિશેના અંગ્રેજી મહાકાવ્યના સર્જક એડવિન આર્નોલ્ડ એમની પાસેથી ભારતીય ધર્મપરંપરા વિશે જાણવા માટે આવ્યા હતા અને પોતાને ત્યાં પાટલા પર બેસાડીને એમને જમાડ્યા હતા. મણિલાલ નભુભાઈ પછી આચાર્ય આનંદશંકરે ગુજરાતની સંસ્કૃતવિષયક વિદ્વત્તાનું ગૌરવ જાળવ્યું. તેઓ બનારસ હિંદુ યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમાયા. એ જમાનામાં કુલપતિ પદ માટે વિદ્વત્તા બાધક નહોતી. હવે તો કુલપતિને સૂક્ષ્મયંત્રથી બરાબર તપાસીને લેવા પડે છે, જેથી અમુક મર્યાદાથી વધારે પડતી વિદ્વત્તા ન હોય તેની ખાતરી કરી શકાય. આનંદશંકરે ગુજરાતની સંસ્કૃત વિદ્વત્તાનું નામ રોશન કર્યું. એમની નિમણૂકમાં કદાચ ગાંધીજીએ પંડિત માલવીયાજીને ભલામણ કરીને થોડો ભાગ ભજવ્યો હશે. પોતાના ઉત્તરાધિકારી તરીકે ડૉ. રાધાકૃષ્ણનની ભલામણ બનારસ હિંદુ યુનિવર્સિટી માટે આચાર્ય આનંદશંકરે કરી હતી. આનંદશંકર પછી પંડિત સુખલાલજીએ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં સંસ્કૃત તથા દર્શનોના પ્રખર પંડિત તરીકે આપણી વિદ્વત્તાની પરંપરા ચાલુ રાખી. પંડિત સુખલાલજી પછી એમના પટ્ટશિષ્ય સમા પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયાએ સંસ્કૃત–પ્રાકૃતના જ્ઞાનની જ્યોત જલતી રાખી છે. હવે આટલાં વર્ષે ભારત સરકારને એમની કદર કરવાનું સૂઝ્યું છે. મોડું મોડું યે સૂઝ્યું એ પણ આનંદદાયક બીના છે. ગુજરાતનું એ ગૌરવ છે કે ભારત સરકારે એમને સંસ્કૃતના પ્રકાંડ પંડિત તરીકેનો એવોર્ડ આપ્યો છે. એવોર્ડમાં તામ્રપત્ર ઉપરાંત વાર્ષિક પાંચ હજારના પેન્શનનો સમાવેશ થાય છે. પેન્શન તો ઠીક પણ સંસ્કૃતના જ્ઞાનના નકશામાં ગુજરાતનું નામ અંકિત થયું છે એ ગૌરવની વાત છે. શ્રી દલસુખભાઈ માલવણિયા એ માટે અભિવંદન તથા અભિનંદનના અધિકારી છે. અત્યારે સંસ્કૃતના જ્ઞાનનો મહિમા ઓછો થતો જાય છે ત્યારે સંસ્કૃતના જ્ઞાનની પરંપરા જાળવવામાં એમનું પ્રદાન સવિશેષ મહત્ત્વનું બને છે.

સૌરાષ્ટ્રના એક અનાથાશ્રમમાં ઊછરેલ બાળક અમદાવાદની એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલૉજીના નિયામકપદે પહોંચી શકેલ છે, તે એમની વિદ્યાની સાધના અને પુરુષાર્થને આભારી છે. શ્રી દલસુખભાઈનું મૂળ

* આત્મસાધકોએ અચૂક વસાવવા યોગ્ય
* અધ્યાત્મરસ ભરપૂર સ્વાધ્યાય ગ્રન્થો

શ્રી મોતીચંદ કાપડીઆ ગ્રન્થમાળા

# શ્રી આનંદઘનજીનાં પદો (ભાગ ૧-૨)

卐 યોગીરાજ શ્રી આનંદઘનજીનો રોમાંચક જીવન પરિચય.
卐 મુળ પદો, પાઠાંતર, શબ્દાર્થ, ભાવાર્થ તેમ જ
卐 પદો ઉપર વિસ્તૃત અને રસાળ વિવેચન.

વિવેચક શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ

ગ્રન્થની સાઇઝ : ૧૦×૭ાા ઇંચની-મોટી સાઇઝ

ભાગ ૧ : કિં. રૂા. ૨૫) (બંનેના પોસ્ટેજ ખર્ચ અલગ) ભાગ ૨ : કિં. રૂા. ૩૦)

: પ્રાપ્તિસ્થાન :

* શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૩૬
* શ્રી મહાવીર જૈન વિદ્યાલય, પાલડી બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૩૮૦૦૦૬

---

*EVERYTHING IN METALS*

*Non Ferrous Metals & Semis*

*Stainless Steel*

*Iron & Steel.*

# SUNRISE METAL CORPORATION

3, Ramnik Bhavan, 7, 2nd Carpenter Street, ( Sutar Gali )
BOMBAY-400 004.

Phone : Off. : 36 52 83
Gram : METALSUN
BOMBAY-Girgaon.

Phone : Res.
V. K. Shah : 6125541
U. B. Mehta : 664959

વતન સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર જિલ્લામાં (ઝાલાવાડમાં) આવેલું સાયલા ગામ. તેમના વડવાઓ માલવણમાં રહેતા, તેથી માલવણિયા કહેવાયા. જ્ઞાતિએ ભાવસાર અને ધર્મે સ્થાનકવાસી જૈન. ૧૯૧૦માં એમનો જન્મ થયો. દસેક વર્ષના થયા ત્યારે પિતા ડાહ્યાભાઈનું અવસાન થયું. સુરેન્દ્રનગરના અનાથાશ્રમમાં રહીને એમણે અંગ્રેજી પાંચમા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. શ્રી સ્થાનકવાસી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે એમને જૈન ટ્રેઈનિંગ કોલેજમાં અભ્યાસ કરવા બિકાનેર મોકલ્યા. અમદાવાદમાં પંડિત બેચરદાસ પાસે એમણે આગમોનો અભ્યાસ કર્યો. ટાગોરના શાંતિનિકેતનમાં પાલિભાષા અને બૌદ્ધ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. થોડો વખત મુંબઈમાં જૈન પ્રકાશના કાર્યાલયમાં કામ કર્યું. ૧૯૩૪માં પંડિત સુખલાલજી સાથે એમનો પરિચય થયો. પંડિત સુખલાલજીના વાચક તરીકે બનારસમાં રહ્યા બાદ, તેમના પટ્ટશિષ્ય બન્યા અને ૧૯૪૪માં પંડિત સુખલાલજી બનારસ યુનિવર્સિટીમાંથી નિવૃત્તિ થયા ત્યારે તેમના સ્થાને જૈન ચેરના તેઓ પ્રોફેસર બન્યા. શ્રી કસ્તુરભાઈ લાલભાઈના પ્રયાસોથી અમદાવાદમાં સ્થપાયેલ એલ. ડી. ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડોલોજીના નિયામક તરીકે નિયુક્ત થયા. ૧૯૭૬ સુધી સત્તર વર્ષ એમણે આ સંસ્થામાં નિયામક તરીકે કાર્ય કર્યું. આ વિદ્યામંદિર શ્રી કસ્તુરભાઈ લાલભાઈના આર્થિક પુરુષાર્થ તથા દૂરદેશીભર્યા આયોજનથી શકય બન્યું. પણ તે ખરા અર્થમાં વિદ્યામંદિર બન્યું શ્રી દલસુખભાઈના વિદ્યાકીય પુરુષાર્થથી. વયમર્યાદાને કારણે તેઓ ૧૯૭૬માં આ સંસ્થાના નિયામકપદેથી નિવૃત્ત થયા છે. તો પણ તેના સલાહકાર તરીકે તથા માનાર્હ પ્રાધ્યાપક તરીકેની એમની સેવાઓનો લાભ સંસ્થાને મળી રહ્યો છે. વચમાં ૧૯૬૮માં કેનેડાની ટોરોન્ટો યુનિવર્સિટીમાં ભારતીય દર્શનો અને વિશેષ કરીને બૌદ્ધ દર્શનના અધ્યાપન માટે તેઓ દોઢેક વર્ષ જઈ આવ્યા હતા.

જૈનદર્શન અને સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોનો એમનો અભ્યાસ ઘણો તલસ્પર્શી છે. એમનું વલણ દાર્શનિક સાહિત્ય તરફ વિશેષ રહ્યું છે. જૈનદર્શન, જૈન આગમ, ભગવાન મહાવીર હિંદુ ધર્મ આદિ વિશેના એમના બારેક ગુજરાતી-હિંદી ગ્રંથોમાં એમના દર્શન-સાહિત્યના પરિશીલનનો નિષ્કર્ષ છે. જૈન ધર્મ અને દર્શન તથા હિંદુ ધર્મ વિશે એમણે જુદા જુદા સમયે સોએક જેટલા નિબંધો આપ્યા છે. હિંદી અને અંગ્રેજીમાં પણ એમના દર્શનશાસ્ત્ર વિશેના નિબંધો પ્રસિદ્ધ થયા છે પેરિસ અને બર્લિનમાં મળેલી પરિષદોમાં તેમણે અંગ્રેજીમાં ભારતીય તત્ત્વજ્ઞાન વિશે વ્યાખ્યાનો આપ્યા છે. આવા પ્રકાંડ પંડિત હોવા છતાં (કે તેથી જ) તેમની સરળતા, નિરાભિમાનવૃત્તિ અને સહૃદયતા એમના સૌમ્ય વ્યક્તિત્વમાં ઉપસી[આવે છે. એમનું પાંડિત્ય એમના સૌજન્યથી] શોભે છે અને એમનું સૌજન્ય એમના પાંડિત્યથી શોભી ઊઠે છે.

('ગુજરાત સમાચાર'માંથી સાભાર.)


મહાપ્રભાવિક ૨૫૦૦ વર્ષ
પ્રાચીન બાવન જિનાલય

## અજારી તીર્થની યાત્રાએ પધારો

પિંડવાડા (રાજસ્થાન સીરોહીરોડ સ્ટેશનથી બે માઈલ દૂર અને આબુરોડ તરફ હાઈવે ઉપરથી એક માઈલ દૂર અજારી તીર્થ સંપ્રતિ મહારાજાએ બંધાવેલું છે. ૧૪મા સૈકામાં શેઠ ધારણાશાએ તેનો જીર્ણોદ્ધાર કરાવેલ હતો. પૂ. કાલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજને સરસ્વતી પ્રસન્ન થયા હતા. જેથી અહીં સરસ્વતીદેવીનું સુંદર મંદિર પણ છે. છેલ્લો જીર્ણોદ્ધાર સ્વર્ગસ્થ પૂ૦ આ૦દેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી સં. ૨૦૧૮થી ચાલુ કરાવી સં. ૨૦૨૭માં પૂ૦ આ૦દેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા થઈ છે. ધર્મશાળામાં રહેવાની સુંદર સગવડ છે. આ તીર્થમાં પધારી એકથી એક ચમત્કારી જિનબિમ્બો તથા મુળનાયક શ્રી મહાવીરસ્વામીના દર્શન કરી જીવન સફળ કરો.

તા. ક. ઘોડાગાડીની વ્યવસ્થા જવા માટે મળી રહેશે.

વ્યવસ્થાપક : શેઠ કલ્યાણજી સૌભાગ્યચંદ જૈન પેઢી, પિંડવાડા (રાજસ્થાન) સ્ટે. સીરોહીરોડ

# વડોદરા–આત્માનંદ જૈન ઉપાશ્રયે અનેરી શાસનપ્રભાવના

પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ૦ સા૦ આદિ ઠાણા ૧૩ ભાવનગરમાં ચૈત્રી ઓળીની સામુદાયિક આરાધના. અંજનશલાકા–પ્રતિષ્ઠા, દીક્ષા, ઉદ્યાપન આદિ શાસનપ્રભાવનાના અનેકવિધ કાર્યો યશસ્વી અને ચિરસ્મરણીય રીતે સુસમ્પન્ન બનાવી ચાતુર્માસાર્થે વડોદરા–આત્માનંદ જૈન ઉપાશ્રયે પધારતાં અનેકવિધ તપારાધના, અનુષ્ઠાનો, ધર્મકાર્યો આદિ અનેરી શાસનપ્રભાવનાપૂર્વક થયા અને થઈ રહ્યા છે. પ્રવેશ દિને ભવ્ય સામૈયું, માંગલિક પ્રવચન, રૂ. ૧૧ની સંઘપૂજા, સમૂહ આયંબિલ અને દરેક પ્રસંગે પ્રભાવના થઈ હતી. ચારે મહિના અખંડ અઠ્ઠમતપ ચાલી રહ્યા છે. વ્યાખ્યાન દરમ્યાન સતત–૩૧ ઉપરાંત સંઘપૂજનો થયા છે.

પૂ. આચાર્યશ્રીના પ્રેરક પ્રવચનથી તેમ જ પૂ. ગણિવર્યશ્રી ઇન્દ્રસેનવિજયજી મ૦ના શ્રાદ્ધગુણ વિવરણ તથા ચંદ્રકેવલી ચરિત્ર પરના વિશદ અને તલસ્પર્શી વ્યાખ્યાનથી ઉપરાંત દર રવિવારે અપાતા જાહેર–પ્રવચનથી ધર્મોલ્લાસનું વાતાવરણ ઉત્તરોત્તર જામતું રહ્યું છે. પૂ૦ આચાર્યશ્રી વ્યાખ્યાન બાદ શ્રી આવશ્યક સૂત્ર (આગમ)ની વાચના આપે છે.

પૂ. આચાર્યશ્રીના શિષ્ય પૂ. ગણિવર્યશ્રી સિંહસેનવિજયજી આદિ ઠા. ૨ કોઠીપોળના ઉપાશ્રયે ચાતુર્માસ પધારતાં. ત્યાં શ્રાદ્ધગુણ વિવરણ અને સુકૃત સાગર પરના દૈનિક વ્યાખ્યાન સાથે અનેકવિધ સામુહિક તપારાધના, પર્યુષણ મહાપર્વની આરાધના–ઉજવણી, તપસ્વીઓની દરેક પ્રસંગે ભક્તિ અને પ્રભાવના પૂર્વક અનુમોદના અને શાસનપ્રભાવનાના અન્યકાર્યો શ્રીસંઘમાં ઉલટભેર થવા પામ્યા છે.

પૂ. આચાર્યશ્રીની આજ્ઞાથી તેઓશ્રીના પ્રશિષ્ય પૂ. મુનિશ્રી હર્ષસેનવિજયજી મામાની પોળના દેરાસરના ઉપાશ્રયે ચાતુર્માસ પધારતાં. ત્યાં પણ વિવિધ સમુહ તપારાધના, પર્યુષણા મહાપર્વની આરાધના વગેરે ખૂબ સારી થઈ છે. વ્યાખ્યાનમાં આતમ પ્રબોધ અને સમરાદિત્ય કેવળી ચરિત્ર વંચાય છે.

પર્યુષણા દરમ્યાન શ્રી સોસાયટીના ઉપાશ્રયે પૂ૦ પંન્યાસશ્રી માનતુંગવિજયજી ગણિએ બારસાસૂત્રનું વાચન કરેલ. કેરાપોળમાં પૂ૦ મુનિશ્રી મુક્તિસેનવિજયજી અને પૂ૦ મુનિશ્રી મલયસેનવિજયજીએ આરાધના કરાવેલ. મુનિશ્રી વિશ્વસેનવિજયજીએ મહાવીર જન્મવાચન કરેલ. મુનિશ્રી મતિસેનવિજયજીએ પણ સુંદર આરાધના કરાવેલ. અલ્કાપુરી અને કારેલીબાગમાં મુનિશ્રી હિતવર્ધન વિજયજી તથા મુનિશ્રી હિરણ્યસેન વિજયજીએ આરાધના કરાવેલ.

પર્યુષણ પૂર્વે શ્રી અરિહંતાદિ સાત પદોની આયંબિલ પૂર્વક આરાધના, દીપકવ્રતના એકાસણા, બ્રહ્મચર્યપદની આરાધના, લુખ્ખી નીવી પાર્શ્વપ્રભુના અખંડ જાપ સાથે અઠ્ઠમની આરાધના, શ્રી સિદ્ધાચલજીના છઠ્ઠ વગેરે સામુહિક તપારાધના થતાં ઘણી જ સારી સંખ્યાં થવા પામી હતી. તપસ્વીઓની ભક્તિ અને પ્રભાવના પણ દરેક પ્રસંગે થઈ.

પર્યુષણ મહાપર્વ પ્રસંગે માસક્ષમણ–૭, ૧૧/૬, ૧૫/૭, સિદ્ધિતપ–૨૦, ભદ્રતપ–૨, અઠ્ઠાઈ–૩૦૦, ચોસઠ પહોરી પૌષધ–૫૫ આદિ તપશ્ચર્યા ઉચ્છરંગપૂર્વક થઈ. પૂ૦ ગણિવર્યશ્રી ઇન્દ્રસેનવિજયજીએ સુંદર શૈલીમાં ગણધરવાદ તથા બારસાસૂત્રનું વાંચન કરેલ. દેવદ્રવ્યાદિની ઉપજ ઘણી સારી થઈ. તપસ્વીઓનો ભવ્ય વરઘોડો, ચૈત્યપરિપાટી વગેરે સુંદર રીતે નીકળેલ. તપસ્વીઓના પારણા અનેક પ્રભાવના કરવા સાથે થયેલ. સાધર્મિકોને અનાજ અપાયેલ. ૨૨૫ જીવોને છોડાવી અભયદાન અપાયેલ. આમ દરેક ક્ષેત્રે શ્રીસંઘે ઉલટભેર લાભ લીધો.

પૂજ્ય આચાર્યશ્રીના પ્રબળ પ્રભાવથી શ્રીસંઘમાં અદ્ભુત ધર્મોલ્લાસ પ્રવર્તી રહ્યો છે વળી, પૂજ્યશ્રીની પ્રેરણાથી આયંબીલશાળા, ભોજનશાળા, ધર્મશાળાદિના શુભ કાર્યો પણ શરૂ થયેલ છે.

શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રયે શ્રીસંઘમાં થયેલ વિવિધ તપસ્યા નિમિત્તે ભક્તામરપૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ધામધુમથી ઉજવાએલ. શ્રી સોસાયટીમાં

શાંતિસ્નાત્ર સહ અઠ્ઠાઈ મહોત્સવ અને મામાની પોળે સિદ્ધચક્રપૂજન સાથે દશાહ્નિકા મહોત્સવ ઉજવાયેલ. પીપળા શેરીમાં સિદ્ધચક્રપૂજન ભણાયેલ.

આમ સમગ્ર વડોદરા વિસ્તારમાં પૂજ્ય આચાર્યશ્રી અને તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યો દ્વારા આ વર્ષે ચાતુર્માસ દરમ્યાન અનેરી આરાધના સહિત શાસન-પ્રભાવનાના વિવિધ કાર્યો યશસ્વી રીતે સાનંદ સમ્પન્ન બન્યા છે.

## ઉપધાનતપ

**આણંદ :** પૂ૦ આ૦ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં અને પૂ૦ ગણિવર્યશ્રી નિરંજનસાગરજી મ૦ની પ્રેરણાથી અત્રે શ્રીસંઘ દ્વારા માગસર વદ ૬, તા. ૧૪-૧૨-૮૪ થી ઉપધાનતપ શરૂ થનાર છે. પૂ૦ ગણિવર્યશ્રી પાલનપુરથી ચાતુર્માસ પૂર્ણ થયે વિહાર કરી માગ. સુદ ૧૧ના આણંદ પધારશે. વદ ૧ ના શ્રી નિકુંજકુમાર બીપીનભાઈ કાપડિયા તરફથી શાંતિ-સ્નાત્ર ભણાશે.

પૂ૦ આચાર્યશ્રીનો માગ. વદ પાંચમના અત્રે ભવ્ય સામૈયાપૂર્વક પ્રવેશ થશે. વદ ૬ ના ઉપધાનતપમાં પ્રવેશ અને જિનાલયની શિલારોપણ વિધિ થશે.

**બાલવાડા (રાજસ્થાન) :** પૂ૦ આ૦ શ્રી વિજય-ભદ્રંકરસૂરિજી મ૦ આદિ ઠાણા ૬ ની નિશ્રામાં સંઘવી પરસમલ સુખરાજ શ્રીમાલ પરિવાર તરફથી આસો સુદ ૧૦ થી ઉપધાનતપ શરૂ થતાં ૯૨ માળવાળા મળી કુલ ૧૬૫ ની સંખ્યા થઈ છે.

**તખતગઢ (રાજસ્થાન) :** પૂ૦ આ૦શ્રી વિજય-સુશીલસૂરિજી મ૦ની નિશ્રામાં શા. ઓટરમલ ભુતાજી પરિવાર તરફથી માગશર વદ ૪ તા. ૧૨-૧૨-૮૪થી ઉપધાનતપ શરૂ થનાર છે.

**પૂના :** શ્રી ગોડી પાર્શ્વનાથ ટેમ્પલ ટ્રસ્ટના ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજમાન પૂ૦ પંન્યાસશ્રી મહાનંદવિજયજી મ૦ની નિશ્રામાં ટ્રસ્ટના ઉપક્રમે શ્રી આદિનાથ સોસાયટી જૈન મંદિરના પ્રાંગણમાં માગસર સુદ ૩થી ઉપધાનતપ શરૂ થનાર છે,

**આગલોડ (ઉ. ગુ.) :** પૂ૦ આ૦શ્રી વિજય-આનંદઘનસૂરિજી મ૦ની નિશ્રામાં અત્રે શ્રી માણીભદ્ર વીર તીર્થમાં માગ. સુદ ૬થી ઉપધાનતપ શરૂ થનાર છે.

## કાંદીવલી-વેસ્ટ (મુંબઇ)

સ્પષ્ટવક્તા મુનિરાજશ્રી સુબોધવિજયજી મ૦ તથા મુનિશ્રી ધુરંધરવિજયજી મ૦ની નિશ્રામાં અત્રે પર્યુષણ પૂર્વે દીપકવ્રતના એકાસણા, અતિથિ સંવિભાવ, અઠ્ઠમ, છઠ્ઠ, નવનિધાનના નવ એકાસણા આદિ સામુહિક તપા-રાધના અને પર્યુષણા પ્રસંગે માસક્ષમણ-૩, અઠ્ઠાઈ-૮૭ અને તે ઉપરની તપસ્યા ૩૦, ઉપરાંત ચોસઠ પહોરી પૌષધ ૬૦, દરેક ખાતામાં ન ધારેલ એવી ઉપજ, તપશ્ચર્યાનો ભવ્ય વરઘોડો સાધર્મિક વાત્સલ્ય, વિવિધ તપશ્ચર્યા નિમિત્તે દશાહ્નિકા મહોત્સવ, આસો માસની શાશ્વતી ઓળીની આરાધના ઇત્યાદિ ઉલ્લાસ-ઉત્સાહ-પૂર્વક થવા સાથે શાસનપ્રભાવનાના અનેકાનેક કાર્યો યશસ્વી-યાદગાર રીતે થયા છે.

## વિસનગરમાં ઉપધાનતપ

પૂજ્ય પં. શ્રી નરદેવસાગરજી મહારાજ આદિની નિશ્રામાં ચાતુર્માસ પ્રવેશથી જ સતત એક પછી એક આરાધના-અનુષ્ઠાનો ઉચ્છરંગભેર થઈ રહ્યા છે. સામુહિક તપારાધના તેમ જ પર્યુષણા મહાપર્વની આરાધના-તપશ્ચર્યા, દેવદ્રવ્યાદિની ઉપજ, ચૈત્યપરિપાટી, રથયાત્રા, સાધર્મિકવાત્સલ્ય વગેરે યાદગાર રીતે થયા છે. ઉપદેશમાળા તથા પાર્શ્વનાથ ચરિત્ર પરના પૂજ્યશ્રીના મનનીય પ્રવચનનો લાભ પણ શ્રીસંઘ ઉલટભેર લઈ રહેલ છે. ઉત્તરોત્તર વધતા આ ધર્મરંગમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી ઉપાધાનતપની આરાધના કરાવવાનો નિર્ણય લેવાતા શ્રીસંઘમાં અમાપ ધર્મોલ્લાસ જાગ્યો છે. આસો સુદ ૧૪થી ઉપધાનતપનો પ્રારંભ થયો છે.


શ્રી જૈન જગતના જાણીતા જૈન ગાયક

**શ્રી મનુભાઇ એચ. પાટણવાળા**

શ્રી જિનેંદ્ર ભક્તિ સંગીતના કાર્યક્રમ માટે ઘરનો નવો ફોન નંબર નોંધી લેશો.

☎ : ૬૨૬૫૦૫

૧૪૫-ડી અરૂણા, નિવાસ, અરવિંદ કોલોની, એસ. વી. રોડ, વિલેપારલે (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૬ ☎ : ૫૭૬૦૨૫

# આચાર્યપદ પ્રદાન-પાલીતાણા

જૈન શાસનની ઝળહળતી જ્યોતમાં અનેક મહાપુરુષો થઈ ગયા, તેમાં વીસમી સદીમાં જૈન શાસનમાં થયેલા પ્રભાવક પુરુષોમાં આગમોદ્ધારકશ્રીનું નામ ગણનાપાત્ર છે એટલું જ નહિ પણ અપેક્ષાએ અનોખું છે.

તેઓશ્રીનું પુણ્ય નામ તો શ્રી આનંદસાગરસૂરીશ્વરજી છે. વળી, શ્રી સાગરાનંદસૂરિજી નામે પણ તેઓશ્રીની ભારતમાં વિલક્ષણ ખ્યાતિ થયેલી છે.

એમ છતાં હસ્તલિખીત તાડપત્રીય ૪૫ આગમોની વ્યવસ્થિત પ્રેસ કોપી કરાવી પ્રેસ મુદ્રણ કરાવવા તેમ જ તે આગમોને ચિરસ્થાયી બનાવવા માટે આરસની શિલામાં પાલીતાણા તેમ જ તામ્રપત્ર ઉપર સુરતમાં કંડરાવીને આગમ મંદિરની સ્થાપના દ્વારા "આગમોદ્ધારક" એ શબ્દ તેઓશ્રીને માટે સ્વતંત્ર અને અનન્ય રહ્યો છે.

આવા પુનિત નામધેય આગમોદ્ધારકશ્રીના લઘુશિષ્યરત્ન પૂ. ઉપાધ્યાયશ્રી સૂર્યોદયસાગરજી મ. તેમ જ પૂ. ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજી મ૦ ના શિષ્યરત્ન પૂ૦ પંન્યાસશ્રી અભયસાગરજી મ૦ અનંત આત્માઓના મુક્તિગમનથી તથા તીર્થંકર પરમાત્માની ચરણરજથી પરમ પવિત્ર બનેલી ભૂમિ શ્રી શત્રુંજય ગિરિરાજની તલેટીને અડીને આવેલ આગમ મંદિરમાં ઠાણા ૧૦ની સાથે બિરાજમાન છે.

અનેકવિધ આગમોની વાચના આદિ ધાર્મિક અનુષ્ઠાનોનું આયોજન ચાલી રહ્યું છે.

પાલીતાણાના બીજા પણ મુખ્યસ્થાનોમાં પૂજ્ય આચાર્યભગવંતોની શુભ નિશ્રામાં ધર્મની સુંદર આરાધનાઓ ચાલી રહી છે. આ સૌની શુભ નિશ્રામાં અનેક આરાધકો વિવિધ ચાતુર્માસિક આરાધના સુંદર રીતે આરાધી રહ્યા છે.

તેમાં પૂજ્ય ઉપાધ્યાયશ્રી સૂર્યોદયસાગરજી મ૦ને આચાર્યપદથી વિભૂષિત કરવા માટે અનેક સંઘો અને ગામોથી વારંવાર વિનંતી તથા તેમના સંસારીપક્ષે મોટા બહેન સાધ્વીશ્રી વિચક્ષણાશ્રીજી મ૦ની અત્યંત નાદુરસ્ત તબિયતના કારણે તેઓના અતિ આગ્રહથી અને પૂ૦ આ૦ શ્રી ચંદ્રસાગરસૂરિજી મ૦ના શિષ્યરત્ન વર્તમાનમાં સાગર સમુદાયના મુખ્ય પૂ૦ આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરિજી મ૦ની આસો વદ ૮ ગુરુવારના રોજ આચાર્યપદ પ્રદાનની આજ્ઞા આવતાં પૂ૦ પં. શ્રી અભયસાગરજી મ૦ તથા પૂ. પં.શ્રી નરેન્દ્રસાગરજી મ૦, પૂ. પં. શ્રી સુશીલસાગરજી ગ૦, પૂ. મુનિશ્રી અમરેન્દ્રસાગરજી મ૦ પૂ૦ મુનિશ્રી નંદિષેણસાગરજી મ૦ આદિની શુભ નિશ્રામાં આસો સુદ ૧૪થી વદ ૯ સુધી વિવિધ પૂજા-પૂજનો સાથે ૧૨ દિવસના આચાર્યપદવી નિમિત્તે મહોત્સવનું આયોજન કરવાનું નક્કી થયું.

મહોત્સવના મંગલમય કાર્યક્રમને જણાવતી ભવ્ય આમંત્રણ પત્રિકા છપાવી ગામો ગામ મોકલવામાં આવી.

આગમમંદિરના ગણધરમંદિરના સામેના વિશાળ ચોકમાં ૭૦×૩૦ ફૂટનો રચના મંડપ, ૧૦×૩૦ ફૂટનો પૂજા મંડપ, ૧૦૦×૧૦૦ ફૂટનો પદવી મંડપ એમ ત્રણ મંડપો બાંધવામાં આવ્યા.

આસો સુદ ૧૪ થી મહોત્સવનો શરૂઆત થતાં શ્રી પ્રવિણચંદ્ર રતનચંદ ઝવેરીના હસ્તે કુંભસ્થાપન કરવામાં આવેલ. આસો સુદ ૧૫ના નવ્વાણું અભિષેક પૂજા અને આસો વદ બીજી ૧ના શ્રી સિદ્ધચક્ર પૂજન ભવ્ય રીતે ભણાએલ.

આસો વદ ૨ ના રોજ રચના મંડપમાં ૨૦×૧૫ ફૂટના સ્ટેજ પર અષ્ટાપદની રચના કરી રંગોળી દ્વારા સાગર ચક્રવર્તીના ૬૦ હજાર પુત્રોએ અષ્ટાપદની રક્ષા માટે કરેલ ઉપાયથી પાતાળ લોકમાં પહોંચેલ ખલેલથી કુપિત થતાં નાગકુમારનું ભવ્ય દૃશ્ય બતાવવામાં આવેલ. બપોરે ૧૧ વાગે અષ્ટાપદજીની પૂજા પ્રારંભ થતાં પૂ૦ પંન્યાસજીએ અનેક પ્રકારના નકશાઓ થી અષ્ટાપદ તીર્થ ક્યા ? તેની સુંદર સમજુતિ આપી હતી.

આસો વદ ત્રીજ, ચોથ અને પાંચમ-ત્રણે દિવસ રચનામંડપમાં એલ્યુમિનીયમના સ્પેશ્યલ સ્ટેન્ડ ઉપર આગમના ૪૫ ચંદરવા-છોડીયા બાંધી ૫॥×૩ ફુટના મોટા પુંઠા પર દરેક આગમની ટૂંક માહિતી આ વાપૂર્વક ૪૫ આગમની સ્થાપના કરવામાં આવેલ અને

૪૫ આગમનું રંગબેરંગી ચોખાથી માંડલું બનાવી શ્રી રૂપવિજયજી કૃત ૪૫ આગમની મોટી પૂજા ભણાવવામાં આવેલ.

આસો વદ ના રોજ રચના મંડપમાં ૩૦ × ૨૫ ફૂટના લાંબા–પહોળા અને ૨ ફુટ ઊંચા વિશાળ સ્ટેજ ઉપર ઊંઝાથી આવેલા જૈન સેવા સમાજના નવયુવકોએ મેરુપર્વત, જંબૂદ્વીપ વગેરે ૭–૭ દ્વીપ–સમુદ્રો રંગોળીથી બતાવવાપૂર્વક શાશ્વતા આઠમા શ્રી નંદીશ્વરદ્વીપની સુંદર રચના કરી હતી. આ જ દિવસે બપોરે ૧ વાગે આ રચના સામે પૂ૦ ગુરુભગવંત દ્વારા સમજૂતી આપવાપૂર્વક શ્રી નંદીશ્વરદ્વીપની પૂજા ભણાવવામાં આવી હતી.

આસો વદ ૭ના સવારે ૯ વાગે ઈન્દ્રધ્વજા ઘોડા, નિશાનડંકા, ૧૨ રીક્ષાઓ, ૫ બગીઓ ૩ રથ દ્વારા ભવ્ય રથયાત્રા નીકળી હતી.

આસો વદ ૮ના રોજ પદવીમંડપમાં સવારે ૮।। વાગે પૂ૦ પં. શ્રી અભયસાગરજી મહારાજે આચાર્ય-પદ આપવાની વિધિનો પ્રારંભ કર્યો. આ શુભ અવસરે પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ૦, પૂ૦ આ૦શ્રી વિજયહેમચંદ્ર-સૂરિજી મ૦ પૂ૦ આ૦શ્રી વિજયઅરિહંતસિદ્ધસૂરિજી મ૦ પૂ૦ આ૦શ્રી વિજયયશોદેવસૂરિજી મ૦ આદિ આચાર્યભગવંતો પધારવા ઉપરાંત ૫૦૦ સાધુ–સાધ્વીજી મહારાજો અને ઘણી જ મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓની ઉપસ્થિતિથી વિશાળ એવો મંડપ પણ સાંકડો પડયો.

પદવી પ્રસંગે નિષદ્યા, સૂરિમંત્ર, સૂરિમંત્રપટ, અક્ષત સ્થાપન વગેરેની ઉછામણી ૨૦ હજાર ઉપર થવા પામી હતી.

નૂતન આચાર્યશ્રીનું નામ આચાર્યશ્રી સૂર્યોદય-સાગરસૂરિ સ્થાપી જાહેર કરવામાં આવેલ.

આચાર્યપદ પ્રદાનની આ વિધિ હર્ષોલ્લાસભર્યા વાતાવરણમાં ૩।। કલાક સુધી ચાલી. પ્રાંતે શ્રીફળની પ્રભાવના થઈ. આ દિવસે પાલીતાણાના સમસ્ત જૈનોનું સાધર્મિકવાત્સલ્ય તેમ જ વિજય મુહૂર્તે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું.

આ પ્રસંગે સ્થાનિક શ્રીસંઘે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેમ જ બહારગામથી–કપડવંજ, લુણા-વાડા, વેજલપુર, અમદાવાદ, મુંબઈ, સુરત, રતલામ, શિવગઢ, બાજણા, મહીદપુર, ઈન્દોર, ઊંઝા, મહેસાણા, ભાવનગર વગેરેથી વિશાળ સંખ્યામાં ગુરુભક્તોએ પધારી શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

**સોનામાં સુગંધ:** પૂ૦ નૂતન આચાર્યશ્રીના ઉપદેશથી થઈ રહેલ આગમોદ્ધારકશ્રીની જન્મભૂમિ કપડવંજમાં, તેઓશ્રીના જન્મસ્થાને થઈ રહેલ આગમો-દ્ધારક સ્મારક અંગે ફંડ થતાં ફકત પાંચ જ મિનિટમાં ૪૦ હજાર જેવી માતબર રકમ એકત્ર થવા પામી હતી.

એકંદરે આ પુણ્ય પ્રસંગ યશસ્વી અને યાદગાર બની રહ્યો.


**શ્રી સિદ્ધક્ષેત્ર જૈન ફ્રી ઔષધાલય**

સંસ્થાનો પબ્લીક ટ્રસ્ટ નં. A ૨૨૭૨, અમદાવાદ છે.

આરીસા ભવન સામે, પાલીતાણા (સૌરાષ્ટ્ર)

સાધુ–સાધ્વીજી તેમજ યાત્રાળુની ભક્તિ ફ્રી થાય છે. બહારગામના તપસ્વીઓને પોસ્ટ ખર્ચ લઈ અણાહારી દવાઓ ફ્રી મોકલાશે.

ઉપરોક્ત સંસ્થામાં સારવાર કરે છે :

શ્રી હર્ષવદનભાઈ પ્રભાશંકરભાઈ

યોજના : રૂ. ૧૦૦૧માં ઓઈલ પેઈન્ટ ફોટો મુકાશે. રૂ. ૧૫૧માં અનામત તિથિ.

લી. નાનુભાઈ વાડીલાલ (અમદાવાદ)

સેક્રેટરીઓ : કાંતિલાલ સાકળચંદ (અમદાવાદ)

વીલાયતીલાલ જૈન (પાલીતાણા)

હેડ ઓફિસ–અમદાવાદ

ટ્રસ્ટીઓ : શ્રી હેમંતલાલ લલ્લુભાઈ

શ્રી શાંતીલાલ નેમચંદ

શ્રી સુમતિલાલ કાંતિલાલ



**લવાજમ બાકી હોય તેઓને મોકલી આપવા વિનંતી છે**

# વેડ ગામે શ્રાવકના ૧૫ ઘરમાં ૩૨ માસક્ષમણ

આગમ આદિ શાસ્ત્રના મર્મજ્ઞ વિદ્દ્વર્ય પૂ૰ મુનિપ્રવરશ્રી જંબૂવિજયજી મહારાજની નિશ્રામાં શ્રાવકોના માત્ર ૧૫ ઘરની વસ્તીવાળા વેડ (તા. સમી, જિ. મહેસાણા) ગામે આ વર્ષે પર્યુષણ પર્વની આરાધનારૂપે ૩૨ ઉપવાસ-૨, ૩૧-૧, માસક્ષમણ-૨૯, ૧૬ ઉપવાસ-૧૮, ૧૦-૩, ૯-૪ અને અઠ્ઠાઈ-૧૬ થતાં; છેલ્લાં પાંચ વર્ષથી પૂજ્ય મુનિપ્રવરશ્રીની શુભ નિશ્રામાં, જુદા જુદા સ્થળે. શ્રાવકોની ઘરની સંખ્યાના પ્રમાણમાં, પર્યુષણા મહાપર્વ પ્રસંગે થતી તપશ્ચર્યા રેકર્ડ સર્જતી આવી છે; એ આ વર્ષે પણ ચાલુ રહી છે.

આ વેડ ગામે. ત્યાંના બુઝર્ગોની જાણ અનુસાર, આજથી આઠેક વર્ષ પૂર્વે માત્ર પૂ૰ મુનિશ્રી ચંદ્રાનંનવિજયજી મ૰નું ચોમાસું થયેલું હતું તે બાદ કરતાં વેડના ઇતિહાસમાં પૂ૰ સાધુમહારાજ તથા પૂ૰ સાધ્વી મહારાજના ચાતુર્માસનો આ પહેલો પ્રસંગ છે. પૂજ્યોના પાવન પગલાંથી નહીંવત સ્પર્શાયેલા આ ક્ષેત્રમાં આવી ઉગ્ર અને મોટી સંખ્યામાં તપશ્ચર્યા થવી એ ઘટના, જેમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે તેમ, ધર્મને સહજપણે પ્રાપ્ત કરી લેવાના સંસ્કાર આ જ પણ ગ્રામ્યજીવનમાં ધબકતા હોવાની પ્રતિતી કરાવે છે.

ભા. સુદ ૮ ના રોજ આ તપસ્વી ભાઈ-બહેનોનું બહુમાન જૈન સંઘના અગ્રણી શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈના વરદ હસ્તે એક સમારંભ યોજીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદથી શેઠશ્રી અરવિંદભાઈ પનાલાલ, શેઠશ્રી અજિતભાઈ ભોળાભાઈ, મુંબઈથી શાહ મનુભાઈ ચંદુલાલ તથા શ્રીયુત વિનુભાઈ કે. શાહ અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા. આજ દિવસે શાહ ઝવેરચંદ ગણેશભાઈ તરફથી તપશ્ચર્યાની ઉજવણી નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ઘણા ઠાઠ અને ભક્તિ ભાવથી ભણાવવામાં આવ્યું હતું. બંને ટાઈમનું સંઘજમણ પણ શાહ જેચંદભાઈ ઝવેરચંદ પરિવાર અને શાહ સુખલાલ ચુનીલાલ તરફથી રાખવામાં આવ્યું હતું. ઉપરાંત, આ દિવસે સમગ્ર વેડ ગામમાં ઘરદીઠ વાસણ તથા મીઠાઈ શેઠ ચંદુલાલ પે.પટલાલ (સમીવાળા) તરફથી વહેંચવામાં આવેલ.


## ૧૦૦ ટકા શુદ્ધ કમલ છાપ કેસર સ્પેશ્યલ ક્વોલીટી

જે સ્પેનથી પણ રંગ, સુગંધ અને ગુણોમાં ઊંચી ક્વોલીટીની ગેરંટી સાથે
૧, ૨, ૩, ૫, અને ૧૦ ગ્રામના સીલબંધ પેકીંગમાં મળે છે.

**રાજસ્થાન ટ્રેડર્સ :** ૨૯૬ સેમ્યુઅલ સ્ટ્રીટ. વડગાદી. મુંબઈ ૪૦૦ ૦૦૩
ફોન : ૩૨ ૭૧ ૧૩

**બ્રાંચ :** ૬૪૨ કટરા, ઈશ્વર ભવન, ખારી બાવલી, દિલ્હી-૬ ફોન : ૨૫૧૯૭૫ : ૨૫૨૪૭૪



# વિજયવલ્લભસૂરિ વિશેષાંક

તા. ૨૭-૧૦-૧૯૮૪ શનિવારના અંકની પૂર્તિ


સ્વ. તંત્રી
શેઠ ગુલાબચંદ દેવચંદ

જૈન
સાપ્તાહિક

: તંત્રી :
વિનોદ ગુલાબચંદ શેઠ

સંપાદક : શ્રી નગીનદાસ જે. શાહ 'વાવડીકર'

# સંપાદકીય નિવેદન

સંસારનો ત્યાગ કરીને ત્યાગધર્મનો સ્વીકાર કરે તે સાધુ. પોતાના અને બીજાના કલ્યાણની સાધના એ એનું જીવનવ્રત. એ માટે જ એ જીવે અને એ માટે જ એ દિન-રાત અપ્રમત્તભાવે પુરુષાર્થ કરે. એ માર્ગને જે દીપાવી જાણે એ સાધુશ્રેષ્ઠ શ્રમણસંઘની અખંડ પરંપરામાં સૈકે સૈકે આવા સાધુશ્રેષ્ઠો, આવા શ્રમણશ્રેષ્ઠો આવતા જ રહ્યા છે, અને જૈન સંસ્કૃતિનું ગૌરવ વધારતા જ રહ્યા છે.

સ્વ. પરમપૂજ્ય આચાર્યપ્રવરશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ આવા જ એક શ્રમણ-શ્રેષ્ઠ સાધુપુરુષ હતા, એટલું જ નહીં, આત્મોપકાર સાથે લોકોપકારના સંખ્યાબંધ સ્તુત્ય કાર્યો પ્રવર્તાવનાર, આ સદીની સંતપરંપરાના, નવયુગ પ્રવર્તક–યુગદ્રષ્ટા, યુગસ્રષ્ટા એવા એક આદર્શ મહાપુરુષ પણ હતા.

આવા મહાપુરુષની પવિત્ર સ્મૃતિમાં 'જૈન' પત્ર દ્વારા વિશેષાંક પ્રગટ કરવાનો અને તેનું સંપાદન મારે સાંભળવાનો નિર્ણય લેવાતાં, એ અમારે માટે આનંદ અને ગૌરવનો વિષય બનેલ છે.

બે વર્ષ બાદ, વિ. સં. ૨૦૪૩માં આ મહાન વિભૂતિની દીક્ષાશતાબ્દી આવી રહી છે. આ પ્રસંગને અનુલક્ષીને, તેઓશ્રી દ્વારા પ્રવર્તાવવામાં આવેલા શાસન-સંઘ-સમાજના કાર્યો વધુ બળવત્તર બને; અને છેલ્લા કેટલાક વર્ષોથી જે નવા નવા, નાના-મોટા, કાર્યો હાથ ધરવામાં આવ્યા છે તે સાકાર બને; અને પૂજ્યપાદશ્રીના આદર્શને અનુરૂપ નવા નવા કાર્યો હાથ ધરવામાં આવે, એવી જે શ્રી સકલ સંઘમાં અને ખાસ કરીને પૂજ્યપાદશ્રીના વિશાળ ભક્તવર્ગમાં ભાવના પ્રવર્તી રહી છે તેને સાકાર બનાવવા અને એ દીક્ષાશતાબ્દીની ઉજવણી અનેક ચિરસ્થાયી કાર્યો દ્વારા યશસ્વી અને સંસ્મરણીય બને તેની પૂર્વભૂમિકારૂપે વિચારણા કરવા આજથી જ આપણે સૌ કોઈ તત્પર બનીએ એવી નમ્ર ભાવના-અપેક્ષા સાથે આ વિશેષાંક પ્રગટ કરી રહ્યા છીએ.

આ વિશેષાંક પ્રગટ કરવાની અમારી ભાવનાને અને તૈયારીને પ્રાણ સીંચનારા અમારા મુરબ્બી શ્રી કાન્તિલાલભાઇ ડી. કોરા સાહેબના અમે આભારી છીએ.

તેમ જ પૂજ્ય આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ૦ સા૦, પૂજ્ય આચાર્યશ્રી વિજયજનકચંદ્રસૂરીશ્વરજી મ૦ સા૦ અને તેઓશ્રીના સમુદાયવર્તી પૂજ્ય મુનિમહારાજો અને સાધ્વીજી મહારાજોએ આ વિશેષાંક પ્રગટ કરવાની અમારી આકાંક્ષાને પરિપૂર્ણ બનાવી અમને કૃતકૃત્ય બનાવ્યા છે, એ ઉપકાર બદલ અમે કૃતાર્થતા અનુભવીએ છીએ.

આ ઉપરાંત, આ કાર્યમાં એક યા બીજી રીતે સહકાર આપનાર દરેક મહાનુભાવોનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

—નગીનદાસ જે. શાહ 'વાવડીકર'
વિનોદ ગુલાબચંદ

# એકતા અને સર્વ કલ્યાણની ઝંખના

આજના તમારા આનંદ, ઉલ્લાસ, ગુરુપ્રેમ, શ્રદ્ધા, ભાવના અને આશીર્વાદ ત્યારે ફળે કે જ્યારે જૈનોમાં એકતા થાય. વર્ષોથી જે સાધુતાનો વેશ મેં પહેર્યો છે, સદ્ગુરુનો જે સંદેશ મેં ઝીલ્યો છે, સમાજનું જે અન્ન મેં ખાધું છે, જે ગુરુ-ભગવંતોનો હું સેવક છું, પંજાબની રક્ષાનું બીડું ઝીલ્યું છે, જે શિક્ષણ-સંસ્થાઓની મેં પ્રેરણા આપી છે, જે સમાજના કલ્યાણની ભાવના મેં વર્ષોથી સેવેલી છે, જે ધર્મના ઉત્થાન માટે હું જીવી રહ્યો છું, તે સર્વની સાર્થકતા ક્યારે થશે? રચનાત્મક ઘનસ્વરૂપમાં તે ક્યારે દેખા દેશે?

સમય પલટાઈ રહ્યો છે; દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અસર વ્યાપક બની રહી છે; લડાઈની ભીષણતા, મોંઘવારી, બેકારી વિગેરેથી સમાજના નૈતિક જીવન પર વ્યાપક અસર થઈ રહી છે; આવા સમયમાં જૈન સમાજનાં સંસ્થાઓ, મંદિરો, ઉપાશ્રયો, સાધુ-સાધ્વીઓ તેમ જ બીજાં ઉપયોગી અંગોની સંભાળ કોણ લેશે? કરોડો કમાવાથી કે લાખો જમા કરવાથી જીવનની સાર્થકતા નથી થતી. જીવનમાં પારકા માટે, સમાજ, દેશ, અને ધર્મ માટે શું કર્યું, એ જ મહત્ત્વનું છે. આ જ વસ્તુ સાથે આવશે. આ મારી ભાવના છે: જગતના સર્વ જીવો સુખી થાવ. સર્વનું કલ્યાણ થાવ. પ્રત્યેકના જીવનમાં આ ભાવના પ્રદીપ્ત થાવ.

બિકાનેર;
વિ. સં. ૨૦૦૧,
ભાઈબીજ.

—આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી
(આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ)

# શ્રી વલ્લભ ગુરુ સંક્ષિપ્ત ચરિત્ર સ્તુતિ

રચયિતા : આગમપ્રભાકર પૂજ્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ

बाल्यभावात्तदीक्षाय आबाल्यब्रह्मचारिणे ।
ब्रह्मतेजोऽलङ्कृताय नमो वल्लभसूरये ॥१॥

આલ્યકાળથી સુસંસ્કારને પામેલા, આજીવન બ્રહ્મચારી, આત્મિક તેજપુંજથી અલંકૃત શ્રી વલ્લભસૂરિ મહારાજને નમસ્કાર થાઓ. ૧

विजयानन्दसूरीन्द्रपादसेवाप्रभावतः ।
प्राप्तज्ञानादिकौशल्यः जयतात् सूरिवल्लभः ॥२॥

શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજના ચરણની સેવાના અનુગ્રહથી જ્ઞાનાદિ કુશલતા યુક્ત શ્રી વિજયવલ્લભસૂરિ મહારાજ જય પામો. ૨

शान्तो धीरः स्थितप्रज्ञो दीर्घदर्शी जितेन्द्रीयः ।
प्रतिभावानुदारश्च जयताद् गुरुवल्लभः ॥३॥

સૌમ્યમૂર્તિ, ધૈર્યશાલી, સમયોચિત કાર્યને કરનારા, ભાવિ સમાજની નાડીને પારખનારા દીર્ઘદર્શી, ઇન્દ્રિયોના વિજેતા, અત્યંત પ્રતિભાશાલી અને ઉદાર હૃદયવાળા શ્રી ગુરુવલ્લભ જય પામો. ૩

ज्ञातं श्रीवीरधर्मस्य रहस्यं येन वास्तवम् ।
धारितं पालितं चापि जयतात् सूरिवल्लभः ॥४॥

જેઓએ શ્રી મહાવીર પ્રભુના સિદ્ધાંતોના રહસ્યને જાણ્યું, ધારણ કર્યું અને પાલન પણ કર્યું તે શ્રી વલ્લભસૂરિ મહારાજ જય પામો. ૪

श्रीवीरोक्तद्रव्यक्षेत्रकालभावज्ञशेखरः ।
अतज्ज्ञतन्मार्गदर्शी जयताद् गुरुवल्लभः ॥५॥

શ્રી મહાવીર પ્રભુએ કહેલા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને જાણવામાં પંડિત શિરોમણી, અજ્ઞાની જીવોને માર્ગદર્શન આપનારા શ્રી ગુરુવલ્લભ જય પામો. ૫


પરમારક્ષત્રિયોદ્ધારક પૂ૦ આ૦શ્રી વિજયઈન્દ્રદિન્નસૂરિજી
મહારાજ સાહેબની પ્રેરણાથી સ્થાપિત

**શ્રી પરમાર ક્ષત્રિય જૈન સેવા સમાજ**

કાર્યક્ષેત્ર : પાવાગઢ તીર્થ (જિ. પંચમહાલ)

ઓફિસ : C/o. શ્રી ભીખુભાઈ જવાનમલ શાહ [ફોન : ૨૨૯ ]

C/o. જીતેન્દ્ર એન્ડ કંપની, નવાબજાર, વડોદરા–૩૯૦ ૦૦૧

जागरुकः सदा जैनशासनस्योन्नतिकृते ।
सर्वात्मना प्रयतिता जयतात् सूरिवल्लभः ॥६॥

જિનશાસનની ઉન્નતિ કરવામાં હમેશાં સાવધાન, સર્વપ્રકારે પુરુષાર્થ કરવાવાળા શ્રી વલ્લભસૂરિ મહારાજ જય પામો. ૬

जैनविद्यार्थीसज्ज्ञानवृद्ध्यै विद्यालयादिकाः ।
संस्थाः संस्थापिता येन जयताद् गुरुवल्लभः ॥७॥

જૈન વિદ્યાર્થીઓના સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ માટે વિદ્યાલયાદિ સંસ્થાઓને સ્થાપન કરનારા શ્રી ગુરુવલ્લભ જય પામો. ૭

पाञ्जलजैनजनताधारस्तद्धितचिन्तकः ।
तद्रक्षाकारी प्राणान्ते जयतात् सूरिवल्लभः ॥८॥

પંજાબના જૈન સમાજના સ્થંભરૂપ, તેઓના હિતને ચિંતવવાવાળા, પ્રાણના ભોગે પણ તેઓની રક્ષા કરનારા શ્રી વલ્લભસૂરિ મહારાજ જય પામો. ૮

साधर्मिकोद्धारकृते पञ्चलक्षीमसूत्रयत ।
रुप्याणां मुम्बईसङ्घाद् जयताद् गुरुवल्लभः ॥९॥

સાધર્મિકોના ઉદ્ધાર માટે જેમણે મુંબઈના સંઘ પાસેથી પાંચ લાખ રૂપિયા એકઠા કરાવ્યા હતા તે ગુરુવલ્લભ જય પામો. ૯

विजयानन्दसूरीशहृद्गता विश्वकामनाः ।
प्रोद्भविता यथ शक्ति जयतात् सूरिवल्लभः ॥१०॥

શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના હૃદયમાં રહેલી સમગ્ર ઈચ્છાઓને યથાશક્તિ જેમણે પ્રકાશિત કરી તે શ્રી વલ્લભસૂરિ મહારાજ જય પામો. ૧૦

जीवनं जीवितं चारु चारित्रं चारु पालितम् ।
कार्यं चारु कृतं येन जयताद् गुरुवल्लभः ॥११॥

જેઓશ્રી ઉત્તમ જીવન જીવ્યા, અપ્રમત્ત ભાવે ચારિત્રનું પાલન કર્યું, જેમના વડે કાર્યો પણ સુંદર કરાયા તેવા શ્રી ગુરુવલ્લભ જય પામો. ૧૧

અનુવાદકર્તા : સાધ્વીજી શ્રી ઓંકારશ્રીજી મ૦; વાલકેશ્વર, મુંબઈ.


## શ્રી આત્મવલ્લભ જૈન સ્મારક શિક્ષણ નિધિ

દિલ્હી : ૨/૮૨, રૂપનગર, દિલ્લી-૧૧૦ ૦૦૭

મુંબઈ: C/o. શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૩૬

# એક અગત્યનો ખુલાસો

"સુખનો સિંધુ, કલિકાલ કલ્પતરૂ યાને શ્રાવક કર્તવ્યદર્શન" નામે એક પુસ્તક કે જે આચાર્યશ્રી વિજયસોમચંદ્રસૂરિ મહારાજે લખેલ છે, એ પુસ્તકમાં નવાંગી ગુરુપૂજન અંગે કેટલીક વાતો લખવામાં આવી છે. ખાસ તો, આ પુસ્તકના ૨૫૩મા પાના ઉપર એક અસત્ય હકીકત રજૂ કરવામાં આવી છે: "આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે રાતા મહાવીરજી તીર્થમાં નવાંગી ગુરુપૂજા કરાવી છે."

આ બાબતમાં સ્પષ્ટતા કરવાની કે, પૂજ્યપાદ ગુરુદેવશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબે રાતા મહાવીરજી તીર્થમાં કે અન્ય કોઈ પણ સ્થળે ને કોઈ પણ સમયે પોતાનું નવાંગી પૂજન કરાવ્યું નથી, એટલું જ નહીં, આ નવાંગી ગુરુપૂજનની વાતને નાપસંદ કરવા સાથે અમારા સમુદાયને આવા ગુરુપૂજનોથી વેગળા રહેવા સૂચના અનુરોધ પણ કરેલ છે. તો ચતુર્વિધ શ્રીસંઘને આવા અસત્ય અને અનુચિત લખાણો-વાતોથી ચેતતા રહેવા અને ગેરમાર્ગે ન દોરાવા ભલામણ છે.

—આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિજી મહારાજ

—આચાર્યશ્રી વિજયજનકચંદ્રસૂરિજી મહારાજ

# વિચારપ્રેરક મનનીય પ્રવચનો

[ વિ. સં. ૨૦૨૭ મહા વદિ ૧૨ના મુંબઈ–ભાયખલામાં શેઠ મોતીશા જૈન દેરાસરના પટાંગણમાં પરમપૂજ્ય શાંતમૂર્તિ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ તથા પરમપૂજ્ય આગમપ્રભાકર, શ્રતશીલવારિધિ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે આપેલા પ્રવચનો ચતુર્વિધ શ્રીસંઘ માટે વાંચવા–વિચારવા–મનન કરવા યોગ્ય હોય તેમ જ યુગવીર આચાર્યશ્રીના સંદેશને વહનકર્તા હોય; વળી, તાજેતરના વર્ષોમાં સાધ્વીજી મહારાજોની વધતી જતી સંખ્યા માટે, તેઓશ્રીના અને શ્રીસંઘના ઉત્કર્ષ–વિકાસ માટે એ વિચારવું જરૂરી હોય; આ મહત્ત્વનાં બંને પ્રવચનો અત્રે પ્રગટ કરીએ છીએ. —સંપાદક ]

## મારી ભાવના

પ્રવચનકાર : પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ

હું અવસ્થાથી વૃદ્ધ છું શરીર પણ પોતાના ધર્મ મુજબ અસ્વસ્થ તથા અશક્ત બની રહ્યું છે, આમ છતાં આપ સહુની સદ્‌ભાવનાથી અને ગુરુદેવ પ્રત્યેની ભક્તિથી ઉત્સાહિત છું.

મારા મનમાં જે બાબતો અંગે વારંવાર વિચારો આવતા રહે છે એ બાબતો આ છે: (૧) આપણા સાધુ-જીવનની શુદ્ધિને માટે વિશેષ જાગ્રત રહેવાની જરૂર, અને (૨) આપણા સાધ્વીસંઘના વિકાસ માટે વિશેષ પ્રયત્નશીલ થવાની અનિવાર્યતા.

### સાધુજીવનની શુદ્ધિ

શ્રમણ–શ્રમણીસંઘના આચારની ભૂમિકા જે રીતે નીચી જઈ રહી છે અને સાધુ–સાધ્વીજીવનમાં શિથિલતાને જે આશ્રય મળી રહ્યો છે તે, આપણા અહિંસા–સંયમ-તપ–પ્રધાન, ત્યાગ-વૈરાગ્યના અખંડ તેમ જ ઉત્કટ પાલન ઉપર આધારિત ધર્મના ભવિષ્યને માટે કંઈક ચિંતા ઉપજાવે એવો છે. હું તો શ્રીસંઘનો એક નમ્રાતિનમ્ર સેવક છું, એટલે આ બાબતમાં વધારે કહેવું મને ઉચિત નથી લાગતું. મારી તો એટલી જ પ્રાર્થના છે કે આપણા સંઘના નાયક પૂજ્ય આચાર્ય મહારાજ આદિ આ બાબતમાં વિચાર-વિમર્શ કરે અને આ દિશામાં શ્રીસંઘને સમુચિત માર્ગદર્શન કરાવે. અમારા સમુદાયનાં સાધુ–સાધ્વીઓને મારી ભારપૂર્વક ભલામણ છે કે તેઓ પોતાની સંયમયાત્રામાં વિશેષ જાગ્રત રહે અને પોતાની જરૂરિયાતોને એટલી મર્યાદામાં રાખે કે જેથી દોષપોષણને કોઈ અવકાશ રહેવા ન પામે આ બાબતમાં આટલો ઈશારો જ બસ છે.

### સાધ્વીસંઘનો વિકાસ

બીજી વાત છે આપણા સાધ્વીસંઘના વિકાસની. ભગવાન મહાવીરે નારીસમુદાયની શક્તિને પિછાનીને એને મોક્ષનો પૂરો અધિકાર આપવા સાથે પોતાના સંઘમાં આદરભર્યું સ્થાન આપ્યું હતું.

આ જ તથ્યને ધ્યાનમાં લઈને આપણા યુગદર્શી પરમઉપકારી પૂજ્યપાદ ગુરુદેવે (આચાર્ય શ્રી વિજય-વલ્લભસૂરીશ્વરજી મહારાજે) પોતાના આજ્ઞાવર્તી સાધ્વી સમુદાયને શાસ્ત્રાધ્યયન, શાસ્ત્રવાચન તેમ જ ધર્મોપદેશની જે અનુજ્ઞા આપી હતી એનું સુપરિણામ સ્વ. પ્રવર્તિની સાધ્વીજી શ્રી દેવશ્રીજી, સ્વ. પ્રવર્તિની સાધ્વીજી શ્રી દાનશ્રીજી તેમ જ એમની શિષ્યા સ્વ૦ પ્રવર્તિની સાધ્વીજી શ્રી માણેકશ્રીજી તથા સાધ્વીજી શ્રી દમયંતીશ્રીજી, કુસુમશ્રીજી, વિદ્યાશ્રીજી, વિનયશ્રીજી પુણ્યશ્રીજી, પુષ્પાશ્રીજી જશવંતશ્રીજી, ૐકારશ્રીજી, અને મૃગાવતીશ્રીજી વગેરે તેજસ્વી વિદૂષી અને ધર્મપ્રવચનનિપુણ સાધ્વીઓરૂપે શ્રીસંઘની સામે મોજૂદ છે. ગુરુદેવના આ ઉપકારને શ્રીસંઘ કયારેય નહીં ભૂલી શકે.

મારી ભાવના છે કે વિકાસની આવી તક આપણા સમસ્ત સાધ્વીસંઘને આપવામાં આવે અને એમના અધ્યયનને માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે. આપણા યુગના શાસનપ્રભાવક, આગમોદ્ધારક પરમપૂજ્ય આચાર્ય

દેવ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં સાધ્વીજી શ્રી રંજનશ્રીજીના ઉપદેશથી શ્રી સમ્મેતશિખર મહાતીર્થનો ઉદ્ધાર થયો હતો. તીર્થોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના સમુદાયની વિદુષી સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજીએ અમદાવાદમાં ચોમાસુ કરીને કોલેજની વિદ્યાર્થિનીઓ તથા બહેનો માટે જ્ઞાનશિબિર ચલાવીને જૈનધર્મનાં તત્ત્વોનો પ્રચાર કર્યો અને વ્યાખ્યાનો આપ્યાં. ખરતરગચ્છમાં સાધ્વીજી શ્રી વિચક્ષણશ્રીજી પોતાની વિદ્વત્તા અને પ્રવચનશક્તિથી લોકોપકારનું મોટું કામ કરી રહી છે. સાધ્વીજી શ્રી 'સૂર્યશિશુ,' એટલે કે મયણાશ્રીજીએ પણ ઘણો વિકાસ કર્યો છે સ્થાનકવાસી તથા તેરાપંથી સંઘમાં પણ સાધ્વીઓ બહુ પ્રભાવશાળી છે. આ બધાં સાધ્વીરત્નોથી ઉત્સાહિત થઈને શ્રીસંઘે સાધ્વીસંઘના વિકાસ માટે પૂરી વ્યવસ્થા કરવી જોઈએ.

### એક જરૂરી ખુલાસો

પરમપૂજ્ય સ્વર્ગસ્થ ગુરુદેવ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના એક પ્રાચીન અભિપ્રાયને આધારે સાધ્વીઓના વ્યાખ્યાન તથા કલ્પસૂત્ર આદિના વાચનની બાબતમાં જે વિરોધ કરવામાં આવે છે, એ સંબંધી ખુલાસો કરવાની જરૂર છે. આ સંબંધમાં મેં આગમપ્રભાકર, શ્રુતશીલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની સાથે જે પરામર્શ કર્યો છે, એને આધારે મારું એટલું જ કહેવું છે કે—જે આચાર્યો તેમ જ મુનિભગવંતો તથા શ્રાવકમહાનુભાવો સ્વર્ગસ્થ ગુરુદેવના એ કથનને લઈને સાધ્વીઓના વ્યાખ્યાન અને કલ્પસૂત્ર આદિના વાચનનો વિરોધ કરે છે, તેઓ ગુરુદેવે, સમયની ગતિને અને યુગની આવશ્યકતાને પારખીને, પોતાની હયાતી દરમ્યાન જ આ દિશામાં જે પ્રત્યક્ષ કાર્ય કરી બતાવ્યું હતું અને પોતાના સાધ્વીસમુદાયને વ્યાખ્યાન આપવાની અને કલ્પસૂત્ર-બારસાસૂત્ર-વાચન આદિની જે અનુમતિ આપી હતી, એ વાતને પણ ધ્યાનમાં લેવાનું કષ્ટ કરે.

મારા આ સમગ્ર કથનનો સાર એ જ કે શ્રીસંઘનો અભ્યુદય જે રીતે થાય એ રીતે શ્રીસંઘ સદાય પ્રયત્નશીલ રહે. આ જ મારી ભાવના છે.


સમયદર્શી ગુરુવર
વિજયવલ્લભસૂરિજી
મહારાજને
સાદર વંદના હો!

પારસમલ

મે. પુખરાજજી કપૂરચંદજી

શત્રુંજય દર્શન, ભાયખલા, મુંબઈ-૨૭

શ્રી મરૂદેવામાતા મહિલા સમાજ કેન્દ્ર સંચાલિત શ્રી મેનાબેન કાળીદાસ ઝવેરી જૈન ઉદ્યોગગૃહ દ્વારા તાજેતરમાં જે=શ્રી આત્મ-વલ્લભ-સમુદ્ર સાધર્મિક સહાયક ફંડ યોજના પૂ૦ આ૦ શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિજી મ૦ સા૦ના આશીર્વાદથી અને પૂ૦ પં. શ્રી પૂર્ણાનંદવિજયજી (કુમારશ્રમણ) મ૦ સા૦ની પ્રેરણાથી પ્રારંભ થઈ છે; અને તે યોજના દ્વારા સાધર્મિકોને સંસ્થા તરફથી ગુપ્ત રાહત આપવામાં આવે છે.

સરનામું: દેવકરણ મુળજી જૈન દેરાસર વાડી રૂમ નં. ૫,
આનંદ રોડ મલાડ-વેસ્ટ, મુંબઈ ૪૦૦ ૦૬૪

## જૈનધર્મની અનેકાંતદૃષ્ટિ

જૈનધર્મની દૃષ્ટિ હમેશાં અનેકાંતવાદી રહી છે. એટલે તાત્ત્વિક કે આચારને લગતી કોઈ પણ બાબતમાં એકાંત આગ્રહ ધરાવવો એ જૈનધર્મની દૃષ્ટિથી વિરુદ્ધ છે. આ જ વાત સાધુજીવનના આચાર માટે નક્કી કરવામાં આવેલ વિધિ-નિષેધોની ઉપયોગિતા કે અનુપયોગિતાનો કે એના સારાસારપણાનો વિવેક કરતી વખતે પણ ખ્યાલમાં રાખવાની હોય છે; કારણ કે એમ થાય તો જ એનાથી સંયમયાત્રાને નિરાકુલપણે આગળ વધારવામાં, ધર્મની પ્રભાવના કરવામાં અને શ્રીસંઘનો અભ્યુદય સાધવામાં સાચો લાભ મેળવી શકાય. આજે જે વિધિ-નિષેધો કાર્યસાધક અને લાભકારક લાગતા હોય, તે પલટાયેલા દેશકાળમાં લાભકારક બનતાં અટકી જાય એવું પણ બને; અને તેથી એમાં વિવેકપૂર્વક ફેરફાર કરવાનું પણ જરૂરી થઈ પડે. જૈનદર્શનની અનેકાંતદૃષ્ટિનો આ જ સાર અને ઉપયોગ છે. અને એટલા માટે જૈન સંઘને આ રીતે માર્ગદર્શન કરાવવું તે આચાર્યભગવંતો આદિ સંઘનાયકોનું કાર્ય છે. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે, શાસનના લાભાલાભનો વિચાર કરીને, આપણા સાધ્વીસંઘના વિકાસ માટે શાસ્ત્રાભ્યાસ વગેરેની જે અનુજ્ઞા આપી હતી તે આ દૃષ્ટિએ જ આપી હતી; અને એ રીતે તેઓએ પોતાના સંઘનાયકપદનો શ્રીસંઘના અભ્યુદય માટે ઉપયોગ કર્યો હતો.

## વિધિ-નિષેધનો એક દાખલો

શાસ્ત્રોમાં કહેવામાં આવેલ વિધિ-નિષેધોનો દેશ-કાળના અનુસંધાનમાં વિચાર કરવામાં આવે એ જરૂરી છે. અને જો એ રીતે વિચાર કરવામાં આવે તો આજે જે બાબત કરવા જેવી લાગતી હોય તેમાં બદલાયેલા દેશ-કાળમાં ફેરફાર કરવાનું જરૂરી લાગે; અને ક્યારેક એવી પણ પરિસ્થિતિ ઊભી થાય કે એક કાળે જે બાબતમાં ફેરફાર કરવામાં આવ્યો હોય, તે ફેરફારને જતો કરીને ફરી પાછા મૂળ નિયમને અપનાવવાનું જરૂરી થઈ જાય. આ અંગે એક દાખલો ધ્યાનમાં લઈએ તો આ વાત વધુ સ્પષ્ટપણે સમજી શકાશે. સોળમાં સૈકામાં જ્યારે શ્રી આનંદવિમળ ગણિએ એ જોયું કે મોગલોનાં જાતજાતનાં આક્રમણોના કારણે અત્યારે નાની એટલે કે યુવાન ઉંમરની બહેનોની આબરૂની સલામતી જોખમમાં આવી પડી છે, ત્યારે તેઓએ. તે વખતની પરિસ્થિતિની ગંભીરતા પારખીને, શ્રીસંઘને એવો આદેશ આપ્યો કે પાંત્રીસ વર્ષથી નાની ઉંમરની બહેનને ભાગવતી દીક્ષા ન આપવી અને જ્યારે તેઓને લાગ્યું કે હવે આવો ભય દૂર થયો છે ત્યારે આ આદેશને પાછો ખેંચી લીધો હતો. આનું નામ જ શાસ્ત્રોના વિધિ-નિષેધોનો વિવેકપૂર્વક ઉપયોગ ગણાય, જે જૈનદર્શનની સ્યાદ્વાદ-શૈલી કે અનેકાંતદૃષ્ટિ સાથે સુસંગત છે. શિયાળામાં જે ગરમ અને જાડાં કપડાં જરૂરી થઈ પડે છે, એ જ કપડાંને બદલે ઉનાળામાં ઝીણા અને સુતરાઉ કપડાંનો ઉપયોગ કરવામાં આવે છે, એવી જ સહેજે સમજાય એવી આ બાબત છે.

## સાધ્વીઓને વ્યાખ્યાનની અનુમતિ સંબંધમાં

આચાર્ય ભગવાને (આચાર્ય શ્રી વિજયવલ્લભ-સૂરિજી મહારાજે) એક કાળે, શાસ્ત્રના એક આદેશને ધ્યાનમાં લઈને, સાધ્વીઓના વ્યાખ્યાનનો અને કલ્પ-સૂત્રના વાચનનો નિષેધ કર્યો હતો, અને પછી બદલાયેલી પરિસ્થિતિનો અને લાભાલાભનો તેમ જ સાધ્વી-સમુદાયના વિકાસનો વિચાર કરીને તેઓએ પોતે જ એની પોતાના આજ્ઞાવર્તી સાધ્વીસમુદાયને અનુમતિ આપી હતી. આ વાતનું મહત્ત્વ સૌ કોઈએ આ દૃષ્ટિએ અવધારવું ઘટે. આચાર્ય મહારાજની સમયજ્ઞતા એવી વિવેકભરી અને જાગૃત હતી કે જો એમને એમ લાગ્યું હોત કે સાધ્વીવર્ગને આવી છૂટ આપવાથી શાસનને નુકશાન થવાનો સંભવ છે, તો આ છૂટને પાછી ખેંચી લેતાં તેઓ ખમચાત નહીં. પણ તેઓએ આવું કોઈ પગલું ભર્યું ન હતું. એટલે આપણા સાધ્વીસંઘને શ્રાવકસંઘની સમક્ષ પણ વ્યાખ્યાન આપવાની તેમ જ એને કલ્પસૂત્રનું વાચન કરવાની જે અનુમતિ તેઓએ આપી હતી તેથી એકંદરે જૈન સંઘને લાભ જ થયો છે.

અત્યારે આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજે આપ સૌની સમક્ષ જે વાત મૂકી છે તેનું હાર્દ આ જ છે; અને શ્રીસંઘ એને આ દૃષ્ટિએ જ સમજશે અને અપનાવશે તો તેથી ઘણો લાભ થશે. આની સામે 'શ્રાવકસંઘ સમક્ષ વ્યાખ્યાન વાંચનાર સાધ્વીને નટીની ઉપમા આપવામાં આવી છે,' એનો ભાવ પણ સમજવાની જરૂર છે, જેથી ખોટી વાતને પોષણ આપ્યાના દોષથી બચી શકાય. આ વાતનો ખુલાસો એ છે કે જે સાધ્વી પોતાના ગુરુની આજ્ઞા મેળવ્યા વગર જ, પોતાની મેળે જ, શ્રાવકસંઘ સમક્ષ વ્યાખ્યાન આપે છે તેને આવી ઉપમા આપવામાં આવી છે. અમારા સમુદાયનાં સાધ્વીજીઓ શ્રાવકસંઘ સમક્ષ વ્યાખ્યાનો આપવાની તેમ જ કલ્પસૂત્ર આદિનું વાચન કરવાની જે પ્રવૃત્તિ કરે છે તે પોતાના આચાર્યદેવની અનુમતિથી જ કરે છે, તેથી એમને આ દોષ લાગતો નથી, એટલું જ નહીં, એથી એમની બુદ્ધિશક્તિ અને વિદ્વત્તામાં એકંદરે વધારો જ થયો છે. એટલે આચાર્ય ભગવાનના એકાદ જૂના કથનને આગળ કરીને આવો વિરોધ કરવો ઉચિત નથી.

## સ્વપ્નાંની બોલીની આવકનો પ્રશ્ન

સ્વપ્નાંની બોલીની આવક કેવળ દેવદ્રવ્યમાં જ કે સાધારણ આદિમાં જ લઈ જવી જોઈએ એવો એકાંત આગ્રહ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી ધરાવતા ન હતા, એની પાછળ પોતાના ગુરુઓ અને વડીલોના મંતવ્ય અને આદેશનું બળ રહેલું હતું. તેઓએ વિ. સં. ૧૯૪૩માં રાધનપુરમાં, આચાર્ય ભગવાન શ્રી વિજયાનંદસૂરિજી (આત્મારામજી) મહારાજ પાસે દીક્ષા લીધી તે વર્ષમાં, આચાર્ય શ્રી આત્મારામજી મહારાજના માર્ગદર્શન મુજબ, રાધનપુરના શ્રીસંઘે સ્વપ્નાંની બોલીની આવક સાધારણ ખાતે લઈ જવાનો ઠરાવ કર્યો હતો, જે શ્રીસંઘના ચોપડામાં નોંધી લેવામાં આવ્યો હતો. જેઓ સ્વપ્નાંની બોલીની આવક દેવદ્રવ્યમાં જ લઈ જવાનો આગ્રહ ધરાવે છે, તેઓએ આ ચોપડો ગુમ કરાવી દીધો છે! ચોપડો ભલે ગુમ કર્યો, પણ તેથી એ ચોપડામાં લખેલી વાત જ ગુમ થાય, એ બનવા જોગ નથી. વળી, ચોપડાના આ ઠરાવનો ઉતારો આચાર્ય શ્રી વલ્લભસૂરીશ્વરજી મહારાજે "નવયુગનિર્માતા" નામે હિંદીમાં લખેલ આચાર્યદેવ શ્રી આત્મારામજી મહારાજના ચરિત્રમાં (પૃ૦ ૩૩૨-૩૩૩) છપાઈ રહેલો છે. પોતાના મમતથી દોરવાઈને મૂળ દસ્તાવેજને જ આ રીતે ગુમ કરી દેવા છતાં બીજા મહાવ્રત (સત્યવ્રત)નું પાલન કેવી રીતે થઈ શકતું હશે ભલા ?

શ્રી આત્મારામજી મહારાજના માર્ગદર્શન મુજબ પંજાબમાં સ્વપ્નાંની બોલીની આવકનો ઉપયોગ જૈન પાઠશાળાઓ ચલાવવાના ખર્ચમાં કરવામાં આવતો હતો. એ જ રીતે વળાના શ્રીસંઘે પણ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની સલાહ મુજબ સ્વપ્નાંની બોલીની આવક સાધારણ ખાતે લઈ જવાનું નક્કી કર્યું હતું.

અહીં એ વાત ધ્યાનમાં રાખવાની છે કે સ્વપ્નાંની બોલી બોલવાની પ્રથા ચારસો-સાડાચારસો વર્ષ જેટલી જ જૂની છે

## મુનિસમ્મેલનના ઠરાવ અંગે ખુલાસો

વિ૦ સં૦ ૧૯૯૦માં અમદાવાદમાં મુનિસમ્મેલને સ્વપ્નાંની બોલીની આવક દેવદ્રવ્ય ખાતે લઈ જવાનો ઠરાવ કર્યો હતો; અને મુનિસમ્મેલને તૈયાર કરેલ પટ્ટકમાં આચાર્ય ભગવાને (શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે) પણ સહી કરી હતી. આ હકીકતને આગળ કરીને એમ પૂછવામાં આવે છે કે આચાર્ય મહારાજે મુનિસમ્મેલનના પટ્ટકમાં સહી કરેલી હોવા છતાં તેઓ, એથી જુદી રીતે વર્તીને, સ્વપ્નાંની બોલીની આવકને દેવદ્રવ્ય સિવાયના ખાતામાં લઈ જવાનું કેવી રીતે કહી શકે? આનો એક ખુલાસો એ છે કે શ્રીસંઘમાં પ્રવર્તતા અનિચ્છનીય વાતાવરણને દૂર કરવા માટે મુનિસમ્મેલને અનેક નિર્ણયોરૂપે જે પટ્ટક તૈયાર કર્યો હતો, તેનો અમલ કરવાની જવાબદારી કોઈએ નિભાવી નથી. અને એનો બીજો પાયાનો ખુલાસો એ છે કે સમ્મેલનમાં સ્વપ્નાંની બોલીની બધી આવક દેવદ્રવ્ય ખાતે લઈ જવાનો આગ્રહ કરવામાં આવ્યો ત્યારે શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે એ વાત સ્પષ્ટતા પૂર્વક કરેલી કે પંજાબમાં ઠેર ઠેર જૈન પાઠશાળાઓ ચાલે છે. તેના ખર્ચને સ્વપ્નાંની બોલીની આવકથી જ પહોંચી શકાય છે. હવે જો સ્વપ્નાંની બોલીની આવક પંજાબમાં દેવદ્રવ્ય ખાતે જ લઈ જવામાં આવે તો એ પાઠશાળાઓના ખર્ચને કેવી રીતે પૂરું કરવું એ સવાલ છે. આ માટે કાં તો એવું મોટું ભંડોળ આપસોની પ્રેરણાથી એકત્ર થવું જોઈએ કે જેના વ્યાજની આવકમાંથી આ ખર્ચને

# સુઅવસરનું સ્વાગત કરીએ

*** પૂજ્ય આચાર્યશ્રી વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ ***

પ્રાતઃસ્મરણીય પુજ્ય ગુરુદેવશ્રી વિજયવલ્લભસુરીશ્વરજી મહારાજનો ઉપકાર માત્ર મારા કે અમારા સમુદાય કે જૈન સમાજ ઉપર જ નહીં, સારીય માનવજાત ઉપર પણ રહ્યો છે. તેઓશ્રી આ સેકાની સંતપરંપરાના યુગપુરુષ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીએ એક મહાન આચાર્યની જેમ સંઘનું સુસંચાલન કર્યું હતું. તેઓશ્રીએ શ્રીસંઘની પ્રગતિ માટે અનેક શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરી હતી. તેઓશ્રી ક્રાંતિકારી યુગદ્રષ્ટા હતા. તેઓશ્રી દ્વારા વિશ્વ વિભૂતિનું વિરાટ સ્વરૂપ લોકોને નિરખવા મળ્યું આ જ કારણે જૈન જ નહીં પરંતુ જૈનેતર લોકો પણ તેમનાથી પ્રભાવિત થયા. હિન્દુ, મુસ્લિમ, શિખ, ઈસાઈ વગેરે તેમના ચરણોમાં શ્રદ્ધાવાન બન્યા હતા. અનેક ભાગ્યશાળીઓ તેઓશ્રીનો સમાગમ પામી શાકાહારી અને નિર્વ્યસની બન્યા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા શાસનપ્રભાવનાના અનેક કાર્યો સુસમ્પન્ન બનવા સાથે શિક્ષણ પ્રચાર, સંઘ-સંગઠન, સાધર્મિક ઉત્થાન, સમાજ સુધારણા, સ્ત્રી ઉત્કર્ષ વગેરે માટેના અનેક કાર્યો થયા હતા.

આવા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની દીક્ષા શતાબ્દી વિ. સં. ૨૦૪૩ના-બે વર્ષ પછી આવી રહી છે. પૂજ્ય ગુરુદેવશ્રીના આદર્શને અનુરૂપ તેઓશ્રીની હયાતીમાં અનેક સ્થાયી કાર્યો શરૂ થયા હતા, જેમાંના ઘણા કાર્યો-સંસ્થાઓ આજ પણ ચાલુ છે. તેઓશ્રીના સ્વર્ગવાસ બાદ પણ, તેઓશ્રીના પગલે પગલે સમાજ ઉત્કર્ષના અનેક કાર્યો હાથ ધરવામાં આવ્યા છે અને આવી રહ્યા છે. દીક્ષાશતાબ્દીના એ પાવન અવસરને પામીને આ દરેક કાર્યોને વેગ આપવા અત્યારથી જ સૌ લાગી જાય.

પૂજ્યશ્રીના પવિત્ર સંદેશ અને આદર્શ જીવનને પામીને શ્રીસંઘ-સમાજમાં જે ભિન્ન ભિન્ન કાર્યો/પ્રવૃત્તિઓ વણથંભી-સતત ચાલી રહી છે અને નવી-નવી થતી આવી છે, એ જ બતાવે છે કે એ કેટલી ઉપકારક છે.

આવા ઉપકારક કાર્યો અને પ્રવૃત્તિ આ દીક્ષાશતાબ્દીના નિમિત્તને પામીને ઉત્તરોત્તર વૃદ્ધિવંત બનાવીએ, તેમાં જ સૌની ગુરુભક્તિ અને જીવનની સાર્થકતા રહેલી છે.

# યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મ૦ની જીવન-ઝાંખી

**જન્મ :** વિ. સં. ૧૯૨૭ના કાર્તિક સુદિ ૨ (ભાઈબીજ)ના વડોદરામાં. પિતાનું નામ દીપચંદભાઈ. માતાનું નામ ઈચ્છાબહેન. પોતાનું નામ છગનલાલ.

**દીક્ષા :** વિ. સં. ૧૯૪૩ના વૈશાખ સુદિ ૧૩ના રાધનપુરમાં પૂજ્ય આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે ત્યાગધર્મની દીક્ષા સ્વીકારી પૂજ્ય આચાર્યશ્રીના પ્રશિષ્ય પૂ૦ મુનિરાજશ્રી હર્ષવિજયજી મ૦ના શિષ્ય બની મુનિ વલ્લભવિજય નામે સંયમમાર્ગે પ્રવેશ કર્યો.

**આચાર્ય પદવી :** વિ. સં. ૧૯૮૧ના માગશર સુદિ ૩ના લાહોરમાં.

વિ. સં. ૧૯૯૦ના વૈશાખ સુદિ ૩ (અક્ષય તૃતીયા)ના પાવન દિવસે બામણવાડજી તીર્થમાં આયોજિત અખિલ ભારતીય પોરવાલ સમ્મેલનમાં 'કલિકાલ કલ્પતરુ' પદથી અલંકૃત કરવામાં આવ્યા.

**ધર્મપ્રભાવનાના કાર્યો: પ્રતિષ્ઠા-** જંડિયાલાગુરુ, લાહોર, કસૂર, રાયકોટ, સિયાલકોટ, સુરત, વડોદરા, ચારૂપ, કરચલિયા, ડભોઇ. ખંભાત, અલવર, સાદડી, બીજાપુર (રાજ.) યેવલા. આકોલા, મુંબઈ, બિનોલી, બડોત વગેરે સ્થાનોમાં થઈને પચીશેક જિનમંદિરોની પ્રતિષ્ઠાઓ તેમ જ કેટલાક પ્રાચીન જિનમંદિરોના જીર્ણોદ્ધાર. **અંજનશલાકા-**જંડિયાલાગુરુ, બિનોલી, ઉમેદપુર, રાયકોટ, સાદડી, બીજાપુર અને મુંબઈમાં નવાં જિનબિમ્બોની અંજનશલાકાઓ કરી હતી. **ઉપધાન-** લાલબાગ (મુંબઈ), બાલી, પૂના, પાલનપુર, વડોદરા થાણા અને ઘાટકોપરમાં ઉપધાન થયા. **યાત્રાસંઘો-**ગુજરાનવાલાથી રામનગર, દિલ્હીથી હસ્તિનાપુરજી, જયપુરથી ખોગામ, રાધનપુરથી પાલીતાણા-શત્રુંજય મહાતીર્થ, વડોદરાથી કાવી-ગાંધાર, શિવગંજથી કેશરિયાજી ધીણોજથી ગાંભૂ, ફલોદીથી જૈસલમેર, હોશિયારપુરથી કાંગડા (બે વાર), વેરાવળથી સોરઠની પંચતીર્થી કરી પાલીતાણા-શત્રુંજયતીર્થ-આમ દશ ઉપરાંત યાત્રાસંઘો નીકળ્યા. **ઉપાશ્રયો અને ધર્મશાળાઓ-**પૂજ્યશ્રીની પ્રેરણાથી પંજાબ, ગુજરાત, મહારાષ્ટ્ર રાજસ્થાન તથા ઉત્તરપ્રદેશનાં જુદા જુદા શહેરોમાં દશ ઉપાશ્રય અને પાંચ ધર્મશાળાઓ બની હતી.

**સરસ્વતી મંદિરો :** શ્રી મહાવીર જૈન વિદ્યાલય શ્રી વીસા શ્રીમાળી જૈન બોર્ડિંગ, જૈન સ્ત્રી શિક્ષણશાળા-જૂનાગઢ, શ્રી આત્માનંદ જૈન સ્ત્રી શિક્ષણશાળા-વેરાવળ, શ્રી પાલનપુર જૈન વિદ્યાલય, શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ-ગુજરાનવાલા, શ્રી આત્માનંદ જૈન કોલેજ-અંબાલા, શ્રી આત્મવલ્લભ જૈન કેળવણી ફંડ-પાલનપુર, શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ-ઝગડીઆ. પાર્શ્વનાથ વિદ્યાલય-વરકાણા, લુધિયાના, માલેરકોટલા અને અંબાલામાં શ્રી આત્માનંદ જૈન હાઈસ્કૂલ, હોશિયારપુરમાં શ્રી આત્માનંદ જૈન મિડલ સ્કૂલ, જંડિયાલાગુરુમાં શ્રી આત્માનંદ જૈન મિડલ સ્કૂલ અને પ્રાયમરી સ્કૂલ, શ્રી આત્માનંદ જૈન કોલજ-માલેરકોટલા, શ્રી પાર્શ્વનાથ જૈન ઉમેદ કોલેજ-ફાલના, શ્રી આત્માનંદ જૈન હાઇસ્કૂલ-બગવાડા, શ્રી આત્માનંદ વિદ્યાલય-સાદડી, શ્રી શાંતિ જૈન મિડલ સ્કૂલ-બીવાવર, શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર-પાટણ, શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડલ-આગ્રા. આ ઉપરાંત પંજાબ ગુજરાત અને રાજસ્થાનમાં ધાર્મિક પાઠશાળાએ, પુસ્તકાલયો, વાંચનાલયો અને સાહિત્ય પ્રકાશનની સંસ્થાઓ પૂજ્ય આચાર્યશ્રીની પ્રેરણાથી સ્થપાઈ.

---

**( પેજ ૮નું અનુસંધાન )**

પહોંચી વળાય. અથવા તો જરૂરી ખર્ચથી કાયમી જોગવાઈના અભાવે આ પાઠશાળાઓ બંધ કરી દેવામાં આવે. આ બેમાંથી શું કરવું એનો આદેશ અહીં બિરાજેલ શ્રમણસમુદાય આપે.

હું પણ આ સમ્મેલનમાં હાજર હતો; અને મારી જાતમાહિતીની આ વાત છે, કે મુનિસમુદાયે આનો કશો ખુલાસો ન આપ્યો. પરિણામે એક બાજુ મુનિસમ્મેલને સ્વપ્નાંની બોલીની આવક દેવદ્રવ્ય ખાતે લઈ જવાનો નિર્ણય કર્યો; અને બીજી બાજુ પંજાબમાં એ આવકનો ઉપયોગ પાઠશાળાઓ ચલાવવામાં કરવાની પ્રથા પણ ચાલુ રહી, અને એની સામે કોઈએ વિરોધ ન દર્શાવ્યો.

વસ્તુસ્થિતિ આવી હોવા છતાં અમે કયારેય વાદવિવાદ કે વિતંડાવાદમાં ઊતરતા નથી, અને ઊભા કરવામાં આવેલ પ્રશ્નની બાબતમાં જરૂરી ખુલાસો કરીને જ સંતોષ માનીએ છીએ.

# યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજનું સંઘ–સમાજને પ્રદાન

## ❀ સર્વ–ધર્મ–સમન્વયી પૂજ્ય આચાર્યશ્રી વિજયજનકચંદ્રસૂરિજી મહારાજ ❀

ફક્ત પોણા ત્રણ વર્ષ પછી જ જેમની દીક્ષા-શતાબ્દી આવી રહી છે અને આપણે બધા વ્યાપક પાયા ઉપર તેની ઉજવણી કરવા વિચારણા કરી રહ્યા છીએ તે મહાપુરુષનું જીવન સર્વતોમુખિ હતું; અને તેથી જ સંઘ સમાજ અને રાષ્ટ્રના માટે આજે પણ ખૂબ ઉપકારી બની રહ્યું છે.

આચાર્યશ્રીજીના જીવનની બધાથી મોટી વિશેષતા એ હતી કે તેઓશ્રી યુગબળને સારી રીતે જોઈ શકતા હતા.

પચાસ–સો વર્ષ પછી કેવો સમય આવશે, સમયની માંગ શું છે? સંઘ, સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિના માટે અત્યારથી જ કયા કયા કામો કરવા જરૂરી છે, એ તેઓશ્રી સારી રીતે સમજી શકતા હતા.

પૂ૦ દાદાગુરુશ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મા-રામજી) મહારાજે પોતાના અંતિમ સમયમાં આપેલ આજ્ઞારૂપી સંદેશ: "હવે સરસ્વતી મંદિરોની જરૂરત છે", એ યુગવીર આચાર્યશ્રીના જીવનમાં જીવન પર્યંત યુગાનુકુળ અને રચનાત્મક કાર્યો કરવા માટે વરદાનરૂપ સિદ્ધ થયો.

સ્થાન સ્થાન ઉપર એમણે સરસ્વતી મંદિરોની સ્થાપના તો કરાવી અને સાથે સાથે સમાજ કલ્યાણના માટે એવા પગલાં ભર્યા કે જેનું અનુકરણ અત્યારે પણ સમાજ કરી રહ્યો છે, અને તેનો લાભ આખા સમાજને મળી રહ્યો છે.

પૂ૦ આત્મારામજી મહારાજ સુરત સુધી પધાર્યા હતા, પરંતુ તેઓશ્રી મુંબઈ પધાર્યા ન હતા.

યુગદૃષ્ટા આચાર્યશ્રીજી વિશેષ લાભનો વિચાર કરીને મુંબઈમાં પધાર્યા અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરાવી.

આજે મુંબઈમાં જે જૈનસમાજની જાહોજલાલી દેખાય રહી છે તેનું શ્રેય યુગદૃષ્ટા આચાર્યશ્રીજીના ફાળે જાય છે.

આચાર્યશ્રીએ ન્યાયાંભોનિધિ પૂ૦ આત્મારામજી મહારાજની જન્મશતાબ્દી વડોદરામાં મનાવી અને શતાબ્દી સ્મારક અંક પ્રકાશિત કરાવ્યો. બીકાનેરમાં જગદ્‌ગુરુશ્રી વિજયહીરસૂરીશ્વરજી મ૦ ની જયંતિ મનાવી. જયંતિઓ, પુણ્યતિથિઓ અને શતાબ્દીઓ મનાવવાની આ પરંપરા હવે જૈનસમાજમાં પ્રચલિત થઈ રહી છે.

પૂ૦ સાધ્વીજી મહારાજનું વ્યાખ્યાન પુરુષો પણ સાંભળે અને શ્રાવકો સાધ્વીઓને વંદન કરીને પચ્ચક્-ખાણ પણ લે એવી આજ્ઞા આચાર્યશ્રીએ પંજાબમાં આપી, અને હવે ધીમે ધીમે બીજા સમુદાયના આચાર્યો પણ આ વાતને અપનાવી રહ્યા છે.

જ્ઞાનવર્ધક યંત્રમાં બોલવાની શરૂઆત આદિ અનેકાનેક સુપરંપરાઓનો પ્રારંભ કરીને શ્રીસંઘ સમાજ અને રાષ્ટ્રને સમય સમયપર યોગ્ય માર્ગદર્શન કરતા રહ્યા અને આજે પણ તેઓશ્રીના કર્મઠ તથા વિશુદ્ધ ચરિત્રથી પ્રેરણા મળી રહી છે તે અતિ આનંદની વાત કહેવાય.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સને તો તેના જન્મ-કાળથી જ સહયોગ, માર્ગદર્શન અને પ્રેરણા, જીવનના અંતિમ સમય સુધી, આપતા રહ્યા.

ગુરુકુળ વિદ્યાલય, સ્કૂલ, કોલેજોની સ્થાપના

(પેજ ૧૪ ઉપર ચાલુ)

શ્રુતશીલવારિધિ, આગમપ્રભાકર પૂજ્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજની સ્મૃતિમાં

**વંદના.... પાટણવાળા શ્રી પ્રતાપભાઈ ચીમનલાલ**

# જ્યોતિર્ધર ગુરૂદેવની જીવનપ્રભા

## પૂજ્ય મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

ભારતવર્ષ સંત સૂનો કદિયે બન્યો નથી. એની માટીમાં કોઇ એવો ચમત્કાર છે કે જેમ જેમ એના ઉપર વિપત્તિ વરસે તેમ તેમ એમાંથી રત્નો સર્જાય. અહીંની ધરતી ઉપર અનેક જાતના દુકાળો પડે છે; કદાચ પડયા જ કરે છે; પણ માનવતાનો દુકાળ અહીં કદિયે પડયો નથી. દશે દિશાના સળગતા દાવાનળ વચ્ચે માનવતાની વાડીને લીલીકુંજાર રાખતી સુધા સ્વરૂપિણી વિભૂતિઓ અહીં સદા પાકયા જ કરે છે.

પ્રાતઃસ્મરણીય, યુગપ્રવર્તક શાસનશિરોમણી, પંજાબકેશરી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ પણ આ સદીની સંત–પરંપરાના યુગપુરુષ અને અસાધારણ શાસનસેવાને વરેલ એવી જ એક વંદનીય વિભૂતિ હતા. સૂર્યસમી એમની પ્રતિભા કેવલ આધ્યાત્મિક પોષણ આપતી હતી.

પૂજ્યશ્રીનો જન્મ વિ. સં. ૧૯૨૭ કારતક સુદ બીજના જૈન–જૈનેતર સમાજમાં પ્રસિદ્ધ એવા ભાઇ–બીજના પવિત્ર દિવસે ધર્મપરાયણ અને વ્યવહાર–શુદ્ધિના ઉપાસક શ્રેષ્ઠિવર્યશ્રી દીપચંદજીના ઘેર ધર્મ-કર્માનુરકતા શીલપરાયણા માતા ઇચ્છાબાઇની રત્નજનની કુક્ષીથી થયો હતો. બાલવયમાં જ તેમણે શિરછત્ર ગુમાવેલું અને પિતૃવિરહનો ઘા શમ્યો ન શમ્યો ત્યાં તો મમતાઘેલી માતા પણ પરલોકના પંથે સંચરી.

છગનભાઇમાં (આચાર્યશ્રીજીનુ ગૃહસ્થાવસ્થાનું નામ) માતાના ઉચ્ચ સંસ્કારો સારી રીતે સિંચાયા અને પોષાયા હતા. એ તો જાણિતી હકીકત છે કે બાળપણમાં સિંચાયેલા અંકુરો વખત જતાં વિરાટ વટવૃક્ષ બને છે. છગનભાઇમાં ઉતરેલા ધાર્મિક સંસ્કારોએ વટવૃક્ષનું વિશાળરૂપ ધારણ કરી પોતાની શીતળ છાંયડીમાં અનેક ભવી જીવોને સન્માર્ગનો આશ્રય આપ્યો હતો.

વિ. સં. ૧૯૪૨ ના પૂ૦ શ્રી આત્મારામજી મ૦ વડોદરા પધાર્યા. તેમની વૈરાગ્યગર્ભિત સચોટ વાણી

(પેજ ૧૨નું અનુસંધાન)

વિવિધ પ્રાન્તોમાં કરાવીને સંઘ, સમાજ અને રાષ્ટ્રને સમૃદ્ધ બનાવ્યો. એમની વ્યવહારિક અને ધાર્મિક શિક્ષણની વાત જન્મતઃ વિરોધ કરવાવાળાઓને પણ હવે રૂચવા લાગી છે.

કેટલાક લોકોનું એમ પણ કહેવું છે કે સમય જોઇને પગલું ભરવું અને સુધારક કહેવડાવવું એ તો શિથિલાચારી બનવા જેવું કહેવાય. પરંતુ સમાજ–સુધારણા અને શિથિલાચારમાં જે મૌલિક અંતર છે તેને સમજી લઇએ તો આવી વાહીયાત શંકા ઉત્પન્ન જ ન થાય.

પોતાની સુખ સુવિધા અને સ્વાર્થ માટે જે છુટછાટ લેવાતી હોય ત્યાં તો નિશ્ચિતરૂપે શિથિલાચાર કહેવાય, પરંતુ જે પગલાંની પાછળ અનેકાન્તતઃ સંઘ–સમાજને લાભ થતો હોય, જેમાં પોતાનો જરાપણ સ્વાર્થ ન હોય તેવા કાર્યો તો અત્યાર સુધી દીર્ઘદર્શી પૂર્વાચાર્યો કરતા આવ્યા છે અને વર્તમાનમાં પૂજ્ય શ્રમણભગવંતો કરતા રહેવાના.

આવા મહાન ઉપકારી ગુરુદેવનું યત્કિંચિત્ ઋણ ચુકવવા માટે તેઓશ્રીના કાર્યોમાં યથાશક્ત ફાળો આપીને આપણે ઋણ મુક્ત થઇએ એ જ શુભેચ્છા સહ.

મહાન આરાધક અને જ્ઞાનોપાસક સ્વ૦ સાધ્વીજી શ્રી જિનેન્દ્રશ્રીજી મ૦ની સ્મૃતિમાં

વંદના.... ગઢવાળા શ્રી જયંતિલાલ લક્ષ્મીચંદ શાહ

સાંભળી ભાગવતી દીક્ષા સ્વીકારવા એમનું અંતર થનગની ઉઠયું, મોટાભાઈ અને સ્વજનો વિરોધમાં હતા. તેમને મનાવીને, કપરી કસોટી પાર કરીને, પૂજ્ય ગુરુદેવશ્રી આત્મારામજી મહારાજના કરકમલોથી આશીર્વાદ મેળવી વિ. સં. ૧૯૪૪ વૈશાખ સુદ ૧૩ ના સત્તર વર્ષની તરૂણવયે રાધનપુરમાં દીક્ષા અંગીકાર કરી. દીક્ષિત થયા બાદ શરૂઆતના વર્ષોમાં જ્ઞાન અને ક્રિયા-રાધનામાં એકધારી પ્રગતિ સાધી. જૈન-જૈનેતર દર્શનોના ગ્રંથોનું પરિશીલન કરી પોતે ગુજરાતી તેમ જ હિન્દી ભાષામાં પ્રવચનો આપવા લાગ્યા. એમની વ્યાખ્યાન વાણી હજારોમાં આકર્ષણરૂપ બની. પૂજ્ય ગુરુદેવની અહર્નિશ સેવામાં રહી, તેઓશ્રીની ભાવના અને અનુભવોનો સાચો તાગ મેળવી એ સર્વેને પોતાના જીવનમાં તાણાવાણાની જેમ વણી લીધું.

પૂજ્યશ્રી આત્મારામજી મહારાજે પોતાના શિષ્યમાં રહેલી દિવ્યશક્તિ અને દૃષ્ટિનો તેમ જ સાહજિક હિંમતનો તાગ મેળવ્યો હતો. પોતાની જીવનસંધ્યાના થોડા દિવસો પહેલા પૂજ્યશ્રી આત્મારામજી મહારાજે તેમને પ્રેરણા આપી કહ્યું કે—"વલ્લભ ! મારા જીવનની સંધ્યા નજીક આવી રહી છે. પંજાબની રક્ષા કરવાનું કાર્ય હવે તારા શિરે છે. સરસ્વતી મંદિરોનું તું સ્થાપન કરજે. અને જનસેવાના કાર્ય કરાવજે. આજનો જમાનો કેળવણીનો છે. શ્રાવકો ભણેલા હશે, કેળવાયેલા હશે, સાનવાન હશે તો જ તેઓ આપણા સાત ક્ષેત્રોની રક્ષા કરી શકશે." પૂજ્યશ્રી આત્મારામજી મહારાજના આ શબ્દોને આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીએ સાકાર બનાવ્યા. તેમની પ્રેરણાથી હિન્દભરમાં ઠેર ઠેર શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થઈ. શ્રાવકોને ધાર્મિક અને વ્યવહારિક શિક્ષણ મેળવવાની અનેક સગવડતાઓ અને સામગ્રીઓ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ બની. પંજાબનું રક્ષણ પણ તેમના હાથે જ થયું.

'વસુધૈવ કુટુંબકમ્' એ તેમનું જીવનસૂત્ર હતું. એ જીવનસૂત્રને સદાય દૃષ્ટિ સમક્ષ રાખીને જૈન-જૈનેતરોના ભેદભાવ વિના, ગરીબ હોય કે અમીર, રાજા હોય કે રંક, અધિકારી હોય કે અનધિકારી, વણિક હોય કે બ્રાહ્મણ, હિન્દુ હોય કે મુસલમાન—સૌને વીતરાગદેવનો શુભ સંદેશ સંભળાવ્યો. હજારોને માંસ-મદિરા અને દુરાચારનો ત્યાગ કરાવ્યો.

પંજાબ, રાજસ્થાન, ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર આદિ પ્રાંતોમાં ધૂમી પ્રવચનો કર્યા અને જ્ઞાનની પરબો ઊભી કરી. મુંબઈમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરી. વરકાણામાં શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય, ફાલનામાં શ્રી પાર્શ્વનાથ જૈન ઉમ્મેદ કોલેજ, હાઈસ્કૂલ, છાત્રાવાસ અને અંબાલામાં શ્રી આત્માનંદ જૈન કોલેજ આદિ અનેક શિક્ષણ સંસ્થાની સ્થાપના કરી. પાલનપુરની જૈન બોર્ડિંગની સ્થાપના અને સ્થિરતા પાછળ પણ તેઓશ્રીની જ પ્રેરણા રહેલી. આવી જ્ઞાનપરબો ઊભી કરી સૌને અમૃત જેવા મીઠા નીર પાયા. જૈન વિદ્યાર્થી-આલમ તેમના આ ઉપકારને કદી વિસરી શકશે નહીં.

પૂજ્ય ગુરુદેવે માત્ર કેળવણી માટે જ પ્રયત્નો કર્યા એમ નથી. ધાર્મિક અને સામાજિક પ્રગતિ અર્થે પણ ખૂબ શ્રમ લીધો. જિનશાસનની ઉન્નતિ અર્થે અનેક કાર્યો કર્યા. ઉપધાન, ઉજમણા, અંજનશલાકા, પ્રતિષ્ઠા, જીર્ણોદ્ધાર વગેરે કરાવ્યા. નવા મંદિરો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ આદિ માટે પણ પ્રેરણાઓ આપી.

ભારતના લાડીલા નેતા શ્રી જવાહરલાલ નહેરુના પિતાશ્રી મોતીલાલ નહેરુ જેવાને આચાર્યશ્રીના પ્રવચને તમાકુ-સિગરેટ જેવા વ્યસનથી મુક્ત બનાવેલ. આથી જ અમ્બાલા શહેરમાં હજારોની મેદની વચ્ચે શ્રી મોતીલાલ નહેરુએ ભારપૂર્વક કહેલું કે આજ દિવસ સુધી હું મારી અક્કલ ગુમાવી બેઠો હતો, પણ તે જૈન મુનિએ (આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ) મારી અક્કલ ઠેકાણે લાવી દીધી છે. આચાર્યશ્રીજીના પ્રવચનનો

પુજ્ય પ્રવર્તિની સાધ્વીજી શ્રી પુષ્પાશ્રીજી મ૦ની પુણ્ય સ્મૃતિમાં
પુજ્ય સાધ્વીજી શ્રી ગુણપ્રભાશ્રીજી મહારાજની પ્રેરણાથી.

વંદના.... ભાયખલાવાળા શ્રી માંગીલાલ ચંદનમલજી

કેવો પ્રભાવ! કેટલી અસર! જાણીતા ભારત-ભૂષણ પંડિતશ્રી મદનમોહન માલવિયાએ હોંશિયારપુર (પંજાબ) માં પૂ. આચાર્યશ્રીજીના દર્શન કરી-ઉપદેશ સાંભળી હજારોની મેદની સમક્ષ ભુરિ-ભુરિ પ્રશંસા કરી હતી.

બીકાનેર, ઉદયપુર, પાલીતાણા, જયપુર, જેસલમેર આદિના રાજાઓની આગ્રહભરી વિનંતીથી તેમના રાજમહેલોમાં પૂ૦ આચાર્યશ્રીએ પ્રવચનો આપ્યા હતા. પાલનપુર, સચીન, માંગરોળ આદિના નવાબો અને વડોદરા, વઢવાણ, લીંબડી, નાંદેડ આદિના દરબારો પણ આચાર્યશ્રીના પ્રવચનોથી પ્રભાવિત હતા.

અખંડ હિન્દુસ્તાનના, ભારત અને પાકિસ્તાન એમ ભાગલા પડયા તે સમયે સમગ્ર વાતાવરણ અગ્નિ-કાંડ, અત્યાચાર અને લૂંટફાટથી કલુષિત બન્યું હતું. આવા કટોકટીના સમયે પૂ. ગુરુદેવ ગુજરાંવાલા શહેરમાં હતા. તે શહેર પાકિસ્તાનમાં ગયું હોવાથી ત્યાંથી હિન્દુઓ હિજરત કરી રહ્યા હતા. અને તેને સ્થાને મુસલીમોના જૂથના જૂથ ધસી રહ્યા હતા. આવા સમયે પૂ૦ ગુરુદેવે સમગ્ર સંઘને શાંતિ અને ધીરજ જાળવવા ઉપદેશ આપ્યો. અને જાહેર કર્યું કે જ્યાં સુધી સંઘનો એક પણ બાળક અહીં હશે ત્યાં સુધી માત્ર જીવ બચાવવા ખાતર હું અહીંથી એક ડગલું પણ નહીં ભરું. ગુરુદેવનો આ અડગ નિર્ધાર સાંભળી સંઘની શ્રદ્ધા વધી ગઈ. પૂ૦ ગુરુદેવશ્રીમાં કેવી અજબ પ્રકારની ધીરજ, શાંતિ અને સહનશીલતા હતી. તેમનામાં પરોપકાર અને બલિદાનની તીવ્ર ભાવના હતી. પરના માટે સ્વને પણ અર્પણ કરવાની ઊંડી ધગશ અને તમન્ના હતી.

પૂ૦ ગુરુદેવનું વ્યક્તિત્વ ખરેખર નિરાળું હતું જ્ઞાન, શ્રદ્ધા અને બુદ્ધિનું તેમનામાં અલૌકિક તેજ હતું. તેમના વિચારો, આચારો અને આદર્શોમાં પ્રગતિનું અકથ્ય બળ હતું. તેથી જ તેમને યાદ કરતાં હૃદયમાં ભક્તિના મધુર સૂરો રેલાઈ રહે છે.

# યુગદ્રષ્ટા 'વલ્લભ'

*** પૂજ્ય મુનિરાજશ્રી ***
**ધર્મધુરન્ધરવિજયજી મહારાજ**

કલિકાલકલ્પતરૂ વિજયવલ્લભસૂરિજીનો જન્મ સં. ૧૯૨૭ના કાર્તિક સુદ બીજના થયો હતો. બાલ્યાવસ્થામાં જ માતા-પિતાના દેહવિલયના આકસ્મિક ભયંકર દુઃખથી એવી માન્યતા બંધાઈ ગઈ કે, સાંસારિક આધાર સ્વયં આધાર વગરનો છે. બધું જ ક્ષણિક છે. જીવનની શાશ્વતતા પ્રભુના ધ્યાન અને ચિંતન-મનનમાં છે. બાલ વલ્લભની આ માન્યતા વયવૃદ્ધિની સાથે પુષ્ટ બનતી ગઈ, અને પરિણામે વિ. સં. ૧૯૪૪માં રાધનપુરમાં ભાગવતી દીક્ષાના રૂપે ફળીભૂત બની.

થોડા જ વર્ષમાં સતત શાસ્ત્રાધ્યયન, સંયમની સાધના, સ્વ-પર કલ્યાણની ભાવના અને આત્મચિંતનના બળે તેઓ માત્ર જૈન સમાજના નહીં, સમગ્ર માનવ-જાતના સાધક-યોગી, પ્રખર ચિંતક અને નવયુગ-પ્રવર્તકના રૂપમાં બહાર આવ્યા; અને જન-જનના પૂજ્ય બની ગયા. અને તેથી જ તો વિ. સં. ૧૯૮૧ના માગશર સુદ પાંચમના શ્રી સકલ સંઘે તેઓને આચાર્ય-પદવી પ્રદાન કરી સ્વયં ધન્યતા અનુભવી.

વલ્લભ કાલીન ભારત સ્વતંત્રતા મેળવવા માટે સંઘર્ષરત હતું. ગુરુદેવે સ્વદેશ પ્રેમની પ્રેરીત ઓજસ્વી પ્રવચનો દરમ્યાન દેશવાસીઓને ખાદીના વસ્ત્ર પહેરવા કહ્યું અને જાતે ખાદી ધારણ કરી ઉદાહરણ રજૂ કર્યું. ગુજરાતી ભાષી હોવા છતાં હિન્દીને પ્રવચનનું માધ્યમ બનાવ્યું. તે સમયના ભારતીય નેતાગણ આપશ્રીના ક્રાંતિકારી વિચારો અને પ્રવચનોથી ખૂબ પ્રભાવિત બન્યા. તેઓના એકેએક બોલે સમાજમાં ચેતના પ્રગટાવી. ભારત-પાકિસ્તાન વિભાજનના સમયે આપ પાકિસ્તાનમાં હતા. શ્રીસંઘે ઘણું કહેવા છતાં એકલા ભારત આવવાનો

જીવનમાં સદા માટે પરોપકારવૃત્તિ આદિ ગુણો રોમરોમમાં એવા વ્યાપી ગયા હતા કે
આજે જેમની અપૂર્વ સુવાસ એક તરવાના સાધનરૂપ બની ગઈ છે....એવાં
પૂજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજને કોટિ કોટિ વંદના હો.
**સવાણી ટ્રાન્સપોર્ટ પ્રા. લિ., મુંબઈ**

કપટ અસ્વીકાર કર્યો અને સકલ શ્રી સંઘને સાથે લઈને આવવાની વાત પર અડગ રહ્યા, એટલું જ નહીં, એ ભયંકર પાસવિક તબાહી વચ્ચે તેઓએ પોતાની વાત અને ફરજ સફળતાપૂર્વક નિભાવી.

પૂજ્ય દાદાગુરૂશ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજે પોતાના સ્વર્ગવાસના થોડા દિવસ પૂર્વે જ કહ્યું : વલ્લભ, સરસ્વતી મંદિરોના નિર્માણનું મારું સ્વપ્ન પુરું કરજે. અને સાથે જ આ સમાજની બાગડોર તારા હાથમાં સોંપતો જાઉં છું. ગુરુવલ્લભે દાદાગુરુના આ આદેશનું અક્ષરશઃ પાલન કર્યું. તેઓએ આ વાતને સારી રીતે સમજી લીધી કે શિક્ષણની ઉપેક્ષાથી સમાજ પ્રગતિની સાથે જ ધર્મનો પ્રવાહ પણ બંધ પડી જાશે. તેઓના ક્રાંતિકારી શૈક્ષણિક પ્રવચનોથી દાનદાતાઓની પ્રવૃત્ત જ્ઞાનાલયોના નિર્માણ તરફ વળી.

તેઓએ ઠેકઠેકાણે સ્કૂલ, કોલેજ, ગુરુકૂળ, વાંચનાલય, જ્ઞાનભંડાર અને ધાર્મિક પાઠશાળાની સ્થાપના કરાવી. સર્વના ભલા માટેનું તેમનું આ દૃષ્ટિકોણ વલ્લભને જનમાનસના હૃદયવલ્લભ બનાવી ગયું.

ગુરુ વલ્લભ પ્રબલ સાહિત્યપ્રેમી જ નહીં સાહિત્યસર્જક પણ હતા. ગદ્ય અને પદ્ય બંને સાહિત્યમાં તેઓની રચના ઉપલબ્ધ છે. તેઓ દ્વારા લખાએલ સમગ્ર ૨૬૦૦ કવિતાઓ, છંદ, સ્તવન, ભજન અને પૂજાઓ જૈન સાહિત્યની જ નહીં પરંતુ ભારતીય સાહિત્યની અમૂલ્ય મૂડી છે.

દયા અને કરુણાની પ્રતિમૂર્તિ વિજયવલ્લભ આજન્મ સ્વધર્મી ભાઈઓના ઉત્કર્ષ માટે ચિંતીત અને પ્રયત્નશીલ રહ્યા. તેઓએ દેશભરમાં વિચરી જનજીવનની વ્યવહારિક મુશ્કેલીઓને જાણી અને શકય એટલી દૂર કરવા પ્રયત્ન કર્યો.

પરંતુ, જૈનધર્મ અને સમાજને પ્રગતિના પંથે આગળ ધપાવનાર, તત્કાલીન વિદ્વાનવર્ગમાં જૈન શાસ્ત્રના જ્ઞાતા તરીકે વિખ્યાત, આત્મચિંતક પંજાબકેશરી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ નવકાર મહામંત્રનું રટન કરતાં કરતાં વિ. સં. ૨૦૧૧ ના, ભાદરવા વદ ૧૧ ના, મુંબઈમાં આ નશ્વરદેહનો ત્યાગ કરી ઉચ્ચ ગતિને પામ્યા. આજ ગુરુદેવ આપણી વચ્ચે નથી, તો પણ તેઓનું કાર્ય અને ઉપદેશ આજ પણ પ્રેરણાસ્રોત બની રહેલ છે


ધન્ય ધરા ને ધન્ય ગુર્જરી, ધન્ય ધન્ય વડોદરા નગરી;
જન્મ પામીને જગ અજવાળે, શત શત વંદન ઉપકારી.
સંઘ નાયક ને યુગ દિવાકર, વલ્લભગુરુ તુમ જયકારી;
જૈન શાસનના જ્યોતિર્ધારી, શત શત વંદન ઉપકારી.

ફોન : ઓફિસ
૩૮ ૯૭ ૮૮
૩૬ ૧૯ ૮૩

# શૈલેશ એચ. કોઠારી

ફોન : ઘર
૮૨૨ ૯૬ ૪૨
૮૨૨ ૯૦ ૪૧

આર. કાંતિલાલ એન્ડ કંપની
૪૧૪ પારેખ મારકેટ, ૩૯, કેન્ડી બ્રીજ
મુંબઈ-૪૦૦ ૦૦૪

૪૧, વિજયદીપ
૩૧, રીજ રોડ, મલબાર હીલ
મુંબઈ-૪૦૦ ૦૦૬

# દીર્ઘદૃષ્ટા યુગપુરુષ વિજયવલ્લભસૂરિજી મહારાજ

## * સાધ્વીજી શ્રી સુમતિશ્રીજી મહારાજ-ભાયખલ્લા *

ગૌરવવંતા ગુજરાતની ગુણિયલ ને પાવન ધરતી પર વડોદરા નગરે ભાઈબીજના પવિત્ર દિવસે શાસન-સેવા, સાધર્મિકસેવા ને જનસેવા માટે એક મહાન વિભૂતિનો જન્મ થયો. તે જ છગનભાઈ એ આજના દીર્ઘદૃષ્ટા યુગપુરુષ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ. પૂજ્ય ગુરુદેવના જીવનમાં શરૂઆતથી જ નીડરતા, કાર્ય કરવાની ધગશ, કોઠાસૂઝ અને દીર્ઘદૃષ્ટિ હતી...અને સાથે વચનસિદ્ધિ પણ હતી.

તેઓએ પોતાની ચાર પ્રકારની બુદ્ધિ (ઉત્પાદીકી. વૈનયીકી કાર્મીકી અને પરિણામીકી) રૂપી ત્રાજવાથી જૈન જગતના ઉત્કર્ષ માટે અને જૈન સિદ્ધાંતની પ્રણાલિકાને અવિચ્છિન્ન રાખવા માટેના ઉપાયો ક્યારના તોલી લીધા હતા. તેના જ કારણે આજે બની રહેલી વાતોને ગુરુદેવે ૫૦ વર્ષ પહેલાં સ્વયંના શ્રીમુખે પ્રકાશિત કરી હતી.

તેઓ જે પણ કાર્યનો આરંભ કરતાં ત્યારે ભવિષ્યનો ખ્યાલ રાખીને જ કરતાં. આથી વર્તમાનની જ દૃષ્ટિ ધરાવતી વ્યક્તિઓનો વિરોધ અનેક રીતે થવા છતાં તેઓ ડર્યા વગર પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખતાં ને કાર્ય પુરું કરીને જ રહેતા. એમની નિડરતા ને કાર્યની ધગશતાના ગુણો અનેક પ્રસંગથી સિદ્ધ થયા છે.

સ્વ. ગુરુદેવના જીવનમાં સમયને પારખવાની અનુપમ કળા હતી. એ કળાના દર્શન તેઓશ્રીના કાર્યથી થાય છે. આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાં કોઈક વ્યક્તિએ આ૦ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ સા૦ને પ્રશ્ન કર્યો કે, સાહેબ! આપ તો ગુજરાતના છો તો પણ આપ હમેશાં હિન્દી ભાષાનો જ ઉપયોગ શા માટે કરો છો? ત્યારે ગુરુદેવે જવાબ આપ્યો: "भाई, हिन्दी भाषा तो अपनी राष्ट्रभाषा होगी।" ખરેખર, આજે હિન્દી ભાષા રાષ્ટ્રભાષા બની ગઈ છે. આવી જ રીતે ગુરુદેવે સમાજનો વ્યવહાર-જીવનવ્યવહાર-સુચારૂરૂપે ચલાવવા માટે વ્યવહારિક શિક્ષણનું માધ્યમ મુખ્ય બનશે, એવું જાણીને વિદ્યાલયો-કોલેજોની સ્થાપના કરાવી. જૈન સંઘની ભાવિ પેઢી વ્યવહારિક શિક્ષણ મેળવવા સાથે ધર્મના શિક્ષણને પણ મેળવીને પોતાની ધાર્મિકવૃત્તિ પૂર્ણતયા જાળવી શકે એવી દીર્ઘદૃષ્ટિ ગુરુદેવના હતી.

એ રીતે ગુરુદેવમાં વચનસિદ્ધિ પણ એવી જ હતી. તેઓ એક દિવસ વિહાર કરતાં કરતાં અમદાવાદ પધાર્યા અને ત્યાંથી સાબરમતી પધાર્યા. તે વખતે ગુરુદેવે ત્યાંના આગેવાન શ્રાવકોને કહ્યું કે, यह साबरमती कुछ सालके बाद भविष्यमें विशाल धर्मनगरी बनेगी। સાચે જ! આજે અમદાવાદની બધી સોસાયટીમાં સાબરમતી પ્રથમ નંબરની વિશાળ ધર્મનગરી બની ગઈ છે. આ છે ગુરુદેવની વચનસિદ્ધિની પ્રતિતી.

ગુરુદેવના હૈયામાં સીદાતા સાધર્મિકો માટે અપાર કરુણા હતી. નબળા અને મધ્યમવર્ગના સાધર્મિકોના ઉત્કર્ષ માટે તેઓશ્રીએ ભારે શ્રમ ઉઠાવ્યો હતો. સાધર્મિકોના માટે હાઈસ્કૂલો, બોર્ડિંગો તેમ જ ઉદ્યોગગૃહો સ્થપાવી તેઓનો ઉદ્ધાર કરાવ્યો.

સ્વ. ગુરુદેવના કાર્ય અને ગુણોનું વર્ણન જેટલું પણ કરીએ તેટલું ઓછું જ છે. તેઓશ્રીના આદર્શો જીવંત રહે તે માટે વડોદરામા વલ્લભ જૈન હોસ્પીટલ, નાલાસોપારામાં સાધર્મિક ભાઈઓને રહેવા મકાનની યોજના અને ભારતની રાજધાની દિલ્લીમાં વિજયવલ્લભસૂરિ સ્મારક બની રહ્યું છે, જે અત્યંત આદરણીય અને અનુમોદનીય છે. સ્વ. ગુરુદેવની ગૌરવગાથા ગાતી એવી અનેક સંસ્થાઓ અને સ્મારકો આપણા જીવનના આદર્શ બને છે.

આવી મહાન વિભૂતિના જન્મ દિવસે-કારતક સુદ બીજના દિને તેઓશ્રીના ચરણારવિંદમાં નત મસ્તકે કોટીશઃ વંદન કરું છું.

# સમયદર્શી આચાર્યશ્રીના એકતા માટે પ્રયત્ન

*** લેખક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ ***

સંપ ત્યાં જંપ અને કલેશ ત્યાં વિનાશ, એ જાણીતી વાત છે. ધર્મો અને ધર્મશાસ્ત્રોના પાયાનો હેતુ જ જનસમાજમાં એકતા અને બંધુભાવનાનું અમૃત રેલાવવાનો છે. જૈન દર્શનની અનેકાંતદૃષ્ટિનું ધ્યેય જુદી જુદી વિચારસરણીઓ વચ્ચે સુમેળ-સમન્વય સાધીને સત્યના બધા અંશોને સમજવા-સ્વીકારવાની ઉદાર દૃષ્ટિને વિકસાવવાનું છે.

વસ્તુસ્થિતિ આવી હોવા છતાં, કોણ જાણે કેમ, માનવી મોટે ભાગે કલેશ-દ્વેષ અને ઈર્ષ્યા-અસૂયાનો કાદવ ઉલેચીને વિનાશ વેરવા-નોતરવામાં જ રાચતો રહ્યો છે; જળમાંથી જ્વાળા પ્રગટે એમ, ધર્મ અને ધર્મશાસ્ત્રોને નામે ઝઘડાઓ ઊભા કરતો રહ્યો છે; અને અનેકાંતવાદની ગુણગ્રાહક અને સત્યચાહક દૃષ્ટિનો વારસો મળવા છતાં એકાંત દૃષ્ટિ અને કદાગ્રહનું સેવન કરીને મૈત્રી અને શાંતિની ભાવનાને સ્થાને વેર-વિરોધ અને અશાંતિને જ આવકારતો રહ્યો છે!

પણ આ કંઈ ધર્મો, ધર્મશાસ્ત્રો કે અનેકાંતદૃષ્ટિનો નહીં પણ માનવપ્રકૃતિમાં રહેલા કષાયો અને કલેશ-દ્વેષ તરફના સહજ વલણનો દોષ છે. તેથી જ એને દૂર કરીને જનસમૂહમાં સંપ, એકતા એખલાસ, ભ્રાતૃભાવ અને મિત્રતાની ભાવનાને જગાવવી અને વહેતી રાખવી, અને એમ કરીને માનવસમાજને સુખ-શાંત અને વિકાસને માર્ગે દોરી જવો એ જ સાધુ-સંતો અને સાચા ધર્મપુરુષોનો કર્તવ્યપંથ લેખાયો છે.

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ આપણા દેશના અને જૈન સંઘના આવા જ એક સંતપુરુષ હતા. અને માનવસમાજમાંથી કુસંપ અને ઝઘડાઓનું નિવારણ કરીને સંપ અને સ્નેહની ભાવનાની પ્રતિષ્ઠા કરવા તેઓ જીવનભર પુરુષાર્થ કરતા રહ્યા હતા. પોતાને હાથે ક્યારેય કાતર જેવું ટુકડા કરવાનું કામ ન થઈ જાય, પણ સદાય સોય-દોરાની જેમ સાંધવાનું જ કામ થતું રહે એની તેઓ પૂરી જાગૃતિ રાખતા.

એમના આવા પ્રયાસોને પરિણામે વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના, સંઘો જ્ઞાતિઓ, ગામો કે પંચોમાં પ્રવેશી ગયેલા તેમ જ પવિત્ર ધર્મક્ષેત્રને અભડાવી રહેલા કંઈક વેરવિરોધ અને ઝઘડાઓ શાંત થયા હતા. એના કેટલાક પ્રસંગો જોઈએ.

(૧) પોતાના સમુદાયની એકતા સાચવી રાખવાની પોતાની ફરજ અંગે છેક વિ. સં. ૧૯૫૭માં, ત્રીસ વર્ષની ભરયુવાન વયે, મુનિ વલ્લભવિજયજીએ પંજાબના શ્રીસંઘને કહ્યું હતું કે, 'ગુરુ મહારાજના સમુદાયને એકતાના સૂત્રથી બાંધી રાખવો એ મારા માટે તેમ જ તમો સહુને માટે અત્યંત જરૂરી છે. એ માટે તમે સૌ કામે લાગજો."

(૨) જયપુરમાં ખરતરગચ્છવાળાનું બહુ જોર હતું. તેથી તપગચ્છના સાધુઓનું ત્યાં રહેવું મુશ્કેલીથી બની શકતું. પણ જ્યારે તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે બધા ગચ્છવાળાઓએ તેઓનું મોટું સ્વાગત કર્યું. અને તેઓના પુણ્યપ્રતાપે અને એકતાના પોષક જૈનધર્મના શુદ્ધ ઉપદેશથી બધા તેઓના બની ગયા.


સૂરજ ડૂબે છે રોજ રોજ, ને ચંદ્ર પણ;
નહિ ડૂબે, નહિ ડૂબે, સ્મૃતિ સંત તારા સદ્કાર્યોની.

**શ્રી ગોડવાડ ઓસવાલ જૈન સંઘ ટ્રસ્ટ**

**શ્રી ગોડવાડ ઓસવાલ ભવન,**

૯૮/૧૦૨, શ્રી વિજયવલ્લભ માર્ગ (ગુલાલવાડી), મુંબઈ-૪૦૦ ૦૦૪

(૩) એક વાર મહારાજશ્રી બ્યાવરથી પીપલી ગામ ગયા. ત્યાં સ્થાનકવાસીઓ અને દેરાવાસીઓ વચ્ચે અણબનાવ હતો. તેઓના ઉપદેશથી એ દૂર થઈ ગયો અને હળીમળીને રહેવા લાગ્યા.

(૪) વિ. સં. ૧૯૬૫ માં આચાર્યશ્રી પાલનપુર ગયા. સંઘમાં વીસેક વર્ષથી બે પક્ષ પડી ગયા હતા. તેઓની સમજૂતી અને પ્રેરણાથી એ ઝઘડો દૂર થઈ ગયો.

(૫) આચાર્યશ્રી એક વાર સિહોરથી વળા ગયા. ત્યાં તપગચ્છ અને લોંકાગચ્છ વચ્ચે ઝઘડો પડયો હતો. ત્યાં થોડા દિવસ રોકાઈને એ ઝઘડાનું તેઓએ નિવારણ કર્યું.

(૬) વિ. સં. ૧૯૬૭ના મિયાગામના ચોમાસા દરમ્યાન તેઓશ્રીના પ્રયાસથી કઠોર અને મિયાગામના સંઘો વચ્ચેનો કલેશ દૂર થયો.

(૭) ગુજરાતમાં વણછરા પરગણાના ૭૦ ગામોના દશા શ્રીમાળીઓ વચ્ચે કુસંપ હતો તે એ જ વર્ષમાં દૂર થયો.

(૮) વિ. સં. ૧૯૭૩ માં મુંબઈમાં તેઓએ એકતાનું મહત્ત્વ સમજાવતાં કહ્યું કે, "તમે બધા જાણો છો કે અત્યારનો જમાનો કેવો છે? લોકો એકતાને ઈચ્છે છે, પોતાના હક્કો માટે પ્રયત્ન કરે છે. હિંદુ-મુસલમાન એકમત થઈ રહ્યા છે, અંગ્રેજ, પારસી, મુસલમાન અને હિંદુ ભેગા થાય છે. આ રીતે દુનિયા આગળ વધતી જાય છે. આવા વખતમાં પણ, કહેતાં ખેદ થાય છે કે, કેટલાક વિચિત્ર સ્વભાવના માણસો, ખાસ કરીને જૈનો દસ કદમ પાછા હટવાનો પ્રયત્ન કરી રહ્યા છે!"

(૯) પિંડવાડાના શ્રાવકોમાં વર્ષોથી ઝઘડો ચાલી રહ્યો હતો. દેરાસરની વ્યવસ્થા બરાબર ન હતી, અને કેટલાક મંદિરના પૈસા દબાવી બેઠા હતા. આચાર્યશ્રીએ એ બધાને સમજાવીને એ ઝઘડો દૂર કરાવ્યો.

(૧૦) ખિવાણદી ગામના જૈનોમાં પાંચ પક્ષો પડી ગયા હતા. આચાર્યશ્રીએ ખૂબ જહેમત ઉઠાવીને એ કલેશનો નિકાલ કરી આપ્યો.

(૧૧) સામાના ગામમાં જૈનો અને જૈનેતરો કોઈ કારણે કોર્ટે ચડયા હતા. આચાર્યશ્રીએ બંને પક્ષોનું સમાધાન કરાવી આપ્યું.

(૧૨) નાભામાં સ્થાનકવાસીઓની વસતિ વધારે હતી એટલે મહારાજશ્રી દસ દિવસ એમના ઉપાશ્રયમાં રહ્યા. તેઓની ધર્મસ્નેહભરી નિખાલસ વાણીએ સૌના મન જીતી લીધાં.

(૧૩) જંડિયાલાનો કલહ તેઓએ દૂર કર્યો.

(૧૪) ગુજરાનવાલાનો સંઘ ચોમાસાની વિનંતી કરવા આવ્યો. આચાર્યશ્રીએ કહ્યું: "પહેલાં તમારો કુસંપ દૂર કરો, પછી તમારી વિનંતી હું સાંભળીશ." વિ. સં ૧૯૮૧ની આ ઘટના.

(૧૫) વિ. સં. ૧૯૮૫ માં મુંબઈના આગેવાનો બુહારી ગામમાં ચોમાસાની વિનંતી કરવા આવ્યા. આચાર્યશ્રીએ કહ્યું: "સાંભળ્યું છે કે મુંબઈમાં (જૈન સંઘમાં) અશાંતિનું વાતાવરણ પ્રવર્તે છે, અને હું તો શાંતિનો ચાહક છું. માટે તમારે બધી પરિસ્થિતિમાં શાંતિ રાખવી પડશે.' આગેવાનો કબૂલ થયા.

(૧૬) નવસારી સંઘના આગેવાનો નવસારી

(પેજ ૨૬ ઉપર ચાલુ)

પ્રાતઃસ્મરણીય, યુગપ્રવર્તક, પરમ કૃપાળુ

પૂજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ને અમારી કોટિશઃ વંદના.

૬૭, હનુમાન બિલ્ડીંગ, પેલે માળે,
તાંબાકાંટા (પાયધુની),
વિજયવલ્લભ ચોક, મુંબઈ-૩

ફોન: ઑફિસ: ૩૨ ૭૪ ૩૮
ઘર: ૫૬૦ ૨૦ ૦૨

રસિકલાલ એન. કોરા
યતીન આર. કોરા
કેતન આર. કોરા
(યાર્ન બ્રોકર્સ)

શાસન-સંઘ-સમાજ જ્યોતિર્ધર, નવયુગપ્રવર્તક, યુગવીર

### પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી

મહારાજશ્રીની પરમપાવન પુણ્યસ્મૃતિમાં

### અખિલ ભારતીય સ્તરે પાટનગર દિલ્લીમાં આકાર લેતું

# શ્રી વલ્લભ સ્મારક

## 卐 એક ભવ્ય અને બહુર્મુખી યોજના 卐

પરમ ઉપકારી, આદ્યપ્રેરક, નવયુગસૃષ્ટા, પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે જિનમંદિરો, શિક્ષણ સંસ્થાઓ અને વિદ્યામંદિરોની સ્થાપના માટે પ્રેરણા આપી તે સદાય જીવંત રહે તેવું યોગદાન અર્પેલ છે. માનવમાત્રના કલ્યાણ અને ઉત્કર્ષ માટે તેઓશ્રીએ પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. સમાજહિતનાં કાળ, ભાવ અને ક્ષેત્ર અનુસાર યુગવીર આચાર્યશ્રીએ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લઈ ધર્મ અને સમાજની યશપતાકા લહેરાવી છે. ત્રીસ વર્ષ પૂર્વે ધર્મ અને સમાજનો સમુત્કર્ષ ઇચ્છનાર વીરવ્રતધારીના દેવલોકગમન સમયે આચાર્યભગવંતની યશોગાથા અમર રાખવા એક ભવ્ય વિવિધલક્ષી કલાત્મક સ્મારક ઊભું કરવાની જવાબદારી, ગુરુભક્તિ અને ગુરુઋણમુક્તિની નિર્મળ ભાવનાથી પ્રેરાઈ આ પ્રવૃત્તિ કાર્યાન્વિત કરવાનું કાર્ય પંજાબની શ્રી આત્માનંદ જૈન મહાસભાએ ઉલ્લાસથી સ્વેચ્છાપૂર્વક સ્વીકારી ઋણ ચૂકવવાની અપૂર્વ તક મળવાથી ધન્યતા અનુભવી હતી.

આચાર્યપ્રવરના સમુચિત ચિરંતન સ્મારકનું વિચાર-બીજ ખમીરવંતુ હતું. ૧૭-૧૮ વર્ષ જેવા લાંબા સમય દરમિયાન કશી પ્રવૃત્તિ થવા ન પામી, પણ પછી આચાર્યપ્રવરના પટ્ટધર પ્રશાંતસ્વભાવી આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજે પોતાની દીર્ઘદૃષ્ટિથી સમય પરિપક્વ થયાનું જાણી લીધું અને આ કાર્ય પુરું કરવાની જવાબદારી કોને સોંપવી તેનો નિર્ણય નવ વર્ષ પૂર્વે કરી લીધો. વડોદરામાં પોતાના સમુદાયના સાધ્વીજી શ્રી શીલાવતીશ્રીજી મહારાજના શિષ્યરત્ન મહત્તરા પૂ૦ સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી મહારાજને આ કાર્યને સાકાર કરી સત્વર વેગવાન બને તે માટે વિ૦ સં૦ ૨૦૨૯નું ચાતુર્માસ દિલ્હીમાં કરવાનો આદેશ આપ્યો. ધન્યતા અને પૂરા ઉલ્લાસથી પોતાના ગુરુદેવની આજ્ઞાનો સ્વીકાર કરીને ઉનાળાનો વિહાર અને ટૂંકા સમય વગેરેની મુશ્કેલીનો જરાય વિચાર કર્યા સિવાય તેઓ ત્યાં પહોંચી ગયાં અને સોંપવામાં આવેલી જવાબદારી પૂરી કરવાના કાર્યમાં પૂરી એકાગ્રતાથી લાગી ગયાં. સ્મારકનું કાર્ય ઝડપી બને અને કાર્યકરોના ઉત્સાહમાં ભરતી આવે તે સમ્યક્ હેતુથી નિર્ણીત ભૂમિ લેવાય તે માટે પૂ૦ શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ સતત પ્રેરણા

આપતાં રહ્યાં. પરિણામે એક વર્ષમાં જ દિલ્હી–રૂપનગર જૈન મંદિરથી બાર કિલોમીટર ગ્રાંડ ટ્રંક રોડ જેવા ધોરી માર્ગ પર જમીન ખરીદવામાં આવી. પૂ૦ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજે એ જમીન જોઈને ખૂબ પ્રસન્નતા દર્શાવી, આશીર્વાદ આપ્યા. આ ભૂમિ ઉપર થનાર ભવનના નકશા તૈયાર કરાવી સંબંધિત સત્તાવાળા સાથેની જરૂરી કામગીરી પૂરી કરવામાં સાત વર્ષ વીતી ગયાં. આ વીસ એકર જમીન ઉપર થનાર સ્મારકભવનમાં યુગવીર આચાર્યશ્રીના ઉદાર અને લોકોપકારક જીવનને અનુરૂપ ધ્યાન, અધ્યયન–સંશોધન, જનસેવા જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ યોજવાનું વિચારાયેલ છે. સાથોસાથ કલાત્મક જિનપ્રાસાદ અને પર્યટક કેન્દ્રનું નવનિર્માણ થનાર છે.

આ સ્મારક માટે શ્રી આત્મવલ્લભ જૈન સ્મારક શિક્ષણનિધિ નામક ટ્રસ્ટની સ્થાપના કરી, રજિસ્ટર કરાવવામાં આવેલ છે; અને તે માટે મળતી સહાય ઇન્કમટેક્સથી મુક્ત છે. સ્મારકની યોજના માટે આ ટ્રસ્ટના પેટ્રન જૈન સમાજના કર્ણધાર અને જાણીતા ઉદ્યોગપતિ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈનું સુંદર માર્ગદર્શન મળેલ છે. ભારતીય અને જૈન શિલ્પકળાનો સુંદર નમૂનો બને એ માટે શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રખ્યાત સ્થપતિ શ્રી અમૃતલાલ ત્રિવેદી અને શ્રી ચંદુલાલ ત્રિવેદીને સ્મારકના બાંધકામની જવાબદારી સોંપાઈ છે.


બાંધકામની નક્કર પૂર્વ ભૂમિકા તૈયાર થતાં યુગવીર આચાર્ય મહારાજના વર્તમાન ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી પૂ૦ સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ આદિના સાન્નિધ્યમાં પરમ ગુરુભકત લાલા રતનચંદજી રિખબદાસના શુભ હસ્તે તા૦ ૨૭–૭–૧૯૭૯ના રોજ ભૂમિપૂજન ઉલ્લાસપૂર્વક થયું હતું. ભારતના જૈન સમાજના અગ્રેસરો અને શ્રાવક–શ્રાવિકાની દસ હજાર ઉપરની માનવમેદનીની ઉપસ્થિતિમાં પૂ૦ શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ અને તેઓના ત્રિરત્ન શિષ્યાની નિશ્રામાં તા. ૨૯–૧૧–૧૯૭૯ના રોજ ધર્માત્મા અને અનન્ય ગુરુભકત લાલા ખરાયતલાલજી અને એમના પરિવારના વરદ હસ્તે શિલાન્યાસ થયો હતો.

આ સમગ્ર હિતલક્ષી યોજનાના આદ્યપ્રેરક પ્રશાંતમૂર્તિ આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ હતા. તેઓશ્રીના સ્વર્ગવાસ બાદ પરમારક્ષત્રિયોદ્ધારક આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા અને પ્રેરણાથી અને મહત્તરા સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી મહારાજની ગુરુભકિત અને સમાજની નિર્મળ ઉદાર ભાવના દ્વારા આ યોજનાને ચેતન મળી રહ્યું છે.

હે શાસનદેવ !
અમને એ સૂરિદેવના ગુણોનું સ્મરણ, કીર્તન, મનન, નિદિધ્યાસન કરવાની સદ્‌બુદ્ધિ અને આચરણમાં મુકવા માટેની શકિત અર્પો.

**—શ્રી વલ્લભ સેવા યુવક મંડલ, ભાયખલા, મુંબઈ–૨૭**

## 'શ્રી વલ્લભ સ્મારક' યોજના અન્તર્ગત દિલ્લી, જી. ટી. કરનાલ રોડ પર
## નિર્માણ થઈ રહેલ શ્રી આત્મવલ્લભ સંસ્કૃતિ મંદિર



SIDE ELEVATION

PROPOSED PLAN OF THE STUDY CENTRE FOR INDOLOGY CUM JAINOLOGY AT 20TH KM. STONE GT KARNAL ROAD DELHI FOR ATAM VALLABH JAIN SMARAK SIKSHAN NIDHI

પૂ૦ શ્રી મૃગાવતીશ્રીજી મહારાજની વ્યવહારકુશળતા, સમયજ્ઞતા અને પ્રભાવશીલતા અને ભક્તિપરાયણતાને લીધે આ કાર્ય માટે આશરે એંશી લાખની રકમોનાં વચન મળી ચૂક્યાં છે. સારી મોટી રકમ દાતાઓને આપવાનું સરળ પડે તે ભાવનાથી પૂ૦ આચાર્યશ્રીનું ૮૪ વર્ષનું આયુષ્ય લક્ષમાં રાખીને ૮૪ માસના હપ્તાથી ભરવાનો વ્યવહારુમાર્ગ સૂચવેલ છે, જે તેઓશ્રીની વ્યવહારદક્ષતા અને દૂરગામી દૃષ્ટિનું સૂચન કરી એમના પ્રત્યેના આદરભાવમાં વધારો કરે છે. નિર્માણ પંથે આગળ વધી રહેલ આ સ્મારક માટે પૂ૦ શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ, શિષ્યરત્નો પૂ૦ શ્રી સુજ્યેષ્ઠાશ્રીજી મહારાજ, પૂ૦ શ્રી સુવ્રતાશ્રીજી મહારાજ, પૂ૦ શ્રી સુયશાશ્રીજી મહારાજ અને પૂ૦ શ્રી સુપ્રજ્ઞાશ્રીજી મહારાજ સતત પ્રયત્નશીલ છે.

ઉત્તર ભારતનું એક અદ્વિતીય દર્શનીય સ્થળ બનવા સાથે યુગવીર આચાર્યશ્રીના લોકોપકારક જીવનને અનુરૂપ અને જૈનધર્મ દર્શનના અભ્યાસ અને સંશોધન કેન્દ્ર, પ્રાકૃત-સંસ્કૃત વિદ્યાપીઠ, ભારતીય ધર્મદર્શન અંગે તુલનાત્મક અભ્યાસકેન્દ્ર, જૈન અને સમકાલીન સ્થાપત્યનું કલા સંગ્રહાલય, યોગ અને ધ્યાનનું સાધનાકેન્દ્ર, જનઉપયોગી સાહિત્યનિર્માણ અને પ્રકાશન, પુરાતન સાહિત્યની સુરક્ષા, પ્રાકૃતિક ચિકિત્સા પર સંશોધન, મહિલા ઉપયોગી પ્રવૃત્તિઓ, વૈદકીય રાહત વગેરે અનેક કાર્યવાહીનું અખિલ ભારતીય સ્તરે આ સ્થળ મહત્ત્વનું કેન્દ્ર બનશે. વંદનીય સાધુ-સાધ્વીજી મહારાજોના સ્વાધ્યાય અને વિશિષ્ટ અભ્યાસ માટે સુવિધા


અનન્તશઃ વન્દન હો!
એ અનન્ય સામાન્ય ગુણભંડાર-
પૂજ્યપાદશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી
મહારાજના પાદ કમલોમાં!!!

છેડા જવેલરી માર્ટ
૪૦-૪૨, ધનજી સ્ટ્રીટ
મુંબઈ-૪૦૦ ૦૦૩
ફોન : ૩૨ ૧૯ ૯૫ * ૩૩ ૮૫ ૩૦

રહેશે. એકંદરે વલ્લભ સ્મારક યુવાપેઢીની આકાંક્ષાઓનું સાચું પ્રતીક બની રહેશે. આ સર્વે પ્રવૃત્તિઓ તબક્કાવાર હાથ ધરાશે.

કલાત્મક જિનપ્રાસાદનો શિલાન્યાસ તા. ૨૧-૪-૧૯૮૧ના રોજ ઉદાર દિલ ગુરુભક્ત અને ઉદ્યોગપતિ શ્રેષ્ઠીવર્ય ભોગીલાલ લેહેરચંદના પરિવારના વરદ હસ્તે થયેલ છે. જિનપ્રાસાદ અને સ્મારક ભવનના નિર્માણ માટે આશરે અઢી કરોડનો ખર્ચ અંદાજવામાં આવે છે. જિનપ્રાસાદ અને સ્મારક ભવનનું નિર્માણકાર્ય શરૂ થઇ ગયું છે. આ વર્ષમાં બાંધકામ માટે ત્રીસ લાખના ખર્ચની સંભાવના છે.

આ સ્મારક સ્થળે તા. ૧૦-૫-૧૯૮૪ના રોજ જાણીતા ઉદ્યોગપતિ અને ગુરુભક્ત શ્રી પ્રતાપભાઇ ભોગીલાલે "શ્રી ભોગીલાલ લેહેરચંદ જૈન એકેડેમી ઓફ ઇન્ડોલોજિકલ સ્ટડીઝ" નું ઉદ્દઘાટન કરેલ છે. તે ઉપરાંત તે જ દિવસે અતિથિગૃહ અને ભોજનશાળાનું ઉદ્દઘાટન ગુરુભક્ત શ્રી તિલકચંદ શશીકાંતભાઈએ કરેલ છે. આ સર્વે પાવન પ્રસંગોએ સુવિખ્યાત ધર્મપરાયણ વૈજ્ઞાનિક ડૉ. દોલતસિંહ કોઠારી અધ્યક્ષસ્થાને હતા.

આ સ્મારકના પટાંગણમાં ગચ્છાધિપતિ પરમારક્ષત્રિયોદ્ધારક પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજના આશીર્વાદ તથા પૂ. શ્રી મૃગાવતીશ્રીજી મહારાજની પ્રેરણાથી માતાશ્રી પદ્માવતીદેવીના નૂતન મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ તા૦ ૧૧-૫-૧૯૮૪ના રોજ થયેલ છે. આ પ્રતિષ્ઠા પરમ ગુરુભક્ત શ્રીમાન શાંતિલાલ જૈન (મે. મોતીલાલ બનારસીદાસ)ના શુભ હસ્તે થઇ છે.

શ્રી આત્માનંદ જૈન મહાસભા દ્વારા પાકિસ્તાન, પંજાબ અને હરિયાણાના ભંડારના હસ્તલિખિત અને મુદ્રિત ગ્રંથો (જેમાં ૬૦૦૦ હસ્તલિખિત પ્રતોનો સમાવેશ છે) વિજયવલ્લભ જૈન પ્રાચ્ય પુસ્તકાલયને મળેલ છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સૌજન્યથી મુંબઇમાં શાખા કાર્યાલય શરૂ કરેલ છે.

સૂર્યચંદ્ર સમાન સૌ જીવોના વિશ્વવત્સલ સંતને દરેક પ્રદેશ સાથે હિતકારી આત્મીયતા હતી. આ રીતે આ કાર્યવાહી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું માત્ર સ્મારક ન બની રહેતાં જન સંસ્કૃતિનું પ્રેરક બળ બની રહે તે માટે દરેક પ્રાંતના સંસ્કૃતિપ્રેમીઓનો સાથ અને સહકાર મળી રહેલ છે. તેના પરિણામરૂપ આ સ્મારકના ટ્રસ્ટીઓ દરેક પ્રાંતનું પ્રતિનિધિત્વ ધરાવે છે. શ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઇ લાલભાઇ, શ્રી જે. આર. શાહ, શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી અને શ્રી માણિકચંદજી બેતાલા જેવા અગ્રગણ્ય મહાનુભાવો આ ટ્રસ્ટના સંરક્ષક છે.


गंगाजल-सा जिनका जीवन पावन था।
दीप शिखा सा जिनका जीवन उज्ज्वल था॥
कल्पतरु-सा जिनका जीवन सुखदायी था।
वल्लभ गुरुवर दीन दुःखी का सहायी था॥

—मुन्शीराम अभयकुमार
जगाधरी (पंजाब)

મુન્શીરામ અભયકુમાર
જગાધરી (પંજાબ)

આ સ્મારક પાછળ જે કોઈ નામી અને અનામી સ્વપ્નદ્રષ્ટાઓએ સ્વપ્ન સર્જ્યું છે તેને સાકાર કરવાની જવાબદારી માત્ર ગુરુભક્તોની નહિ પણ સમગ્ર જૈન સમાજની છે. અખિલ ભારતીય સ્તરે થતું આ ધર્મોપયોગી, જ્ઞાનોપયોગી તેમજ લોકોપયોગી સ્મારક જૈન ધર્મ અને સંસ્કારનું સુંદર પ્રતીક બની રહેશે. આ સ્મારકની જવાબદારીમાં આપ સૌને સહભાગી બનવા અને યથોચિત સાથ-સહકાર આપવા નમ્ર વિનંતી છે.

: નિવેદક :

# શ્રી આત્મ-વલ્લભ જૈન સ્મારક શિક્ષણ નિધિ

| | |
|---|---|
| શ્રેણિકભાઈ કસ્તુરભાઈ | રતનચંદ જૈન |
| જે. આર. શાહ | અધ્યક્ષ |
| દીપચંદભાઈ એસ. ગાર્ડી | પ્રતાપ ભોગીલાલ |
| માણિકચંદ બેતાલા, મદ્રાસ | ઉપાધ્યક્ષ |
| સંરક્ષકો | |
| ખરાયતીલાલ જૈન | રાજકુમાર જૈન |
| રામલાલ જૈન | કાન્તિલાલ ડી. કોરા |
| આજીવન ટ્રસ્ટી | મંત્રીઓ |


—: પત્રવ્યવહાર-સમ્પર્કનું સરનામું :—

**શ્રી આત્મવલ્લભ જૈન સ્મારક શિક્ષણ નિધિ**

દિલ્લી : ૨/૮૨, રૂપનગર, દિલ્લી-૧૧૦ ૦૦૭.

મુંબઈ : C/o. શ્રી મહાવીર જૈન વિદ્યાલય

ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૩૬




મુખ્ય આદર્શો

મારા જીવનના ત્રણ મુખ્ય આદર્શો :
આમાં પહેલું, આત્મસંન્યાસ,
બીજું, જ્ઞાન-પ્રચાર અને
ત્રીજું, શ્રાવક-શ્રાવિકાઓનો ઉત્કર્ષ.

—શ્રી વિજયવલ્લભસૂરિજી

**યશપાલ કીમતીલાલ જૈન**

વ્હોલસેલ કલોથ મરચન્ટ

શીવપુરી-૪૭૩૫૫૧ (એમ. પી.)

( પેજ ૨૦નું અનુસંધાન )

પધારવાની વિનંતિ કરવા આવ્યા. આચાર્ય મહારાજે કહ્યું : "તમારે ત્યાં કુસંપ છે, તે દૂર કરવા બધા તૈયાર થાય તો હું નવસારી આવીશ."

(૧૭) વાપીમાં મહારાજજીના કુટુંબમાં દોઢસો વર્ષથી ઝઘડો ચાલતો હતો. આચાર્યશ્રીના સમજાવવાથી તે દૂર થયો. આથી એ કુટુંબની ઘણી ઉન્નતિ થઈ.

(૧૮) પૂનાના શ્રાવકો પૂના પધારવાની વિનંતી કરવા આવ્યા. મહારાજશ્રીએ કહ્યું : "મેં સાંભળ્યું છે કે પૂનાસંઘના લોકો આપસઆપસમાં બહુ ઝઘડે છે આટલું જ નહીં, મેં તો એમ પણ સાંભળ્યું છે કે એક પક્ષના લોકોએ જ મારું સ્વાગત કરવાનું નક્કી કર્યું છે. પણ તમારે જાણવું જોઈએ કે જ્યાં ઝઘડા હોય છે ત્યાં જવાનું હું ત્યારે જ પસંદ કરું છું કે જ્યારે એ મટી જાય." છેવટે એ ઝઘડો પતી ગયો.

(૧૯) બુરહાનપુરના સંઘમાં ઘણો કુસંપ હતો. વળી ત્યાં એક કુટુંબમાં મા-દીકરા વચ્ચે પણ ખટરાગ ચાલતો હતો. પહેલાં સંઘનો કુસંપ દૂર કર્યો. પછી એક દિવસ એક સાધુને લઈને આચાર્યશ્રી પેલાં બહેનને ત્યાં પહોંચ્યા. પાસેના જ મકાનમાંથી એનો દીકરો આવી પહોંચ્યો. બન્ને વહોરવાની વિનંતી કરવા લાગ્યાં. મહારાજશ્રીએ કહ્યું : "તમે મા-દીકરો બન્ને આપસનો ઝઘડો મિટાવી દો તો હું ગોચરી લઈશ." બંનેનાં દિલ જાગી ઊઠયાં. વર્ષો જૂનો કલેશ મિનિટોમાં દૂર થઈ ગયો.

(૨૦) વાંકલી ગામની ૫૦ વર્ષ જૂની પક્ષાપક્ષી દૂર કરી. શિવગંજના બે પક્ષો વચ્ચે સમાધાન કર્યું.

(૨૧) વિ. સં. ૧૯૯૦માં અમદાવાદમાં મળેલ મુનિ સમ્મેલનને સફળ બનાવવામાં આચાર્યશ્રીએ જે ફાળો આપ્યો તે તેઓની એકતા પ્રત્યેની પ્રીતનું જ પરિણામ છે.

(૨૨) વિ. સં. ૧૯૯ માં ભરૂચમાં શ્રીમાળીઓ અને લાડવા શ્રીમાળીઓ વચ્ચેનો કલેશ દૂર કર્યો. બગવાડાનો કલેશ પણ શાંત કર્યો. આ પછી ભારજા અને એની આસપાસનાં ૧ ગામોના ઝઘડાનો નિકાલ કર્યો.

(૨૩) વિ. સં. ૧૯૯૬માં માલેરકોટલાના ભાઈઓ વચ્ચેનો તેમ જ ત્યાંના નવાબ અને હિંદુ પ્રજા વચ્ચેનો અણબનાવ આચાર્યશ્રીની પ્રેરણાથી શમી ગયો.

(૨૪) પંજાબના ખાનકા ડોગરાના બન્ને પક્ષના ભાઈઓ આચાર્યશ્રીની રૂબરૂ જ લડવા લાગ્યા. આચાર્યશ્રીએ પોતાનો કપડો બિછાવીને એમને કહ્યું : "તમારે જે કંઈ કહેવું હોય તે આમાં નાખી દો." લડનારા સમજી ગયા. સંઘમાં સંપ સ્થપાયો. ગુજરાનવાલામાં બે ભાઈઓ વચ્ચેનો કલહ દૂર કર્યો.

(૨૫) હિરનપુર ગામમાં આત્મારામજી મહારાજના કુટુંબમાં કંઈક કલહ ચાલતો. એ કુટુંબમાં લાલા હરબંસલાલજી વૈષ્ણવ ધર્મ પાળતા હતા. તેઓ આચાર્યશ્રી પાસે આવ્યા. આચાર્યશ્રીને ભિક્ષા લેવા તેઓ


आतम गुरु के शिष्य लाडले,
तुम्हे भूल सकता है कौन;
तेरे थे उपकार अनेकों,
उन्हे भूला सकते हैं कौन ।

ज्ञान के दीप जलाये जो तुमने,
उन्हे बुझा सकता है कौन;
गुण वर्णन की शक्ति नहीं है,
स्वयं शारदा होती है मौन ।

—रघुवीरजी जैन

ला. छोटे लाल वीर चन्द जी
बेलनगंज, आगरा (यु पी.)
ब्रांचे :—
लालसन इंजनीरिंग वर्क्स, जलन्धर
जैनसन इन्डस्ट्रीझ आगरा
बी. बी. वाटर एन्ड स्टील वर्क्स, आगरा
एल. शाह ट्रेडिंग कंपनी, आगरा
MANUFACTURERS
G. M. Water & Steam &
Oil Cooks & Valves.

વીનવી રહ્યા. આચાર્યશ્રીએ કલેશ દૂર કરવાની ભિક્ષા માગીને એ કુટુંબના કલહને નામશેષ કર્યો.

(૨૬) સિયાલકોટ અને સનખતરામાં બે સગા ભાઈઓ વચ્ચેનો ખટરાગ દૂર કર્યો.

(૨૭) વિ. સં. ૧૯૯૮માં જીરાના સંઘનો મતભેદ દૂર કર્યો.

(૨૮) બીકાનેરમાં એક વિ. સં. ૧૯૦૮ની સાલથી એક વિચિત્ર પ્રકારનો ઝઘડો ચાલ્યો આવતો હતો. ભગવાનની રથયાત્રા ૧૩મા અને ૧૪મા મહોલ્લા (ગવાડ) ના કલહને લીધે આખા શહેરમાં ફરી ન શકતી. અને જે રથયાત્રા ૧૩મા મહોલ્લા રાંગડી ચોકમાંથી નીકળતી એને ત્યાંના શ્રીપૂજ્યને અમુક ભેટ આપવી પડતી. વિ. સં. ૨૦૦૦નું ચોમાસું આચાર્યશ્રી બીકાનેરમાં રહ્યા હતા. તેમને ભગવાનની યાત્રા ઉપરનો આ પ્રતિબંધ ઠીક ન લાગ્યો. છેવટે આચાર્યશ્રી અને બીકાનેરના આગેવાનોના પ્રયાસથી તેમ જ ત્યાંના મહારાજાની દરમિયાનગીરીથી એ પ્રતિબંધ દૂર થયો, અને એ ભેટ પણ બંધ થઈ બીકાનેર સંઘના ઇતિહાસમાં એક નવું આવકારદાયક પ્રકરણ શરૂ થયું. વિ. સં. ૨૦૦૪માં બીકાનેર સંઘનો ઝઘડો દૂર કર્યો.

(૨૯) વિ. સં. ૨૦૦૪માં લુધિયાના સંઘના ઝઘડાનું સમાધાન કર્યું. એ જ વર્ષમાં રાંગડી ગામની અને ખારલા ગામની પક્ષાપક્ષી દૂર કરી.

(૩૦) વિ. સં. ૨૦૦૫માં સાદડીમાં પોતાના ૮૦મા જન્મદિનના સમારોહમાં સંગઠનની જરૂર અંગે તેઓએ કહ્યું કે "આજે જૈન સમાજના સંગઠનની બહુ જરૂર છે. આજ સુધી આપણે જુદા જુદા રહ્યા; નાના-મોટા અનેક ઝઘડાઓમાં સમાજ છિન્નભિન્ન થઈ રહ્યો છે. શું શહેર કે શું ગામડાં, બધે પક્ષો પડી ગયા છે. જો અત્યારની સ્થિતિમાં ફેરફાર ન થયો તો ભવિષ્યમાં જૈન સમાજની સ્થિતિ સારી નહીં રહે. જૈનધર્મ અને સમાજ ઉપર આવનારાં સંકટોથી બચવા માટે સંગઠનની જરૂર છે. જૈન સમાજના નેતાઓની એ પહેલી ફરજ છે કે તેઓ સમયને પિછાનીને એકતાને અપનાવે."

(૩૧) કોન્ફરન્સના ફાલના અધિવેશનમાં જૈનોની એકતા માટે પ્રયત્ન કરતાં આચાર્યશ્રીએ કહ્યું કે, "સજ્જનો, સંગઠન અને એકતા માટે જો મારે મારી આચાર્યપદવી છોડવી પડે તો હું એ માટે તૈયાર છું."

(૩૨) ખુડાલા ગામમાં ધજાદંડને કારણે જે કલેશ જાગ્યો હતો તે વિ. સં. ૨૦૦૬માં દૂર કર્યો.

(૩૩) વિ. સં. ૨૦૦૭માં પાલીતાણામાં તિથિચર્ચાનો કલેશ દૂર કરવા આચાર્યશ્રીએ જે પ્રયત્ન કર્યો તે સફળ ન થયો, પણ એથી આચાર્યશ્રીની સંઘની એકતાની શુદ્ધ ભાવનાની લોકોને ખાતરી થઈ.

(૩૪) વિ. સં. ૨૦૦૭માં આચાર્યશ્રીએ પાલીતાણામાં શેઠ જીવતલાલ પ્રતાપસીને કહેલું કે—"જો આત્મારામજી મહારાજના સમુદાયમાં એકતા થતી હોય તો હું તમે કહો તે કરવા તૈયાર છું. હું તો એવા મતનો છું કે આત્મારામજી મહારાજના સમુદાયમાં ફક્ત એક જ આચાર્ય હોય. જો બધા મળીને રામચંદ્રસૂરિજીને મોટા બનાવવા ચાહતા હોય તો હું એમને


होशियारपुर की धरती पर—

कांगड़ा तीर्थ का सर्व प्रथम संघ निकाल के तीर्थभक्ति में जोडनेवाले,
स्वर्ण कलशवाले जिनालय में योगदान दे कर प्रभुभक्ति में जोडनेवाले,
गुरु मंदिर की प्रतिष्ठा करा के गुरुभक्ति में जोडनेवाले
खादी के कपडे अपनाकर देशभक्ति में जोडनेवाले,
जैन गुरुकुल गुजरांवाला की स्थापना से ज्ञानभक्ति में जोडनेवाले,
उग्र तपस्या करके इस नगर को पावन व प्रभावित करनेवाले
महान गुरुदेव श्री विजयवल्लभसूरिजी म० सा० को कोटिशः वंदना।

श्री आत्मानंद जैन सभा, होशियारपुर (पंजाब)

વંદના કરવા તૈયાર છું. કહો જીવાભાઈ, તમે આનાથી વધુ મારી પાસેથી શું ઇચ્છો છો ?"

(૩૫) મુંબઈમાં ગ્રેન ડીલર્સ એસોસીએશનમાં બે પક્ષ પડી ગયા હતા. તેનું સમાધાન કરાવવા શ્રી ખીમજીભાઈ છેડા ઉપવાસ પર ઊતર્યા હતા. આચાર્ય મહારાજની પ્રેરણાથી એ કામ સફળ થયું. વિ. સં. ૨૦૦૮ નો એ બનાવ.

(૩૬) ક્યારેક પાલનપુરના સંઘમાં મતભેદ જોયો અને આચાર્યશ્રીનો આત્મા કકળી ઊઠયો. જેઠ મહિનાના બળબળતા તાપમાં વિહાર કરવા આચાર્ય મહારાજ તૈયાર થઈ ગયા : કહે, જ્યાં કુસંપ હોય ત્યાં રહેવાનું મારું કામ નહીં. સંઘ તરત જ સમજી ગયો.

(૩૭) આચાર્યશ્રી જૈન ફિરકાઓને ઉદ્દેશીને કહેતા કે—"ભલે તમે શ્વેતાંબર હો, દિગંબર હો, સ્થાનકવાસી હો, તેરાપંથી હો; ભલે તમારા ગુરુ જુદા જુદા હોય; ભલે તમારી ક્રિયાઓમાં થોડો થોડો ફેરફાર હોય; પણ તમે બધા જ પ્રભુ મહાવીરના સંતાન છો. અને એથી તમારી ફરજ છે કે જૈન સિદ્ધાંતોનો જગતમાં પ્રચાર કરવા અને અહિંસા દ્વારા જગતમાં શાંતિ સ્થાપવામાં સૌ કોઈએ પોતાનો ફાળો આપવો જોઈએ. ધર્મ એ કંઈ બંધિયાર પાણી નથી, અથવા એ કોઈનો ઇજારો નથી. ધર્મ એ માનવીના જીવનને ઉન્નત કરનારી વસ્તુ છે. અને જે વસ્તુ સાંકડી મનોવૃત્તિ જગવે, જે વસ્તુ સંકુચિત રીતે વિચાર કરવા પ્રેરે એ સાચેસાચ ધર્મ નથી. 'સવી જીવ કરું શાસન રસી' એ આપણા ધર્મની મુખ્ય વસ્તુ છે. એથી આપણે સૌએ આંતરિક ઝઘડાઓ, મતભેદો એક બાજુ મૂકી દઈને આત્મકલ્યાણને માર્ગે આગળ ધપવું જોઈએ."

(૩૮) વિ. સં. ૨૦૦૯ માં મુંબઈમાં બધા ફિરકાની એકતા અંગે પોતાની ભાવના વ્યક્ત કરતાં આચાર્યશ્રીએ કહ્યું હતું કે—"બને કે ન બને, પણ મારો આત્મા એમ ચાહે છે કે સાંપ્રદાયિકતા દૂર થાય અને જૈન સમાજ શ્રી મહાવીરસ્વામીના તેજ નીચે એકત્રિત થઈને શ્રી મહાવીરસ્વામીની જય બોલે."

આ બધી વિગતો આચાર્યશ્રીની કીર્તિગાથા બનીને એમ સૂચિત કરે છે કે આચાર્યશ્રી સુલેહ, શાંતિ અને એકતાના ફિરસ્તા હતા; અને આખી જિંદગી એ માટે પ્રયત્ન કરતા રહીને તેઓએ પોતાના ધર્મગુરુપદને ચરિતાર્થ કર્યું હતું,

('સમયદર્શી આચાર્ય' પુસ્તકમાંથી સાભાર ઉદ્ધૃત.)


ઉજમણાના કલાત્મક
છોડો માટે સુપ્રસિદ્ધ પેઢી

અમો પ્રાચીન તથા અર્વાચીન ડીઝાઈનોમાં કુશળ કારીગરોના હાથે ઊંચામાં ઊંચો જરીમાલ વાપરી કલાત્મક છોડો અમારી જાતી દેખરેખ નીચે બનાવીએ છીએ.

એક વખત પધારી ખાત્રી કરવા વિનંતી

મે. રેશમા ટેક્ષટાઇલ

૮/૧૬૨૭, ગોપીપુરા મેઇન રોડ,
કુંથુનાથ દેરાસર સામે, સુરત-૩૯૫૦૦૧
ફોન : ૨૩૫૫૭ : ૩૨૪૭૧ : ૩૨૪૭૨
* તા.ક : છોડો હાજર સ્ટોકમાં પણ મળશે *


સારા જગ શ્રદ્ધાંજલિ અર્પિત કરતા આજ,
ગાતા ગુણ સારા જગત ઓ વલ્લભ ગુરુદેવ !
ચંદ્ર સદા કરતા રહે ચરણ નીર કા પાન,
સાદર કરો સ્વીકાર ગુરુ અપના કોટિ પ્રણામ.


શ્રેયાંસ જૈન (એસ્ટેટ એજન્ટ)
શાન્તિલાલ એન્ડ કંપની
૫, બીજે માળે, રહીમતૂલા હાઉસ,
૭, હોમજી સ્ટ્રીટ, સર પી. એમ. રોડ, મુંબઈ-૧
ફોન : ઓફિસ : ૩૧ ૬૪ ૬૧,
૨૫ ૧૮ ૮૫, ૨૫ ૯૧ ૫૧. ઘર : ૪૪ ૩૬ ૨૯.

# જેઓને પ્રભુનો....વિતરાગનો ધર્મ સ્પર્શ્યો હતો....

જૈનભારતી, મહત્તરા સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ

વીતરાગપ્રભુનો ધર્મ સ્યાદ્વાદમય છે. પ્રભુના ધર્મમાં કોઇ આગ્રહ નથી. સ્યાદ્વાદ જેવો વિશાળ અને અદ્દભૂત સિદ્ધાંત અહીં સમજાવવાનો મારો હેતુ નથી, મારે તો અહીં ફક્ત કેટલીક પ્રાસંગિક વાત કરવી છે.

જનસાધારણની ભાષામાં 'જ' એકાંતવાદ છે, અને 'પણ' અનેકાંતવાદ છે. "હું જ સાચો છું." "મારી વાત જ બરાબર છે" "હું જે કહું છું તે જ સાચું છે", "મને જ અધિકાર મળવો જોઇએ", "મારી વાત જ સ્વીકારવી જોઇએ"—આ ભાષા એકાંતવાદની છે. અહીં લડાઇ છે, ઝગડો છે, કલેશ છે. વિગ્રહ છે, કર્મબંધન છે, તમામ માનસિક ને શારીરિક બિમારીઓનું ઘર છે, આત્મવિશ્વાસને રોકનાર છે. જ્યારે 'પણ'માં "કેટલાક અંશે તમારી વાત બરાબર છે, ને કેટલાક અંશે મારી વાત પણ બરાબર છે", "અમુક અપેક્ષાએ તમે સાચા છો ને અમુક અપેક્ષાએ હું પણ સાચો હોઈ શકું છું", "તમે કહો છો તે કેટલીક રીતે સાચુ પણ છે", "તેની પણ વાત માનવી જોઈએ", "તેને પણ થોડો અધિકાર છે"—આ ભાષા અનેકાંતવાદની છે. અહીં સમાધાન છે, શાંતિ છે, પ્રેમ છે, સદ્દભાવ છે, સત્ય છે, કર્મનિર્જરાનું કારણ અને ઉર્ધ્વગતિનું સોપાન છે. જો આ સિદ્ધાંત આપણા દિલમાં વસી જાય; સંઘ, સમાજ, દેશ અને વિશ્વમાં વ્યાપક બની જાય તો ધરતી નંદનવન બની જાય.

આવો ઉદાર સાર્વભૌમ સિદ્ધાંત ગુરુ વલ્લભના જીવનને સ્પર્શી ગયો હતો. તેઓ હમેશાં સત્યશોધક રહ્યા. અનેકાંતવાદ તેઓના કાર્યોમાં, તેઓના લખાણોમાં, તેઓની વાણીમાં—સર્વત્ર ઉપલબ્ધ થાય છે. જ્યારે જ્યારે તેઓને લાગ્યું ત્યારે તેઓએ "સર્વસંઘહિતાય"ને ધ્યાનમાં રાખીને જ ઉપદેશ આપ્યો. ક્યારેય આગ્રહ રાખ્યો નથી. થાય કે ન થાય, પોતાની ભાવના, પોતે જે ઈચ્છે છેઃ દરેક ફિરકાઓનું સંગઠન, સાધર્મિક ઉત્કર્ષ, જ્ઞાનના પ્રસાર-પ્રચાર જેવા સર્વહિતકર શુભ કાર્યોમાં પણ તેઓનો આગ્રહ ન હતો.

મને જ્યારે પણ વિચાર આવે છે ત્યારે એ જ ખ્યાલ આવે છે કે વાસ્તવમાં પ્રભુનો—વિતરાગનો ધર્મ તેઓને સ્પર્શ્યો હતો. મેં જીવનમાં સાધુ-સંતોમાં આવા નિરાગ્રહી સંત ભાગ્યે જ જોયા છે. આવા સ્યાદ્વાદ સિદ્ધાંતને જીવનમાં સ્થાન આપનાર પરમપાવન નિરાગ્રહી, મહાસંતના ચરણોમાં મારા સવિનય કોટિ-કોટિ વંદના....

દીર્ઘ કાળની જૈન શ્રમણ પરંપરામાં શ્રાવક-શ્રાવિકા સંઘના ઉત્કર્ષ માટેની ચિંતા અને ખેવના રાખનારાઓમાં અજોડ એવા પૂજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજને

કોટિ કોટિ વંદના....

—જયંતિલાલ મયાભાઈ, મુંબઈ

પંજાબકેસરી યુગદ્રષ્ટા પૂજ્ય આચાર્યપ્રવરશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પરિવારમાં ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યશ્રી વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજનું નામ આદરવંતુ છે.

સંવત ૧૯૮૦ આસો વદ ૯ના તેમનો જન્મ. પિતાનું નામ રણછોડભાઈ. માતાનું નામ બાલુદેવી. વડોદરા પાસે આવેલ સાતપુરા નામનું ગામ તેમનું વતન. પૂજ્ય આચાર્યશ્રીનું સંસારી નામ મોહનભાઈ. પિતાના ખેતીના ધંધામાં તેમનું મન ન પરોવાયું અને અઢાર વર્ષની વયે પ્રવ્રજ્યા અંગીકાર કરવા માટે માતા–પિતા પાસે આજ્ઞા માગી. તેઓની આજ્ઞા મળતા સંવત ૧૯૯૮ના ફાગણ સુદ ૫ના નરસંડા (આણંદ)

# પરમાર ક્ષત્રિયોદ્ધારક આચાર્ય શ્રીમદ્વિજય ઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ

ગામમાં પૂ. આ. શ્રી વિજયવિકાસચંદ્રસૂરીશ્વરજી મ૦ના શિષ્ય સાહિત્યપ્રેમી મુનિરાજશ્રી વિનયવિજયજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી, મોહનભાઈ હવે મુનિશ્રી ઈન્દ્રવિજયજી બન્યા. તે પછી બીજોવામાં વડી દીક્ષા થઈ.

યુગવીર આચાર્યશ્રીની સેવામાં મુનિશ્રી આવ્યા અને ઉત્કટ જિજ્ઞાસાથી ધર્માભ્યાસ કર્યો.

સં. ૨૦૧૧ ફાગણ વદ ૩ના સુરત શહેરમાં આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે મુનિશ્રી ઈન્દ્રવિજયજી મહારાજને ગણીપદવી પ્રદાન થઈ. એ પછી સતત બાર વર્ષ સુધી બોડેલી અને આજુબાજુના ગામડાઓમાં વયોવૃદ્ધ મુનિશ્રી જિનભદ્રવિજયજી મહારાજ સાથે વિચરી, જેઓ જૈન હતા પણ વર્ષોથી કબીરપંથી બની ગયા હતા તેવા પચાસેક હજાર ક્ષત્રિયોને જૈનધર્મી બનાવવા સાથે દેરાસર, ઉપાશ્રય, પાઠશાળા બનાવવા પ્રેરણા આપી, જૈન શાસનનું ઉત્તમોત્તમ કાર્ય કરેલ છે. પરમાર ક્ષત્રિયોમાંથી ૮૦ ઉપરાંત ભાઈઓએ દીક્ષા અંગીકાર કરી છે, તે આ ગુરુવર્યને આભારી છે.

પંજાબકેસરી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ની જન્મતાબ્દીની ઉજવણી પછી દેરાસરની પ્રતિષ્ઠા પ્રસંગે સં. ૨૦૨૭ મહા સુદ ૫ (તા ૧–૨–૭૧) ના મંગલ દિવસે શાંતમૂર્તિ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજે તેઓને આચાર્યપદવી આપી હતી.

પૂજ્ય શાંતમૂર્તિનું સ્વાસ્થ્ય બગડતા પૂનામાં સં. ૨૦૨૮ના વર્ષમાં નૂતન આચાર્યશ્રીને સમુદાયના ગચ્છાધિપતિ તરીકેનો ભાર સોપ્યો.

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દી પ્રસંગે પૂજ્ય શાંતમૂર્તિ સાથે રહી દિલ્હી પધાર્યા અને ત્યારબાદ પંજાબ, હરિયાણા, યુ પી. રાજસ્થાન, મધ્યપ્રદેશ વિ. પ્રદેશોમાં સાથે રહી સંઘ-શાસનના સાતેય ક્ષેત્રોનાં કાર્યો કરાવ્યા.

જિનશાસનરત્ન આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ સં. ૨૦૩૪માં કાળધર્મ પામતાં, ત્યારથી આજપર્યન્ત સમુદાયની જવાબદારીને ઘણી કુશળતાપૂર્વક સંભાળી રહ્યા છે.

પૂજ્યશ્રીના શુભ હસ્તે પ્રતિષ્ઠા, અંજનશલાકા, ઉપધાનો, દીક્ષાઓ અને અનેક અનુષ્ઠાનો થયા છે ને થઈ રહ્યા છે. તેઓ ખાદી પહેરે છે અને હંમેશા બેસણા કરે છે. દાદાગુરુના મિશનને ચાલુ રાખી શાસન અને સમાજ ઉત્કર્ષના કાર્યોને વેગ આપવા ૧૪ વર્ષના લાંબા ગાળા પછી પૂજ્ય આચાર્યશ્રી વિશાળ સાધુવૃંદ સાથે મુંબઈ નગરી પધારી સૌને ઉત્સાહિત બનાવ્યા છે.

દિવંગત દાદાગુરુ પૂજ્ય આચાર્ય શ્રી વિજય-વલ્લભસૂરીશ્વરજી મહારાજના પુનિત ચરણોમાં શિશુસમ બનીને જૈન શાસન અને સમાજ ઉત્કર્ષના પાઠો જીવનમાં ઉતારી પૂજ્ય ગુરુદેવના પગલે ચાલનારમાં આચાર્યશ્રી વિજયજનકચંદ્રસૂરીશ્વરજી મહારાજ સૌના આદરપાત્ર છે.

સંવત ૧૯૮૨ જેઠ વદ ૫ના જંબુસર (ગુજરાત) નગરે ડાહ્યાભાઈ ગોરધનદાસને ત્યાં તારાબેનની કુક્ષીએ આ ચરિત્રનાયકનો જન્મ થયો. તેમનું સંસારી નામ સુરેન્દ્રકુમાર હતું.

ઘરમાં ધાર્મિક-સંસ્કાર યુક્ત વાતાવરણથી તેમની માતા આ બાળકને વાસક્ષેપ નખાવવા મુનિશ્રી હંસ-વિજયજી પાસે વડોદરા લાવ્યા. બાળકની મુખાકૃતિ જોઈને મુનિશ્રીથી સહજ બોલાઈ જવાયું "આ બાળક દીક્ષા લેશે."

બચપણથી વૈરાગ્યના રંગે રંગાયેલા સુરેન્દ્રભાઈએ પૂજ્ય આચાર્યશ્રી વિજયલલિતસૂરીશ્વરજી મહારાજ પાસે વરકાણા (રાજસ્થાન)માં સંવત ૨૦૦૦ની સાલમાં પ્રવજ્યા અંગીકાર કરી મુનિશ્રી ચતુરવિજયજીના શિષ્ય બન્યા, અને ત્યારથી તેમનું નામ મુનિશ્રી જનકવિજયજી રાખવામાં આવ્યું.

યુગવીર આચાર્યશ્રી પાસે મુનિશ્રી નીતિવિજયજી હતા, તે ચરિત્રનાયકના સંસારી પિતા અને સ્વ. સાધ્વી રાજેન્દ્રશ્રીજી, વિદ્યમાન ચંદ્રોદયાશ્રીજી, જિનેન્દ્રશ્રીજી તથા હિતજ્ઞાશ્રીજી એમ ચારેય સાધ્વીજીઓ ચરિત્રનાયકના સંસારી બહેનો થાય.

મુનિશ્રી ચતુરવિજયજી મહારાજ કાળધર્મ પામતા દાદાગુરૂ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ પાસે રહી ધાર્મિક ઉચ્ચ અભ્યાસ સાથે અન્ય દર્શનનો પણ અભ્યાસ કર્યો.

સંવત ૨૦૦૯માં મુંબઈના શ્રી ગોડીજી ચાતુર્માસ પ્રસંગે યુગવીર આચાર્યશ્રીની સાથે રહી વિદ્વતાભર્યા પ્રવચનો અને સૂત્રવાચન આપેલ હતા

પૂજ્ય ગુરૂદેવના મિશનને ચાલુ રાખવા અનેક કષ્ટો સહીને હરિયાણા-પંજાબના ૬૦૦ ઉપરાંત ગામડાઓમાં સતત દસ વર્ષ સુધી વિહાર કરી ગ્રામીણ જનતાને દારૂ અને બીજા વ્યસનોથી મુક્ત કરાવી સંસ્કારી તેમ જ શાકાહારી બનાવેલ છે.

યુગવીર આચાર્યશ્રીની જન્મશતાબ્દી મુંબઈમાં અખિલ ભારતીય ધોરણે સં. ૨૦૨૬માં ઉજવવામાં આવી ત્યારે પંજાબથી ૨૫૦૦ કીલોમીટરનો ઉગ્ર વિહાર કરી તેઓશ્રી મુંબઈ પધાર્યા હતા. વરલી દેરાસરની પ્રતિષ્ઠા પ્રસંગે શાંતમૂર્તિ આચાર્ય શ્રી વિજય-સમુદ્રસૂરીશ્વરજી મહારાજે આચાર્ય પદવી સ્વીકારવા આગ્રહ કર્યો, પરંતુ જૈન શાસનના અને ખાસ કરીને ગ્રામ્ય પ્રજામાં વ્યસનમુક્તિના કાર્યો કરવા હજુ પોતાને દસ વરસ આચાર્ય પદવીથી વિમુખ રાખવા પૂજ્યશ્રીને વિનંતી કરી હતી. છેવટે તે સમયે "સર્વ-ધર્મ-સમન્વયી" વિશેષણથી ગણિવર્યશ્રી જનકવિજયજી મ૦ને અલંકૃત કરવામાં આવ્યા હતા.

કાંગડા, લહેરા, અંબાલા, હસ્તિનાપુર, લુધિયાણા વગેરે સ્થાનોમાં વેકેશનમાં યુવાનો માટે ધાર્મિક શિક્ષણ શિબિરો યોજીને જૈન શાસનનું વિશદ તત્ત્વજ્ઞાન

# સર્વ-ધર્મ-સમન્વયી આચાર્ય શ્રીમદ્વિજય જનકચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ

સચોટ વ્યાખ્યાન દ્વારા આપી હજારો યુવાનોને જૈન-ધર્મમાં સ્થિર કર્યા છે.

વિશ્વબંધુત્વ, સંગઠનપ્રેમી, અપરિગ્રહી, શુદ્ધ ખાદીધારી આ પૂજ્ય આચાર્યશ્રીએ એક અદના સિપાઈ બનીને ગુરૂદેવનું મિશન ચાલુ રાખેલ છે.

ભારતભરના જૈન સંઘોની આગ્રહભરી અને વારંવારની વિનંતીથી તા. ૨૧-૧-૮૪ના વડોદરા શહેરમાં માંજલપુર દેરાસરની પ્રતિષ્ઠા પ્રસંગે ગણિવર્યશ્રી જનકવિજયજી મહારાજને પૂજ્ય આચાર્ય શ્રી વિજય-ઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજે આચાર્ય પદવી પ્રદાન કરી સૌને કૃતકૃત્ય બનાવ્યા છે.

મુંબઈના હૃદય સમા પાયધુનીના શ્રી ગોડીજી ઉપાશ્રયે ચાતુર્માસ પધારતાં નૂતન આચાર્યશ્રીની શુભ નિશ્રામાં શાસન-સંઘ-સમાજના વિવિધ કાર્યો પ્રવર્તી રહ્યા છે.

# મહાન સમન્વયવાદી આચાર્ય

—આચાર્ય તુલસીજી

જૈનધર્મ અનેકાંત અને સ્યાદ્‌વાદનો વિકાસ જન્માવતો રહ્યો તેનું કારણ સમન્વય અર્થાત્ સમન્વયનો સ્વીકાર છે. આપણી શ્વેતામ્બર અને દિગમ્બર પરંપરાઓમાં સમન્વયવાદી આચાર્ય થયા છે, જેઓએ પોતાની સત્યનિષ્ઠા દ્વારા સમ્પ્રદાયના પરિધાનમાં છૂપાએલા સત્યનું પ્રગટીકરણ કર્યું છે.

સત્ય અને શાસન બંને એક જ વસ્તુની બે બાજુ છે. એકનો સંબંધ નિશ્ચયનય સાથે છે અને બીજાનો વ્યવહારનય સાથે. નિશ્ચયનયને છોડી દેવાથી સત્ય હાથમાં આવતું નથી.

વિજયવલ્લભસૂરિ વર્તમાનયુગના સમન્વયવાદી આચાર્ય હતા. તેઓમાં સત્ય અને શાસન બંને પ્રત્યે મેં ઊંડો અનુરાગ જોયો છે. હું તેઓના જીવનકાળના અંતિમ દિવસોમાં મુંબઈ હતો. અનેક વાર તેઓને મળ્યો હતો. અમોએ પરસ્પર એક-બીજાને ઘણા નજીક માન્યા હતા. જૈન સમ્પ્રદાયોના સમન્વયની તેઓના મનમાં લગન હતી. વર્તમાનમાં તેની ઘણી મોટી અપેક્ષા છે. વર્તમાન સમાજ આવા પૂર્વ-પુરુષોની વિશેષતાઓનું અનુસરણ કરે અને જૈન શાસનના ગૌરવને વધારે.

# જૈન સંસ્કૃતિના મહાન રત્ન

—આચાર્યશ્રી આનંદઋષિજી

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ જૈન સંસ્કૃતિના મહાન રત્ન હતા. તેઓનું સમતામય જીવન સાધના અને ધર્મજાગૃતિના ક્ષેત્રમાં પ્રેરણાના મહાન સ્રોતરૂપે સદાય યાદ રહેશે. દેશની સામાજિક અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિને સુદૃઢ બનાવવા તેઓએ ભગીરથ પુરુષાર્થ કર્યો; અને તેના પરિણામે તેઓને જે કંઈ પ્રાપ્ત થયું, તે ઉદાર હૃદયે માનવસમાજને અર્પણ કર્યું હતું.

સાહિત્યસાધના અને રચનામાં તેઓની અદ્‌ભૂત પ્રતિભા હતી, જેની ઝાંખી તેઓએ લખેલ અને સંપાદિત કરેલા ગ્રંથોમાં જોવા મળે છે તેઓ જૈન સમાજના કર્ણધાર શ્રદ્ધાના સેતુ અને જ્ઞાન, દર્શન ને ચારિત્રના એકનિષ્ઠ આરાધક હતા. તેઓની સ્મૃતિને અક્ષુણ્ણ રાખવા માટે સૌથી મોટો વિકલ્પ એ છે કે આપણે તેઓ દ્વારા બતાવવામાં આવેલ સંયમમાર્ગનું અનુસરણ કરીએ અને જિનશાસનની પ્રભાવનામાં આપણું અમૂલ્ય પ્રદાન કરીએ.

તંત્રી, મુદ્રક, પ્રકાશન : વિનોદ ગુલાબચંદ શેઠ, જૈન ઓફિસ વડવા, ભાવનગર
મુદ્રણસ્થાન : જૈન પ્રિન્ટરી, ભાવનગર-૩૬૪ ૦૦૧ (ગુજરાત)

વર્ષ : ૮૧ * અંક ૧૬
વીર સં. ૨૫૧૧ પોષ સુદ ૭
શનિવાર તા. ૨૯ ડીસેમ્બર ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૨૦]
આજીવન સભ્ય ફી રૂા. ૩૦૧]
—: મુદ્રણસ્થાન :—
શ્રી જૈન પ્રિન્ટરી-ભાવનગર

જૈન સાપ્તાહિક

: સ્વ૦ તંત્રી :
શેઠ ગુલાબચંદ દેવચંદ
પ્રકાશક : સંપાદક : મુદ્રક
વિનોદ ગુલાબચંદ શેઠ
: કાર્યાલય :
'જૈન' પત્રની ઓફિસ
વડવા, ભાવનગર-૩૬૪૦૦૧

# "આગળબુદ્ધિ વાણિયો" એ ઉક્તિને સાર્થક કરીએ

લેખક : પૂજ્ય મુનિરાજશ્રી શીલચંદ્રવિજયજી મહારાજ

આધુનિક જાગતિક સમાજનાં અને રાજકારણનાં વહેણોથી જેઓ સતત માહિતગાર રહે છે તેઓ સારી રીતે જાણે છે કે આપણી માનવજાતના શિરે, આજે, કાચા સૂતરના તાંતણે બાંધેલી તલવારની જેમ, અણુયુદ્ધનો અને સર્વનાશનો ભય, તોળાયેલો છે. એકાદ પાગલ માણસ એક જ ચાંપ દાબે, એ સાથે જ આખી દુનિયા ભડકે બળવા માંડે એવી, અત્યંત નાજુક અને અત્યંત બીકાળવી પરિસ્થિતિના આરે આજનો માનવ-સમાજ આવીને ઊભો છે. આજની માનવજાત જ્યાં ઊભી છે ત્યાં, તેની એક બાજુ હિમાલય જેવા ઊંચા પર્વતો છે, જેનાં શિખરો સર કરીને માનવજાત મૃત્યુંજય કહી શકાય તેવી સ્થિતિને અને સિદ્ધિઓને વરી શકે છે; અને એની બીજી બાજુ લાખ લાખ ગાઉ ઊંડી ખીણ છે, જેમાં ભૂસકો મારીને માનવજાત, પોતાના જ હાથે પોતાનો સર્વનાશ નોતરી શકે છે. એક વખત એવો હતો કે માનવજાતે કે તેને દોરનારાઓએ આ બેમાંથી એકની પસંદગી કરવાની તક હતી. આજે એવી તક કદાચ રહી નથી. માનવસમાજના બની બેઠેલા આગેવાનોએ અને વિશ્વના માંધાતાઓએ, મનોમન, પેલી ખીણમાં ભૂસકો મારવાનો નિર્ણય કરી લીધો હોય તેવું તેમનાં વલણો અને ઉચ્ચારણો થકી આપણને ભલી પેરે સમજાય છે. ગુરુત્વાકર્ષણનો નિયમ કદાચ અહીં પણ કામ કરશે!

પણ રણમાં મીઠી વીરડી હોય એમ આવા ભયંકર વાતાવરણમાં પણ આશ્વસ્ત કરે તેવી વાત એ છે કે માનવજાતના બની બેઠેલા સર્વેસર્વાઓએ કરેલી–ખીણમાં ભૂસકો મારવા માટેની પસંદગીને તથા તૈયારીઓને, વિશ્વ સમસ્તના જાગૃત બુદ્ધિનિષ્ઠો અને શાણા લોકોએ સ્વીકૃતિ નથી આવી; બલ્કે એનો જડબાતોડ વિરોધ અને પ્રતિકાર જ તેઓ કરતાં રહ્યા છે. કદાચ આ જાગૃતિએ જ, મર્યાદિત અણુયુદ્ધની વિભીષિકાને હજી માનવ-જાતના આંગણાથી વેગળી રાખી છે.

પણ એનો અર્થ એ નથી કે આ વિભીષિકા ક્યારેય નહીં જ આવે. જગતના વૈજ્ઞાનિકો, વિદ્વાનો અને બુદ્ધિજીવીઓએ તો

એક નહિ, પણ ઘણીવાર અને વારંવાર ઢોલ પીટીને જાહેર કર્યા કર્યું છે કે અણુયુદ્ધ અને તે દ્વારા સર્વનાશ થવાને ઘણો વિલંબ હવે નથી. એ થશે જ, જો વિશ્વની માનવચેતના નહીં જાગે, નહીં હલે, અને આ માંધાતાઓ ઉપર કાબૂ નહિ રાખે, તો આ સર્વનાશ હવે હાથવેંતમાં જ છે. અરે, કેટલાક વૈજ્ઞાનિક અને યુદ્ધપંડિતોએ તો આ સર્વનાશક યુદ્ધ ક્યારે થશે, ક્યાં થશે, કોણ એની પહેલ કરશે, કેટલો સમય (કલાકો અને મિનિટોમાં) ચાલશે, અને એમાં કેટલો નાશ થશે, એનો કડીબદ્ધ અને અતિ વિશ્વાસપાત્ર આલેખ પણ આપી દીધો છે.

ગુજરાતીમાં એક કહેવત છે કે 'સહુનું થશે તે વહુનું થશે'. આ અનુસાર જ્યારે આખી માનવજાત જ સર્વનાશના મોંમાં સપડાય ત્યારે આપણો ભારતદેશ કે ગુજરાત કે આપણી જૈન કોમ-એમાંથી બાકાત રહે એ સંભવિત નથી. આપણા ભગવાન વીતરાગ પરમાત્માના ઉપદેશ અનુસાર આપણે, વિશ્વની મૈત્રી અને શાંતિ ઇચ્છીએ-પ્રાર્થીએ અને તે માટેના આપણી પહોંચ પ્રમાણેના પ્રયત્નો પણ કર્યા કરીએ, પણ એ સાથે જ, આવી પડનારી વિભીષિકાથી અને તેનાં ખતરનાક પરિણામોથી અજાણ અને ગાફેલ તો ન જ રહીએ.

નામ તેનો નાશ છે, એ સ્પષ્ટ છે. કોઈ કાયમ માટે રહેવાનું નથી. સર્જન અને સંહાર અને જલ ત્યાં થલ ને થલ ત્યાં જલ એ આ સૃષ્ટિનો અનાદિનો ક્રમ છે. ને એમાં કોઇ ફેરફાર કરી શકે તેમ નથી. અવશ્યંભાવી ભાવને કોઇ અન્યથા કરી શકે નહિ. ને યુદ્ધ-સર્વનાશ થશે જ કે નહીં જ થાય-એવું પણ કોઇ કહી શકે નહિ. ભવિતવ્યતા હોય તેમ જ બને-બનવાનું.

પણ તેથી ભ્રમમાં, ગફલતમાં રહેવું પરવડે નહિ જ. યુદ્ધ અને સર્વનાશની સઘળી શક્યતાઓ અને ભૂમિકાઓ લટકતી તલવારની જેમ તોળાતી હોવાનું, ખુદ વૈજ્ઞાનિકો જ જાહેર કરે, ત્યારે પણ 'કાંઇ જ નથી થવાનું' એવા આત્મવિશ્વાસમાં રાચવું એ તો બિલાડીને જોઇને આંખો મીંચી દેનારા કબૂતર જેવી જ મનોદશા ગણાય.

આપણા પુણ્યે આપણને શ્રી જિનશાસન અને પ્રભુ પરમાત્માના આગમો પ્રાપ્ત થયા છે, એ આગમો આજે આપણને મળે છે, તેનો ખરો યશ આપણા મહાન પૂર્વજોને છે કે જેઓએ એ આગમોને સાચવ્યા અને પરંપરા દ્વારા આપણા સુધી પહોંચાડયા. પણ તે છતાંય આગમોની આંતરિક બાબતોથી વાકેફ વિદ્વજ્જનો જાણે છે કે ૨૫૦૦ વર્ષ પૂર્વે આ આગમોનું જે મૂળ સ્વરૂપ હતું તે તો સર્વાંશે આજે નથી જ મળતું. આજે જે મળે છે, તે તો એ જ મૂળ આગમોના અમુક અંશો જ. પણ તે છતાં, જે મળે છે, જેટલું આપણી પાસે છે, તે પણ અગાધ દરિયા જેવું છે ને તેનું પણ મૂલ્ય અમાપ-અપાર છે. અને તેથી જ આપણા પૂર્વ પુરુષોએ જેમ આ બધું સાચવી-બચાવીને આપણા સુધી પહોંચાડયું, તેમ આપણા પછીના વારસદારોને પણ આ બધું, આજે છે તેવી સ્થિતિમાં, પહોંચાડવામાં આપણે નિમિત્તભૂત બનવું જ જોઇએ. આમ ન કરીએ તો આપણે મોટો અને અક્ષમ્ય અપરાધ કર્યો લેખાય. પ્રભુ ભગવંતનું શાસન ૨૧ હજાર વર્ષ સુધી અખંડ-અભંગ વર્તવાનું છે એમ આપણાં શાસ્ત્રો ફરમાવે છે. એ વચનને

યથાર્થ ઠરાવવા માટે થઈને પણ, આવનારા સર્વ-નાશી અણુયુદ્ધની શક્યતાઓને લક્ષ્યમાં લઈને, આપણા આગમશાસ્ત્રો, બસો-પાંચસો કે હજાર-બે હજાર વર્ષ પર્યંતના આપણા અનુગામીઓને, પ્રભુના પ્રવચનના આરાધકોને, ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા આપણે વિચારવી જ જોઈએ.

આજનો યુગ વિજ્ઞાનયુગ છે. વિજ્ઞાને આજે એવી એવી શોધો કરી છે કે એનો ફાયદો-જો લેતાં આવડે તો-લઈને આપણે ધાર્યું શુભ પરિણામ નીપજાવી શકીએ. જે કાળે વિજ્ઞાનનું અસ્તિત્વ નહોતું તેવા સમયમાં પણ, આપણા મહાપુરુષોએ, પોતાની સ્મૃતિના બળે અને પછી યોગ્ય સાધનો શોધી કાઢીને પુસ્તકો-પોથીઓ દ્વારા અઢી અઢી હજાર વર્ષ સુધી આપણી આગમ પરંપરાને અવિચ્છિન્ન રાખી, તો પછી આજે જ્યારે હજારો વર્ષ સુધી ટકવાની ખાતરી આપી શકે તેવાં સાધનો અને પ્રક્રિયાઓનો આવિષ્કાર થયો છે ત્યારે તેનો લાભ ન લેવામાં શાણપણનો અભાવ જ ગણાય.

થોડાંક વર્ષો પહેલાં આપણા દેશના વડાપ્રધાને, ભાવી પેઢીઓને દેશનો અને સ્વાતંત્ર્ય સંગ્રામનો સાંપ્રત ઇતિહાસ યથાર્થરૂપે મળી રહે તે માટે એક 'કાળસંદૂક' (ટાઈમ કેપ્સ્યૂલ)નું આયોજન કરાવેલું અને તેને સમુચિત વૈજ્ઞાનિક રક્ષણ આપીને ચિરંજીવ રીતે ભૂમિતલમાં સ્થાપેલી, એ ઘણાને યાદ હશે. અણુયુદ્ધ થાય અને માનવજાતનો સર્વનાશ થાય; એ સાથે જ બીજું ઘણું બધું નાશ પામે; અત્યારે દેખાતી દુનિયાનો નકશો જ ધરમૂળથી બદલાઈ જાય એમ પણ બને; પણ તેવે વખતે પણ ભૂગર્ભમાં વૈજ્ઞાનિક ઉપકરણોના પ્રયોગો અને રક્ષણ હેઠળ મૂકાયેલી આવી કાળસંદૂક અને તેમાંનું સાહિત્ય અકબંધ રહે, અને તે ક્યારેક કોઈક વિરલા સંશોધકના હાથમાં આવી પડે, તો તે કાળમાં વિદ્યમાન કે નવ-સંજીવિત માનવજાત કેવી ન્યાલ થઈ જાય!

આપણી નજર સામેની જ વાત લઈએ. બુદ્ધધર્મના પ્રણેતા ભગવાન બુદ્ધના ભક્તોએ, બુદ્ધ ભગવાનના દેહાવશેષોને દેશના વિવિધ સ્થળોએ લઈ જઈ, તેને તત્કાલીન પ્રક્રિયાઓથી સીલ કરીને ભૂગર્ભમાં દાટી, તે પર અનેક કલામય સ્તૂપો રચ્યા હતા. એમાંના અનેક નષ્ટભ્રષ્ટ થઈ ગયા. પણ એ નષ્ટ થએલા સ્તૂપોને પણ આજના સંશોધકોએ શોધ્યા છે, અને ત્યાં પુરાતાત્ત્વિક ઉત્ખનનો કરીને તે સ્તૂપ, તેમાં દાટેલા ડાભડા અને તેમાં સીલબંધ મૂકેલા બુદ્ધ ભગવાનના દેહાવશેષો યથાવત સ્થિતિમાં પ્રગટ કર્યા છે. આ કાંઈ નાનીસૂની વાત નથી જ.

આજે આપણે જૈન ઇતિહાસનું અધ્ય-યન કરીએ છીએ ત્યારે આપણને સમજાય છે કે આપણી પાસે, આપણા પૂર્વજોએ લખેલા-સર્જેલા અસંખ્ય મૂલ્યવાન અને ઉપ-કારક ગ્રંથો નથી મળતા. યુદ્ધો થયા અને કાળે કાળે વિવિધ રીતે નાશ-સંહાર થયા, તેમાં આવું આપણું મહામૂલું ઘણું સાહિત્ય નાશ પામ્યું. આ બધું અભ્યાસીઓ માટે કેવું ખેદકારક બને! અને એ સાથે જ કલ્પના કરીએ કે, એકાદો ગ્રંથ કે જેનું અસ્તિત્વ જ હવે નથી જ એમ ચોક્કસ થઈ પણ ગયું હોય, ને એ ક્યારેક ક્યાંકથી અચાનક મળી આવે તો અભ્યાસીઓના જીવ કેવી ધન્યતા અનુભવે!

આ બધો વિચાર આપણા આગેવાનોએ કરવાનો અવસર આજે પાકી ગયો છે. અને આપણા આગમોની પણ વૈજ્ઞાનિક ઢબે કાળ-

સંહૂકો (ટાઇમ કેપ્સ્યૂલ) બનાવરાવી, તેને માટે સુયોગ્ય સ્થળો પસંદ કરીને, વૈજ્ઞાનિક ઢબે તે સંહૂકોને ભૂગર્ભમાં પધરાવી પ્રતિષ્ઠિત કરવાનું હવે જરૂરી છે. વિજ્ઞાન અને વિજ્ઞાનીઓ આ માટે-સેવા લેવાની તત્પરતા આપણામાં હોય તો-સેવા આપવા તૈયાર જ હોય છે. જરૂર છે આપણી જાગૃતિની. આપણામાં કેટલી દીર્ઘદૃષ્ટિ છે અને જિનાગમોની રક્ષા માટે તથા જિનાગમની પરંપરાને લુપ્ત ન થવા દેવા માટેની આપણામાં કેટલી તત્પરતા-તીવ્રતા છે તેની ચકાસણી પ્રમાણિકપણે કરી લે તેવી આ વાત છે.

જે સંઘ અને સમાજ એકેક દેરાસર માટે કરોડો રૂપિયા એકઠું કરી શકે તથા ખરચી શકે છે, તે સમાજ-સંઘ માટે આવું કામ, જે સાચા અર્થમાં જિનપ્રવચનની પ્રભાવનાનું તથા સેવાનું કામ છે તે, ભારે ન જ પડે, એ સાદું સત્ય છે માટે જ આપણા સમાજ-ધુરંધરોને મારો અનુરોધ છે કે આપણાં આગમો અને શાસ્ત્રોને માટે કાળસંહૂકોના નિર્માણકાર્યને હવે તેઓ દેરાસરના નિર્માણ જેટલું જ પ્રાધાન્ય આપે.

# એક અગત્યનું જાહેર નિવેદન.

"સુખનો સિંધુ-કલિકાલ કલ્પતરૂ યાને શ્રાવક કર્તવ્ય દર્શન" પુસ્તકના લેખક બે તિથિવાળા આચાર્યશ્રી વિજયસોમચંદ્રસૂરિએ ઉક્ત પુસ્તકના પાના નં. ૨૧૩ ઉપર લખેલ છે કે—

"આગમમંદિરની પ્રતિષ્ઠા વખતે આચાર્યશ્રી સાગરાનંદસૂરીનું પૂજન નવ અંગે થયું છે."

આવું નર્યું જુઠાણું બહાર પાડનાર આચાર્યશ્રી હવે શ્રીસંઘને પુરાવાથી સાબિત કરી આપશે ને?

સત્ય વાત તો એ છે કે, આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબે પાલીતાણા આગમમંદિરમાં નવાંગી પૂજન કરાવ્યું નથી અને તેની પ્રરૂપણા પણ કરેલ નથી. તેઓશ્રી માનતા હતા કે, "નવાંગી પૂજન પદ્ધતિ સાધુ સંસ્થાને હાનિકારક છે."

આથી સ્પષ્ટ જાહેર કરીએ છીએ કે આવા ગપગોળા ગબડાવીને પોતે આચરેલ અસત્ય માર્ગને સત્ય સાબિત કરવાની તેમની જે કુટનીતિ છે, તે હવે પછીની આવૃત્તિમાં કે અન્ય પુસ્તકોમાં આ પ્રમાણે અસત્ય છાપશે તો યોગ્ય કાર્યવાહી હાથ ધરાવાશે.

સમસ્ત શ્રી ચતુર્વિધ સંઘને આવા અસત્ય લખાણોથી સાવચેત રહેવા વિનંતી છે.


તા. ક. આ પહેલાંની આવૃત્તિ 'સુખનો સિંધુ'માં લેખક પં. શ્રી સુજ્ઞાનવિજય (હાલ આચાર્યશ્રી સોમચંદ્રસૂરિ)એ (પ્રકાશકઃ સંસ્કાર સાહિત્ય સદન-ડીસા) ગુરુપૂજન માટે એક પણ વાત લખેલ નથી. તો શું તેમને તે વખતે સમ્યક્ત્વ હતું કે પછી બીજી આવૃત્તિ વખતે સમ્યક્ત્વ આવ્યું? તે શ્રી જૈન સંઘ વિચારશે.

—આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરિ

—આચાર્યશ્રી કંચનસાગરસૂરિ

# અમદાવાદ–નારણપુરા–દેવકીનન્દન સોસાયટીના ઉપાશ્રયે પૂ૦ મુનિશ્રી હીરવિજયજી મ૦નો સમાધિપૂર્વક સ્વર્ગવાસ

## એક સમતાશીલ પુણ્યાત્માની ચિરવિદાય



જગતમાં જન્મ લેનાર એવો કોણ છે કે જેનું અંતે મરણ ન હોય? છતાં એવું પણ કોણ છે કે જે મરણ ઈચ્છતો હોય? પરંતુ અમદાવાદ–નારણપુરા સ્થિત દેવકીનન્દન સોસાયટીના ઉપાશ્રયે કા૦ સુદ ૧ ના દિવસે પૂ૦ મુનિરાજ શ્રી હીરવિજયજી મહારાજના થયેલ સમાધિપૂર્વકના કાળધર્મને જોનારાના મુખમાંથી એકાએક શબ્દો સરી પડયા હતા કે "આપણું પણ આવું મૃત્યુ થાય તો કેવું સારું!" પ્રભુની પાસે હાથ જોડીને માંગવાનું મન થાય તેવો હતો તેમનો કાળધર્મ.

તેમનું સંસારી નામ હીરાલાલ દીપચંદ શાહ અને વતન હતું ભરૂચ જિલ્લાનું જંબુસર પાસેનું અણખી ગામ; પણ વર્ષોથી નોકરી–ધંધા માટે સાબરમતી (અમદાવાદ) રહેતા.

પિતા દીપચંદભાઈએ ઉપધાનની આરાધના કરી અને માળ પહેરેલી, તેમનો ધાર્મિક વારસો પુત્ર હીરાલાલમાં પહેલેથી આવેલો; અને તેથી સામાયિક, પ્રતિક્રમણ, વ્યાખ્યાનશ્રવણ વગેરે નિયમિત કરતા. તેઓની ધાર્મિક પ્રવૃત્તિમાં તેમના ધર્મપત્ની શ્રી પ્રભાવતીબહેનનો સારો સહયોગ રહેતો. એમનું જીવન અને રહેણીકરણી સરળ હોવા છતાં કોઇને એવી કલ્પના ન હતી કે તેઓ સંયમ પંથના પથિક બનશે. તેથી જ વિ સં. ૨૦૧૭ના જેઠ સુદિ ૪ના મંગલ દિવસે ગિરધરનગર (અમદાવાદ)ના આંગણે પીયુષપાણિ પૂજ્ય આચાર્યશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજશ્રીના વરદ હસ્તે સંયમ સ્વીકારી પૂજ્ય આચાર્યશ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી (તે વખતે ઉપાધ્યાયજી) મહારાજના શિષ્ય બન્યા ત્યારે સૌને ખૂબ જ આશ્ચર્ય થયેલું.

એમણે પોતાની પહેલાં પોતાના બે પુત્રો (આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરિજી તથા પં૦ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિ), એક પુત્રી (સાધ્વીશ્રી હેમલતાશ્રીજી) તથા પત્ની (સાધ્વીશ્રી પદ્મલતાશ્રીજી)ને વીતરાગ પ્રભુના ત્યાગમય માર્ગે સમર્પણ કરી અપૂર્વ પુણ્ય હાંસલ કરી છેલ્લે પોતે પણ સંયમ સ્વીકારી જગતની સામે એક આદર્શ ખડો કર્યો.

સંયમ સ્વીકારતાં તેમણે કેવળ વસ્ત્ર પરિવર્તન જ નહિ મનનું પણ જબ્બર પરિવર્તન કર્યું.

વર્ધમાન તપનો પાયો નાખી વર્ધમાન તપની તથા નવપદજીની ઓળીઓ કરી. ચોમાસી તપ કર્યા. ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ વગેરે તપશ્ચર્યાઓ કરી.

પૂજ્ય આચાર્યશ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ૦ તથા પૂ૦ આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં રહી તેમણે સારી એવી આરાધના કરી. ભક્તિનો ગુણ ઘણો ઊંચો કે ગ્લાન–વૃદ્ધની વૈયાવચ્ચમાં કદી પાછી પાની કરે નહીં. વિહારો પણ ઘણા કર્યા.

વિ૦ સં૦ ૨૦૩૬માં અમદાવાદથી વિહાર કરી મહુવા પધારી રહ્યા હતા ત્યારે વચ્ચે દાઠા મુકામે તેઓને એકાએક પેરેલીસીસનું દર્દ ઉપડયું. તુરત મહુવા લઈ જઈ સારવાર અપાઈ. તે પછી પણ અનેક પ્રકારે સારવાર ચાલુ જ રહી; પણ ધાર્યો સુધારો થયો નહીં.

પૂ૦ આ૦શ્રી વિજયહેમચંદ્રસૂરિજી મ૦ તથા પૂ૦ પં૦ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિ વગેરેએ તેમની સેવા-ભક્તિ અને સારસંભાળમાં કશી ખામી આવવા ન દીધી. આવી નાદુરસ્ત તબિયતમાં પણ કદિ હિંમત ન હારતા તેઓએ ડોળીમાં મુંબઇ, ગુજરાત અને સૌરાષ્ટ્ર આદિ પ્રદેશોમાં વિચરી અનેક તીર્થધામોની ભાવોલ્લાસથી યાત્રા કરી. તબિયતના કારણે છેલ્લા ચારેક ચાતુર્માસો અમદાવાદમાં પૂ૦ પં૦ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિ તથા મુનિશ્રી રાજહંસવિજયજી મ૦ સાથે કર્યા. છેલ્લું ચાતુર્માસ દેવકીનન્દન જૈન ઉપાશ્રયમાં ત્યાંના પુરુષાદાનીય શ્વે૦ મૂ૦ પૂ૦ જૈન સંઘના આગ્રહથી થયું. શ્રીસંઘના આગેવાન ભાઈઓ રમેશભાઈ (સંઘના પ્રમુખ), બાબુભાઇ તલકચંદ, ભીખુભાઇ ચોકસી વગેરેએ ખૂબ જ કાળજીપૂર્વક સેવા-સુશ્રુષા કરી.

કાચી પડેલી પેઢી ઉપર લેણદારોના ઉપરા ઉપરી થતાં દરોડાની જેમ અનેક દર્દોએ તેમને ઘેરી લીધા. તેમાંય પેશાબના દર્દના કારણે તો તેમને ઘણી જ તકલીફ અનુભવવી પડતી. પૂ૦ પં૦ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિ તથા મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજે દિવસ-રાત જોયા વિના તેઓની જે સેવાભક્તિ કરી તેનો જોટો જડવો મુશ્કેલ છે. અમદાવાદના શ્રાવકોએ પણ જરૂર પડયે તે તે દર્દના સ્પેશ્યાલીસ્ટ ડોકટરોને બોલાવી સારી સેવા બજાવી.

## સ્વાધ્યાયની અપૂર્વ લગની

કોઈ અજાણ્યો માણસ એમને વંદન કરવા જવાનો હોય ત્યારે એમના માટે ઓળખાણ એવી આપવામાં આવે કે, 'વૃદ્ધવયના, માથે કપડું બાંધેલા કે કામળી ઓઢેલા અને ખુરશીમાં કે પાટ ઉપર બેસી હાથમાં પુસ્તક કે માળા લઈને બેઠેલા જે મહારાજ નજરે પડે એ માની લેવું કે હીરવિજયજી મહારાજ છે." આ પિછાણને એમણે જીવનના અંતિમ સમય સુધી સાચી ઠરાવી. છેલ્લા ત્રણેક વર્ષથી તો એમણે નવકારવાળી અને અનાનુપૂર્વીમાં એવી તલ્લીનતા કેળવી કે એક પળ પણ એના વગર ચેન પડતું નહિ. સાવ નીકટના પરિચિતો સાથે પણ વાત કરવાનું તેમણે મન થતું નહિ. બને ત્યાં સુધી "હા" કે "ના"નો ઉત્તર આપીને જ પતાવતા.

## અપૂર્વ સમાધિભાવ

રોગ અને જરા બન્ને એમની શારીરિક શક્તિને દિનપ્રતિદિન ક્ષીણ કરી રહ્યા હતા. દેવકીનન્દન સોસાયટી ઉપાશ્રયે આખું ચાતુર્માસ ખૂબ ઉલ્લાસપૂર્વક પસાર થયું. દીવાળીમાં થોડુંક સ્વાસ્થ્ય બગડેલું અને તાવ આવેલો પણ દવા-ઉપચારથી એમાં રાહત થઈ ગઈ. કા૦ સુદ ૧૩ના વળી પાછો તાવ આવ્યો, પણ તેય ચૌદશના ઉતરી ગયો. તેથી જ પૂનમની સવારે તેમની ઇચ્છા હોવાથી ચાતુર્માસ પરિવર્તન માટે વિદીપ એપાર્ટમેન્ટમાં લઈ ગયા. માંગલિક વ્યાખ્યાન બાદ નવકારશી વાપરી અને સામાન્ય વાતચીત પણ કરી. બપોરે ગોચરીની બહુ રુચિ ન હતી, પણ આગ્રહ થતાં થોડુંક વાપર્યું. તે પછી બે વાગે તેમણે છાતીમાં દુઃખવાની ફરિયાદ કરી. ચાતુર્માસ પરિવર્તનનો લાભ લેનાર શ્રીયુત વિનુભાઈ મંગળદાસના મિત્ર ડો. જીતુભાઈ ત્યારે ત્યાં જ હતા. તેમણે યોગ્ય ટ્રીટમેન્ટ આપી. પણ પછી સ્વાસ્થ્ય વધુ નરમ બનતા મોટા ડોકટરને બોલાવ્યા. તેમણે કાડીયોગ્રામ કાઢતાં રીપોર્ટ સારો ન આવ્યો. સૌને ચિંતા થવા લાગી. ઓકસીજન ઉપર રાખ્યા અને દવા-ઈંજેકશનો પણ આપવામાં આવ્યા. એક બાજુ દ્રવ્ય ઔષધ આપવાનું તો બીજી બાજુ ભાવ ઔષધ પણ પુરતા પ્રમાણમાં આપવાનું ચાલુ રહ્યું. નવકાર, ઉવસગ્ગહરં, લઘુશાંતિ, સંતિકરં વગેરે ઘણી સ્વસ્થતાથી તેઓ સાંભળતા રહ્યા. સજાગતા પણ એવી કે ગાથામાં કોઇ અટકે તો તરત જ તેની પૂર્તિ કરતા. કરેમિભંતે ઉચ્ચરાવ્યું, ખામણા કરાવ્યા અને નવકારની ધૂન લગાવી.

સાધ્વીશ્રી ચારિત્રશ્રીજી સપરિવાર ઉપસ્થિત હતા. દેવકીનન્દન સોસાયટીના આગેવાન ભાઇ-બહેનો વગેરે ચતુર્વિધ શ્રીસંઘની હાજરીમાં ઘણી જ સ્વસ્થતાપૂર્વક, જરા પણ ભાન ગુમાવ્યા સિવાય, નવકારમંત્ર સાંભળતાં સાંભળતાં બરાબર ૪ ક. ૨૨ મિનીટે, જુના ઘરમાંથી

નવા ઘરમાં જાય કે ફાટેલા કપડા બદલી નવા કપડા પહેરે તેવી આસાનીથી, તેઓએ આ નશ્વર દેહનો ત્યાગ કર્યો. જાણે પોતાના એ જીવન દ્વારા જ્ઞાનીઓની "असंखयं जीविय मा पमायए" એ ઉક્તિને ચરિતાર્થ કરતા ગયા.

આ સમાચાર સાંભળતાની સાથે જ પૂ. આચાર્યશ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ૦ તથા પૂ૦ મુનિરાજશ્રી શીલચંદ્રવિજયજી આદિ તરત લાલભાઈની પોળેથી દેવકીનંદન પધાર્યા. રાજનગરના શહેર વિસ્તાર અને બહારના વિસ્તારમાંથી ભાવિક ભક્તો મોટી સંખ્યામાં આવવા લાગ્યા.

સંસારની ક્ષણિકતા જાણવા છતાંય આવા પ્રસંગે કયું પત્થર હૈયું પીગળ્યા વગર રહે? સૌ ચોધાર આંસુએ રડી ઉઠ્યા.

પૂ૦ પં૦ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવર્યે સ્વસ્થતા રાખી બધી જવાબદારી અદા કરી.

તાર-ટેલીફોનથી ખબર મળતાં બહારગામથી પણ અનેક લોકો આવી પહોંચ્યા હતા.

**ભવ્ય અંતિમ યાત્રા**

કા૦ વદ ૧૧ના નવ વાગે દિવંગત મુનિરાજશ્રીને પાલખીમાં પધરાવવા વગેરેની ઉછામણી ઘણા ઉલ્લાસથી બોલાઈ. બરાબર ૧૦ વાગે અંતિમ યાત્રા શરૂ થઈ. જરિયાન વિશાળ પાલખીમાં પધરાવેલો તેમનો નશ્વર દેહ જાણે હમણાં જ બોલી ઉઠશે એવું લાગતું હતું. તેઓના સંસારી પુત્ર શા૦ ધનસુખલાલ હીરાલાલે અગ્નિસંસ્કાર કર્યો. અનુકંપા દાન દેવાયું અને મહોત્સવની તથા જીવદયાની ટીપ પણ સારી એવી થઈ.

ચતુર્વિધ સંઘે દેવવંદન કરતાં તેમાં પૂ૦ આચાર્યશ્રી વિજયસૂર્યોદયસૂરિજી મ૦, પૂ૦ પં૦ શ્રી કુન્દકુન્દવિજયજી ગણિ, પૂ૦ પં૦ શ્રી અભ્યુદયસાગરજી મ૦, પૂ૦ મુનિશ્રી શીલચંદ્રવિજયજી મ૦, મુનિશ્રી બોધિરત્નવિજયજી મ૦ આદિ પધાર્યા હતા.

તેઓના જીવનમાં ભદ્રિકતા તેમજ પરગજુપણાના ગુણો સારા વિકસ્યા હતા. "અવધૂ સદા મગનમેં રહના" એ એમનું જીવનસૂત્ર હતું. ૨૩ વર્ષનો દીક્ષા પર્યાય પાળી તેઓ પોતાનું સાધી ગયા. પૂ૦ પં૦ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિએ પણ પુત્ર તરીકેની સંપૂર્ણ ફરજ અદા કરી. એક આચાર્યને મળે તેવું માન-પાન અને સન્માન પામી તેઓ સાધી ગયા. પૂ૦ મુનિશ્રી રાજહંસવિજયજીને તેમની આ વિદાય ઘણી અકળાવનારી બની, પણ કુદરત પાસે સૌ નિરુપાય છે. શાસનદેવ તેઓના આત્માને શાંતિ અર્પો.

# સંનિષ્ઠ કાર્યકર શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીનું નિધન

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી તથા જૈન સમાજની અન્ય અનેક સંસ્થાઓના પદાધિકારી પદે રહી સંનિષ્ઠ સેવા અર્પનાર શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીનું તા. ૧૭-૧૦-૮૪ના રોજ દુઃખદ નિધન થતાં જૈન સમાજે એક આદર્શ કાર્યકર ગુમાવ્યો છે.

શ્રી મહાવીર વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિની તા. ૩-૧૧-૮૪ના મળેલ સભામાં દિવંગત શ્રી રતિલાલ કોઠારીને શ્રદ્ધાંજલિ અર્પવા સાથે નીચે મુજબ એક શોકઠરાવ કરવામાં આવેલ.

'શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિની તા. ૩-૧૧-૧૯૮૪ના રોજ મળેલ સભા સ્વનામ ધન્ય શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીના બુધવાર, તા. ૧૭-૧૦-૮૪ના રોજ થએલ દેહવિલયથી સંવેદનાની ઊંડી લાગણી અનુભવે છે.

તેઓશ્રી આ સંસ્થા સાથે છેલ્લા ચાર દાયકાથી સંકળાયેલા હતા. તેમાં વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે ૨૫ વર્ષ અને મંત્રી તરીકે ૧૫ વર્ષ સુધી રહી તેઓએ ઉત્કૃષ્ટ યાદગાર સેવા અર્પી હતી. સંસ્થાના સુવર્ણ અને હીરક મહોત્સવ પ્રસંગે સંસ્થાને સબળ કરવામાં તેઓનો ફાળો નોંધપાત્ર હતો. તેઓના હૈયે સંસ્થાનું હિત વસેલું હતું.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તેમજ મુંબઈ અને પાલનપુરની અનેક સંસ્થાઓમાં મંત્રી, ઉપપ્રમુખ, સભ્ય અને ટ્રસ્ટી તરીકે રહી તેના વિકાસને વધુ ગતિશીલ બનાવવા તેઓએ સતત સેવા અર્પી સારું યોગદાન આપેલ. વહીવટમાં સુદૃઢતા લાવવી એ તેઓનું મુખ્ય લક્ષ રહેતું.

તેઓ આ સંસ્થાના આદ્યપ્રેરક યુગવીર આચાર્યશ્રી

વિજયવલ્લભસૂરિજી મહારાજના અનન્ય ભક્ત હતા અને પૂ૦ ગુરુદેવના આદર્શો અને ભાવનાને સાકાર કરવા સદાય તત્પર રહેતા હતા. સેવાની સૂઝ, સ્વીકૃત જવાબદારી સફળતાપૂર્વક પાર પાડવાની કાર્યનિષ્ઠા અને સહકાર્યકરોનો વિશ્વાસ સંપાદન કરવાની તેઓની કુનેહ સૌને માટે આદર્શરૂપ બનેલ. તેઓશ્રીની સેવાનું વર્તુળ જૈનો પુરતું મર્યાદિત ન રહેતાં જનસમૂહને પણ સ્પર્શી ગયું હતું.

સ્વાતંત્ર્યની લડતના સૈનિક હોવા છતાં તેઓએ કોઈ પદ (સત્તા) મેળવવાનું સ્વપ્ન સેવ્યું ન હતું. રાષ્ટ્ર, ધર્મ અને સમાજનું કોઈ પણ નાનું-મોટું કાર્ય હોય, તેમાં સારી રીતે ઉપયોગી થવું એ તેઓના જીવનમાં કેન્દ્ર સ્થાને હતું. આ રીતે અનેકવિધ સેવાઓથી સમાજને સમૃદ્ધ બનાવવાનું તેઓનું જીવનસ્વપ્ન સિદ્ધ થયું હતું. તેઓના મિલનસાર સ્વભાવ. સાદાય, સરળતા, કર્તવ્યપરાયણતા વગેરે સદ્‌ગુણોથી તેઓની દિનચર્યા પ્રેરક બની હતી. એક આદરણિય કાર્યકર તરીકે તેઓએ જીવનનું સાફલ્ય પ્રાપ્ત કરી, જીવનને ધન્ય બનાવ્યું હતું.

સેવાનુરાગી કર્તવ્યનિષ્ઠ શ્રી રતિભાઇના પુણ્યાત્માને આ સભા અંતરની અંજલિ અર્પે છે. તેઓશ્રીના સત્કાર્યની સુવાસ સર્વત્ર પ્રસરતી રહે અને તેઓનું જીવનકાર્ય સૌને સતત પ્રેરણા આપતું રહે તેવી મંગળ પ્રાર્થના સાથે તેઓશ્રીના પત્ની લીલાવતીબેન, પુત્રો, પુત્રી, પુત્રવધુઓ અને પરિવાર ઉપર આવી પડેલા આ અસહ્ય દુઃખમાં સહભાગી બનવા સાથે તેઓશ્રીના આત્માને પરમ શાંતિ મળે એવી શાસનદેવને આ સભા પ્રાર્થના કરે છે."

## ડૉ. રમણલાલ ચિ. શાહની મંત્રીપદે નિમણુંક


શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ત્રણ મંત્રીઓ [૧. શ્રી જે. આર. શાહ, ૨. શ્રી રતિલાલ સી. કોઠારી અને ૩. શ્રી જે. પી. શાહ) પૈકી શ્રી રતિલાલ સી. કોઠારીનું તાજેતરમાં નિધન થતાં, આ ખાલી પડેલ સ્થાને મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ, જાણીતા વિદ્વાન લેખક અને ચિંતક ડૉ. રમણલાલ ચિમનલાલ શાહ (એમ. એ. પીએચ. ડી) ની, સંસ્થાની વ્યવસ્થાપક સમિતિએ, સર્વાનુમતે નિમણુંક કરી છે. ડૉ. રમણભાઇ આ સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી અને પેટ્રન છે. ઉપરાંત સંસ્થા પ્રેરિત શ્રી જૈન સાહિત્ય સમારોહના તેઓ આદ્ય પ્રેરક છે.

તેઓશ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ તથા તેના જાણીતા મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' સામયિકના તંત્રી અને સમાજ, શિક્ષણ અને સાહિત્યની અનેકવિધ સંસ્થાઓ સાથે સંકળાઈ માર્ગદર્શક અને સક્રિય સેવા અર્પી રહ્યા છે.

તેઓશ્રીનો અભ્યાસ, અનુભવ અને પ્રવાસ એટલો ઊંડો અને વિશાળ છે કે જૈન સમાજની ગૌરવશાળી આ સંસ્થાના ગૌરવમાં તેમના મંત્રીપદથી વધુ ઉમેરો થયો છે.

આ સંસ્થા દ્વારા સાત વિદ્યાર્થીગૃહોનું જુદા જુદા સ્થાને સંચાલન થાય છે. આ સંસ્થાએ આ વર્ષે વિદેશ અભ્યાસ માટે રૂા૦ ૧,૨૦,૦૦૦ અને કન્યા કેળવણી માટે રૂા. ૭૦,૪૦૦ ની રકમ ફાળવેલ છે: શિક્ષણના પ્રચાર-પ્રસાર સાથે સંસ્થા દ્વારા આગમ પ્રકાશનનું કાર્ય પણ છેલ્લા વીસ વર્ષથી ચાલી રહ્યું છે. ઉપરાંત અન્ય સાહિત્ય પણ પ્રગટ કરવામાં આવી રહ્યુ છે.

આવી મહાન સંસ્થાના મંત્રીપદે એક પ્રતિભાવંત વ્યક્તિની નિમણુંક થતાં જૈનસમાજ ગૌરવ અનુભવે છે.

## સાલમગઢ (મધ્યપ્રદેશ)

પૂ. પં. શ્રી યશોભદ્રસાગરજી મ૦ આદિ ઠા. ૪ પ્રતાપગઢમાં આરાધનામય ચાતુર્માસ સુસમ્પન્ન બનાવી સાલમગગઢ શ્રી સંઘની સાગ્રહ વિનંતીથી પ્રતાપગઢથી વિહાર કરી કરતક વદ ૬ના ભવ્ય સામૈયાપૂર્વક સાલમગઢ પધાર્યા હતા. અહિંના દેરાસરજીમાં શ્રી આદીશ્વર ભગવાનને લેપ કરવામાં આવેલ હોય અઢાર અભિષેક કરવ નો શ્રીસંઘે નિર્ણય લીધેલ વદ ૭ ગુરુવારે પૂ. પં શ્રી યશોભદ્રસાગરજી આદિ ઠાણા ૪ની નિશ્રામાં મંદસૌરવાલા શ્રી શેષમલજી ચોરડિયા દ્વારા શ્રી પાર્શ્વનાથ ભગવાન વગેરે જિનપ્રતિમાજીઓને, શ્રી સંઘના અપૂર્વ ઉલ્લાસ ને ઉત્સાહ વચ્ચે, અઢાર અભિષેક કરવામાં આવેલ. સાંજે સાધર્મિક વાત્સલ્ય રાખવામાં આવેલ. પૂ. પંન્યાસશ્રીના ઉપદેશથી આ પ્રસંગે પાલીતાણા–જંબુદ્વીપ નિર્માણ યોજનામાં રૂા. ૩૦૦૧, બાજુના રાયપુર ગામે જિનાલયના થઈ રહેલા જીર્ણોદ્ધાર માટે રૂા. ૨૦૦૧ જાહેર કરવામાં આવેલ.

પૂ. પંન્યાસશ્રી આદિ ઠાણા ૪ આ પાવન પ્રસંગ સાનંદ સમ્પન્ન બનાવી અત્રેથી વિહાર કરી પાલીતાણા તરફ પધાર્યા છે.

## કાંદીવલી (વેસ્ટ)

અત્રેના જૈન તપગચ્છ ઉપાશ્રયે પ્રશાંતમૂર્તિ સ્વ. પૂ. આ. શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ૦ના શિષ્યરત્ન સ્પષ્ટ વક્તા પૂ. મુનિ શ્રી સુબોધવિજયજી તથા તપસ્વી પૂ. મુ. શ્રી ધુરંધરવિજયજી આદિ ઠાણા તથા શ્રાવિકા ઉપાશ્રયે યોગનિષ્ઠ પૂ. આ. શ્રી વિજયકેશરસૂરીશ્વરજી મ૦ના સમુદાયના સાધ્વીશ્રી મંજુલાશ્રીજી (મહુવાવાળા) આદિ ઠાણા વિ. સં. ૨૦૪૦નું ચાતુર્માસ અનેકવિધ આરાધના–અનુષ્ઠાનો વગેરે પૂર્વક સાનંદ સમ્પન્ન બનાવી ચાતુર્માસ પરિવર્તનાર્થે સરોજીની નાયડુ રોડના જૈન ભાઈઓની વિનંતીથી સુંદર સામૈયાપૂર્વક ત્યાં પધારતાં શ્રીસંઘના ભાઈ–બહેનો મોટી સંખ્યામાં જોડાયાં હતાં. મુ. શ્રી સુબોધવિજયજી મહારાજે વિ. સં. ૨૦૦૮માં ધોલેરા મુકામે પં. શ્રી ધર્મવિજયજી (જાણીતા યુગદિવાકર આ. શ્રી વિજયધર્મસૂરિજી) મ૦ના વરદ હસ્તે દીક્ષિત થઈ આજ ૪૧ વર્ષથી સંયમ ધર્મની સુંદર આરાધના કરી રહ્યા છે. અને સ્વ–પર કલ્યાણાર્થે વિચરી અનેકને ધર્મશ્રદ્ધા અને ક્રિયામાં જોડયા છે. ગત ૧૦થી ૧૨ વર્ષ મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળમાં વિચરી સુંદર ધર્મારાધના અને શાસનપ્રભાવના પ્રવર્તાવી છે.

પૂજ્યશ્રીને ૬૨ વર્ષ પૂરા થતાં અને ૬૩મા વર્ષમાં પ્રવેશ થતાં તે નિમિત્તે શ્રીસંઘ તરફથી કા૦ સુદ ૯-૧૦–૧૧ એમ ત્રણ દિવસનો લઘુશાંતિસ્નાત્ર સહિત જિનેન્દ્રભક્તિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવેલ. સુદ ૧૦ના ૬૩ વર્ષને અનુલક્ષી ૬૩ ગહુંલીઓની આકર્ષક હરિફાઈ પણ યોજવામાં આવેલ.

### મહેસાણા પાઠશાળા : ઈનામિ સમારંભ

અત્રેની શ્રીમદ્ યશોવિજયજી જૈન પાઠશાળાની વાર્ષિક પરીક્ષાનો ઈનામિ મેલાવડો તત્વચિંતક પૂ૦ મુનિશ્રી પૂર્ણાનંદસાગરજી મ૦ની નિશ્રામાં યોજાતાં, તેમાં વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવેલ. સંસ્થાના સક્રિય કાર્યકર્તા શ્રી બાબુભાઈ જે. મહેતા વગેરેએ પ્રાસંગિક વક્તવ્ય કર્યું હતું. ત્યારબાદ ઉત્તીર્ણ પરીક્ષાર્થીઓને રૂા. ૯૭૮ના ઈનામો ડો. શ્રી નાથાભાઈ પી. શાહના શુભ હસ્તે વહેંચવામાં આવ્યા હતા.

પર્યુષણ મહાપર્વની આરાધના કરવા–કરાવવા આ વર્ષે અધ્યાપક અને વિદ્યાર્થીઓ બહારગામ ૧૫ સ્થળે ગયા હતા. દરેક સ્થળે આરાધના સારી થઈ હતી અને સંસ્થાને આર્થિક સહકાર પણ સારો મળ્યો હતો.


જૈન જગતના જાણીતા જૈન ગાયક

**શ્રી મનુભાઇ એચ. પાટણવાળા**

શ્રી જિનેંદ્ર ભક્તિ સંગીતના કાર્યક્રમ માટે ઘરનો નવો ફોન નંબર નોંધી લેશો.

☎ : ૬૨૬૫૦૫

૧૪૫–ડી, અરૂણા નિવાસ, અરવિંદ કોલોની, એસ. વી. રોડ, વિલેપારલે (વેસ્ટ) મુંબઈ–૪૦૦૦૫૬ ☎ : ૫૭૬૦૨૫

# પાવાગઢ તીર્થની વિવિધ પ્રવૃત્તિઓ : દાનવીરોને નમ્ર અપીલ

વડોદરા શહેરથી ૫૦ કિલોમીટર દૂર પ્રાચીન 'પાવાગઢ' તીર્થ આવેલું છે. આ તીર્થની આસપાસના વિસ્તારમાં પરમાર ક્ષત્રિય જૈનોની મોટી વસ્તી આવેલ છે. આ અને બોડેલી ક્ષેત્રમાં વસતા પરમાર ક્ષત્રિય ભાઈઓ જે પૂર્વે જૈનધર્મી હતા, તેઓને પુનઃ જૈનધર્મી બનાવવા પૂજ્ય આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરિજી મહારાજે અથાગ પરિશ્રમ લઈ અને ધર્મોપદેશ આપી ૭૫ હજાર પરમાર ક્ષત્રિયોને જૈનધર્મી બનાવ્યા છે.

આ તીર્થના ઉદ્ધાર અર્થે અને પરમાર ક્ષત્રિયોના ધર્મ વિકાસ માટે પરમાર ક્ષત્રિયોદ્ધારક પૂ. આચાર્યશ્રીની પ્રેરણા અને આશીર્વાદથી 'શ્રી પરમાર ક્ષત્રિય જૈન સેવા સમાજ' નામે સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા આ અહિંસાધર્મની અને લોકોપકારની પ્રવૃત્તિ માટે ૩ એકર જમીન પ્રાપ્ત થઈ છે.

આ જગ્યામાં પુરુષાદાનીય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ભવ્ય જિનમંદિર નિર્માણ થશે. તેનો અંદાજે ૫૦ લાખ રૂ.નો ખર્ચ છે. આ જગ્યામાં દેરાસર ઉપરાંત ઉપાશ્રય, ધર્મશાળા, કન્યા છાત્રાલય આદિ બંધાનાર છે. તેમાં ઉદારદિલ દાનવીરો તેમ જ શ્રીસંઘો, સંસ્થાઓ, ટ્રસ્ટો આદિને સહયોગ આપવા નમ્ર અપીલ છે. દરેક વિભાગમાં હોલ, રૂમ આદિ ઉપર દાનદાતાઓના નામની તખ્તી મૂકવામાં આવનાર છે. દાન નીચેની વિગતે સ્વીકારવામાં આવે છે.

| દેરાસર, ઉપાશ્રય આદિ વિભાગ : | રૂપિયા |
|---|---|
| મૂળનાયકના ગભારા પર નામ આપવાના | ૩૦૦૦૦૧ |
| મૂળનાયકની ડાબી બાજુના ગભારા પર નામ આપવાના | ૧૫૧૦૦૧ |
| મૂળનાયકની જમણી બાજુના ગભારા પર નામ આપવાના | ૧૫૧૦૦૧ |
| મૂળનાયકની ડાબી બાજુના છેલ્લા ગભારા ઉપર નામ મા! | ૧૨૫૦૦૧ |
| મૂળનાયકની જમણી બાજુના છેલ્લા ગભારા ઉપર નામ મા! | ૧૨૫૦૦૧ |
| રંગમંડપના મુખ્ય પ્રવેશદ્વાર ઉપર નામ માટે | ૧૭૧૦૦૧ |
| જમણી બાજુના પ્રવેશદ્વાર ઉપર નામ માટે | ૧૦૦૦૦૧ |
| ડાબી બાજુના પ્રવેશદ્વાર ઉપર નામ માટે | ૧૦૦૦૦૧ |
| ભોયરામાં મૂળનાયકના ગભારા ઉપર નામ આપવાના | ૧૫૧૦૦૧ |
| ભોયરામાં ડાબી બાજુના ગભારા ઉપર નામ આપવાના | ૧૦૦૦૦૧ |
| ભોયરામાં જમણી બાજુના ગભારા ઉપર નામ આપવાના | ૧૦૦૦૦૧ |
| રંગમંડપ ઉપર નામ આપવાના | ૨૦૦૦૦૧ |
| ઉપાશ્રય સાથે નામ જોડવાના | ૨૫૧૦૦૧ |
| ઉપાશ્રયના વ્યાખ્યાન હોલ ઉપર નામ આપવાના | ૧૦૦૦૦૧ |
| ઉપાશ્રયમાં ચાર રૂમો–દરેકના | ૨૧૦૦૧ |
| આયંબિલશાળા ઉપર નામ આપવાના | ૧૦૦૦૦૧ |
| આયંબિલશાળાના રસોડા ઉપર નામ આપવાના | ૩૧૦૦૧ |
| આયંબિલશાળાના સ્ટોર ઉપર નામ આપવાના | ૩૧૦૦૧ |
| ભોજનશાળા ઉપર નામ આપવાના | ૧૫૧૦૦૧ |
| ભોજનશાળાના હોલ ઉપર નામ આપવાના | ૫૧૦૦૧ |
| ભોજનશાળાના રસોડા ઉપર નામ આપવાના | ૩૧૦૦૧ |
| ભોજનશાળાના સ્ટોર ઉપર નામ આપવાના | ૨૦૧૦૧ |

| | |
|---|---|
| ભોજનશાળામાં ઓઈલપેઈન્ટ ફોટો મુકવાના | ૫૦૦૧ |
| કન્યા છાત્રાલય ઉપર નામ આપવાના | ૨૫૧૧૧૧ |
| કન્યા છાત્રાલયના હોલ ઉપર નામ આપવાના | ૫૧૦૦૧ |
| કન્યા છાત્રાલયના રૂમો ઉપર નામ આપવાના-દરેકના | ૨૧૦૦૧ |
| અતિથિગૃહ ઉપર નામ આપવાના | ૧૩૧૦૦૧ |
| અતિથિગૃહના રૂમો ઉપર નામ આપવાના-દરેકના | ૨૧૦૦૧ |
| લાયબ્રેરી ઉપર નામ આપવાના | ૫૧૦૦૧ |
| લાયબ્રેરી હોલન નામ માટે | ૨૧૦૦૧ |
| **સંસ્થાના સભ્યપદની યોજના** | |
| સંસ્થાના પેટ્રન બનવા માટે | ૧૧૧૧૧ |
| સંસ્થાના ઉપપેટ્રન બનવા માટે | ૫૦૦૧ |
| સંસ્થાના આજીવન સભ્ય બનવા માટે | ૧૫૦૧ |

-: કાર્યક્ષેત્ર :-

**શ્રી પરમાર ક્ષત્રિય**

**જૈન સેવા સમાજ**

**મુ. પો. પાવાગઢ**

તા. હાલોલ

જિ. પંચમહાલ

(ગુજરાત)

આ સિવાય રૂા. ૨૫૧૧] કે તેથી વધારે જે કોઈ ભાગ્યશાળી આપશે તેઓનું નામ અરસની જનરલ તખ્તી ઉપર લખવામાં આવશે.

આપનો ફાળો ચેક/ડ્રાફટથી '**શ્રી પરમાર ક્ષત્રિય જૈન સેવા સમાજ**" વડોદરા એ નામનો નીચેના સરનામે લખીને મોકલશોજી. સંસ્થા રજીસ્ટ્રેશન થઈ છે (ટ્રસ્ટ રજી. નં. ઈ ૩૦૭૩ વડોદરા).

વડોદરાનું સરનામું :-
**શ્રી ભીખુભાઈ જવાનમલ શાહ**
**C/O જીતેન્દ્ર એન્ડ કંપની**
નવા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧. ફોન નં. ૨૨૯૩

મુંબઈનું સરનામું :-
**શ્રી કિરણભાઈ કાન્તિલાલ પરીખ.**
ચંદ્રલોક બી-૫, પાંચમા માળે,
માનવ મંદિર રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬


**૧૦૦ ટકા શુદ્ધ**

# કમલ છાપ કેસર

—ની સ્પેશ્યલ કવોલીટીમાં ૧, ૨, ૩, ૫ અને ૧૦ ગ્રામના સીલબંધ પેકીંગમાં
દરેક દેરાસરોની પેઢીમાં મળે છે.

**રાજસ્થાન ટ્રેડર્સ :** ૨૯૬, સેમ્યુઅલ સ્ટ્રીટ, વડગાદી, મુંબઈ-૪૦૦ ૦૦૩
ફોન : ૩૨ ૭૧ ૧૪

**બ્રાંચ :** ૧૨૨ કટરા, ઈશ્વર ભવન, ખારી બાવલી, દિલ્હી-૬ ફોન : ૨૫૧૯૭૫ : ૨૫૨૪૩૭

# જૈન સાહિત્ય સમારોહ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળના સંયુક્ત ઉપક્રમે છઠ્ઠો જૈન સાહિત્ય સમારોહ, શુક્રવાર, શનિવાર અને રવિવાર અનુક્રમે તા. ૧૫-૧૬ અને ૧૭ ફેબ્રુઆરી, ૧૯૮૫ના રોજ ખંભાત મુકામે યોજાનાર છે.

આ સમારોહમાં જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, કલા, સ્થાપત્ય, શિલ્પ, સાહિત્ય ઇત્યાદિના કોઈપણ વિષય ઉપર વિદ્વાનો અભ્યાસ-સંશોધન લેખ મોડામાં મોડો તા. ૧૫-૧-૮૫ સુધીમાં આ મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, (ગોવાલિયા ટેન્ક) મુંબઈ નં. ૪૦૦૦૩૬ એ સરનામે મોકલી આપે તેવી વિનંતી છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિએ અગાઉના પાંચેય જૈન સાહિત્ય સમારોહમાં આવેલા નિબંધોનું આ પ્રસંગે પ્રકાશન કરવાનો નિર્ણય લીધો છે.

## દુધોડ (મારવાડ જંકશન)માં પ્રતિષ્ઠા મહોત્સવ

જ્યોતિષશિલ્પજ્ઞ-પ્રતિષ્ઠાદિ ક્રિયાદક્ષ પૂ૦ આ૦શ્રી વિજયપદ્મસૂરીશ્વરજી મ૦ની પ્રેરણાથી અત્રેના ૫૦૦ વર્ષના પ્રાચીન અને અતિ જીર્ણ એવા શ્રી ઋષભદેવ પ્રભુના જિનાલયનો શ્રીસંઘે જીર્ણોદ્ધાર કરાવતાં, પૂજ્યશ્રીની નિશ્રામાં તેની પુનઃ પ્રતિષ્ઠા તથા ધ્વજાદંડ, કલશારોપણાદિ તેમજ યક્ષ-યક્ષીણી અને દેવ-દેવીની સ્થાપના માગશર સુદ ૧૫ ને શનિવારના ચતુર્વિધ શ્રીસંઘની વિશાળ ઉપસ્થિતિમાં અને અપૂર્વ હર્ષોલ્લાસના વાતાવરણ વચ્ચે થઇ છે.

આ પ્રસંગ નિમિત્તે માગ૦ સુદ ૯થી આયોજિત અષ્ટાહ્નિકા મહોત્સવ દરમ્યાન પ્રતિદિન નવકારશી, વિવિધ પૂજાઓ, બૃહદ્ શાંતિસ્નાત્ર, હાથી, ઘોડા, ઈન્દ્રધ્વજા, પ્રભુજીના રથ આદિ સહિત રથયાત્રાના ભવ્ય વરઘોડા વગેરેથી ભવ્ય ઉજવણી થવા પામી હતી.

આ પ્રસંગે પૂજ્ય આચાર્યશ્રી આદિ ઠા૦ ૮ ઉપરાંત પૂ૦ મુનિશ્રી હિતેન્દ્રવિજયજી ઠા૦ ૨, સાધ્વીશ્રી સુલોચનાશ્રીજી, શ્રી અશોકલતાશ્રીજી આદિ ઠાણા ઉપસ્થિત રહ્યા હતા.


# જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીન અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લોદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

## જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ—

(૧) ભવ્ય કલાત્મક અને પ્રાચીન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસૂરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રન્થો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસૂરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લોદ્રવપુરનાં ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

**આવાસ પ્રબંધ :** યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભૂમિમાં હોવા છતાં પાણી અને વિજળીની પૂરી વ્યવસ્થા છે દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

**યાતાયાતના સાધન :** જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એક વાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઈન જૈસલમેર આવે છે, આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીના દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

**વિનીત : શ્રી જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ**
**ફોન નં. ૩ ] જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ**
**ગ્રામ : 'જૈન ટ્રસ્ટ' ] જૈસલમેર (રાજસ્થાન)**